કાઠીયાવાડી.
જવાહીર.

કર્તા.

કવિ. કે. પી. ભટ્ટ.

ॐ

तत्सत् परमात्मने नमः ।

મુંબઈના સુપ્રસિદ્ધ "સાંજવર્તમાન" પત્રમાં અમારા ભટ્ટા-
ચાર્યના તખલુસથી વખતો વખત આશરે (૫) વર્ષથી
લખતાં અને લોકપ્રિય થયેલાં.

કાઠીયાવાડી--જવાહીર.

યા,

"કાઠીયાવાડનું જુનું સાહિત્ય."

ભાગ ૧ લો.

સંશોધિ, મુળ સહિત ભાષાન્તર
લખનાર તથા છપાવી પ્રસિદ્ધ કરનાર.

કવિ ખીમજી વસનજી ભટ્ટ, બગસરાવાળા.

મું. મુંબઇ.

સંવત ૧૯૬૯ (આવૃત્તિ ૧ પ્રત ૧૦૦૦) સને ૧૯૧૩.

મુંબના એજન્ટ–પો. ડી. પંડિત–કાલબાદેવી રોડ. (૧ આવૃતિના).

કિંમત રૂ. ૧-૮-૦

ધી મનહર પ્રીન્ટીંગ પ્રેસમાં—મોતીલાલ ગણપતરામે આ પુસ્તક છાપ્યું—ઠે. પાનકોરના નાકે—**અમદાવાદ.**



શેઠ ખીમજી આસર વીરજી.

The Bombay Art Printing Works Fort

ૐ શ્રી।

"ગ્રંથ-સમર્પણ."

શ્રીમાન્ સદ્ગ્રહસ્થ શેઠ સાહેબ ખીમજી આસર વીરજીની શેવામાં

મું. મુંબઇ.

વિ. વિ. કે શ્રીયુત્ ?

મુંબઇ જેવી મહાન નગરીના શ્રીમાન્ મંડળમાં, સદ્ગ્રહસ્થને યોગ્ય, સજ્જુક્તાં વર્તનથી વર્તી, આપશ્રી માનવંત થયા છો, એટલુંજ નહીં પરંતુ અત્યાર સુધીમાં નિજ હસ્તે અવનવાં અનેક પરોપકારી કાર્ય કરવાની રૂડી નેમથી આપશ્રીની સત્ કીર્તિ સાર્વજનિકમાં પ્રશંસનીય અને પ્રિયવંત થયેલી છે.

વિશેષમાં આપશ્રી વિદ્યા-વિલાસી સાથે સાહિત્ય ક્ષેત્રની શોભા વૃદ્ધિને નિરખવાની સતત ઉત્સુકતા ધરાવી તે ક્ષેત્રને બની શકે ત્યાં સુધી વિત્ત-વારિનું સિંચન કરો છો વગેરે સર્વ સ્તુતિ પાત્ર સદ્ગુણ જોઇ-જાણી મ્હારૂં ગરિબ અને અલ્પ "જવાહીર" અપૂર્વ આનંદે આપ શ્રીમાનના કર કમળમાં સમર્પણ કરૂં છું તો તેને મેહેરબાનીથી સ્વીકારી મને કૃતાર્થ કરશોજી અસ્તુઃ

લી. હું છું આપ શ્રીમાનનો કૃપાભિલાષી.

મું—મુંબઇ.
તા. ૧-૮-૧૯૧૩.

કવિ ખીમજી વસનજી ભટ્ટ,
બગસરાવાળા.

પ્રસ્તાવના.

"કાઠીયાવાડી-જવાહીર" ની પ્રસ્તાવના લખવામાં મ્હારૂં જ્ઞાન બસ નહીં હોવાથી તે, મ્હારા સુભેચ્છક મિત્ર શ્રીયુત્ સાક્ષર ઠક્કુર નારાયણ વિસનજી જેવા સાહિત્યના અનુભવિ પ્રતિનીધિની કસાયલી કલમથી લખાવવા જીજ્ઞાસા હતી પરન્તુ તેઓશ્રીનું અહીંથી નાદુરસ્ત તબિયતના લીધે હવા બદલ અર્થે પોરબંદર જવાનું થતાં લાચારીથી મ્હારે પોતાનેજ આ પ્રસ્તાવના લખવી પડે છે.

કાઠીયાવાડી-જવાહીર એ કાઠીયાવાડ પ્રદેશના સાહિત્ય જવાહીરમાંનું એક જુનું અને કિંમતી જવાહીર છે. એમ કહેવું બિલકુલ વાસ્તવિક છે. સબબ કે તે એક જુના સાહિત્ય તરીકે પ્રચલિત છે.

આ જવાહીર તે સાહિત્ય શી રીતે ? તથા તે સાહિત્ય હોય તો તેનાં કર્તા કોણ ? એ પ્રશ્ન ઉદ્ભવે છે તો તેના ઉત્તરમાં જણાવવાનું કે:

કાઠીયાવાડમાં બોલાતા દુહા સોરઠા કે જેને કેટલાએક રાહડીયાના નામાભિધાનથી ઓળખે છે તે છે અને તેનાં કર્તા અભણ અને ગામડીયાં હોવાનું બોલાય છે. જાતે આહિર, ચારણ, રજપુત, ભરવાડ વીગેરે હતાં તથા તેમાંનો મોટો ભાગ તળપદ કાઠીયાવાડનાંજ નિવાસીનો હતો તેમાં પણ પુરૂષ કરતાં વિશેષ સ્ત્રી વર્ગ હતો. તેઓ અભણ ઉપરાંત પિંગળની પદ્ધતિથી કે વ્યાકરણના ક્રમથી છેક અજાણ હોવાનું અનુમાન છે છતાં પણ તેની કૃતિમાં સાદિ-સરલ ભાષા, અક્ષર સગાઇ, તેમાં રહેલું રસિક, બોધક અને અર્થ સુચકપણું, ઉપ-

શાંત દેવિ પ્રેમની પ્રભા સાથે ધર્મ, નીતિ, તથા વ્યવહારિક જ્ઞાન યોગ્ય રીતે સમાયેલું છે એટલુંજ નહીં પણ વર્તમાનના કવિની કૃતિ –કલ્પનાઓની બરોબરી કરી શકે તેવા રસની સાથે મધુર આનંદ પ્રેરક્તા છે એમ કહેવું મુદ્દલ અતિશયોક્તિ ભર્યું નહીં ગણાય,

આ જવાહીરને અવલોકી તેનાપર શાન્તિથી પુખ્ત વિચાર કરતાં તેઓના કર્તાનાં, રહય શુદ્ધ, અને સત્ય પ્રેમની લાગણીવાળાં, એક માર્ગિ, અડગવર્તનવાળાં, વિશ્વાસુ, તથા જગતની સુકી લીલી અને કડવી–મિઠી હવાથી વિશાળ અનુભવિ હતાં એમ જણાશે, અને તેવું જણાતાં કાઠીયાવાડી જનસમાજની સજુક્તિ સમજ શક્તિ, ધુનિક સમયની કેળવણી શરૂ થયા પહેલાંજ સજીવન અને પૌષ્ટિક છે એવું સહજમાંજ કલ્પિ શકાય છે.

કબુલ છે કે, એ કૃતિઓ જો કે, કદાચ પિંગળ અને વ્યાકરણના દોષથી ઘણે ભાગે નિરાળી નહીં હોય તોપણ "હૃદયભાવના" થી "સ્ફુરતી–કલ્પના"ઓનેજ જો કવિત્વ તરીકે સ્વિકારવાનુંજ સુત્ર સત્ય હોય તો જવાહીરનાં કર્તા સંખ્યા બંધ છે અને તેનો ઘણો ભાગ કાઠીયાવાડીનો છે તો કવિત્વ શક્તિવાળી બ્હોળી સંખ્યાનું સમાજ ઉત્પન્ન કરવાનું માન કાઠીયાવાડ પ્રદેશને અવશ્ય મગરૂરતા અપાવનારૂં છે. અસ્તુ.

આ જવાહીરો મેં મ્હારા વખતના, વિત્તના, અને અનેક મુશ્કેલી ભર્યા પર્યટનતાના ભોગે મેળવ્યાં છે જેમાં સોન, હલામણ જેઠવો, મે જેઠવો, ઉજળી, વૈજાણંદ વિકો, કાળોજાલ, વિક્રમશી, નાગબાઇ, રા મંડળિક, કુંવરબાઈ, નાગ, લાખણશી, નેત્રમ બારિ- યાણી, ગોલણવાળો, સાંખડો, લોડણી ખંભાતણ, ખીમરો, ઓઢો,

હોથલ-પદ્મિની, રાખેંગાર, રાણકદેવિ, રા નવઘણ, જાહલ બાવોવાળો, ચાંપરાજવાળો, કાદુ, બાબા, મુળુમાણેક, દેપાળદે, વિંજરો કાચબો, સલાટ, સોરઠિઓ, જોગીયો, સાજણ, વીગેરે વીગેરેના લગભગ ૩૫૦૦) દુહા સોરઠાઓ સાથે તે સર્વનાં જીવન ચરિત્રો બની શકે ત્યાં સુધી અનુમાનીક રીતે પ્રમાણ યુક્ત મનાય તેવાં મેળવ્યાં છે કેટલાક દુહા મેળવી આપવા ગીર પ્રદેશમાં ઓળખાણવાળાં ગામડીયાંઓએ સારી સુગમતા આપી હતી.

આ દુહાઓનું ઉપર જણાવ્યા પ્રમાણે ભંડોળ એકઠું કર્યા પછી તેને કાઠીયાવાડી-જવાહીરનું નામ આપી આશરે પાંચ વર્ષ થયાં મુંબઈના સુપ્રસિદ્ધ સાંજ વર્તમાન પત્રની કિંમતી કટારોમાં વખતો વખત કટકે કટકે મુળ સહીત અર્થ સાથે લખવાં શરૂ કર્યાં. વખત જતાં તે જવાહીરો વાંચક વર્ગમાં એટલાંતો રૂચીકર અને રસ યુક્ત થઇ પડયાં કે તેને પુસ્તક રૂપમાં પ્રસિદ્ધ કરવા કેટલાંક સાહિત્ય શોકિન વાંચક વૃંદ તરફથી સુચના થવા માંડી.

આવી ચાલુ સુચનાથી તેને પુસ્તક રૂપે તુરત છપાવવા મ્હારી વૃતિ લોભાઇ પરન્તુ સિદ્ધ થઈ ચુકયું છે કે કવિયોની નાણા સંબંધી સ્થીતિ સારી નહોય અને તે પ્રમાણે મ્હારી સ્થીતિ પણ તેવીજ હોવાથી છપાઈ વીગેરેખર્ચની જબરી મુશ્કેલીથી હું તેમ કરવામાં તદ્દન અશક્ત બન્યો.

પરન્તુ શ્રીયુત્ સાક્ષર લલિતે મને સુચવ્યું કે જુનાં સાહિત્ય પ્રસિદ્ધ કરવામાં નામ૦ વડોદરા સ્ટેટ બનતી મદદ આપે છે તો તેના વ્યવસ્થાપક તે સ્ટેટના વિદ્યા-ધિકારી મે૦ મસાણી સાહેબને જાહેર કરો તો જવાહીરને અવશ્ય લાભ મળશે.

સુચના પ્રમાણે જવાહીરનાં થોડાં કટીંગો સાથે એક વિનંતિ પત્ર મેં૦ મસાણી સાહેબની હજુરમાં નિવેદન કરી યોગ્ય મદદ ઇચ્છી એટલે તેઓ સાહેબે તે જવાહીર જુનું સાહિત્ય ગણાય કે નહીં ? તે સંબંધનો અભિપ્રાય સાહિત્ય પરિષદના નેતાઓથી મેળવવા ફરમાવ્યું. જો કે તે વ્યાજબી હતું પરન્તુ ગરજાઉ બની અજાણ્યા દરવાજે ટાઇમ બેટાઇમ અભિપ્રાય લેવા ધક્કા ખાવાનો કદાચ વખત આવે તો તે પ્રત્યે મને અથાગ અણગમો હોવાથી મેં આપ મેજેજ તેવી ક્રિયાને યોગ્ય ન લેખી ત્યારે મેં૦ મસાણી સાહેબે ફરી ફરમાવ્યું કે, તેમ કરવું ઠીક ન જણાય તો સાક્ષર કેશવલાલભાઇ ધ્રુવનો અથવા તો પ્રો૦ આનંદશંકરભાઇ ધ્રુવનો કે મેં૦ રમણભાઇનો અભિપ્રાય લઇ જવાહીર સાથે મોકલો.

આ ક્રમ યોગ્ય જણાતાં અભિપ્રાય માટે એ જવાહીરો ક્યારે અને ક્યાં જાતે લઇ આવું કે પોષ્ટદ્વારા એ મોકલું ? તે જણાવવા તે ત્રણે માનવંતા મહાશયોને મેં જુદા વિનંતી પત્રો લખ્યા. જેમાં સાક્ષરશ્રી કેશવલાલભાઇએ ઉત્તર આપવાની કૃપા બતાવી અને બીજા ઉત્તર મેળવવામાં હું : બેનસિબ રહ્યો.

સાક્ષરશ્રી કેશવલાલભાઈ ધ્રુવે મને પ્રતિ ઉત્તરમાં લખેલું કે.

+ + + +

" હાલમાં શ્રીમંત ગાયકવાડ સરકાર તરફથી બહુ તાકીદે કરવાનું અને બહુ વખત રોકે તેવું કામ ભળવવામાં આવ્યું છે એથી કરી હું ઇષ્ટ બન્ધુ કૃત્ય કરવામાં અસમર્થ બનું છું."

તેઓશ્રીનું ઉપર પ્રમાણેનું લખતું મને વ્યાજબી જણાયું. એટલે પછી લાચાર બની છેવટે તે સવ હકીકત મેં૦ મસાણી સાહે-

અને લખી રોશન કરી ત્યારે તેઓ સાહેબે ફરમાન કર્યું કે,

"પુસ્તક તમે પ્રસિદ્ધ કરો અને તેની નકલ આ તરફ મોકલશો, એટલે ગ્રંથોતેજક ફંડમાંથી પુસ્તકની યોગ્યતાનો તપાસ થઇ જેટલી નકલો ખરીદ કરવા લાયક જણાશે તેટલી લેવામાં આવશે."

ઉપર પ્રમાણે મે૦ મસાણી સાહેબ તરફથી નેક કૃપા ઉતર મળવાથી પુસ્તક પ્રસિદ્ધ કરવામાં મને ઉત્સાહની સાથે હિંમત વધી અને તેથી આખરે મેં પોતાથીજ ગમે તેવી મુશ્કેલીના ભોગે જવાહીરના ભાષાન્તર સહિત મુળ ૫૦૦) દુહાઓનું પહેલા ભાગનું પુસ્તક છપાવી પ્રસિદ્ધ કરવાનું પદરથી સાહસ વહોરી લીધું.

આ પુસ્તકનાં અગાઉ ગ્રાહકો થઇ જે સદ્ગ્રહસ્થોએ આશ્રો આપ્યો છે તે સર્વનો હું માન પુર્વક આભાર માનું છું.

જવાહીરના સંબંધમાં જોકે સંખ્યાબંધ અભિપ્રાયો મળ્યા છે તોપણ સ્થળ સંકોચના લીધે તેમાંથી ફક્ત નિચે પ્રમાણેના અભિપ્રાયો જાહેરની જાણ ખાતર દર્શાવવામાં આવે છે.

(૧)

વિ૦ ક૦ ક૦ ના૦

૧૦૯૨

વિદ્યા ધિકારી કચેરી

વડોદરા તા. ૨૬ સપ્ટેમ્બર સન ૧૯૧૨

રા. રા. કવી ખીમજી

"કાઠીયાવાડી-જવાહીર."

મુ. બગસરા.

\+ + + + +

આપે જે હલકા લોકોની કવિતા એકઠી કરી છે તે અમને તો સાદી અને સરલ લાગે છે. તેથી જો આપ ટીકા સાથે અને બને તો તે કાવ્યો બનાવનારનાં જીવન ચરિત્રો સાથે છપાવશો તો, આ તરફથી પુસ્તકોને ઉત્તેજન આપવા સારૂ રાખેલ રકમમાંથી આપને યોગ્ય ઉત્તેજન આપવામાં આવશે.

\+ + + + +

(sd) A. M. MASANI
વિદ્યા ધિકારી.

(૨)

રા. કવીરાજ ખીમજી વસનજી ભટ્ટ.
બગસરાવાળા.

\+ + + +

તમારી "સાંજવર્તમાન" માં "કાઠીયાવાડ—જવાહીર" નામનાં પુસ્તકની જાહેર ખબર વાંચી ખુશી થયો છું. તહમારાં "કાઠીયાવાડી—જવાહીર" સાંજમાં હું ઘણી કાળજી પુર્વક વાંચતો હતો અને તે વાંચીને વખતો વખત એ લખનારનું નામ સાંજવાળા પાસેથી મેળવવા વિચાર થતો હતો. તે એવા ઇરાદાથી, તેમને એ "જવાહીર" એક પુસ્તકના આકારમાં છપાવવા સુચના કરૂં. અને એ બાબતપર લક્ષ આપવા ટાઇમ ન મળવાથી તે બાબતમાં તમારી સાથે પત્ર વ્યવહાર કરી શકયો નહિ પણ આખરે પોતાની મેળેજ મારી ઇચ્છા પાર પડેલી જોઇ હું ખુશી થયો છું. ફુરસદ વખતે તમારાં "જવાહીરો" વાંચવાથી જ્ઞાનની સાથે આનંદ આપે એવાં છે. હું તમારા

આ સાહસને દરેક ફતેહ ઇચ્છું છું. તમારાં એ "જવાહીર" ના પહેલા ભાગ માટે મારૂં ગ્રાહક તરીકે નામ નોંધશો ત્યાર બાદ જેટલા ભાગો પ્રસિદ્ધ એ પુસ્તકના કરવાના હોય તે માટે મારૂં ગ્રાહક તરીકે નામ નોંધશો.

હું ધારૂં છું કે "મુંબઈ સમાચાર" માં પણ કેટલીએક કવિતાઓ તમારા તરફની આવે છે તે કોઇ કોઈ વખત વાંચું છું તે પણ પસિદ્ધ કરવા જેવી છે તા. ૨૪-૨-૧૩ મુંબઈ.

લી.

(સહી) રાવબહાદુર સુંદરદાસ નારણદાસ બી० એ० એલ० એલ० બી० સોલીસીટર.

અને

નોટરરી પબ્લીક જસટીસ ઓફ ધી પીસ.

મુંબઇની કોરપોરેશનના પ્રજા કીય સભાસદ,

વડોદરા ધારા સભાના પ્રજા કીય સભાસદ.

(૩)

તા. ૫-૩-૧૩ દાંદા.

કવી ખીમજી વસનજી જોગ

જત લખવા હાસલ કે, આપ "કાઠીયાવાડી-જવાહીર" નામનું પુસ્તક બહાર પાડવા ચાહો છો તેમાં આપને કેવળ ધન્યવાદ ઘટે છે. એ "જવાહીર" હમોએ દરેક વખતે "સાંજવર્તમાન" માં વાંચેલું હોવાથી ખાસ આવું પુસ્તક બહાર પાડવા માટે આપને અભિપ્રાય

આપવાનો હતો પરંતુ એટલામાં આપની જાહેર ખબર વાંચી સં-તોષ થયો છે. " જવાહીર " ખરેખર એક અમુલ્ય જવાહીર છે. સમજુ અને કદરદાન માણસોજ તેની કદર જાણી લેશે.

હાલમાં ઘણે ભાગે કાઠીયાવાડની જુની કહેવતો અને જુની (નવ નવીન વાંચનો નીકળવાથી) વાતો વિસરાઇ ગઈ છે તેને આ તમારૂં પુસ્તક પાછી યાદ આપશે. અને એવી કહેવતોના શોકિનો બલકે " કાઠીયાવાડી પ્રજા " માટે આ ઉમદા તક આવી છે.

વીગેરે જેટલાં આ પુસ્તકનાં વખાણ કરીએ તેટલાં ઓછાં છે. એજ

લી.

(સહી) મેમણ. મામદ ઉમર ધડીયાળી,

દાંઠા કાઠીયાવાડ.

ઉપર પ્રમાણેના અભિપ્રાયો પુસ્તક પ્રસિદ્ધ થયા પહેલાંજ વગર પ્રયાસે આપ મેળેજ લખાઇ આવ્યા છે.

મ્હારાં આ " જવાહીર " ના માટે આપ મેળેજ વ્યાજબી ઈનસાફ આપવા ખાતર જે સદ્‌ગ્રહસ્થોએ અભિપ્રાયો આપી કદરબુજ બતાવી છે તેને ખરેખર ધન્યવાદ આપવા ઉપરાંત માનવંતા સોલીસીટર રાવ બહાદુર સુંદરદાસભાઈ નારણદાસભાઈ કે જે એક મુંબઇમાં સુપ્રસિદ્ધ નર રત્ન લેખાય છે તેઓ સાહેબે મારા લેખ માટે ઉપર પ્રમાણે જે અભિપ્રાય લખી મોકલવાની આપ મેળેજ કૃપા બતાવી છે. તેના માટે તેઓ સાહેબનો તથા નામ૦ વડોદરા

સ્ટેટના વિદ્યાધિકારી મે. મસાણી સાહેબનો હું ખાસ નમ્રતાથી આ-ભાર માનું છું.

આ સ્થળે મ્હારે જણાવવું જોઇએ કે, રા૦ બા૦ સુંદરદાસભાઇ સાહેબે મને પોતાની મંગળ મય મુલાકાતનો લાભ આપી પોતાના એક કૃપા ભિલાષી સમાન લેખે એવી રૂડી ખાત્રી માનવામાં મને સઘળી તક આપી હતી.

તેઓ માનવંતની આવી માયાળુ લાગણીની પ્રબળતાએ આ જવાહીરનું પુસ્તક તેઓના પ્રતાપી ફોટાથી ભુષિત કરી તેઓની સેવામાં આ પુસ્તક હું અર્પણ કરવાને દરેક રીતે ઉત્સુક બન્યો પરન્તુ મ્હારા માનવંતા અન્નદાતા બગસરાના દરબારશ્રી અને પોર-બંદર સ્ટેટના એડમિનીસ્ટ્રેટર નામ૦ વાજસુરવાળા સાહેબનો હું આ-શ્રિત હોઇ આ પુસ્તક તેઓ નામદારની હજુરમાં અર્પણ કરી તેઓ નામદારના પવિત્ર ફોટાથી ભૂષિત કરવાની મેં મારી ફરજ સમજી અને તેઓ નામદારે પણ તેમ કરવા રૂબરૂ કબુલ્યું હતું પણ લાચાર કે તેઓશ્રીનો ફોટો મેળવવામાં હું. લોમ વિલોમ થયો. અને અગાઉથી ગ્રાહક થયેલાઓ તરફથી પુસ્તક મળવાની અનહદ ઉતાવળ થવા માંડી આવાસં જોગમાં પ્રભુ કૃપાએ મુંબઇના શ્રીમાન્ શેઠ સાહેબ ખીમજી ખાસર વીરજીની હજુરમાં પોતાનો પ્રતાપી ફોટો પુસ્તકપર મુકવાની તથા પુસ્તકની અર્પણ પત્રીકા સ્વિકારવા નમ્ર પ્રાર્થના કરી અને તેઓશ્રી માને મ્હારી તે પ્રાર્થના મંજુર કરી એટલે નિર્વિઘ્ને હું આ પુસ્તક પ્રસિદ્ધ કરવામાં ભાગ્યશાળી થયો.

આ " જવાહીર " ના મુળ સાથે મેં મારી સમજ શક્તિ પ્ર-માણે જોકે વિસ્તારથી અર્થ લખ્યા છે તોપણ તેમાં તથા મુળમાં

મારી અસમજના લીધે ભુલો રહી ગઇ હોય તો ક્ષમા કરી મને સુચવવામાં આવશે તો બીજી આવૃતિ વખતે ખાસ તે પ્રત્યે લક્ષ આપવાનું બની શકશે.

જવાહીરનાં કર્તાનાં લગભગ (૩૬) જીવન ચરિત્રો મેળવ્યાં છે. પરંતુ તે સર્વ જીવન ચરિત્રો પહેલા ભાગમાંજ સમાવવામાં આવે તો પુસ્તકનું કદ ઘણું વધી જવાથી તે બીજા ભાગમાં આપવાનું મુલતવી રાખ્યું છે તેમજ ૩૫૦૦) દુહા=સોરઠામાંથી ૫૦૦) દુહાનો આ પહેલો ભાગ પ્રસિદ્ધ કરી હવે પછી ૫૦૦) ના દરેક એમ જવાહીરના ૭ ભાગ જેમ જેમ મને સુજ્ઞ વાંચક વૃંદ તરફથી ઉત્તેજન મળતો જશે તેમ તેમ પ્રસિદ્ધ કરવા મારી શક્તિ લંબાશે

આ જવાહીરનું પુસ્તક મારે ગયા મે માસની આખરમાંજ પ્રસિદ્ધ કરવું હતું પરંતુ લાચાર કે; મુંબઇમાં પોતાના લોક પ્રિય ખેલોથી માનવંત થયેલી શ્રી આર્ય નિતી દર્શક નાટક સમાજનો હું નોકર હોવાથી તે સમાજનો "ઇંદ્રાવતી" નાટક લખવાના કાર્યમાં રોકાઇ રહેવું થતાં તથા વિજ્ઞપ્તિમાં બતાવ્યા પ્રમાણે ઉપરાંત બીજી કેટલીક મુશ્કેલીના અંગે પુસ્તક પ્રગટ કરવામાં ધાર્યા કરતાં વિલંબ થઇ અને તેથી અગાઉથી નામ નોંધાવી ગ્રાહક થનારાં માનવંત ગ્રાહકોને પુસ્તક મળવામાં મોડું થયું તેના માટે તે સર્વની ક્ષમા યાચું છું.

પહેલા ભાગમાં અમુક દુહા સોરઠા કવિશ્વર દલપતરામભાઇની કૃતિના ફાર્બસ સાહેબને સંબોધી લખાયા છે તે અર્થ સુચક હઇ લેવામાં આવ્યા છે તેમજ મુરખ સરદારના, લક્ષ્મિના અને પરચુરણ પિંગળ પદ્ધતિના થોડાક છે તે કોની કૃતિના છે તે જણાયું નથી. સબબ કે

તે ભંડોળ સાત વર્ષ પહેલાં મુંબઇમાં તંબાકુવાળાની દુકાનેથી તંબાકુ વેચાતી લેતાં દુકાનદારે એક કાગળમાં તંબાકુ બાંધી આપી તે કાગળમાં તે લખેલા હતા અને તેને ઠીક કરી વાંચતાં તે બોધ યુક્ત જણાતાં લેવામાં આવ્યા છે.

જો કે નાણાં ભિડ સબબ આ પુસ્તક છપાવવામાં મ્હને ઘણું ખમવું પડયું છે. તોપણ તેને પબ્લીક કરવાની સિમા સુધી આવવા તક મળી તે બાતે પરમ દયાળુ પરમાત્માની હજુરમાં પ્રાર્થના સહિત હું તેઓનો આભાર માનું છું. અસ્તુ: તા. ૮-૫-૧૩ મુ. મુંબઇ.

લિ૦

લખનાર.

વિજ્ઞપ્તિ.

ઉદાર ચિત્તનાં અને હંસવૃત્તિનાં વાંચકવૃંદને આ વિજ્ઞપ્તિથી વિદીત કરવાની હું ખાસ અગત્યતા વિચારૂં છું કે;

આ પુસ્તકનાં પ્રુફ સુધારવા મ્હારા હાથમાં આવવાં ચાલુ થયાં તે અરસામાં એકતો નાટકનું ચાલુ કામ, અને ડેઇલી પેપરોનાં રાએતાના કામની પ્રવર્તિનો વિશેષ વધારો તે સાથે શરિરે તાવ વિગેરેની વ્યાધિ તથા માથાનો સખત દુઃખાવો શરૂ થયો તેમાં મ્હને પ્રુફો વાંચી સુધારવાની ફરજ પડી એટલે ઉપરની મુસ્કેલીના લીધે મ્હારાથી આ પ્રુફ સુધારવા લેશ પણ નિવૃતિ મળી શકી નથી. તેથી તેમાં કેટલીક વધારે ભુલો દ્રશ્ય રહી હોય તેના માટે હું આપની ઉદાર ક્ષમા યાચું છું.

લી૦

કર્ત્તા.

કાઠીયાવાડી–જવાહીર.

ભાગ ૧ લો.

નિચેના ઠેકાણેથી રોકડી કિંમતે યા. વી૦ પી૦ થી મળશે.

કાઠીયાવાડ ખાતેના એજંટ (૧ લી આવૃતિના)	અમદુલ્લહુસેન આદમજી મુ. ભાવનગર.
કવિ ખીમજી વસનજી ભટ્ટ બગસરાવાલા.	મુ. બગસરા–ભાયાણી કાઠીઆવાડ.

આભાર પત્ર.

શ્રીયુત્ શેઠ જીવરાજ ગોકળદાસ નેણશી
ધી ભાટીયા મિત્ર મંડળના ઉપમંત્રી સાહેબ મું. મુંબઇ.

વિ. વિ. કે, "જ્વાહીર" નું પુસ્તક પ્રસિદ્ધ કરવામાં આપ સાહેબે મને દરેક રીતે બનતી મદદ અને સવળતા આપી છે.

જ્વાહીરમાં શ્રીમાન્ શેઠ સાહેબ ખીમજી આસર વિરજીનો પ્રતાપી ફોટો મેળવ્યા ઉપરાંત તેવા સુપ્રસિદ્ધ શ્રીમાનની મંગળમય મુલાકાત અને યોગ્ય મદદ લેવા હું ભાગ્યશાળી થયો તે ખરેખર આપની મ્હારા પ્રત્યેની અપૂર્વ લાગણીનું જ પરિણામ છે એમ મને ખુલ્લી રીતે કબુલ કરવું પડે છે.

આ સ્થળે અવશ્ય જણાવવાની મને કુદરતી રીતે ફરજ પડે છે. તે એકે આપનું વય યૌવન છે. આપ શ્રીમંતના ફરજંદ છો છતાં પણ આપની રહેણી એવી તો પ્રસંશનિય છે કે તે દરેક શ્રીમંતના યુવકોએ અનુકરણ કરવા જેવી છે. અને તે એકે, નિરભિમાનપણું સરલ અને સાદી વર્તણુંક, ધર્મ નીતિ પ્રત્યે ભાવ કુળ ગૌરવનું અભિમાન પરોપકારી વૃત્તિ, સાહિત્યનો શોખ, અભેદ પણું અને મુરબ્બી મર્યાદાની જાળવણી વગેરે વતન આપના પ્રેમી હૃદયમાં નિરંતર વિરાજી રહેલાં છે.

ટુંક મુદતમાંજ આપે આપનાં સજ્જનતાં વર્તનનું આદર્શ બનાવી મ્હારા પ્રત્યે પરાપુર્વના ચાલુ સંબંધ હોય તેવું માનવાને મને કારણ આપ્યું છે એટલુંજ નહીં પણ વ્યવહારમાં મને સ્નેહીની ગરજ પુરી પાડી મને સ્નેહીભાવથી ચાહો છો તે સર્વના બદલામાં હું આપનો અત્યંત આભાર માની ઇચ્છું છું કે શ્રીકૃષ્ણચંદ્ર આપનું ચીરંજીવી જીવન સર્વ રીતે વ્યવહારમાં જશવંતુ બનાવે. અસ્તુ.

વી૦ મુ૦ તા. ૨૨-૬-૧૩ મુ. **મુંબઇ.**

કવિ ખીમજી વસનજી ભટ્ટ, અગસરાવાળા.

॥ શ્રી ॥

કાઠીયાવાડી-જવાહીર.

(૧)

પહેલો દિધેલ બોલ, પાપી થઇ પતળિયે નહીં;
નીકળે કાળો કોઢ, વાને ત્હારે વિંજરા.

અર્થઃ—વિંજરાએ પોતાના જીવજાન દોસ્તને દોસ્તિના અંગે અનેક પ્રકારના આશામય કોલ (કરાર-વચન) આપ્યા હશે, પરન્તું આપેલ કોલ એક પણ વિંજરો ન પાળી શકયો ત્યારે તેનો દોસ્ત તેને સંબોધી, સકળ સૃષ્ટિના સજ્જનને કહે છે કે, અરે હે સજ્જન સ્નેહીઓ ! કોઇ પણ માણસને આશામય બોલ આપતાં પહેલાં તે પોતાથી પાળી શકાશે કે નહીં ? તેનો તમે પુખ્ત વિચાર કરજો અને જોજો તમને તે પાળી શકવાની ખાત્રી થાય તોજ બોલથી બંધાજો. કદાચ બોલ આપ્યા પછી જો તે નથી પળાતો તો પછી બોલ આપનારના કપાળે કાળો કોઢ નિકળે છે અર્થાત તે ખોટા બોલા પણાની આપ મેળેજ કપાળમાં કાળી ટીલી વ્હોરી લ્યે છે.

× × × આ ઉપરનું વાકય વિંજરાનો દોસ્ત જેમ વિંજરાને કહે છે તેવીજ રિતે તે વાકય માલિક અને આત્મા=જીવ ને પણ લાગુ પડે છે અને તે એવી રીતે કે, જીવ જ્યારે નવ માસ સુધી માતાના દુર્ગં-

ધ મય ગર્ભમાં હતો ત્યારે ત્યાંથી મુક્ત થવા માલીક (પ્રભુ) આગળ હદ ઉપરાંત આજીજી કરી છેવટે કોલ આપ્યો કે હે! માલીક! તું મને અહીંથી મુક્ત કરીશ તો હું બહાર નીકળ્યા પછી અહોનિશ ત્હારી ભકિત કરીશ. આ કોલના પરિણામે પ્રાણી માત્રનાં પાપ-પુન્ય નિ-ર્ખનાર પ્રભુએ તેને (જીવને) ઉદરથી મુક્ત કર્યો. (બહાર કાઢયો) મુક્ત થઇ સંસારમાં આવ્યા પછી માલિકને આપેલ કોલથી ફરી જઈ તેનું ભજન-યજન-પુજન કે અર્ચન ભુલી જઇ માયીક પદાર્થમાં અને સંસારી સબંધમાં વલખાં માર્યા કરવાં એ પણ એક જાતની કોલ ભ્રષ્ટતા રૂપ કલંકની કાલી ટીલી લેવા જેવો ઘાટ ગણાશે અને તેનું પરિણામ એજ કે આખરે લક્ષચોરાશીના ચક્રાવામાં ફરવું થશે.

(૨)

તમે માગેલ તેલ, તેદિ કાચુંય કુંપે નહીં;
આજ ફરતું ને ફુલેલ, વાળે નાખું વિંજરા.

અર્થઃ—વિંજરો આશક કોઇ મુગ્ધા માશુક પર લલચાયો પણ મુગ્ધા પ્રેમ રસના બીલકુલ અજાણી હઇ વિંજરા સાથે તનથી પ્રેમરંગ ખેલવા ડરતી હતી જેથી મુગ્ધાવય વ્યતિત થતાં સુધી તેણી વિંજરા સાથે માત્ર મનથીજ પ્રેમના લ્હાણુ લેતી હતી. દૈવ ઇચ્છાએ મુગ્ધાને પ્રૌઢપણું પ્રાપ્ત થવા પહેલાં (મુગ્ધા સાથે મન ગમતો પ્રેમરંગ મા-ણ્યા શિવાય) વિંજરાને દુર દેશાવર જવું પડયું અને તેથી તે મુગ્ધા જ્યારે પ્રૌઢાપનની અને પ્રેમ રસના સ્વાદને સમજવા સર્વ રીતે શ-ક્તિવાન થઈ ત્યારે વિંજરાના વિયોગમાં ટળવળતી તે સુંદરિ અંતર ઉદ્દગાર કાઢે છે કે, હે! વિંજરા? તમે વખતો વખત મારી પાસે પ્રેમ રસ રૂપી તેલની માગણી કરતા હતા પણ લાચાર કે તે વખતે ફુલેલ

=પુલ મિશ્રીત કરી પકવેલું અર્થાત સુગંધી તેલ તો શું પણ તેના અભાવે કાચું (તલનું) તેલ પણ અમારા કોરા કટોરામાં નહોતું પણ વખત જતાં તાજું સુગંધીદાર તેલથી કટોરો જ્યારે ભરપુર છે ત્યારે તે ફુલેલ તેલનો ઉપયોગ કરનાર તમેં (વિજરો) ઘણે દુર છો માટે અમારા ઉપર કૃપા કરી વ્હેલા વ્હેલા પધારો એટલે મન ગમતી રીતે તે પણ તમને તેનાથી અધિક આનંદ ઉદ્ભવે તેવી રીતે જુક્તિ પુર્વક શુદ્ધ પણ અપુર્વ ભાવે તમારે વાળેવાળે સિંચી તમોને શાન્ત. કરૂં.

(૩)

થોડાં થોડાં દુઃખ, માનવી માતરને,
એથી અદકેરાં, વ્હાણ ભરાણાં વિંજરાનાં.

અર્થઃ—પહેલી મુગ્ધા પ્રોઢા થઈ અને વિંજરાના પ્રેમ વિરહમાં ઝુરી ઝુરી કાયર થઇ તોપણ વિંજરાથી સંયોગ ન થયો ત્યારે મરવાની અણીપર આવી કહે છે કે, આ સંસારની ચાદરપર ઉભેલાં દરેક ઇન્સાનોને થોડું-ઝાઝું દુઃખ હોય છે. પણ હે વિંજરા ? ત્હારા વિયોગે તો મ્હારાં દુઃખ એટલાં બધાં વધ્યાં છે કે તેનાં મોટાં વ્હાણ ભરીયે તો પણ ઘણાં બાક્ષાન્સ રહે.

(૪)

વિંજરશીનાં વ્હાણ, દરિયે ચાલે ડોલતાં;
નેજે નહિ નિશાન, નાવ કીશે નાંગરીયે.

અર્થઃ—ફરી એ પ્રૌઢા કહે છે કે, હે! આશક વિંજરા ! ત્હારા વિયોગ-વિરહમાં મ્હારૂં મન રૂપી વ્હાણ, ભવ સમુદ્રમાં અનેક આધિ-

વ્યાધિ અને ઉપાધિ રૂપ પ્રબળ તોફાનથી વમળે ચડી હાલક લોળ થઇ રહ્યું છે કે જેને ભાગતાં કે ડુબતાં લેશ પણ હવે વિલંબ નથી તો તેને હવે શી રીતે બચાવવું? કેમકે તોફાને ચડેલાં વ્હાણની સલામતીના મુખ્ય સાધનો નેજો–નિશાન–નાવિક–રૂપ તમે (વિંજરો) દ્રષ્ટિએ પણ નથી.

(૫)

કોતર મોર કણુંકીયા, વાદળ ચમકી વિજ;
રાણો રદામાં સાંભર્યો, આવી જેઠી બિજ.

અર્થ:—ઉપર પ્રમાણેની દશામાં વિંજરા વિયોગે દિવસ વિતાવતાં, વૈશાક માસ ઉત્તરી જ્યારે જેઠ બિજ=જેઠ શુદ બીજ આવી ત્યારે આકાશ=વાદળ=ગગન=આસ્માન; બધું વાદળ–દળથી ઘેરાઇ ગયું અને વર્શાદથી છવાઇ રહ્યું ત્યારે અચાનક ગગડાટ નાદની સાથે વિજળિ ચમકવા માંડી જેથી પર્વતના ગાળામાંથી સિંહ તથા મોરલા બોલવા લાગ્યા જે સાંભળી વિંજરા વિયોગી વનિતાનું ચિત્ત ચિન્તામાં વ્યગ્ર થવા લાગ્યું અને એવા ભયાનક સંજોગથી સ્વામિની સોડમાં સંતાવાને અધિરૂં બન્યું.

(૬)

સહુ સહુની સરા, વરસેં આવે વળી;
એક જોબાન બીજી જરા, વરસેં ન આવે વિંજરા.

અર્થ:— આંબા, રાયણ, દ્રાક્ષ, બોર, પપનસ આદિ અનેક વૃક્ષોને કુદરતે નીમેલી વેળા પ્રમાણે ફળ આવે છે. અને ગુલાબ, મોગરો, ચંપો, જાઇ, જુઇ, વીગેરે રોપા તથા વેલોને પણ વખત પ્રમાણેજ ફુલ લાગે છે અને તે ચાલુ રીતીએ એટલે કે વખતો વખત આવ્યા

જ કરે છે. પરન્તુ, આ સંસારમાં મનુષ્ય જોબન અર્થાત યુવાવસ્થાને વિતાવી બુઢાપામાં જાય છે ત્યારે પછી પુનઃ એજ રીતીએ યુવાવસ્થા પ્રાપ્ત થતી નથી. માટે જીંદગીમાં જેજે તક આવે તે પુરતા વિચારે માનવ પણાંને છાજે તેવાં કાર્ય અને વર્તન; નીતિથી ભરેલાં કરવાં એજ મનુષ્ય જીવનની સુફલતા છે.

(૭)

જોઇને વોરીયેં જાત, જાતે જોખો લાગે નહીં;
પડે પટોળે ભાત, વઠ પણ વેડે નહીં.

અર્થ:—આ સંસારમાં જેની સાથે સ્નેહ બાંધવાની મરજી થાય તો સ્નેહ બાંધનારે સ્નેહ બાંધનારની યોગ્યાયોગ્યનો, વાણિનો, વર્તનનો અને સમજ શક્તિનો પુરતો વિચાર કરવો. અને તેની દરેક હિલચાલ શાન્તિ પુર્વક તપાસી તે નિર્મળ જણાય તોજ પછી તેની સાથે સબંધ સાંધવો એટલે પછી તેવા સબંધી સાથે કદાચ પુર્વની લેણા દેણી પ્રમાણે જો તુટ પડે તો પણ તે સબંધી આપણને વિંખી પિંખી નાખવાને જાહેરથી નહીંતો આડકતરી રીતે પણ મલિનતા નહીં કરે એટલુંજ નહીં પણ પારકાને હાથે કદાચ આપણું ખરાબ થવાનું છે એવું તેને અનાયાસે જાણવામાં આવશે તો પણ તે આપણને ખબર આપ્યા શિવાય તે પોતાના ડાહાપણના, વિતના અને વખતના ભોગે પણ આપ મેળેજ આપણું ખરાબ થતું અટકાવવા માટે બનતું કરશે. માટે સ્નેહિનું પદ ડાહ્યા માણસોએ પરિક્ષા કરીનેજ અવરને આપવું એજ ઉતમ ગણાય છે. પણ જો ઉતાવળથી ગ્લીટ દેખાવમાં અંજાઇ સામાથી સ્નેહ સાંધી દેવાથી એનું પરિણામ

સ્નેહ સાંધનારને તથા સ્નેહ સંધાવનારને ખેદ યુક્ત બને છે. જેના સબંધમાં વિંજરાને તેની પ્રેમી વ્યક્તિ કહે છે કે તું ભલે મને છોડી દુર દેશાવર ગયો પણ ખાત્રી છે કે દુર બેઠાં પણ તું મારી દરેક ફીકર રાખતો હઇશ. નહીં કે મને વગર વાંકે, રિબાવી મારી નાખવાનું ધારતો હઇશ.

(૮)

જેથી લાગ્યો જીવ, એથી તન તારવીયે નહીં;
ભલે જાય સમુળાં શરિર, વિસરીયે ના વિંજરા.

અર્થ:—વિંજરાના પ્રેમિ વ્યક્તિ છેવટમાં વિંજરાને કહેવરાવે છે કે હે વિંજરા! કોઇ માણસથી દોસ્તિ બાંધવી નહીં, ને બાંધવી તો પછી તે દોસ્તિના અંગે ભલેને પોતાના પ્રાણનું પણ જોખમ થાય તો પણ તે મુકવી નહીં કે દોસ્તથી લેશ માત્ર પણ જુદાઇ રાખવી નહીં પણ મર્ણ પર્યંત સુધી તેની સાથેની દોસ્તિને પુર્ણ ભાવે નભાવી રાખવી. (પણ દોસ્તીની કીમત કરનાર દોસ્ત પણ તેવીજ સમજ શક્તિ ધરાવતો હોવો જોઇએ. નહીં તો દોસ્ત પ્રત્યે પોતાનો સતભાવ ભળાવવો અને ક્ષારવાળી જમીનમાં જનમન રંજન કરનાર મોગરાનો નાજુક રોપો રોપવો એ બંનેનું પરિણામ સરખુંજ છે.)

(૯)

જળ ઉંડાં બેડી જાદરી, કાંઠો કયાંઇ ન દેખાય;
જેના ખુટયા ખારવા, તેના વાપણ કવા વાય.

અર્થ:—મહાસાગરના મધ્ય ભાગે કે જે સ્થળે કોઇ પ્રયત્ને તળું પણ ન દેખાય એટલાં ઉંડા પાણી હોય, હોડી પુરાણી અને તેમાં પણ મોટું ગાબડું પડી અંદર ન ઉલેચી શકાય તેવું અને તે-

ટનું પાણી આવતું હોય, દુર્દિનમાં દેખતાં પણ કિનારો દેખાતો ન હોય, હોડી હાંકવામાં ઉપયોગી ગણાતી પાવડીઓ તુટી ગઇ હોય, હાંકનાર કાયર થયો હોય, અને પછી પવન સમુદ્રને તોફાની બનાવવા ઉશ્કેરી હોડીને મરજી મુજબ નિર્દયતાથી ડોલાવતો હોય આવા સં-જોગોમાં મુકાયેલ મુસાફરની શી દશા થાય ? તે વિચાર કરો. અને મારા પ્રત્યે દયા ધરો. કારણ કે હે વિંજરા ! તમારા વિયોગમાં મ્હારી પણ હોડીમાં બેસનારના જેવી કઢંગી સ્થીતિ થઇ પડી છે.

(૧૦)

શેરિ મિત્રો સો મળે, તાળી મિત્ર અનેક;
જેમાં સુખ દુઃખ વાટીયે, તે લાખોમાં એક.

અર્થઃ—આ સંસારમાં મ્હારાં વ્હાલાં વાલેશ્વરિ અનેક સગાં સમંધીઓ છે પણ નિરંતર મ્હારા સુખ દુઃખમાં ભાગ લઇ શકે એવું સમંધી તો અનેક સમંધીમાં હે વિંજરા ! તમે એકજ છો.

(૧૧)

આશાને અમૃત ગણો, પણ છે કડવી ઝેર;
છાંડો ચેતી સુઘડનર, નહીં તો થાશે કેર.

અર્થઃ—આખરે રિબાઇ રિબાઇને પોતાની બળતરા કાઢી થાકી તો પણ વિંજરાથી ભેટો થયોજ નહીં ત્યારે છેવટમાં તે પ્રેમી સું-દરિનું મન કઠોર થયું. અને કઠોર થયા પછી તેનું મન વિદ્યુતવત્ વિંજરા ઉપરના મોહથી પાછું વળી આવ્યા પછી છેલે તે સુંદરિ જગતને જણાવે છે કે, હે જગત ! (જગતનાં ઇન્સાનો !) આ સંસારમાં દ્રવ્યની, વૈભવી થવાની, અધિકાર મેળવવાની, વિદ્વાનમાં

ભણાવવાની, સ્નેહથી મોહવાની, ઇચ્છીત વિચાર પાર પાડવાની, ન બની શકે તેવું બનાવવાની એવી એવી અનેક કે જે કેવળ માયીક વસ્તુના માટેજ જે મનુષ્ય આશાને પોષી નિરંતર (જીવન સુધી) પુજે છે તે મનુષ્યની કેવળ મુર્ખતા છે કેમકે આશા જેમ જેમ પુરી થતી જશે તેમ તેમ તે વિશેષ કોળતી જશે એટલે તેને પહોંચી વ-ળવાને માટે મનુષ્ય તો શું પરન્તું દેવતાનાં જીવન પણ બસ નથી માટે પરિણામે પસ્તાવોજ કરાવનારી આશામાં જીંદગી સુધી ન્હાયા કરવું તેના કરતાં ઇશ્વર પ્રત્યેની ભક્તિ વધારવાની અને અંતે મુક્તિ મળવાની આશા રાખીને એજ આશામાં મર્ણ પર્યંત ન્હાયા કરવું તે વાસ્તવિક અને મનુષ્યપણું પ્રાપ્ત થયાનું સાફલ્ય છે. માયીક વસ્તુ મેળવવાની આશાનું પરિણામ ઝેર છે અને ઈશ્વર ભક્તિ વધારવાની તથા મુક્તિ મેળવવાની આશાનું પરિણામ આખરે અ-મૃત છે. હવે અમૃત કે ઝેર જે યોગ્ય લાગે તે સ્વિકારવાને સર્વ આપ મુખ્તયાર છે. અને જેવાં જેનાં સંચિત, તે પ્રમાણે એ-માંથી એક પ્રત્યે મનુષ્યનો ભાવ થશે.

(૧૨)

જાવું છે રહેવું નથી, મરવું વિસા વિશ;
ચાર દિવસના સુખમાં, નવ ભુલો જગદિશ;

અર્થઃ—આખરે વિંજરાના મોહ ઉપરથી પાછું ફરેલું સુંદરિનું મન એવું તો ચેતિ ગયું કે જગત વ્યક્તિ પ્રત્યે નહી પ્રેરાતાં તે એકા-એક પરમાત્માની શુદ્ધ ભક્તિમાં મુક્તિ મેળવવાની પ્રવર્તિમાં વળુંધ્યું બાદ તે પોતાના અનુભવ જ્ઞાનિ ઉદ્‌ગારે જણાવે છે કે; આ જગ-તમાં જે જે આવ્યાં છે તેને વ્હેલું યા મોડું એક દિવસે નકી જ-

ગતને જેમનું તેમ છોડી ચાલ્યું જવું છે તો પછી અનીષ્ટ અને અલ્પ સુખને આપનાર જગતની વ્યક્તિ મેળવવામાં લોભાઇ જીવન પુરૂં કરવું તેના કરતાં તે જીવન પરમાત્માનું ભજન, યજન કે પુજન અર્ચનમાં પુરૂં કરવું એ પરિણામે શું ખોટું છે?

(૧૩)

હિરાગળ ફાટયું હોય, તેને તાંતણ લઇને તુંનિયે;
કાળજ ફાટયું કોઇ, તેનો સાંધો ન લાગે સુરના.

અર્થ—સુરના નામના મનુષ્યને દૈવિ પ્રેમથી ચાહનાર તેની પતિવ્રતા પ્રેમિણી, સુરના રિસામણાં જોઇ-જાણી કહેવરાવે છે કે, સુતરાઉ અથવા તો રેશમી કપડું ફાટયું હોય તો તેને યુક્તિ પુર્વક કાબેલ દરજી સુતરના દોરા વતી એકત્ર કરી સાંધી આપે તો તે એકત્ર થાય છે. પણ અમુક આગાધના પ્રભાવે, કાળજું ફાટી જાય છે ત્યારે તેને સાંધવાનું કોઇ પણ સંસારમાં સાધન નથી તે નથીજ.

(૧૪)

ભાણું ભાંગ્યું હોય, તેને રેણ દઇ રેવરાવિયે;
કાચનાં લટકયાં કોઇ, તેનો સાંધો ન મળે સુરના.

અર્થ.—પીતળ, તાંબુ, સોનું, રૂપું કે એવી કોઇ પણ ધાતુનું પાત્ર (વાસણ) ફુટે કે તુટે તો તેને પાછું સાંધવા માટે અનેક રસાયણ શાસ્ત્રીઓએ ભિન ભિન રેણ તૈયાર કર્યાં છે કે જેનાથી તે પુનઃસંધાય છે પણ કાચનાં વાસણ જ્યારે તુટે છે કે ફુટે છે તેને સાંધવા માટે કોઇ પણ જાતનું રહેણ નથી, તેવીજ રીતે ઇન્સાનનું કાળજું પણ જ્યારે પ્રબળ આગાધથી ફાટે છે ત્યારે તેને અસલ રૂપમાં

લાવી મુકવા કોઇ પણ જાતની તદબીર નિર ઉપયોગી છે. માટે તે કોઇ પણ રીતે ન ફાટે તેવી સંભાળ સામાએ એટલે કે સહવાસમાં આવનારે અવસ્ય રાખવાની છે અને એવી સંભાળ રાખવાથી ઉભયને ઠીક થશે-

(૧૫)

મોતિ ભાંગ્યું શારતાં, મન ભાંગ્યું (કુ) ક વેણ;
ઘોડો ભાંગ્યો ઠેકતાં, નહીં સોધોને (સુરના) સેણ.

અર્થઃ—સિપનું સાચું મોતિ શારતાં એટલેક શારડી વતી મોતિની વચે દોરો લાવવા વિંધ પાડવામાં આવે છે. અને તે વિંધ પાડતાં પાડતાં મોતિ ભાંગી જાય, ઘોડો દોડતાં ભાંગી જાય એટલે કે દોડતો ઘોડો પડી જાય અને તેનું મુખ્ય અંગ મરડાય જાય કે અંદરનું હાડકું ભાંગી જાય અને મનુષ્યનું મન અપમાન ભર્યાં વચનથી ભાંગી જાય. તો તે ત્રણે એક વખત ભાંગ્યા પછી અનેક ઉપાય કરો તો પણ તે પાછાં અસલ રૂપમાં આવી શકતાં નથી તે નથીજ.

(૧૬)

કાન સુણ્યું નવ માનીયે, નજરે ભાળ્યું સાચ;
ભાંગ્યાં સાજાં થાય ના, મન મોતીને કાચ.

અર્થઃ—પ્રેમિણી સુરને પુનઃ વિનવી જણાવે છે કે, હે સુરના ! સાચા જુઠી કહેવાને ટેવાઇ ગયેલાં જગતનાં ઈન્સાનોમાં એવી ખસલત છે કે સ્નેહિનો શુદ્ધ સ્નેહ જાણી તે તોડાવવા જાહેરમાં અથવા તો ખાનગીમાં અનેક પ્રયત્ન કરે છે. અને તેનાજ પ્રભાવે કદાચ મ્હારા તમારા વચેના સ્નેહને છેદન કરવા વિઘ્ન સંતોષીએ મારા વિરૂદ્ધમાં

તમોને અગર તમારા વિરૂદ્ધમાં મને અનેક બનાવટી વાતો આપ અકલથી ઉપજાવી કહી અને એક બીજાનાં હૃદયમાં અભાવ અને વિક્ષેપનાં ઝેરી બિવાવી તેને ઉછેરવા ને તથા તેનાં ફળ ફળી આવતાં નજરે જોવાને ઉત્સુક બની રહેલાંઓનાજ પ્રયાસથી તમે મારી સાથે રૂસણું લઇ બેઠા છો તો હજુ વિચારો અને સજ્જન પુરૂષનો ધર્મ સંભારો કારણકે સજ્જન પુરૂષનો એજ ધર્મ છે કે, સ્નેહ તોડાવવા ખાતર કોઇ વિધ્ન સંતોષી સ્નેહિના વિરૂદ્ધની કડવાશ પિરસે તો તેના ગુણદોષનો જાતેથી તપાસ કરી નજરે જોયા શિવાય તેનો આહાર કરવો નહીં તેમ તે આહારના નિશાથી સ્નેહમાં વિધ્ન લાવવાની દિવાનાપણાની તક હાથ ધરવી નહીં. પણ પિરસેલી કડવાશના સંબંધે શાન્તિથી વિચાર કરવો, બુદ્ધિ પુર્વક તપાસ કરવો, અને મન માને તેવી રીતે રૂબરૂ ખુલાસો લેવો દેવો અગર તો તે બીનાં ખુદ આપ નજરેથી જોવાય ત્યારેજ સ્નેહિને ઠબકો આપવો યાતો તેનાથી રૂસણું (રીસાઇને બેસવું.) લઇ બેસવું. નહી તો ઉતાવળથી તેનો અમલ થાય છે તો તેના ઘાથી સ્નેહિનું મન ભાંગી જાય છે અને ભાંગ્યા પછી કાચ. મન કે મોતિ પાછાં કદાપી સાજાં થતાં નથી. કે સંધાતાં નથી.

(૧૭)

કાંઉ ઘર કરે, (કુ) ઘર મન કોળે નહીં;
એથી ઉધરાં અમે, સોના જેવાં શોભિયે.

અર્થઃ—ઘણી ઘણી મરતબ પ્રેમિણીયે ખુલાસો કર્યો અને સમજાવ્યો છતાં પણ છેવટ સુધી જ્યારે સુરના નજ સમજ્યો અને રૂસણાના ઘખારામાં જ્યારે તે બીજી બૈરિથી સંસાર ચલાવવા લાગ્યો

ત્યારે પેલી તજાયેલી પ્રેમિણી એકલી અટુલી એકાન્ત વાસમાં પ્રભુ સ્મરણમાં દિવસ ગાળવા લાગી ત્યારે તે સ્થાને અચાનક એક મુસાફર આવ્યો ને તે સર્વાંગે સુંદર અને નાજુક વયની પ્રેમિણીને એકલી જોઇ તેને પુછ્યું કે, હે સુંદરિ! તું કોઇનાથી કેમ ઘર કરતી નથી અર્થાત કોઇ સાથે કેમ લગ્ન કરતી નથી. ત્યારે તેના ઉત્તરમાં પ્રેમિણી કહે છે કે, સંસારમાં ચો તરફ નજર કરી ચુકી તો જ્યાં જોયું ત્યાં કુઘર જોયાં એટલેકે કોઇના ઘરમાં કંઇને કોઇના ઘરમાં કંઇ એમ સઘળે અસંતોષ ભરેલો છે. અને તેથી મેં માન્યું કે કોઈ સુઘરતો નથી અર્થાત સજનપણું ભર્યું નથી તો હવે સજનપણાને અભાવે કુઘર કરવું તેના કરતાં એકલું જીવન વિતાવવું એ શું ખોટું છે?

× × શું વર્તમાન કાળમાં આર્ય દંપતિઓનાં ઘર એવાજ વિષયથી ભરેલાં હશે?

(૧૮)

ચતુર હોય તો રિઝવું, હસી રમાડું છેલ;
મુરખને શું વિનવું, હડ્ડે ઝાઝો મેલ.

અર્થઃ—કેટલાક ખુલાસા થયા પછી પ્રેમિણીયે જણાવ્યું કે હું પરણેલીછું છતાં પતિ મારાથી રિસાઇ બેઠો ને બીજી બૈરિથી સંસાર ભોગવવા લાગ્યો એટલે મેં એકાન્ત વાસ પસંદ કર્યો છે. ત્યારે મુસાફરે કહ્યું કે તું તેનાં રૂસણાં છોડવવા કેમ કંઇ યુક્તિ કરતી નથી! ત્યારે પ્રેમિણીયે ખુલાસો કર્યો કે, દરેક બાબતની સમજણ ધરાવતો એટલે કે સજન સ્વામિ મળ્યો હોત ને તે કંઇ પણ કારણસર રૂસ-

ણું લઇ બેઠો હોત તો તે રૂસણું તજાવવા યુક્તિ પુર્વક ગતે તે ઉપાય કરી તેની ઉદાસી દુર કરત પણ જેને સમજણનો છાંટો નથી અને અંતરમાં અજ્ઞાનતા રૂપી મલિનતા છવાઇ રહી છે તેવા મુઢ સ્વામિને કઈ રીતે રીઝાવું ? તે મને સુજતું નથી.

+ + + સદ્‌ગુણની સંપુર્ણ પરિક્ષા કર્યા શિવાય, માત્ર કુળની મોટાઈમાં અંજાઈ દ્રવ્ય, વૈભવ, સમાન વય અને સ્વરૂપમાં લોભાઇને જે ઇન્સાન પોતાની કન્યાનાં કોઇનાથી લગ્ન કરે છે તે અંતે બિચારી રિબાઇ રિબાઇને મરે છે અને તેનો દોષ ખરેખરો તેના વડિલો પર આવે છે કે જેઓ બિચારીને તેવા સુધરેલા બળદિયાની કોટે પોતાની સમજણી પુત્રી રૂપ અમૃત ફળને લટકાડે છે.

(૧૯)

ફરતું આવ્યું ફુલ, માલમી મળ્યો નહીં;
માખી જાણે શું મુલ, ભમરા વિણ ભાણના.

અર્થઃ—મન ગમતાં નિર્મળ જળ સિંચનના પ્રભાવે રસવંતિ કોમળ કળિ વખત જતાં અપુર્વ પરાગ મય પુર બહારમાં ખિલી રહી પણ તેની કિંમત તેનો ભોગિ ભ્રમર હોય તોજ કરે. મતલબ કે ભોગી ભ્રમરજ તેનો ગુણ યા રસની મિઠાશ–મજા સમજે પણ નર્ક ખાઇ-ના કિનારા પર ઉછરી ત્યાંજ પોતાનું જીવન પુરૂં કરનારી મક્ષીકા પેલા પરાગ રસથી ભરેલા પુષ્પની મિઠાશ ન સમજે તેને તો સંસારની સર્વ મિઠાશ મહત્વનું સ્થાન નર્ક ખાઈના કિનારામાંજ સમાઇ રહ્યું છે એમ સમજાય છે.

+ + + અજ્ઞાન વૃત્તિના પ્રભાવે અજ્ઞાન ગણનામાં ગણાતાં

મનુષ્યો પણ પોતાની માન્યતા યાં કર્તવ્યને મહત્તાવાળું સમજી તેમાં આનંદ માને છે. પછી ભલેને તેની માન્યતા યા કર્તવ્ય જ્ઞાનિ યા વિદ્વાનવર્ગમાં નિંદાતું હોય યા હાની રૂપ છે એવું સિદ્ધ થઇ ચુકયું હોય તેવું જાણ્યા છતાં પણ તેવી નિંદા યા હાની તરફ લક્ષ રાખી પોતાની અજ્ઞાનતા સમજી વૃતિને સુધારવા અજ્ઞાની મનુષ્યો લેશ પણ દરકાર રાખતાં નથી. આ દાખલા ઉપરથી દરેક મનુષ્યોએ એજ સમજવાનું છે કે, જગત-શાળા છે મનુષ્ય વિદ્યાર્થી છે. દત્તાત્રય જેવા સમર્થે પણ અનેક જીવો પ્રત્યેથી કે જે જીવો કેટલાક ઉછાછળી વૃતિ ધરાવનારમાં હાસ્યજનક મનાય છે તે પાસેથી પણ સદ્બોધ ગ્રહી તે પ્રમાણે વર્તવાને ચિવટ રાખીને લીધેલા બોધ સ્થાનને ગુરૂ મય અર્થાત પુજનિક સ્થળ માનતા હતા. કદાચ પુરી સમજ અને વિવેક દ્રષ્ટીના સાંગોપાંગ વિચાર બળથી અમુક કાર્ય સારૂં છે અને તેથીજ તેને સારૂં લેખી અમલમાં મુકવા ઉત્સુકતા વધે તો પણ તે સારૂં કાર્ય છે. છતાં જગતમાં નિંદાય તેવું હોય તો તેનો અમલ કરવા ન લોભાવું પણ તેને વર્જીત કરવું એમાંજ મનુષ્યની વ્યવહાર સફળતા સમાઇ છે અલબત જેને વ્યવહારની સાથેનો સઘળો સંબંધ અને વાસના છુટી ગઇ છે અને જેનો આત્મા ઉંચ પ્રવાહ પ્રત્યે વળ્યો છે તેને તેમ કરવાની ઝાઝી દરકાર રાખવા જેવું નથી પણ વ્યવહારમાં રહી જેને વ્યવહાર કુશળ ગણાવું છે તેવાંઓએ તો તે સુત્ર પ્રમાણે વર્તવું એજ ઉત્તમ છે.

(૨૦)

આંબે લુંબું આવીયું, સાખે રસના માય;
કહેજો સખીઓ શ્યામને, વઇશાખ વસમો જાય.

અર્થઃ—શ્યામ વિયોગી સુંદરી વ્યાકુળ બની વિરહ વેદનાના પ્રભાવે માર્મિક શબ્દોમાં વઇશાખ માસ અને કેરીના પાકને સંબોધી સહચરીની સાથે શ્યામને સંદેશો કહેવરાવે છે અર્થાત સખી પાસે હૃદયની વરાળ કાઢે છે કે, હે સખી ! તું મારા શ્યામ (પતિને એટલુંજ કહેજે કે, વૈશાખ મહીનો પુર બહારમાં ચાલ્યો જાય છે. આ માસમાં આંબાનાં વૃક્ષો પોતાના ફળથી ફળી લગી રહ્યાં છે અને તે ફળ હવે સાખોનાં રૂપમાં (પાકવાની સર્વસ્વ તૈયારીમાં આવી ગયેલાં આંબાનાં વૃક્ષો (કેરી)ને કાઠીયાવાડમાં સાખો કહે છે) ફેરવાઇ જવાથી તેમાં અપુર્વ રસ ભરાઇ ગયો છે એટલે હવે ટાઇમસર જો તેનો ઉપયોગ નહીં થાય તો તે રસ ફળમાંજ શુશ્ક થઇ જશે. ફળ મુદત ભરાએ આપ મેળે વૃક્ષેથી ખરી જશે. આખરે ધુળમાં રગદોઇ પરિણામે કચરાઇને રજકણ રૂપે નાબુદ થશે (માટીમાં મળી જશે) બાદ તમોને તે સમયની કિમત સમજાશે એટલે પસ્તાવો થશે માટે તેવો પસ્તાવો ન કરવો પડે એટલા માટે સાખની મિઠાશ લેઇ તૃપ્ત થવાનું હે સખી ! તું સુચવજે.

+ + + આંબા રૂપ જગત છે કેરી રૂપ કલેવર છે અને રસ રૂપ જીવન છે તથા મન રૂપ શ્યામ છે તેને આત્મરૂપ સંબંધી પોતાના સ્વાર્થ માટે બુદ્ધિરૂપ સખી દ્વારા સંદેશો કહેવરાવે છે કે હે શ્યામ (મન) તું જો ભક્તિ નિતીના મિલનમાં જીવન રૂપી રસની મિઠાશ નહીં ચાખતાં વિયોગરૂપ અન્ય પ્રકારની આધિ વ્યાધિ ને ઉપાધિમાં રખડયા કરીશતો જીવનરૂપ રસ આખરે સમય થએ સુશ્ક થશે કલેવર કેરી જગત વૃક્ષેથી ખરી પડશે. પરિણામે માટીમાં મળવારૂપ અધોગતિમાં જવું થશે. માટે સમય છે ત્યાં સુધી મનને ભક્તિ નિતીમાં

રોકવું અને અન્ય સહવાસીયોને રોકવા સતત સમજાવવું એમાંજ ઉભયનું તથા જન સમાજનું હિત સમાયેલું છે.

(૨૧)

કેશર કયારા બાંધીને, અંદર વાવો પ્યાજ;
સિંચો સ્નેહે ગુલાબજળ, હોય આખરે પ્યાજ.

અર્થ:—અતિ ઉત્તમ ગણાતિ જમિનને સુવર્ણ (કંચનના) ના હળથી ખેડી, કાળજી પૂર્વક કયારા કરી, તેમાં કેશર અને કસ્તુરિનાં ખાતર પુરી તેમાં ડુંગળી (કાંદા) વાવીએ અને તેને દુધ તથા ગુલાબજળ અને સેંન્ટ અતરથી સિંચી ઉછેરીએ તો પણ તેની દુર્ગંધી મટતી નથી અને અંતે ડુંગળિ તે ડુંગળિજ રહે છે.

+ + + નિચ કુળના માણસને અનેક જાતનાં ઉમદા આભુષણ અને કિંમતી જવાહીર તથા અમર આદિનાં વસ્ત્રો પહેરાવી નરવર એટલે રાજા અગરતો માન્યવર અધિકારીના સંપુર્ણ સહવાસમાં સતત રાખવામાં આવે, અને તેની જીવન વૃદ્ધિના માટે તેનું કલેવર દુધ ઘી. સાકર, ચોખા જવ અને ઘઉં આદિ સાત્વિક ખોરાકથી પોષવામાં આવે અને તેને વિધ વિધ વિધ્યા ભણાવી વ્હાલથી બોલવામાં આવે તો પણ તે નિચ તુખમનો પુરૂષ વાનર ગુલાંટની પેડે પોતાની નિચતાનો સ્વાભાવ બદલતો નથી. અર્થાત ભુલી જતો નથી પણ પ્રસંગે તે પોતાની નિચતા ઉપર જશે.

(૨૨)

કરી કુસંગ ચાહે કુશળ, એહ અફસોસ ઘણો;
નિધિ તણો મહિમા ઘટયો, રાવણ કરી પડોશ.

અર્થ:—ગુણવાન હોય, વિદ્વાન હોય, નિતિવાન હોય, મહાન કુળનો અને સર્વ રીતે સમર્થ હોય છતાં પણ જો તે નિચના સમાગમને ચાહશે તો જગ બત્રીશીમાં નિચની વ્યાખ્યામાં ગણાઈ જશે, માટે પોતાનું કલ્યાણ ચાહવાના અભિલાષી પુરૂષોએ ગમે તેવી કઢંગી સ્થીતિ હોય તો પણ સ્વપ્નામાંય નિચનો સંસર્ગ કાળે પણ ન કરવો. કારણ કે, સમુદ્ર કે જે અગાધ શક્તિ અને મહિમા વાળો એટલેકે શ્રી વિશ્નું જેવા જેના જમાઈ, ચંદ્રમા જેવા પુત્ર અને અનેક રત્નના ભંડાર વાળો છે છતાં પણ તેણે પોતાની નજીકમાં રાવણને રાખ્યો તો રાવણ જેવા નિચના સંગે પોતાને બંધાવું પડયું. મતલબ કે, રાવણ શ્રીરામચંદ્રની સ્ત્રી સીતાને પોતાની મલિન વાસનાથી હરિ લાવ્યો એટલે રામચંદ્રે તે સીતાને પાછી લાવવા અને રાવણને મહાત્ કરવા સૈન્ય લઈ રાવણપર ચડાઇ કરી, પણ રાવણના નિવાસ સ્થાન લંકામાં જતાં વચે મહાન સમુદ્ર હતો એટલે તેનાપર પાજ બાંધી તેઓ લંકામાં ગયા હતા. આ ઉપરથી પ્રથમ સમુદ્ર બંધાણો હતો. તે પહેલાં સમુદ્ર ઉપર પાજ (પુલ) બંધાયાની કંઇ પ્રમાણ યુક્ત બીનાં પ્રચલિત ભાગ્યેજ હશે.

(૨૩)

પત્ર પાઠવું પ્રેમનો, જો પ્રિય હોય વિદેશ;
મનમાં, તનમાં, નેનમાં, તેને શું સદેશ.

અર્થ:—પતિ વિયોગી પ્રેમદાને તેની સખી કહે છે કે, હે બાઈ! ત્હારો પિયુ પરદેશ વસે છે છતાં પણ તું તેના પર કુશળતાનો પત્ર

લખતી નથી યાતો તેમની કુશળતાનો પત્ર મેળવાની પ્રવર્તિ ધરતી નથી તો એવું હારૂં હૃદય કેવું કઠીન છે? એવું સાંભળી પ્રેમદાયે તે સખીને જવાબ વાળ્યો કે, પ્રિતમ પરદેશ હોય તો વ્યાજબી છે મત લબ કે તે દુનિયાંની દ્રષ્ટિમાં પરદેશ છે પરન્તું મ્હારી પ્રેમ દ્રષ્ટિમાં તો તે નિરંતર મારા સમાગમમાંજ છે એટલેકે, મારાતનમાં, મ્હારા મનમાં, અને મારા નેત્રમાં (નજરમાં) જ છે એટલે નાહક પત્ર લેવાદેવાની પ્રવર્તિમાં શ્યા માટે રોકાઉં?

પતિ પરદેશ હતો છતાં પણ તે પ્રેમદાની પતિ પ્રત્યે એટલી બધી પ્રેમી વૃતિ હતી કે તે સઘળા જગતને પતિ મયજ જોતી હતી અને પતિ નિરંતર મનમાં, નજરમાં રમતો હતો ત્થા તેના ભણકારા તેનાં દિદાર અને તેના અંગનો મિલન સુવાસ પોતે ઘડી પણ વિસરી નહોતી પણ ક્ષણે ક્ષણે એજ ધુનમાં તેણી મસ્ત રહેતી હતી. ધન્ય છે આવી પતિ ભકત મહીલાને.

+ + + પરમાત્મા સર્વ સ્થળે વ્યાપ્ત છે છતા પણ અજ્ઞાની મનુષ્યો તેને શોધવા દેવળ હવેલીયે. વખતો વખત રઘવાયાની માફક રખડે છે પણ જ્ઞાનિઓ તો પેલી પતિ ભકત પ્રેમદાની પેઠે પરમાત્માને પોતાની સમિપે સમજી શાન્તિથી મન, વચન અને કર્મથી તેના ગુણગાનમાંજ મસ્ત રહી પોતાનું જીવન કર્તવ્ય સફળ માને છે.

(૨૪)

પંખિણી પરવશ પડી, પડી પરાયે હાથ;
હાડ ચામ તો નવ રહયાં, પ્રાણ તુમારી પાસ.

અર્થઃ—દૈવ યોગ્યથી દુષ્મનના પંજામાં સપડાઈ ગયેલી સતિ સુંદરી, પોતાના સોભાગ્ય અધિષ્ટાતાને સંદેશો કહાવે છે કે, હે મ હા

મન મોહન, હૃદય રમેશ! પ્રતિકુળ સંજોગના પ્રભાવે હું પાપી, નિર્દય, કામાંધની જાળમાં સપડાઇ પડી છું કે જેના સંતાપથી મારાં હાડકાં અને ઉપરની ત્વચા (ચામડી) સુકાઇને શુશ્ક ગઇ ગયાં છે અર્થાત ત્હમારા વિયોગમાં એકલી અટુલી ઝુરી ઝુરીને હું કઢંગી દશામાં આવી પડી છું પણ મારો પ્રાણ તો ત્હમારા પ્રાણ પ્રદેશની પાસેજ રમ્યા કરે છે, મતલબ કે દેહ અહીં છે અને પ્રાણ ત્હમારી પાસે છે.

(૨૫)

પંખી હોઉં તો ઉડીયે, ઘડી ન રાખું ધિર,
જેમ જેમ પ્રિતમ સાંભરે, તેમ તેમ લાગે તિર.

અર્થ:—દૈવે પક્ષિના જેવી મને પાંખો આપી હોય તો વિલંબ કર્યા વગર હું ઉડી આવી હે પ્રીતમ ! એક પલકવારમાંજ ત્હમને મળીને ત્હમારા અંગને આલિંગન આપી ગળે વળગી પડત પણ લાચાર કે અત્યારે પાંખ વગરની છું એટલે મિલન અભાવે તમને સંભારી સંભારીને ત્હમારા વિયોગમાં ઝુરૂછું, વિરહ વ્યાધિ રૂપતિરથી વિંધાઉછું અને દુઃખી જીવન પુરૂં કરૂં છું

(૨૬)

કાષ્ટ બળી કોયલા થયા, કોયલા બળી થઇ ખાખ;
પ્રિત જકી એવી બળી, ન કોયલા ન રાખ.

અર્થ:—લાકડું બળીને કોયલા થાય, કોયલા બળીને રાખ થાય, રાખ બળીને ઉડી જાય, પણ પ્રિત રૂપ અગ્નિ વડે હું એવી રીતે બળી કે નતો આ શરિરના કોયલા થયા, કે ન તો કોયલા થઇ રાખ બની.

(૨૭)

એક બુરે સઘળા બુરા, વધે અતિશય કોપ;
અર્જુનના અપરાધથી, થયો ક્ષત્રિનો લોપ.

અર્થઃ—સર્વ સજ્જન મંડળીમાં કદાચ એકાદ માણસ નિચ હોય તો તે મંડળ તે નિચના લીધે નિચનામાં લેખાય છે. કેવી રીતે કે સહસ્ત્રા અર્જુને જમદગ્નિ ઋષિને ત્યાંથી કામ દુર્ગા ગાય લેવા તેમના પર, તેમની સ્ત્રી રેણુકા પર અને તેના સઘળા શિષ્યો પર અત્યાચાર કર્યો તો તેના બદલામાં જમદગ્નિના પુત્ર પરશરામે સહસ્ત્રા અર્જુનનેતો માર્યો પણ સઘળા ક્ષત્રિઓ તેના જેવાજ ઝુલ્મિ હોવાનું અનુંમાન કરી એકવિશ વખત પૃથ્વિને નક્ષત્રિયા બનાવવાની ભિષણ પ્રતિજ્ઞા લીધી.

+ + અનુંભવિ કહી ગયા છે. કે સર્પથી ૧૦ હાથ, સિંહથી હજાર હાથ અને નિચથતો કરોડો ગાઉ દુર રહેવું. સબબ કે નિચની લાળ હડકાયાની લાળ જેવી એટલુંજ નહી પણ જીવ લેણ મરકીની ઝેરી હવા જેવી છે એટલે તેના સંસર્ગમાં આવનાર પુરૂષનું તે અવશ્ય અનિષ્ટ કરે છે. કુટંબમાં એકાદ નિચ હોય તો તે કુટંબે તે નિચનો ત્યાગ કરવો, કુટંબ નિચ હોય તો તેને ગામે તજવું, ગામ નિચ હોય તો દેશે તજવું એવું શાસ્ત્રાનું વિચાર પુર્વક વચન છે અને તેમાંજ સર્વ જન સમાજનું હિત હોવાનું અનુમાન થાય છે.

(૨૮)

મન મજુસ ગુણ રતન પર, ચુપક દીજે તાળ,
ગ્રાહક મળે તો ખોલીયે, કુંચી વચન રસાળ.

અર્થઃ—જે પુરૂષને પુર્વના સત સંસ્કાર પ્રભાવે ગુણ સાંપડ્યો

હોય તો તેણે તે ગુણને ગમે તેવી રીતે, ગમે તે વખતે, અને ગમે તેવા પુરૂષ પાસે ખુલો મુકવો નહી પરન્તુ, કાળજી પુર્વક તે ગુણને મનરૂપ મજુસ (પેટીની ગરજ સારે તેવી જાતનો કબાટ) માં રાખી તે મજુસને અબોલ-મૌન્ય યા ચુપકીદી રૂપ તાળુ દઈ રાખવું અને જ્યારે તે ગુણનું ગ્રાહક (ઘરાક) મળે ત્યારેજ તે તાળું મિઠાં અને નમ્ર વચન રૂપ કુંચી (ચાવી) વડે ઉઘાડી તે ગુણ જવાહીર બનાવવું.

(૨૯)

ઓતર ખંડ અંધારીઓ, બારે મેઘ વરસાય;
જેને આવે જીવીયે, કાળો મે કે,વાય.

અર્થઃ—વરસાદનું દર્શન શ્યામવર્ણું હોય છે, તેનું આવવું અંધકારમય હોય છે અને તેનું વર્સવું અગવડતા રૂપ હોય છે એટલેકે, વર્શાદ જ્યારે આકશમાં વાદળ રૂપે ચડી આવે છે ત્યારે કાળો હોય છે. અને તે જ્યારે પૃથ્વિપર પડવાનો થાય છે ત્યારે ધુડ વંટોળિયાનાં અનેક તોફાનો થાય છે અને જ્યારે તે વરસવા માંડે છે. ત્યારે કેટલાકનાં છાપરાં, કેટલાંકનીવસ્તુઓ પલળી જાય છે અને હેલી થવાથી બિચારાં પશુ પક્ષિઓ અને ગરિબ માણસોને ઘણી હાડમારી ખમવી પડે છે. આવી બધી રીતીએ અડચણ કરનારો છતાં પણ તે મેઘ સંસારનું જીવન સાધન રૂપ હોવાથી તેનું આગમન સર્વ સંસાર એક ચિતેથી ચાહે છે.

+ + + અવગડતામાં પણ સારાંશ રહેલા છે અને તેજ મિસાલે ક્રોધી, ઉતાવળીયો અને તિરસ્કાર આપવાને ટેવાઈ ગયેલો હોય છતાં પણ તેનો સ્વભાવજો સાર્વજનિકનું કલ્યાણ કરવામાં દ્દઢ અને સત્યાગ્રહી હોય તો તે પુરૂષ અવસ્ય ચાહવા યોગ્ય છે.

(૩૦)

ઇંડાં અંતરિયાળ, માળા વિન મુકાય નહીં;
પાંખું પરવતે, ભમિ વરતશું ભાણના.

અર્થઃ—ઉપરનો દુહો ભાણ જોઇવાને ઉજળીએ ઈંડાને સંબોધી કહ્યો છે કે, ગર્ભવતિ પક્ષિણી પોતાના પેટમાં ગર્ભ પરિપક્વ થવાથી છેવટે તે મુંઝાઈ ગઈ અને મનમાં વિચાર કરવા લાગી કે હાથ નથી, પુષ્ટ કલેવર નથી અને બચાંને જોગવવા પય ભરેલાં સ્તન નથી તો ગર્ભનાં બચાંને હું કેમ જોગવીશ? માટે ગમે તે રીતે ગર્ભ-પાત કરૂં એટલે જોગવવાની આપદાથી હું અળગી થાઉં. એવું નક્કી કરી તે ગર્ભ-પાત કરવાને તૈયાર થઈ, એવામાં ગર્ભ તે માતાને કહેવા લાગ્યો કે હે માતા! તું મને જોગવવા ચિન્તા શું કરે છે? કારણકે જેણે મને ગર્ભથીજ વૃદ્ધિની ગતિ આપી છે તો ખાત્રી છે કે તેને મારા જીવનની ઘણી ફીકર હશે ને તેથી તે ઘટિત ભોજના મ્હારા માટે ક્રમવાર અવશ્ય તૈયાર કરતો હશે. માટે તું મારો પાત ન કર પણ એકાદ વૃક્ષપર સુકલાં પાતરાં ટીખરાનો સાલો પોલો ત્હારી ચાંચ અને પગવડે માળો બાંધી તેમાં તું મને મુકીદે અને જ્યાં સુધી મારી ઇંડા કૃતિ મટી હું બચાંના રૂપમાં ન બદલાઇ જાઉં ત્યાં સુધી ફક્ત ત્હારી હુંફ મને આપતી રહેજે એટલે હુંફના પ્રભાવે ઇંડાકૃતી છોડી હું પાંખને પામિશ અને પાંખ પામ્યા પછી હું પેદા કરનારની કૃપાવડે જગતમાં વિચરી મ્હારૂ ભરણ પોષણ પોતાથી મેળવી લઈશ.

\+ + + ઘણા પુરૂષો એમ સમજે છે કે અમુકનું ગુજરાન સાધન હું પોતે છું યાતો મારી કોશિશ, શક્તિ કે મારો વેપાર ધંધો

છે પણ કદાચ જોતે ના હોય તોતે પાયમાલી પામે આવો ગર્વધરી ફરેછે પણ તે કેવળ તેની મુર્ખતા છે કેમકે જગતમાં જેણે દાંત આપ્યા છે તેજ મનુષ્યને ચાવણું આપે છે. પુરૂષતો માત્ર તેનો નિમીત બને છે. છતાં ગાડા નિચેના સ્વાન માફક નકામો ભાર જોરી ફરવું એ મનુષ્ય સમજને હિણપત લગાડનારૂં છે.

(૩૨)

નિચ દ્રષ્ટિ તે નવ કરે, મોટા જે કહેવાય;
સિંહ લાંઘણો સો કરે, તોય તર્ણ નવ ખાય.

અર્થઃ—મોટાતો એજ કહેવાય કે જે સમુદ્રનાં ખારાં પાણી મિઠાં કરી શકે, ચંદ્રનું કલંક કાઢી શકે અને પ્રાણી માત્રનું મર્ણ દુઃખ મટાડી શકે, એવાં કાર્ય કરીને મોટાઇ મેળવ્યા શિવાય સ્વજન બળે, દ્રવ્ય બળે, અધિકાર બળે, માત્ર મોટાઇ-વિશેશણનો બોજો શિર પર ઉપાડી અમે મોટા છીએ એવું માનનારા કે મનાવનારા કેવળ મુર્ખ શિરોમણી છે. મતલબ કે શ્રષ્ટિ રૂપ ચાદર પર વસેલાં સર્વ પ્રાણી પેદા કરનારની દ્રષ્ટિમાં સરખાંજ છે એટલે નાનાં મોટાંનો તફાવત નથી તોપણ વ્યવહાર દ્રષ્ટિમાં કદાચ મોટાઇનું માન કોને આપવું એ વાત યોગ્ય થઇ પડશે કે, જે ઇન્સાન માનવ ધર્મને સમજી નિતી, સરલતા, માયાળુ, ઉદાર અને પરોપકાર વિગેરે અનેક સત કાર્યમાં પ્રવર્ત રહેતો હોય તેને મોટા કહેવો અને તેવો મોટો પોતાનાં પ્રાણ ગુમાવવાના અણિ પર આવે છતાં તે નિચ કામ કરતો નથી કે નિચ કામ કરવાના વિચારને એક સેંકડના ૧૦૦૦) માં ભાગે પણ પોતાના હૃદયમાં રહેવાનો વખત આપતો નથી તે એવી રીતે કે જેવી રીતે કેશરિસિંહ કદાચ સો લાંઘણો કરે તો પણ ઘાંસ ખાવા લોભાતો નથી.

+ + + એક પત્નિ વ્રત પાળનાર પુરૂષ અને એક પતિવ્રત પાળનાર સ્ત્રી હોય તો તેઓ પણ ગમે તેવા વિકટના સમયમાં આવે તે સામાની નિચતાને ભોગ થાય તોપણ તે પોતાનું એક માર્ગિવ્રત (શીયળ) થી ભ્રષ્ટ થતાં નથી.

ધન્ય છે તેવાં સ્ત્રી પુરૂષોને કે જે ભારત વર્ષનાં તેવાં સ્ત્રી પુરૂષો ખરેખર અલૌકિક ભુષણ રૂપ ગણાય છે પરમાત્મા આવાં સ્ત્રી પુરૂષોથી આખો ભારત સત્વર ભૂષિત કરે, અસ્તુઃ

(૩૩)

નિત્ય કમળ જળમાં રહે, લેશ ન ભેદે નીર;
કામ ન ભેદે તેહને, જેનું શુધ્ધ શરિર.

અર્થઃ—કમળના રોપાની પેદાશ પાણીમાંથીજ છે ને તે નાશ થતાં સુધી પ્રતિદીન પાણીની અંદર ડુબેલોજ રહે છે છતાં પણ તેને પાણીનો લેશ પણ સંસર્ગ થતો નથી અર્થાત તે રોપો કોહાઇ જતો નથી તેવીજ રીતે શુદ્ધ શરિર વાળો મતલબકે સતસંગ સ્નેહીનો અને શુ દ્ધરહેણી કહેણીથી વર્તવાને મકમ થયેલો હોય તેને કુટિલ અને ભવરાનમાં રખડાવી અંતે નર્ક (દોઝક) માં દોરી જનાર કામ (વિષય)ની અસર થતી નથી.

(૩૩)

કાર્તિક મહીના માંય, સઉને શિયાળો સાંભરે;
તેની ટાઢડીયું તનમાંય, ઓઢણ દે આભ પરધણી.

અર્થઃ—કારતક મહીનો લગભગ પસાર થાય ત્યારે જગતના લ કે શિયાળાનો છાયો છવરાઇજવાથી ઠંડીનું પ્રબળ વધવા માંડે છે.

એ ઠંડીમાં નિરાધાર પણે હોવાથી અમારાં કોમળ અંગ ઉઘાડાં છે તેથી અમને શિત્ ચડે છે. તો હે આભાપરના ધણી? (મીયા જેઠવા) અમને શરિર ઢાંકવા માટે વસ્ત્ર આપો અર્થાત તમારા વિયોગમાં અમારાથી એકલાં શિયાળાની ટાઢ સ્હેવાતી નથી તો અંગ ઢાંકણ અર્થે તમારૂં મિલન (મિલાપ–ભેટો) આપો.

+ + જગતમાં વ્યાધિ આધિ અને ઉપાધિ મય આવરણો રૂપ શિયાળો આત્માપર કાબુ મેળવે છે. ત્યારે તે પ્રભુ ભક્તિ રૂપ હુંફ વગર અતિશય ટાઢે થથરે છે. મતલબ કે તે અધો ગતિમાં જાય છે. તો જીવ કહેછે કે હે જગતના પીતા ! મને કૃપા કરીને એવી આધી આધીને ઉપાધીરૂપ શિયાળાની ટાઢથી બચવા તારી ભક્તિ રૂપ ઓઢણ. (પાગરણ) આપ કે જેની હુંફે હું તે ટાઢને વિતાવું. મતલબ કે ભક્તિ પ્રત્યે પ્રવર્ત બનું તો અંતે કંઇક શ્રેય થાય.

(૩૪)

માગશરમાં માનવી, સોના એકજ શ્વાસ;
તે વાતુંનો વિશ્વાસ, જાણ્યું કરશે જેઠવો.

અર્થ:—માગશર માસમાં વિયોગી મનુષ્ય સંયોગી બને છે, અને તે મુજબ જેઠવો પણ વર્તશે એવો ભરૂંસો હતો છતાં તેમ કરવાની તેણે તક ન લીધી એ તેના હૃદયની કેટલી બધી કઠોરતા ગણાય ?

+ + આ દુહામાં ઉજળીએ જેઠવા પ્રત્યે જે ઉદ્‌ગાર કાઢ્યા છે તેનો સ્પષ્ટ અને વિસ્તારપૂર્વક અર્થ કરવાથી તે બિભત્સ

સંજ્ઞામાં કદાચ લેખાય અને તેવું બિભત્સ વાંચન બનતાં સુધી વાં- ચકવૃંદના અવલોકનથી અદ્રશ્ય રહે તે વધારે સારૂં એમ અમારી નમ્ર માન્યતા હઇ અમે તે વિવેચન કરવા માટે કલમને અચકાવી છે.

+ જો કે અર્થ બિભત્સ કદાચ થાય પણ જ્ઞાનદ્રષ્ટિથી જોતાં સંસ્કારી શૈલીમાં તેનો ભાવાર્થ મુકી શકાય છે પણ તેમ કરતાં કદાચ કોઇ વાંચક વિલાસી તેવા અર્થને આ પ્રસંગે અતિશયોક્તિનો આરોપ આપે એ બિતી રહેવાથી માત્ર દુહા નીચે ટુંકો અર્થ કરી તેનેજ પુરતો માની લીધો છે.

(૩૫)

રાણા રાખો રિત, બોલ દઇ બર્ડાના ધણી;
પોસ માસની પ્રીત, જાણ્યું કરશે જેઠવો.

અર્થઃ—હે રાણા ! (મીયા જેઠવા) તમે જરા રાજ્યગાંની અર્થાત રાજકર્તા યા તો રાજ્યનાં ફરજંદને શોભે તેવી યાનો મનુ- ષ્યને ઘટીત હોય તેવી વાણી, વિચાર અને વર્તનની રીત રાખો, અને મને મળવાનું જે વચન આપ્યું છે (કબુલ કર્યું છે) તે નહીં પાળતાં વચન ભ્રષ્ટ થતાં પેદા કરનાર માલિકની અને પરનાં છિદ્રો જોવાને ટેવાઇ રહેલી દુનિયાંની કંઇક બિક રાખો. તમોએ આપેલ વચનપર વિશ્વાસ રાખી અમે વિયોગમા ને વિયોગમાં બે માસ તો વિતાવ્યા અને ત્રીજો પોસ પણ લગભગ પસાર થવા આવ્યો છતાં પણ તમે મિલન સુખ નહીં આપતાં અમારાં વિયોગી હૃદયને રિ- બાતું રાખ્યું તે શુદ્ધ પ્રેમિ તરીકે તમારી કેટલી બધી નિર્દયતા ગ- ણાય છે તેનો જરા વિવેક દષ્ટિથી વિચાર કરો.

(૩૬)

મા માસે પરણે માનવી, વાગે ત્રંબાળુ ધ્રુશકે,
લગન ચોખા લઇ, આવો તો વધાવું વિંઝુડાના ધણી

અર્થ:—પોસ વિતાવ્યો અને માહ મહિનો આવ્યો, કે જે મહિનો વિવા કરવા માટે સર્વોત્તમ મનાય છે. વિશેશમાં દેવિ પ્રેમ-ને પીછાણનાર પ્રેમીઓનું પ્રથમ મિલન ચોઘડીયું (લગ્ન મુહુર્ત) ઘણે ભાગે માહ માસમાંજ બને છે તો અન્ય તેવાં દંપતિવૃંદ તેમ કરતાં જોઇ મારૂં મન અધીરૂં બને છે. તો કૃપા કરી આપ આવી મળો કે આવી સર્વોત્તમ મનાયેલ ઘડીમાં હું પણ તમોને વરમાળા (મંગળસુત્ર) આરોપી વેદવિધી પ્રમાણે તમને પતિ તરીકે કબુલી જગતમાં જાહેર કરૂં. તમારી સહચરી ઠરૂં. સુખની ભાગીદાર ગણાઇ સંસારી સુખની મીઠાશની આપ લે કરવામાં પ્રવતિ થઉં.

(૩૭)

ફાગણ મહિને ફુલ, સઉ લાગે રળિયામણાં;
તેનાં મોંઘાં થાએ મુલ, વિજોગે વિંઝુડાના ધણી.

અર્થ:—માહ વિત્યો અને ફાગણ માસ આવ્યો. ફાગણ માસમાં રાબેતા મુજબ કેટલીક વલ્લિકા (વેલ) ઓને પુષ્પ લાગે છે અને તે પુષ્પ એવાં તો રસભર્યા અને રળિયામણાં હોય છે કે જો તેનો ઉપયોગ સમયસર ન થાય તો તે આપ મેળે શુષ્ક થઇ કરમાઇ જશે. નિચે પડી વિંખાઇ જશે. કચરાઇ ખુંદાઇને રજ થઇ પરિણામે માટી સાથે માટી રૂપે મળી જશે અર્થાત બરબાદ થશે. અને પછી તેવાં શોધવાથી કિંમત ખર્ચતાં પણ તે મળવાં મુશ્કેલ થઇ પડે છે.

+ + એજ પ્રમાણે ઉજળી કહે છે કે મ્હારી કલેવરવેલી મદનવસંત પ્રભાની પ્રબળતાએ પુરબ્હારમાં ખીલી રસવંતિ થયેલી છે; અને જો તે વિયોગ આવરણથી વખત અભાવે કરમાઇ જશે તો પુનઃ તેવી તે પ્રફુલ્લિત અને રસભરી થવાની નથી માટે નકામી જુદાઇ જાળવી તે તકને શ્યા માટે ગુમાવી? આપણ ઉભયને સંતાપના આવરણમાં ઝુરાવો છો ?

(૩૮)

ચહતર માસે છેહ, ડોલરિયા દઇએ નહીં;
ખાંતિલા ખમરૂં લે, વિજોગે વિણુંકના વણી.

અર્થ:—ચઇતર માસમાં વનરાઇનાં ભિન્ન ભિન્ન વૃક્ષો નવનવાં કુંપળિયા ધરી નવપલ્લવથી પુર આનંદના બહારમાં ઝુલી રહે છે. તેને જેનાં વૃક્ષ કાપવાને ટેવાઇ રહેલા કઠિયારા (કબાડી લોકો) ના નિર્દય કુહાડાની કઠોર ધારા પણ તેનું છેદન કરતાં ત્રાસ પામે છે તો પછી આ કલેવર રૂપી વૃક્ષ નવયોવન રૂપ નવાં અંકુરથી ઝુલી રહ્યું છે તેને તારા જેવો ડોલરિયો એટલે કે. છેલ છબીલો ને સઘળા ગુણસંપન્નથી શોભિતો સજન, વિયોગરૂપ કુહાડાથી નાશ કરવા ઇચ્છે તો મર તારા માટે (સમજુ આશકોને) કલંક રૂપ અર્થાત નિંદાયુક્ત ગણાશે.

+ + હે પરમાત્મા (આશક) તારીજ સ્હેમપ્રભા વડીયે અમે આ અસાર સંસારમાં આવી રમણ કરવાને પાવરતાં થયાં છીએ. વિશેષ અંરી, છોકરાં, માતા, પિતા, સગાં સ્નેહી વીગેરે આ કુરથી સજુકનાં થયાં છીયે અને કંઇક બુદ્ધિપૂર્વક સારાસારનું ભાન

કરતાં થયાં છીએ તો પણ જ્યારે તું પાપાચારમાં પડવાનીઆશા અમારા હ્રદયમાં ઉદ્‌ભવે અને તેવી મલિન આશા પૂર્ણ કરવાને તું નિર્દય સાનુંકુળતા અમને આપે એ ત્હારા માટે કહેલું ન શોભિતું ગણાય તે ત્હારે ખુબ સમજવાનું છે.

(૩૯)

વૈશાકે વનમાંહી, આંબે સાખો ઉતરે,
(તે) તમ વિન (અમણું) કરમાય, વિજોગે વિંછુંડના ધણી.

અર્થ:—વૈશાક માસમાં આંબાના વૃક્ષે કણ ચડી ગયેલ શાખો (પાકીને તૈયાર થતી કેરીઓ) ઉતરવા માંડે છે અને તેનો ઉપયોગ તેના ભાવિક સજ્જનનો કરતા થાય છે. તેમ આ કાયા રૂપ આંબા પર પણ યોવન રૂપ શાખો પાકીને તૈયાર થઈ છે પણ આવીને જો-તેનો વખતસર ઉપયોગ નહીં કરોતો તે બરબાદ થશે ને વખત જતાં ઉભયને વિમાસણ થશે.

\+ + + બુદ્ધિ રૂપ માશુક મનરૂપ (જીવરૂપ) આશક-ને આજીજી કરી સમજાવે છે કે, પ્રભુભજનરૂપ શાખો (કેરી) નો વખતસર ઉપયોગ નહીં કરે તો યોવનરૂપ વૈશાક માસની વેળા વિતી જશે અને આખરે (જમના પંઝામાં સપડાતી વખતે) પુરો પ-સ્તાવો (વિમાસણ) થશે.

(૪૦)

જેઠ મહીનો જાય, તેનો ધોખો ધરિયેં નહીં;
પુંછસે પરોણા ખાંઇ, જીવન વિનાં જેઠવા.

અર્થ:—જેઠ મહીનો આવે ત્યારે, ધણી વગનાંરરીમાવજતનાહિ

ગતીને ખોઈ બેસે છે, તેજ મિસાલે તમારા વિયોગરૂપ માવજત અ-ભાવે અમારી પણ એજ દશા થઇ છે.

+ + + હે પ્રભુ! અનેક જન્મ સુધી અજ્ઞાનતાના પ્ર-ભાવે રખડી રખડી અમે પણ પશુની માફક અમારી શક્તિ રૂપ તારી ભક્તિ પ્રત્યેનો ભાવ વિસરી ગયાં છીએ અને તેથીજ અમે અત્યારે આધિ, વ્યાધિ અને ઉપાધિરૂપ દુઃખમાં રિબાઇ મરીયે છીયે અર્થાત મુંઝલી પડ્યા છીયે. તો કંઇક હવે કૃપા કરો અને અમારી ભક્તિરૂપ સતજ્ઞાનરૂપ માવજતથી અમારો ઉદ્ધાર કરો.

(૪૧)

મેહ કુણુંગમે, આવે ધરતી ધરાવતો;
અમ પાંતીનો એ, જાકળ સમ વરસ્યો નહીં.

અર્થ:—મે, નામના માણસની સાથે ઉજળી નામની નવયૌવ-નાને અથાગ સ્નેહ બંધાયો હતો અને તેથી તે સ્નેહના અંગે સહ-રહુ ઉજળીએ એમની પાસે એવી માગણી કરી કે તમે એક વખત મને તમારી મીઠી અને મંગળમય મુલાકાત આપો. આ માગણી સ્વિકારી મે, એ પોતાની મુલાકાત આપવાનું ઉજળીને કબુલ્યું હતું. છતાં મુલાકાત આપવાની મુકરર કરેલી તક કંઇ કારણસર વ્યતિત થઇ ગઇ અને ઉજળી મુલાકાતની આશામાં નિરાશ થઈ. એટલે છેલ્લે તેણી કહે છે કે, હે મે! તું જબરા બુંદની વૃષ્ટિથી ભૂમિને ધરાવી દેવામાં પછાત રહેતો નથી. એટલે કે, જેની સાથે ત્હારે કંઇ સંબંધ નથી તેવાંની સાથે તું અત્યંત પરિચય અને બેળમેળ રાખે છે પરન્તુ અમારા ઉપર તો તું જાકળ (મેઘરવો) થઇને પણ

વરસ્યો નહીં; મતલબ કે મુલાકાતને અભાવે કોઇ દિવસ સંદેશો મોકલીને પણ અમને શાન્ત કર્યા નહીં.

(૪૨)

ઠાંગે રહેતી ઠેઠ, આઘો પણ ઓરો નહીં;
આવી બરડા હેઠ, પાંજર દાણા પાણીએ.

અર્થ:—ઉજળી મેહને એવું પણ કહે છે કે, હે મે, હું ઠેઠ ઠાંગા નામના પર્વત નજીકની રહેનારી (આ ડુંગર કાઠિયાવાડમાં છે) અને ત્યાંથી ત્હારા સ્નેહ આકર્ષણથી અગર તો દાણા પાણીના લીધેથી બરડાનાં મધ્યભાગે આવી. (બરડો ડુંગર પણ કાઠીયાવાડમાં છે અને તેની નજીકમાં મેં જેઠવાની રાજધાનીનું શહેર ઘુમલી પુર્વે હતું તેમ બોલાય છે) તો પણ ત્હારૂં મિલન તો ન થયું પણ ત્હારાં દર્શન પણ ન થયાં.

(૪૩)

વાડી માથે વાદળાં, મેડી માથે મેં;
દ:ખની દાઝેલ દેહ, મુખ દેખાડો ભાણના.

અર્થ:—ઉજળીએ વિશેષમાં એવું પણ કહાવ્યું કે, જેમ વાડી ઉપર ચોમાસાની નાની નાની વાદળીઓ ઝઝુમિ રહે છે તેમ હે મે, તું ત્હારીજ મેડી ઉપર ઝુંમી રહ્યો છે એટલે કે ત્હારા બંગલામાં ભરાઇ બેઠો છે છતાં અમારાં શરીર કે જે ત્હારી જુદાઇ રૂપી અગ્નિમાં બળી જાય છે તેને ઓલવવા એટલે બુજાવવા–શાન્ત કરવા અમૃત રૂપ ત્હારૂં મોઢું હે ભાણના (મે જેઠવાના પીતાનું નામ ભાણ જેઠવો હતું) કેમ બતાવતો નથી.

(૪૪)

અમને મુંજવમાં મે, ઉંડે જળે આણીને;
મોઢું દેખાડને મે, ભોઠા પડમાં ભાણના.

અર્થ:—ઉજળી મેને કહે છે કે, હે મે ! અગાધ ઉંડા જળની મધ્યમાં બોલાવીને હવે મુંજવોમાં. મતલબ કે, પહેલાં અમને મર્મ-રૂપી બંધનથી બાંધી પરવશ કરીને હવે હડશેલો ન મારો, અર્થાતઅમને ઉંડે કુવે ઉતારીને વરત ના વાઢો અને અમને તમારૂં મોઢું કે જેને જોવાને અમે તલપી રહ્યાં છીએ તે બતાવો અને હે ભાણના ! મુખ બતાવતાં યા દર્શન દેતાં શરમાવ નહીં અગર નમેરા થાવ નહીં ને-શ-રમાવું હતું તો પછી અમારી સાથે પ્રેમ જોડવો નહોતો, અમને પ્રેમબંધનથી બાંધી જગતમાં પોતાનાં તરીકે ઓળખાવવાં નહોતાં.

+ + + પ્રાણી પરમાત્મા પ્રત્યે પ્રાર્થના કરે છે પણ તે ક્યારે કે જ્યારે આ અસાર સંસારનાં માઇક પદાર્થ લેવાની આશામાં અથડાઇ કાયર બની આખી વય ગુમાવી બેસે છે અને આ લોકમાંથી પ્રયાણ કરવાની છેલ્લી ઘડી આવે છે ત્યારે અને તે એવી રીતે કે, હે પ્રભુ ! હું પામર પ્રાણી કે જે ત્હારીજ પ્રસાદિની એક અંશરૂપ વ્ય-ક્તિ છું અને તું પણ તેમ કબુલ કરે છે તો તેને ત્હારા રૂપમાં (મોઢામાં) મેળવી દેવા અને તેને આ સંસારના જન્મ મરણનાં દુઃખથી સદાને માટે મુક્ત કરવા એ ત્હારી ફરજ છે પણ જ્યારે તું આમ નિર્દય બનીશ તો પછી તેની શી દશા થશે ?

(૪૫)

માં તણાવતું મે, ત્હારાં તાણ્યાં નહીં વરતિયે;
એક સગપણને દુજો સ્નેહ, તું તાણશ તો તુટશે.

અર્થ:--(આ સોરઠો દ્વિ અર્થી છે અટલે કે, તે એક તો મે, એટલે વરસાદને લાગુ પડે છે અને બીજો મે જેઠવાને લાગુ પડે છે.) તે એવી રીતે કે, (૧) હે વરસાદ ! ચોમાસું બેશી ગયું અર્થાત ચાલુ થયું છતાં તું વરસતો નથી અને તણાવતો જાય છે અર્થાત દુર દુર જાય છે તે ઠીક નથી કારણ કે, તું જો તેમ કરીશ તો અમે કોઇ રીતે જગતમાં સુખ શાન્તિથી દિવસો ગુજારી કોઈ રીતે જીવન લંબાવી શકીશું નહીં એટલે કે વરસાદને લીધે અનાજ પાકે છે અને અનાજવડીએ મનુષ્ય માત્રના જીવનનો આધાર છે. તો ગમે તેવો મિત્ર અને વ્હાલામાં વ્હાલું સગું વ્હાલું તણાવશે એટલે કે કદાચ રિસામણાં લઈ દુર થશે તો જગતમાં તેના વગર ચાલ્યું જશે પણ તું (મે–વરસાદ) જો તણાવીશ એટલે ત્હારી વૃષ્ટિને લંબાવીશ તો બીલકુલ ચાલવાનું નથી. (૨) ઉજળી પોતાના સ્નેહી મેને કહે છે કે, હે મે ! તમે અમને મુલાકાત આપવાનો જે વાયદો કર્યો હતો તે વિતી ગયો છે છતાં તમે મળતા નથી અને તણાવો છો તે તમોને લાજમ નથી કેમકે બીજાં નિકટનાં સગાં વ્હાલાં કદાચ ન મળે તો તેની ઝાઝી દરકાર યા તો ચાહના નથી. પણ હે પ્રેમીજન ! તમે કે જેને મેં મ્હારૂં તન, મન અને ધન એમ સર્વસ્વ અર્પણ કરી દીધું છે તે જો નહીં મળે તો અમારૂં જીવન આ જગતમાં જોખમ મય છે.

\+ + + હે પ્રભુ ! જગતમાં સગાં વ્હાલાં સુખ દ્રવ્ય વૈભવ વીગેરેનો અમે ભોગવટો કરશું પણ તે સાથે ત્હારી કૃપારૂપ ભક્તિ અમોને નહીં મળે તો અમારો એ બધો બનાવટી ઠાઠો ઠાઠ અંતે ધુળધાણી અને વાપાણી છે.

(૪૬)

ગરના ડુંગર જાગીયા, ફરકયા વેણુંનાં વજી;

મે, ત્હારૂં રે મન, અકોળ થયું અરડાના ધણી.

અર્થ:—(આ સોરઠો પણ દ્વિઅર્થી છે.) તે એવી રીતે કે, (૧) વરસાદને લાગુ પડે છે અને (૨) મે, નામના માણસને લાગુ પડે છે. ઉજગીએ મે જેઠવાને એવું કહેવડાવ્યું હતું કે, વરસાદ પોતાની વખતે જ્યારે જગતમાં આવી વરસે છે ત્યારે ગિરના ડુંગરા (વનરાઇ=જંગલના નાના મોટા પર્વતો) જાગે છે. અર્થાત હરિયાળા=લીલા બને છે. (ચોમાસામાં પર્વતો પર તરણ આદિ લીલોતરી ઉગી નિકળવાથી તે લીલાવરણો થાય છે અને વિણુ નામની નદીનો તટ (કિનારો) પણ લીલો કંઝાર જેવો થઇ કોળિ જાય છે અર્થાત પ્રફુલ્લિત થાય છે. પણ હે મે ! ત્હારૂં મન કોઇ દિવસ પ્રફુલ્લિત થયું નહીં. મતલબ કે પથ્થર અને વૃક્ષ જેવી જડ વસ્તુના દેખાવ પણ વખત આવે અલૌકિક દેખાવમાં ફેરવાઇ જાય છે પણ ત્હારૂં મન તો સદાય અકોળી એટલે કોળ્યા વગરનું અર્થાત નિર્દય મટયું નહીં. (મુલાકાતનો વાયદો વિતી ગયો તોપણ તેં ત્હારી મુલાકાતથી મને સદાય વિમુખ રાખી.)

(૪૭)

રાજ તાજ તારાજ, આજ કર્યાં અણોસરાં;

ધન્ય ગતિ ગરિબ નવાજ, મોસાળ વર્તે મોંઘાતનો.

અર્થ:—કોઇ એક વિધવા રાણીનો પતિ દુશ્મનની તલવારનો ભોગ થયો અને તે દુશ્મનોએ રાજ્યસહિત તાજ પોતાને સ્વાધીન કર્યાં. મહેલ લુંટી લીધો અને વિધવા રાણીને દેશપાર કરી. ત્યારે તે રાણી પોતાના ધાવણા કુંવર (ભવિષ્યના રાજ્યવારસ) છ માસના ને તથા એક ત્રણ વરસની કુંવરિ (છોકરી) ને લઇ નીરક્ષપણે એટલે તદન એકાએક પગે ચાલતી અને ભિખારણપણે ગામેગામ કટકા રોટલો માગતી ઉદર પુર્ણ કરી પોતાને પિયર જતી હતી. (આવી દશામાં તે મૃત્યુજ પ્રિય ગણે એ સ્વાભાવિક છે પરંતુ ભવિષ્યના રાજ્યવારસની જીવનદોરી લંબાવાજ તેણી નભિ રહી હતી.) પિયેર ગયા પછી અભિમાની ભાઇ ભોજાઇના આશ્રા નીચે રહી. લેશ પણ માણસાઈ અને સાલસાઇને હૃદયમાંથી તદન ઉલેચી નાંખનાર ભાઈ ભોજાઈ તેને ઘણીજ તિરસ્કાર રીતે તોછડાઇથી રાખતાં, ખાવાને તથા પોષાકને માટે પેલા કુંવર, કુંવરિ અને વિધવા રાણીને (પોતાની બેન તથા ભાણેજને) એક ભિખારીને પણ ન ઘટે તેવી વસ્તુઓ આપતાં ઉપરાંત તેના પ્રત્યે હમેશના ખખારા કરતાં તેને કુવચનથી મેણાં મારતાં. એ સઘળા સંજોગને અનુભવીને વિધવા રાણી પોતાના ઉદ્‌ગાર ઉપરના દુહા મારફતે કહે છે જે ઉપરથી આપણે એજ સમજવાનું છે કે આ બધો સંસાર સારો છે પણ તે ક્યાં સુગી? જ્યાં સુધી કોઇનું કામ ન પડે ત્યાં સુધી. જેના માટે તુલસીદાસે કહ્યું છે કે:—

" તુલસી સબ જગ સરસ હે, જબ લગ પડયો ન કામ;
હેમ હુતાશન પારખું, પીતળ નીકશે શ્યામ. "

મતલબ કે ચડતી દશામાં વગર બોલાવે સૌ કોઇ ખમાં ખમાં કરી ખિજમત ઉઠાવે છે પણ પડતી દશામાં એજ ખિજમતદાર સામું પણ જોતા નથી. વળી ગરિબીમાંથી વૈભવિ થવું ઘણું ઉત્તમ છે પણ વૈભવિમાંથી ગરીબ થવું ઘણું નેષ્ટ છે. પણ નાઇલાજ એ સઘળા શુભ અશુભનાં પરિણામનું મુળ આપણાં પુર્વ કરમનું છે. માટેજ આ સંસારમાં પુર્વનાં ખરાબ અગર સારાં કર્મ ખપાવવાં અને નવાં કોઇ પણ રીતે ન બાંધવાં દરેક વ્યક્તિએ ખસુસ લક્ષમાં રાખવાનું છે.

(૪૮)

કંથા તું કુંજર ચઢયો, હેમ કટોરો હથ્થ;
માગ્યાં મુક્તાફળ મળે, (પણ) ભીખને માથે ભઠ.

અર્થ:—ગલી ગલીમાં હાથમાં કાચલી લેઇ કાચલીયાપણું ગ્રહણ કરી રાંક દશાએ "અરે બાઇ કોઇ આલોને" એવા દયાહિન શબ્દોના સાધન વડે ભિખ માગવામાં ઉતરેલું અને ખોવાઇ ગયેલું અનાજ મળતું હોય તેના કરતાં કદાચ ભલેને હાથીપર બેસી કાચલીને બદલે હાથમાં રત્નજડિત કંચનનો કટોરો લઇ ભિખ માગતો હોય અને તેવી પોઝીશનપણાની ભિખની રીતમાં તેને મોતિ મળતાં હોય તો પણ તે નેષ્ટ છે. મતલબ કે ભિખ માગવી ને ઝબ મારવી એ બરાબર છે, માટે પ્રતિકુળ સમયે મજુરીથી ઉદરપુર્ણા કરવી. પણ નેષ્ટરૂપ ગણાઇ ચુકેલી ભિખથી આજીવિકા કોઇ પણ મનુષ્યે ન ઇચ્છવી.

\+ \+ \+ આવી નેષ્ટ ગણાતી ભિખને આપણા કેટલાક ભુદેવો કયારે તજી દેશે ?

(૪૯)

જોબન પુછે જરાને, પ્રિત કેટલામાં હોય;
લાગે જબ લેખું નહીં, તુટે ટાંક ન હોય.

અર્થઃ—જરા નામનો માણસ કે જે પ્રેમના કીડા તરીકે આગળ ઓળખાતો હતો, મતલબ કે તે પ્રેમનો પ્રમુખ થઇ પડયો હતો ત્યારે તેને પ્રિતના ઉમેદવાર યુવકે પુછ્યું કે, હે જરા! પ્રિતનું માપ (સ્વરૂપ) કેવું, કેટલું છે તે કહે. ત્યારે જરો કહે છે કે જ્યારે પ્રિત લાગે છે તે વખતે તેનું માપ નથઇ શકે તેવી તે અમાપ (અગાધ) છે; પણ જ્યારે તે તુટે છે (પતળે છે, પલટી બેસે છે કે પ્રતીકુળ થાય છે) તે વખતે તેનું વજન એક ટાંક કરતાં પણ ઓછું થાય છે.

\+ \+ \+ પ્રીત આવી બેરંગી છે.

(૫૦)

ઓલાં હુંદી ઓહડી, ખાખર હુંદી વાડ;
ધીરે ધીરે છાંડીયે, સરોવર છાંડે પાળ.

અર્થઃ—જાણ્યે અજાણ્યે નિચ માણસની સોબત થઇ હોય તો ક્રમે ક્રમે ઓછી કરી તેને જાથુકને માટે છોડી દેવી. ખેતરની અંદરના પાકના રક્ષણ અર્થે ખાખરાની વાડ કરી હોય તો તે વાડને પણ ધીરે ધીરે ઉખેડી તેના બદલે હાથલીયા થોરની વાડ કરવી. કારણ કે નિચના સોબતથી મનુષ્યનું શ્રેય થતું નથી. તેમ ખાખરાની વાડથી પાકનું રક્ષણ થતું નથી.

(૫૧)

વણ સગે વણ સાગવે, વણ નાતરીએ નેહ.
વણ માવતરે જીવશું, તું વણ મરીએ મે.

અર્થ:—ઉજળી મે જેઠવાને કહેવરાવે છે કે, હે મે જેઠવા! સગાના સ્નેહ અભાવે, નાતજાતના અભાવે, અને સ્નેહી અભાવે કદાચ અમે અમારૂં જીવન લંબાવી શકીશું પરંતુ તમારા પ્રેમ અભાવે તે અમે એક પલ પણ અમારૂં જીવન લંબાવી શકવાને બીલકુલ અશકત છીએ, મતલબ કે, અન્ય વ્યક્તિઓની મીઠી નજર હશે અને તમારી કડવી નજર હશે તો તે અમને નહી પોશાય પણ તમારી મીઠી નજર હશે અને અન્ય સર્વની કડવી નજર હશે તો પણ અમે આનંદ માની જીવનને મીઠું ગણી લેશું.

+ + + જગતમાં સર્વની અપ્રીતિ હોય તો તેની દરકાર નહી પણ પ્રાણી માત્રને પરમાત્માની પ્રીતિની અવશ્ય જરૂર છે. માટે સર્વની પ્રીતિની દરકાર નહી ધરતાં સતત એક પરમાત્માની પ્રીતિ મેળવવાનોજ સત્ પ્રયાસ અને અભિલાષા વધારવી.

(૫૨)

કણ દાણા કાય, કે તો દઉં ગાડાં ભરી:
હૃદયે લાલચ હોય, માંગી લે તું ઉજળી.

અર્થ:—ઉજળીની અત્યંત આરત વાણી સાંભળી આખરે મે જેઠવે તેને કહ્યું કે હે ઉજળી! તું જાતની ચારણ છો અને હું જાતનો ક્ષત્રિકુમાર છું એટલે સ્વાભાવિક રીતે ચારણ કોમ ક્ષત્રિકોમને પુજનિક અર્થાત્ આશ્રિત ગણાય છે તો પછી તેની પુત્રીનો પ્રેમ હું

કોઇ રીતે સ્વિકારી શકવાને અશક્ત છું. વળી અત્યાર સુધી મેં જે તારો પ્રેમ કબુલવાનું તને વચન આપ્યું હતું તે કેવળ હું તારી જાતથી બીનમાહીતગાર હતો પણ જ્યારે હું તે જાણીતો થયો એટલે હવે હું તને દેવિ કે, ભગિની તરીકે માની તને પગે લાગું છું અને કહું છું કે પ્રેમના બદલે જોઇએ તો ગામ–ગીરાસ, ધન, દોલત, વૈભવ અથવા તો મ્હારાં પ્રાણ જે જોઇએ તે માંગી લે–ત્હારી ખુબ સુરતિ અને પ્રેમપણાની નેક ટેકની જાળવણીના લીધે હું સર્વ આપવા તૈયાર છું. પણ પ્રેમ આપી જાણ્યા છતાં પાપ ખાડમાં પડવાને અસમર્થ છું.

(૫૩)

આશા કરીને આવીયાં, નીરાશાં તેને ન વાળીયે;
તબ્બુક તુંકા કરાવીયા, ભોંઠપ ઘણી ભાણુના.

અર્થ:—ઉજળીએ કહ્યું કે હે ભાણુના સપુતમે જેઠવા ! આપેલ વચનના આધારે તારી તરફથી મને ત્હારો પ્રેમ અવસ્ય મળશે એવી ખાત્રી રાખીનેજ આખરે હું ત્હારી હજુરમાં આવી પ્રેમની ભિખ માંગી છતાં પણ તેં નહીં આપતાં નફામાં અમને તોછડે નામે બોલાવી અર્થાત્ અપમાન આપ્યું તો તેવું કરતાં તમને તો શરમ ન આવી પણ હું લાજની ભરી આપઘાત કરૂં એવું મને અપમાન લાગ્યું છે.

(૫૪)

કેનાં પાડે કેનાં પોઠિયે, કેનાં ગાડાં ભરાય;
અમારાં દુઃખનો પારના, વિંજર વાણુ ભરાય.

અર્થ:—વિજરા નામના આશકને તેની માશુક વિંજરાના વિયોગમાં રિબાતી હોવાથી વિંજરાને કહેણુ મોકલે છે કે, હો વિંજરા! આ અસાર સંસારમાં અવતરેલાં મનુષ્યને કોઈપણ રીતે સુખ નથી અર્થાત્ સર્વેને કંઈ કંઇ દુઃખ તો રહેલુંજ છે. મતલબ કે કોઇને પોટકાં બંધાય તેટલુ હોય કોઇનું પાડો—પોઠિયો તાણી શકે તેટલું હોયને કોઇને વેળી ગાડું ભરાય તેટલું હોય પણ હે નિર્દય વિંજરા તારા વિયોગમાં ઝુરતી મરતી આ મદન જવાળામાં તવાતી નવનોવયાનું દુઃખ તો એટલું મહાન્ છે કે તેના તો વહાણ યા આગબોટ ભરાય તો પણ પાર આવે નહીં.

+ + + હે પ્યારા પ્રભુ! આ જગત પાપરૂપ છે અને તેમાં આવી રમણ કરનાર પ્રાણીને પોતાની બેખબરથી અવસ્ય પાપના રજકણ ચોંટે છે. અર્થાત્ તેને પાપ મળે છે તેમાં કોઇનું પાપ પડીકું બંધાય તેટલું કોઇનું પાપ હેલકારીથી લેવાઈ શકે તેટલું, કોઇનું પાપ ટ્રેન ભરાઇ તેટલું મતલબ કે સર્વનુ- માપ થઈ શકે અર્થાત્ તે દરગુજર કરવા ચાહો તો કદાચ ન્યાયની રીતે પણ દરગુજર થઇ શકે તેવાં છે પરંતુ હે નાથ! હું પાપીનાં પાપ તો એટલા બધાં પ્રબળ (ઘણાં) છે કે જેનાં વહાણ ભરું તો પણ માપી શકાય તેમ નથી તો મારી સમજ પ્રમાણે તે બીલકુલ માફ પણ ન થઇ શકે તેવાં છે પણ હે નાથ. આપ પતિતના પાવન કરનાર છો એમ સમજીને હવે મને ત્હારો અમૃત મય શરણુ આશ્રો આપ અને મ્હારા સર્વ પાપની માફી આપ.

(૫૫)

જો મોંઘાં મળે તો, સોંઘાં વસાવીયે નહીં;
ખુદ્દયાં એનો ખમે, જાનીલાં હોય જોગડા.

અર્થ:—વિતના અને શક્તિના ભોગે; અને વખતના ભોગે પણ જે વસ્તુ મળવી મુશ્કેલ થાય તે વસ્તુ મેળવવા દરેક પ્રાણીએ અવશ્ય મહેનત કરવી. પણ તેમાં કાયરતા પામી તે વસ્તુ (મોક્ષ) મેળવવાના અભાવે સોંઘી અર્થાત્ સહેજ મળી શકે તેવી વસ્તુથી સંતોષ માનવો એ પરિણામે મહાન્ ક્ષેદ પામવા જેવું છે.

(૫૬)

દિન ગણતાં માસ ગયા, વરસે આંતરિયાં;
સુરત ભુલી શાયબા, નામે વીસરીયાં.

અર્થ:—આ સંસારમાં સંજોગમાં આવનારાં ગમે તેવાં વ્હાલાં વાલેશ્વરિ ગણતાં હોય જેવાં કે માતા—પીતા, ભ્રાતા, ભગિની, સ્ત્રી, સુત કે સુતાએ સર્વ આપ મતલબી છે અને તેની ગવાહી વેદ પુરાણ અને કુરાન પણ આપે છે તે ઠીક છે પણ તેની તરતમાં ખાત્રી એજ છે કે, અમુક વ્હાલી વ્યક્તિ કે જેના શિવાય આપણને એક પળ પણ જુગ જેવી જણાય છે તે વ્યક્તિનો સદાને માટે વિયોગ થાય છે ત્યારે આપણને એવું તો દુ:ખમય લાગે છે કે તેની પાછળ આપણું જીવન પણ અકારૂં લાગે છે. પરંતુ વખતના વહેવા પછી ધીરે ધીરે તે વ્યક્તિની જુદાઇ વિસારે પડે છે અને છેલે છેલે તો આપણે નાટકો, વીગેરે જેવી ગમ્મતની જગ્યોએ જઇ પુર આનંદમાં ગુંથાઇ પડીએ છીએ કે તે વખતે તે વ્યક્તિના નામ સ્મર્ણનું પણ આપણને ભાન રહેતું નથી.

હવે કહો કે જેવું તે વ્યક્તિનું વ્હાલ આપણે વીસરી ચુક્યા તેવીજ અન્યકયાતી ભોગવતી આપણી વ્હાલી વ્યક્તિ આપણને પણ વીસારી દેવાની છે. માટે વ્યવહારના નીયમ પ્રમાણે સર્વની સાથે સમાન ભાવ

અને નીષ્કપટથી વર્તવું પણ અંતરનો સંબંધ તો એક માલિક (પ્રભુ) પ્રત્યે રાખવો એજ પરિણામે ફળ યુક્ત છે.

(૫૭)

પડી ગરજ મન ઓર છે, સરી ગરજ મન ઓર.
ઉદય કહે માનવ મનો, એકે ન રહે ઠોર.

અર્થ:—જ્યાં સુધી સ્વાર્થ ન સધાય ત્યાં સુધી સ્વાર્થિલાઓની વાણી અને વર્તન કંઇક જુદા પ્રભાવનાં હોય છે પણ જ્યારે સ્વાર્થ સધાઇ રહે છે ત્યાર પછી તેવાઓની વાણી વર્તન તદન સેતાનીયત રૂપમાં વિદ્યુત પાવરથી ફેરવાઇ જતાં વાર લાગતી નથી.

(૫૮)

અતલસનાં ઉતારી, પ્હેરિશ ગળિયલ પાટ;
ભમતો માગિશ ભિખ, મું સંભાળીશ માંડળિક.

અર્થ:—વિશેષમાં જ્યાં સુધી તારૂં મ્હોત નહીં આવે ત્યાં સુધી રાજપાટથી વિહિન રહીશ. અમુલ્ય વસ્ત્રાભુષણના અભાવે લોક દ્રષ્ટિમાં અણગમો પામેલાં ગળિ રંગનાં (ગરિબી કપડાં) પ્હેરનાર થઇશ. ને હાથમાં કાચલી લઇ કાચલીયાનું વિશેષણ પામિ દેશેદેશમાં ગામેગામની ચોટે શેરિયે ભિખ માગતો ફરીશ. ત્યારે તું મને નક્કી સંભારીશ મતલબ કે તને પશ્ચાતાપ થશે.

(૫૯)

સારાં ખપે સાર, ફટકીયાં ફાટી પડે;
મીંણીયું મોતાવળહાર, સાચાં નીપજે શેણનાં.

અથ:—સાચાં મોતિ એટલે કે મહાસાગરમાંથી નીકળતી સીપ

પનાં મોતિ હોય તેજ શંકુનો સાર ખમી શકે છે અને રમણિય રં-
ભાના અલૌકિક ઉર સ્થળને તથા કોટને હાર (માળા) ના રૂપે થઈ
શોભાવે છે અને તેની સુંદરતામાં વધારો કરે છે પણ મીણીયું અ-
ર્થાત્ જુઠું બનાવટી મોતિ તે સાર ખમી શકતું નથી પણ સંકડાશમાં
(ભિસમાં) આવતાં તર્તજ ભાંગી ભુકો થાય છે.

+ + + જગતમાં જે ખાનદાન અને ઉંચ ઓલાદથી ઉતરી
આવેલો ઇન્સાન હોય છે તોજ તે હંમેશાં ગંભિર મતિ વિચારે સર્વદા
શાન્ત રહી અન્ય તરફથી મળતી કડવાશનું પાન કરી પચાવી શકે
છે. અને તે પચાવનાર ખરેખર અસાર ગણાતા સંસારમાં એક વિ-
શ્રાંતી રૂપ અને વ્યવહારની શોભા રૂપ મનાય છે પણ નિચ તુખમનો
જે ઇન્સાન છે તે ત્રણ કાળે પણ કડવાશ પી શકતો નથી કે પીને
પચાવી શકતો નથી પણ કડવાશ ઘોળનાર પ્રત્યે સદા અભાવોજ
રાખે છે અને પરિણામે પોતાનું તથા પારકાનું વ્યવહારીક સુખ
અને જીવન નીરસ બનાવે છે જન સમાજને એક ભાર રૂપ થઈ
પડે છે.

(૬૦)

કોઇ ઝાલે ઘોડાની વાઘ, વવારૂથી વળગાય નહીં;
સુરજ પુરે સાખ, રક્ષા કરજે રખાયતની.

અર્થઃ—રખાયત નામનો યુવાન, પરણીને તરતજ પીઠી ભર્યો
રણસંગ્રામમાં ચડ્યો સબબ કે તેને તેમ કરવાની અનાયાસે ફરજ
પડી. જ્યારે તે કેશરિયાં કરી રણક્ષેત્રમાં જવા તૈયાર થઈ ઘોડાપર
સ્વાર થયો ત્યારે તેના ઘોડાની આસપાસ તેનો સઘળો વડિલ વર્ગ

આશીર્વાદ આપવા ઉભો રહ્યો અને કોઈ બાકી હતો તે ઘોડાની લગામ ઝાલી રાખીને પણ આશીર્વાદ આપતો હતો. આ દેખાવ તેની આશાભરી નવયૌવનાં સ્ત્રી અગાશી પરથી જોઈ રહી અને છેલી મુલાકાત લેવાને તથા રણક્ષેત્રમાં વિજય કરવાની ભલામણ આપવા લલચાઈ રહી પરંતુ જ્ઞાતિ રિવાજ અને મર્યાદા શૈલિ મુજબ વવારૂ થઈને વડિલ મંડળમાં તેમ કરી શકે નહીં એટલે રોકાઈ રહી અને પોતાનું વ્હાલ રખાયત પત્યે કેટલું બધું છે તેના જાણકાર સાક્ષી સૂર્યદેવને વિનતી કહે છે કે હે પ્રભુ! મ્હારા અપૂર્વ વ્હાલની મારા પ્રાણવલ્લભ રખાયતના હૃદયમાં તુલના કરાવજે અને રણક્ષેત્રમાં તેને વિજય અપાવી. હું આશાભરી અબળાને પતિથી જલદી મેળવજે.

(૬૧)

અમરા કાજાની ઉજળી, ભાણુ જેઠવાનો નેહ;
જેદી પીંગલ પોઢતાં, તે દીનો બાંધેલ નેહ.

અર્થઃ—ઉજળી મેને પુનઃ કહે છે કે, હે જેઠવા ! આપણ બંનેની બાળવય હતી અને મારો બાપ અમરો કાજો ચારણ તે પોતાની ભેશું વીગેરે માલ લઈ ગીરના નેશમાં રહેતો હતો અને હું બાળક સબબ મારો ઝુલો એક ઝાડની ડાળીપર બાંધ્યો હતો તે વખતે ત્હારો બાપ પ્રતિકુળ સંજોગે પોતાના રાજ્યધાનિને ત્યાગી તે નેસને આશ્રે પોતાના કુટુંબ સહિત આવી રહ્યા ત્યારે તું પણ મારીજ ઉમ્મરમાં એક બાળક હોવાથી મારા ઝુલાની ડાળીયેજ ત્હારો ઝુલો ત્હારી માયે બાંધ્યો હતો અને તેથી એકજ ઝુલામાં આપણે હિંચ્યાં હોયે અને ત્યારથીજ પતિ તરીકે મેં તને પસંદ કર્યો છે અને મોટાં થતાં હવે

આમ નિર્દય બન્યો તે ત્હારા જેવા સર્વ ગુણ સંપન્ન ને શું શોભા આપે છે?

(૬૨)

ભેળાં ત્યાં નથી જાણતાં, જાણશો જુજવાં થયે;
સરોવર ઘણું સંભારશો, હંસા મેરામણ ગયે;

અર્થ:—હે હંસ! (મે જેહવા?) આપણે ભેગાં છીયે ત્યાં સુધી મ્હારા (સરોવરના) ગુણની તને કીંમત નથી થતી પણ મને નાછ્વી અર્થાત ગરિબ કુટુંબની સમજી કોઈ રાજકુમારી (સમુદ્ર) થા ત્યારે તું અદરાહશે અર્થાત પત્નિ તરીકે કોઈ રાજાની પુત્રીને સ્વીકારીશ ત્યારેજ તને હું (સરોવર) ની મહત્તાની તને (હંસ) ને કીંમત જણાશે.

(૬૩)

ચંગા માડુ ઘર રહે, ત્રણ અવગુણ હોય;
કાપડ ફાટે રૂણ વધે, નામ ન જાણે કોય.

અર્થ:—ખુબસુરતને બુદ્ધિશાળી માણસ હોય છતાં તે બુદ્ધિને ખિલવવા વ્યવહાર ક્ષેત્રમાં બહાર નહી પડતાં ઘુવડની માફક ઘરને ખુણે પડી રહી પોતાની ખુબસુરતિ અને બુદ્ધિને ગોંધી મારે તેનું કારણ એ કે કાંતો તેને મુસાફરીના સાધનનો અભાવ હોય અથવા તો તે જુલ્મી વેપારીના કરજમાં દબાયો હોય અથવા તો તેનું તેના બાપનું અને તેના દાદાનું નામ કોઈ જાણતું ના હોય.

એ ત્રણે આવરણો હોય તો પણ બુદ્ધિશાળીએ તે નહી લેખતાં પોતાની બુદ્ધિ અજમાવવા આપ સતાથીજ પણ તે સત્ય પ્રયાસે

બહાર પડે તો પરમાત્મા અવસ્ય તેની બુદ્ધિની જાજી થોડી કદર કરાવવા લોકસમાજને પ્રેરણા કરે છે.

(૬૪)

સગાજ જાણ્યો શ્વાસ, સ્વાસ પણ સગો નઇ;
એનો સો વિશ્વાસ, સાચુ સોરઠીયો જાણે.

અર્થ;—આ દુનિયામાં આવ્યા પછી પ્રાણી દુનિયામાં મોહક દેખાતી ભિન્ન ભિન્ન વ્યક્તિઓ પ્રતે લોભાઈ તેમાં આનંદ માની પરિબ્રહ્મના અખંડ આનંદને છેક વિસરી જાય છે એટલુંજ નહીં પણ સંસારી સગાંઓ કે જે કારણ નીમીતે સમાગમમાં આવી મળે છે તેને પોતાનાં મય માની તેનાપર મરી ફીટવાને પણ પ્રાણી અચકાતા નથી. જે માટે મહાત્માઓ અને જ્ઞાની પુરૂષો તેને અજ્ઞાની અથાત ગીન અનુભવી યાતો મુર્ખ તરીકે લખે છે અને વીચારના પરીણામે તે અભિપ્રાય કંઇક અંશે સત્ય સમજાય છે સબબ કે, આત્મા અને શરીરને નહીં તો આત્મા અને સ્વાસને એટલો તો નિકટનો સંબંધ (સગાઇ–મિત્રતા) રહેલો છે કે, શ્વાસ વડેજ શરીરમાં આત્માની હસ્તિ મનાય છે તે શ્વાસ પણ આત્માનો (પ્રાણીનો) થતો નથી તો પછી બીજું તે કોણ સાચું સગું રહ્યું કે જેની પાછળ નકામાં ફાંફાં મારવાં અને પોતાનાં સમજી તે જેમ નચાવે તેમ નાચી, વય, વખત અને વીતનો વ્યય કરી પરિણામે અનીષ્ટરૂપ અવર જન્મની હોળીમાં પડવું !

(૬૫)

જળ માછલીયુ જાળવે, અવગુણ કરે હજાર;
વડાંને નહિ વિકાર, સાયર પેટા સામળા.

અર્થ:—સામળા નામના આશકને તેની માશુક શામળાના પ્રેમ અભાવે પુનઃ પ્રેમ મેળવવા સામળાને જળ અને મચ્છી (માચ્છલી)ને સંબોધી સમજાવે છે કે, હે! સામળા? જળમાં માછલીયો આળ કરે છે—બો કે છે બચાં મુકે છે. વ્યવહાર કરે છે. અને મરજી મુજબ જળના એકત્ર દળને ભેદી હરે ફરે છે છતાં પણ જળ તેનો તિરસ્કાર નહીં કરતાં સદા પોતાની આશ્રિત ગણી પાળે છે અને બની શકે તેટલું જીવન વધારવાને પુષ્ટિ આપે છે અર્થાત તેના ગુણનેજ જોઇ નીરંતર તેને તન મન અને ધનથી પોષી સર્વ દુનિયામાં તે પોતાનું છે એવું મનાવવા કદી ચુકતું નથી—તો પછી જ્યારે જળ જેવી જડ વસ્તુ એટલે કે સારાસારનું જેને ભાન નથી તે પણ માછલીને પોષવામાં આટલું આવધ રહે છે તો પછી હે? શામળા તમે તો ચૈતન્ય રૂપ જીવન ધારી એક પુરૂષ છો છતાં મારા જેવી પહેલે પંડલી પંખીણીને પ્રથમ પ્રેમદોરે બાંધી હવે તેને શા માટે રિબાવી મારો છો? શું તેમાં તમારા પુરૂષ પણાની કંઇક મહતા મનાઇ છે?

+ + +માછલી રૂપ પ્રાણી છે. જળરૂપ પરમાત્મા છે એટલે પ્રાણી અમે તેટલું પોતાની મુર્ખતાની પ્રબળતાએ ઉદમાત બને તોપણ તેની સ્થિતિ કેળવ પરમાત્માની શક્તિ વડીયે છે તો, હે? પરમાત્મા જેની સ્થિતિ આપનીજ શક્તિને આભારી છે તેવાં અમો આ જગતના પ્રાણીના અપરાધ (કરણી) પ્રત્યે નહી જોતાં કેવળ પોતાનાંજ છે એવું અભિમાન ધરી અમારા અપરાધ દરગુજર કરી અખંડાનંદમય તારા શરણનો આશ્રો આપી અમોને નિર્ભય કરો,

(૬૬)

અવની રોગ અનેક, જેનાં કીધાં છે જતન;
ટણ તયબિતનું એક, ઓસડ ન કર્યું રાજવિ.

અર્થ:—હે રાજવિ ! આ જગતમાં મનુષ્યને, પશુને, પક્ષિ યા અડ પાનને જે જે રોગ લાગુ પડે છે તે સર્વને શાન્ત કરવા અનેક જાતની ઔષધિઓ (દવાઓ) ઉત્પન્ન કરી છે પરંતુ મનુષ્યમાં પડેલી કુટેવને ટાળવા માટે લેશ પણ ઔષધિ દુનિયામાં દ્રષ્ટિ ગોચર નથી થતી.

+ + +હે ! રાજવી જગતની અંદર આવતાં અનેક આધિ વ્યાધિ અને ઉપાધિનાં આવરણને દુર કરવામાં તારી હિમત, શકિત અને બુદ્ધિ યથાર્થ એટલે કે—બસ છે પરતું મારી પ્રકૃતિમા તારા મીલનની તલપગારીની જે પ્રબળ ટેવ પડી ગઇ છે તેનું ટાળી શકવામાં તદન અસામ્રથ છો. મતલબ કે તું ત્હારૂં મીલન મને આપતો નથી ને વીયોગદુઃખ ટાળતો નથી.

(૬૭)

નાણા નાખીએ આકરાં, વોરીયે માલ સમાલ;
દુજાણે દાક્ષિણ છુટીયે, કાળી મેચું કહેવાય.

અર્થ:—જાતવંત ભેંસની બમણી કીમત આપીને પણ તે ખરીદવી: કેમકે તેના દુધના આવકથી કુટુંબનો નીર્વાહ ચાલે અને શીરપર ચઢેલું કરજ ઓછું થાય છે. વળી સજ્જન માણસનો ગમે તેવી મહેનતે પણ સ્નેહ નીભાવી રાખવો કેમકે સજ્જનનો સ્નેહ આ ભવ અને પરભવ બંનેને સુધારવામાં સહાયભુત થાય છે.

(૬૮)

હંસા પ્રીતુ કાંઇકી, વિપત પડે ઉડ જાય;
સાચી પ્રીત સેવાળકી, જે જળ ભેગો સુકાય.

અર્થઃ—અગાધ અને નિર્મળ નીરથી ભરેલું સુંદર અને માનવંત લેખાતું સરોવર પોતાના કિનારા પર વસી રહેલા હંસ વૃંદને કહે છે કે હે હંસ વૃંદ! તમોજ મારી સાથે પ્રીતિ ધરાવો છો તે પ્રીતિ માત્ર નામનીજ છે એમ હું માનું છું: કારણ કે તમેજ મારા કિનારા ઉપર તમો સ્વકુટુંબ સહીત વસી રહ્યાં છો તે કયાં સુધી કે જ્યાં સુધી હું નિર્મળ નીરથી ભરેલું છું ત્યાં સુધીજ; પણ કાળે કરીને જો હું સુકાઇ જાઉં તો મને તજીને તમે પહેલોજ તકે સ્વકુટુંબ સહીત તમારા ઉચાળા ભરીને તમે જળથી ભરેલાં કોઇ અન્ય સરોવરનો કિનારો વસાવવામાં જરા પણ વિલંબ નહીં કરો; અર્થાત મને ત્યાગીને તમે તરત ઉડી જશો એ નીર્વિવાદ છે. માટે તમારી પ્રીતી તે પીતળીયા પ્રાતી છે અને ખરી પ્રાતી તો સેવાળની કે જે હું સુકાઇ જતાં તે મને છોડી દઇને અન્ય સરોવર પ્રત્યે નહીં દોડે, પણ મારી સાથેજ સુકાઇ જઇ પોતાની હરીયાળીને ત્યાગી દેશે. માટે તમો પીતળીયાની પ્રીતિ હું ઇચ્છતું નથી તો જાવ મારો કનારો છોડીને તમે અન્ય સરોવરના કિનારાનો આશ્રય પકડી લ્યો.

સરોવરની આવી ગર્વિષ્ટ અને બે પરવાઈ ભરી તોછડી વાણી કટાક્ષ સાંભળી વગર આનાકાનીએ અને વગર વિલંબે હંસવૃંદ તે સરોવરનો કિનારો છોડી ઉડી ગયાં અને કોઇ અન્ય સરોવરના કિનારે જઇ રહ્યાં બાદ ઘણી મુદત વિત્યા પછી કોઈ પરમુલકનો

રાજા પોતા સાથે જબરો સંઘ કાઢીને જાત્રાર્થે નીકળ્યો. મુસાફરીમાં સંઘસહીત રાજા તૃષાથી પીડાવા લાગ્યા અને તેથી પાણી માટે આસપાસના સ્થળોની શોધ શરૂ થઇ. પરિણામે હંસ વગરના કિનારાવાળું નિર્મળ અને અગાધ નીરથી ભરેલું પેલું સરોવર નજરે પડયું અને સર્વ સંઘ સહીત રાજા તેના કિનારે જઇ પહોંચ્યા પાણી પી તૃષાને શાંત કરીને પછી બે ચાર ઘડી ત્યાંજ નીવૃતિથી આરામ લઇ રસ્તાના થાકથી પણ મુક્ત થયા બાદ તે ચાલવા માંડયા. ચાલતાં ચાલતાં સંઘ પઇકીના કેટલાક માણસોએ વખાણ કર્યાં કે વાહ વાહ આ તળાવ કેવું મજાનુ છે? જે સાંભળી તળાવે પ્રશ્ન કર્યા કે હું સરોવર છું અને મને તળાવનું વિશેષણ કેમ આપો છો? ત્યારે મુસાફરે જવાબ આપ્યો કે અલબત તારી જાહોજલાલી સરોવર જેવીજ છે પણ ખામી એટલીજ કે તારા કિનારા પર હંસવૃંદ નથી ને તેથીજ તું તળાવના વીશેષણને લાયક છે ત્યારે સરોવરે કહ્યું કે મારા કિનારાપર અસંખ્ય હંસવૃંદ હતાં પણ તેની પ્રીત પીતળીયા છે એવું સમજીને મેં જાકારો આપ્યો તેથી તે સર્વ મારો કિનારો છોડી ગયાં છે. જે સાંભળી મુસાફરે તે સરોવરને શીખામણ આપી કે,

૬૯

સાયર હંસને મનાલે, એથી યહાં જોડ;
જેનાથી ઉજલાં દીશીએ, તેથી તાણી મ તોડ.

અર્થઃ—અરે હે સરોવર! તું જલદી જા અને હાથ જોડીને તેના શરણમાં માથું નમાવીને કે મનાવી પટાવીને એ સઘળાં હંસવૃંદને તું પાછાં લાવ અને તારા કિનારાપર રહેવાને સ્થાન આપ;

કારણ કે હંસવૃંદથીજ તારી શોભા છે. અર્થાત જગતમાં સરોવર તરીકે ગણાશો પણ એ હંસ નથી તો તું તળાવની ગણનામાં એટલે હલકી પંક્તિમાં જાય છે, માટે વિલંબ ન કર અને સમજ કે સંસારમાં જેનાથીજ આપણી શોભા માન અને મર્તબો અર્થાત આબરૂ નભિ શકે તેવાથી કોઇ દીવસ પણ તાણીને બોલવું નહિં મતલબ કે એનાથી બોલી બગાડવું નહિં કે તેની સાથે વિક્ષેપમાં ઉતરવું નથી.

૭૦

નથનાં નાના મોતિને, જોઇ સુકવિયાં કેત,
કયા જપ તપને કારણે, અધર તણો રસ લેત.

અર્થ:—કોઇ એક સર્વાંગે સુંદર મુગ્ધા કુમારિએ નાકમાં નથ (બુલાખ) પહેર્યું'તું અને તે બુલાખનું મોતિ તે મુગ્ધા કુમારિના અણચાખેલા મધની માફક મીઠાશ ભર્યા અને લાલીવાળા હોઠપર લટકતું હતું તે જોઇને સારો એટલે વીદ્વાન કવી તે મોતીને પુછે છે કે હે મોતિ! તેં એવું તે શું તપ કર્યું છે કે જેના પરીણામે તું આ મુગ્ધા કુમારિના હોઠનો અમૃતમય રસ નીશદીન ચુસ્યા કરે છે? અર્થાત હોઠપર લટક્યું રહે છે? જે સાંભળી તે કવિને પોતે ઉત્તર આપે છે કે,

૭૧

સીપ તજી સાગર તજયો, કાળજ દીધો છેદ.
એ જપ તપના કારણે, અધરતણો રસ લેત.

અર્થ:—હે સુકવિ! તું તારા મનમાં કંઇ અજાયબ નહીં થા કારણ કે આ હોઠનો રસ ચુસવાજ મેં એવું તો મહાન તપ કર્યું છે કે તે કોઇનાથી થઇ શકે તેમ નથી. તે એવું કે હું જેમાંથી પેદા

થયું તે સીપને મેં તજી દીધી. અર્થાત મને પેદા કરનાર મારા માવિત્રને મેં તજ્યાં. મારૂં નિવાશસ્થાન જે સમુદ્ર તેને પણ મેં તજ્યો એટલુંજ નહિં પણ વ્હાલામાં વ્હાલું ગણાતું કિમતી કાળજું પણ મેં કોરાવ્યું છે. (મોતિની વચમાં સાર દેવાય છે.) વીગેરે તપના પ્રભાવેંજ. હવે હું નિરંતર મુગ્ધાના હોઠનો અમૃતમય રસ પીધા કરી મારા તપની સર્વ આધિવ્યાધિ અને વેદનાને વીસારૂં છું.

(૭૨)

ઘર ભાગ્યું ઘોડો મુવો, માર્યો મેં શુલીએ.
તરફડી તડ પડયાં, રોજ્યાં રેશમિએ.

અર્થ:—એક ગરિબ ગામડિઆની ઝુંપડી નજીક રેશમિઆ નામનો રાજકર્તા શિકારમાં ઘવાયેલો એકાએક આવી ચડ્યો. રેશમિઆને અસાધ્ય જોઇ ગરિબ ગામડિઆને દયા આવી ને તેને પોતાના ઝુંપડીમાં લાવ્યા અને અનહદ ઉપાધિ વેઠી રાત દીવસના ઉજાગરાની માવજતે રેશમિઓ સારો થયો ને પોતાના રાજ્યમાં જવા નીકળ્યો. જીવતદાન આપ્યાનો બદલો વાળવા તે વખતે રેશમિઆ કને કંઇ સાધન નહી હોવાથી નિશાનામાં હાથ અક્ષરનો કાગળ લખી આપી ગામડિઆને કહ્યું કે જરૂર પડે આ કાગળ લઇ મારે ત્યાં આવજો તો હું તમારી મહેનતનો બદલો અવસ્ય આપીશ. કાળે કરી દેશમાં દુષ્કાળ પડ્યો ગરિબ ગામડિઓ સર્વ રીતે દુઃખીને પાર થયો ત્યારે સ્ત્રીએ કાગળ લઇ રેશમિઆને ત્યાં જવા સુચવ્યું. દંપતિ રવાના થયાં મુસાફરીના સાધનમાં ઘોડું લીધું પણ તે ક્ષુધાના કોપથી અને પંથના થાકથી મરણ શરણ થયું. રસ્તામાં કવખતનો વરસાદ (માવઠું થયું) થયો. દંપતિ તરબોળ ભિંજાઇ ગયાં દુર્બળ શરીરનાં દંપતિનાં હાડકાં

ટાઢથી થરથરવા લાગ્યાં. ઘણી મુસિબતે ડુંગરવળું અને પહાડવાળો રસ્તો કાપી રેશમિઆને શહેર પહોંચ્યાં. બનવાજોગે રેશમિઓ ઘોડે સ્વાર થઈ ફરવા ગયેલો તે શહેરના દરવાજા નજીક મળ્યો. વાતચિત થતાં નાશાનીમાં પેલાંયે કાગળ બતાવ્યો કાગળ જોઈ અક્ષર ઓળખ્યા પણ કહેવત છે કે મોટા એટલા ખોટા અથવા આપસ્વાર્થિલા એ મીસાલે રેશમિઆએ ખુદ પેલા ગામડીઆને રોકડું પરખાવ્યું કે રેશમિઓ તો ગુજરી ગયો. આ ખબર સાંભળી પેલા ગામડિઆનાં તો બાર વાગી ગયા (ધન્ય છે આવા આપમતલબી મોટાઈ ભોગવતા મહાપયોને) આવા માણસને શું ઉપમા આપવી તે શબ્દ શાસ્ત્રનાં શબ્દકોશમાં અમો અજ્ઞાનિને હાથ આવતો નથી.

(૭૩)

ભાંગી બેડા ડાળ, જેને આધારે ઉભતા;
કાબલ કહારા કાઢ, ગીયો રીઝવતલ રેશમિઓ.

અર્થ:—રેશમિઆને મોઢેજ રેશમિઓ મરણ પામ્યો એવી ખબર સાંભળી પેલા ગરિબ ગામડિઆને આગાધ થયા તોપણ ગરિબ માણસનાં હૃદય કેવાં હેતાળ અને નિર્મળ હોય છે એ સિદ્ધ કરવા સ્ત્રી કાબલને ગામડિઆએ કહ્યું કે દુકાળમાં જેના મદદ મલવાની આશાએ જીવન ટકાવી રાખ્યું તેજ રેશમિઓ મરી ગયો તો હવે આપણું કોણ? ગરિબોએ ખરેખર આ ઉપરથી ધડો લેવાનો છે કે મોટા ખોટાની ખિજમતો કરવી અથવા તો તેનો આશ્રો મળશે એવી આશામાં રહેવું તેના અભાવે ખુદ માલિક (પેદા કરનાર)ની ખિજમત કરી તેને આશ્રે રહેવું એજ પરિણામે ઉત્તમ છે.

(૭૪)

વાસ વધે સો વાંભ, તોય પોલંમ પોલાં.
ગોલાં બેસારો ગાદીએ, તોય ગોલંમ ગોલાં.

અર્થઃ—વાંસનું ઝાડ જળ સિંચનના જોરથી કદાચ પોતાઇને સો વાંભ કે તેથી પણ અધિક ઉંચું વધી જાય તો પણ તે નકર નહી થતાં કેવળ પોલાણવાળુંજ રહે છે; એટલુંજ નહિ પણ જેમ વધે તેમ વધારે પોલું થતું જાય તેમ કમજાત: માણસને અધિકારની જગ્યો આપો તો પણ તેનામાંથી કમજાતપણું જતું નથી; પણ ઉલટું વૃદ્ધિ પામતું જાય છે મતલબ કે કમજાત અધિકારી થાય તો પણ તેના હૃદયમાં ઉંચ આશ્રય અને ઉદાર વૃત્તિ ન આવે, તો તેવાઓ પાસેથી આશ્રિતો બીજી તે શું સારી આશા રાખી શકે ?

(૭૫)

જાણ્યું હોત જળધર, જો નવરંગ મોતિ નીપજે;
તો વવરાતત વડવાળ, દીઅધો દેપાળદે.

અર્થઃ—કોઇએક ખેતી કરતા ચારણના બળદીઆ મરણ પામ્યા બીજા બળદ લેવા પૈસા નહતા અને વાવણીનો વખત પુર બહારમાં હતો એટલે વાવેતર કરવાની જરૂર હોઇ લાઇલાજે પેલો ચારણ પોતાની બંને ઐરિને બળદને બદલે હળમાં જોડી ક્ષેત્રમાં વાવણી કરતો હતો. ટાઇમ સવારના ૧૧ા નો થયો હતો. આ વખતે દેપાળદે નામનો દેશધારી રાજા ઘોડેસ્વાર થઇ ત્યાં નાકળ્યો અને ઐરિથી હળ ખેંચાવી વાવણીનું કામ કરવાથી પેલા રાક્ષસી ચારણને ઠપકો દેવા લાગ્યો. દ્રવ્યહિન ચારણ દેપાળદેના ઠપકાથી ક્રોધવંત બન્યો અને દેપાળદેને કહેવા લાગ્યો

કે દયા આવતી હોય તો હળ તું ખેંચવા લાગ. દેપાળદે પ્રજાપાલક હતો એટલે ઘોડેથી ઉતરી ચારણના કહેવા પ્રમાણે બેરિઓને છોડાવી તે સ્થાને પોતે જુતાઇ હળ ખેંચવા લાગ્યો અને ચારણ વાવવા માંડ્યો એ ફેરા એટલે બે લાઇન વવરાવી. એટલામાં બપોર (બાર વાગ્યા) થયા. હળનું કામ ચારણે બંધ કર્યું. દેપાળદે પોતાને સ્થાને ગયાં.

+++ચોમાસાના ચાર મહીના વિત્યાબાદ વાવેલ મોલ તૈયાર થયા. ને કણસલાંમાં કણ ચડી ગયા; પણ જેટલી લાઇન દેપાળદેએ હળ ખેંચી વવરાવી હતી તેટલી લાઇનના વાવેતરનાં કણસલાં છોડ બહાર ન નીકળતાં અંદર પેટામાંજ રહ્યાં જે જોઇ ચારણ દેપાળદેને ચપરપગો, અક્કરમી, ખોટીલો વિગેરે શબ્દોથી નવાજવા લાગ્યો ને આખરે ગુસાથી તે સઘળા પોટાને ઘેર લાવી કણ નીકળવાની આશાએ ખાંડવા માંડ્યો ખાંડતાં એકેક પોટામાંથી એકેક લાખ રૂપીઆની કિંમતનાં હજાર હજાર મોતિ નીકળવા લાગ્યાં. એ જોઇ ચારણ બોલ્યો કે દેપાળદેથી વાવણી કરતાં મોતિ પાકશે એમ જાણ્યું હોત તો આખું ક્ષેત્ર તેનીજ પાસે વવરાવત.

(૭૬)

મેડી માથે મોર, બેઠા ખપેડા બેસવે;
ઉડી જા અજાણ, સમજણ નર નીરજતાં.

અર્થઃ—“ નોટ–કુંવરબાઇથી લાખણસી ઠાકોરને સ્નેહ હતો; પણ વખત જતાં તે બાબતની ખબર કુંવરબાઇના કુટુંબીઓને થવાથી તેઓ વખતો વખત બારીક તપાસ રાખતા તો પણ લાખણસી રાએતા મુજબ કુંવરબાઇને મળી જતો. ચોક્કસ બાતમી મળવાથી કું

વરબાઇન મકાનનાં દરવાજા અંદરથી બંધ કરેલા હતા- અર્ધી રાત્રે લાખણસી આવ્યો; પણ બેઠેલ ચોકીથી પાછો ફર્યો અને વિચાર કર્યો કે ગમે તે થાય પણ કુંવરબાઇને મળ્યા સિવાય ન જવું એમ ધારી મકાન ઉપર ચડી. નળીયાં ખસેડી અંદર જવા પ્રયત્ન કરે છે તે જાણી કુંવરબાઇ સમસ્યામાં કહે છે કે—"

હે! મોર તું અરધી રાતે આવીને સમજણવાળો હોવા છતાં મકાન ઉપર બેસી ખપેડા ન ઉખેડ કારણ કે તારા આગમન ઉપર ક્રોધી બિલાડાં ટાંપીનેજ બેઠાં છે. લાખણસી ખપેડાં તોડી અંદર ઉતર્યો. ઉતરતા કડે બાંધેલ કટારી અજાણમાં સરી પડી નીચે પલંગપર સુતેલ કુંવરબાઇના કાળજામાં પડી આરપાર નીકળી ગઈ. કુંવરબાઈ મૃત્યુ વશ થઈ પલંગ નીચે લોહીનું તળાવ ભરાયું તો પણ અતિ આશા સામે આવેલ લાખણસીની ઉમેદ બર લાવવા કાળજે મજબુત પામરી બાંધી તેનાથી મળી. લાખણસી જવાને તૈયાર થયો ત્યારે કુંવરબાઇ બોલી કે—

(૭૭)

હ્યોને લાખમણસી લાંણ, આજુની એકજ ઘડી;
પરોઢિયાનાં પરિયાણ, અમે સવારે સરગ સીધાવશું.

અર્થ:—હે, લાખણસી એ ઘડી તમે મારી પાસે વધારે બેસી મુલાકાતનો છેલ્લો આનંદ લ્યો અને લેવરાવો; કારણ કે સવારમાં હું આ મીઠા મનખ્યો મુકી સર્ગમાં જઇશ. મતલબ કે કટારીના કારી જખમથી મારૂં ઘડી અધઘડીમાં મૃત્યુ થશે. આ સાંભળી લાખણસી દિલગિર થયો અને પોતાના બેખબરથી પોતાનાજ કટારો પોતાના દીલજાનના દીલને ચીરી આરપાર નીકળી એ જાણીને તેને

પારવાર માઠું લાગ્યું ને કુંવરબાઇને દીલાસો આપે છે. જે રકજકના બોલથી કુટુંબી ચોકીઆત ચેત્યા ને લાખણસી આવ્યો એમ જાણી બાર ખુલવા કુંવરબાઇને ધમકી આપી. કુંવરબાઇએ લાખણસીને કહ્યું કે તમે જેમ બને તેમ જે રસ્તેથી આવ્યા તે રસ્તેથી પાછા જાવ નહીં તો મારા કુટુંબી તમને નડશે. લાખણસી રણવટક્ષત્રી હતો તેથી અને પોતાની પ્રીય વસ્તુનો સદાને માટે વિયોગ થવાનો સમય નજીક છે તેથી છુપી રીતે નાશી જવા કરતા દરવાજો ઉઘાડી મેદાનમાં પડી જવું ઉત્તમ છે. એમ કહી હાથોહાથ દરવાજો ઉઘાડી ઉભેલા દુશ્મનની વચ્ચે પડી નીકળી ગયો. દુશ્મનો પાછળ પડવા ઇન્તેજાર બન્યા છે જેથી તેને કુંવરબાઇ કહે છે કે—

(૭૮)

દાદા મ કર દાખડો, વિશ મકર વ્હાર.
જે નર નમુવો ઘર આંગણે, તે નહીં મરે ઝાંપાની બહાર.

અર્થઃ—બાપ, દાદા, કાકા, મામા ને સર્વ કુટુંબીઓ તમે હવે શા માટે પાછળ પડી મારવાની ઉમંગે દોડો છે? કારણ કે જે માણસને ઘરના બહારમાં નીકળતાં તમે ન મારી શક્યા તેને હવે તમે ઝાંપા બહાર (મેદાનમાં પાછળ પડી) નહીં મારી શકો માટે મિથ્યા મહેનત ન કરો તો પણ તે સઘળા લાખણસીની પાછળ પડ્યા ને પહોંચી વળવાની તૈયારીમાં હતા તેવામાં છુપી રીતે લાખણસીની મદદમાં રહેવા ઝાંપા બહાર લપાઇને ઉભો રહેલ લાખણસીનો મોટો ભાઈ પડકારી સામો થયો ને બંને ભાઇએ તે બધાને હંફાવ્યા ને ચાલતા થયા તે વખતે લાખણસી બોલ્યો કે—

(૭૯)

કડવી હોયે લિંમડી, પણ શિતળ તેની છાંય;
બંધુ હોય અબોલડે, તોય પોતાની બાંય.

અર્થ:—લિંમડાનું ઝાડ કડવું છે પણ તે છાલ જવરની વ્યાધિને દુર કરે છે. એટલુંજ નહિ પણ તેને છાંયે સુનાર માણસ નિરોગી રહે છે તેમ માનો જણ્યો ભાઈ દુશ્મન તરીકે ગણાતો હોય તો પણ તે જમણા હાથ તરીકે છેવટમાં કામ આવે છે મતલબ કે ભાઇ દુશ્મન લેખાતો હોય ને દુશ્મન ભાઇ તરીકે મનાતો હોય તો પણ દુશ્મન તે અંતે દુશ્મન અને ભાઇ તે અંતે ભાઈ. બંને ભાઈ ઘેર ગયા સુતા પણ લાખણસીને સુતાં સુખ થાય નહિં કે નિદ્રા આવે નહિં ને કુંવરબાઇને લાગેલ કટારિના વિચારમાં તેનું કેમ થયું હશે એ જાણવાની મસે ઉઠયો અને છુપી રીતે પાછો ચાલવા માંડયો. મસાણને રસ્તે થઇ ગામમાં જવા માટે ઉતાવળો ચાલે છે તેવામાં મસાણના અંદર બળતું મડદું, જોઇ ગાયો ચારનાર ગોવાળને પુછ્યું કે—

(૮૦)

સોનાવરણી ચ્હે બળે, રૂપા વરણો ધુંહ;
કહેને રણ ગોવાળિઆ, કયે ઘર માણુ મુવું.

અર્થ:—સોના જેવી ચળકતી જેની ચિતા બળે છે અને રૂપા જેવો (કિમતી) સફેદ ધુમાડો નીકળે છે તો હે ગોવાળિઆ આ કયા નશિબદાર ઘરનું માણસ આજ મરણ પામિ બળે છે. તે સાંભળિ ગોવાળિઓ બોલ્યો કે—

(૮૧)

સોના જેવી ચે બળે; રૂપા જેવો ધું;
જે ઘર લાખણસી માણતો, એ આદું મુવું.

અર્થ:—સોના જેવી જે ચે બળે છે ને રૂપા જેવો ધુમાડો નીકળે છે એ બળનાર અન્ય કોઈ નહિ પણ કુંવરબાઈ કે જે સાથે લાખણસી નામનો ઠાકોર માણતો. આ સાંભળી લાખણસી બોલ્યો કે—

(૮૨)

લીલી ઘરનાં લાકડ મંગાવું, પ્હોળી કરાવું ચેહ;
લાજ લોકની પરહરી, બળીયે સાથે બે.

અર્થ:—લીલા (થોર) વન ઝાડીનાં લાકડાં નાંખી મોટી ચેહ બનાવી સંસારનાં સુખ ને સગાંનો સંબંધ છોડી હું પણ તે ચેહમાં પડું એટલે અમો બંને એકજ ચેહમાં સાથે બળી પ્રેમને સફળ કરીએ. એમ કહી એકાએક હડી કાઢી ચેહમાં પડી પોતે પણ કુંવરબાઈ સાથે બળી મુવો.

(૮૩)

સાચું કહો આધાર, કેમ આખોમાં આંસુ ઝરે;
પણ કહોને મને લગાર, રૂદન કરો કેમ રાજવી.

અર્થ:—(ખુલાસો) એક ઓઢા નામના માણસ ઉપર હોથલીયા નામના પર્વતમાં આવી રહેનારી હોથલ પદમણિ (સ્ત્રી) મોહિત થઈ અને તેથી ઓઢાને તેના રાજપાટ સ્ત્રી-છોકરાંથી વિખોટો પાડી, પોતાના સાથે હોથલીયા પર્વતમાં રાખતી હતી. એક દીવસે હોથલ પદમણિ એકલી બહાર ગઇ અને ઓઢો પર્વતનાં શિખરપર એકલો બેસી તળેટીની રમ્યતા અને પાસેના પ્રદેશોનાં ગામડાંનો સુંદર દેખાવ

જોતો હતો. આ વખતે રતુ જેઠ માસ હતો, સાંજનો વખત હતો, વાદળની ઘટા જામી હતી, વર્ષાદ ગાજતો હતો અને પર્વતની તળેટીમાં વરસાદની ગર્જનાથી મોરલા ટહુકા કરી ગળકું નાંખતા હતા એ મોરલાના અવાજથી ઓઢાને પોતાનું રાજ, સ્ત્રી અને છોકરાં યાદ આવ્યાં; પણ તેને શી રીતે મળવું ! એ વીચાર કોઇ રીતે ન સુજવાથી એકલો રોતો હતો. એવામાં હોથલ આવી અને પોતાના મનગમતા પ્યારાને અચાનક ઉદાસ જોઇ હોથલે પુછ્યું–હે રાજન ! આજ તમારી આંખોમાં પાણી આવ્યાં. ચહેરો ઉદાસ અને કલેવર કળાહિન થયું તેનું શું કારણ ? જે હોય તે મને વિદીત કરો.

(૮૪)

મુજ તુજ મન છે એક, સજડ બાંધ્યા સ્નેહથી;
ભલે આવે દુઃખ અનેક, ઓઢા ઉદાસી લાવ નહિ.

અર્થ:—હે ઓઢા ! તમે ખાત્રી રાખો કે, મેં જે તમારાથી પ્યાર બાંધ્યો છે તે વિજળીના ચમકારા જેવો, ચડાવેલા કાચા રંગ જેવો કે, કાગળનાં ફુલ જેવા અલ્પ નથી; પણ સજડ નકીક બાંધ્યો છે અને વળી ખાત્રી રાખો કે તમારા માટે થઇને હું અનેક દુઃખનાં આવરણો ખમીશ; પણ હે મારા આંખોના તારા, કલેજાની કોર, પ્રાણના આધાર ઓઢા હું તમને કોઇ રીતે દુઃખ નહીં થવા દઉં; વળી હું આજ કાલની વેશ્યા ઢંગની સ્ત્રી જેવી નથી; પણ ખાનદાન અને પદ્મણિ છું માટે શોક પરહરોને આનંદમાં મસ્ત રહો.

(૮૫)

પ્યારો જે મુજ દેશ, આજ અમોને સાંભર્યો.
સુખ ન પામું લેશ, પ્યારા મારા દેશવિણ;

અર્થઃ—ઓઢાએ જવાબ આપ્યો કે, જે દેશમાં હું ઉત્પન્ન થયો, જે દેશમાં હું નાનાથી મોટો થયો અને જે દેશનાં હવા પાણી અને અનાજથી આ પીંડ બાંધ્યો છે; વળી જે દેશમાં મારાં મા બાપ, ભાઇ, બેન, સ્નેહી, સ્ત્રી અને બચ્ચા કે, જે મને એક રત્ન સમાન મોંઘાં અને સંસારના દુઃખમાં એક વિસામા તરીકે છે એ સઘળાં જ્યાં રહે છે તે મારો દેશ આજ મને યાદ આવ્યો છે અને તેથીજ મારી આંખોમાં આજ આ ચોધાર પાણી ઝરે છે.

હોથલ–શ્યાથી સાંભર્યો ?

ઓઢા–આ મોરલાના અવાજથી.

(હોથલ મોરને કહે છે)–

(૮૬)

મારીશ તને મોર, ભાથાથી ચડાવીને;
મારા ચિતના ચોર, ઓઢાનાં મન તેં ઉદાસી કર્યાં.

અર્થઃ—હે મોર ! તું બોલ્યો એટલે તારી મધુરી મીઠી પણ વિયોગીનાં મન ઉદાસી કરનારી વાણી સાંભળી મારા આશકને તેના દેશનું અને સ્વકુટુંબનુ ભાન થવાથી તેને મારી મોજ વિલાસ પ્રત્યે છિન્ન ભિન્ન થઇ ગયું અને તેથી મને પણ ક્ષેદ થાય છે. માટે તું બોલ્યો એ તારો દોશ છે. તો તે બદલ તીર મારી હું તારૂં હૃદય ભેદી નાંખીશ.

(૮૭)

મોર કહે અમે ડુંગરવળના રાજીયા,કાંકર ચણી પેટ ભરાં;
મારી રતે ના બોલુ, તો હૈડાં ફાટી મરાં.

અર્થઃ—મોરે હોથલને કહ્યું કે, હે ! બાઇ હું પર્વતની તળે-ટીમાં રાજાની પેઠે સ્વતંત્રતાથી ફરનારો છું. કોઇ પણ માણસનો બગાડ કર્યા શિવાય તળેટીનાં બીન ઉપયોગની પડેલ ઝીણઝીણી કાંકરીઓ ચણી પેટ ભરૂં છું શિવાય કેવળ ! નિર્દોષ રીતે રહી મારી રૂતુએ હું બોલું છું અને તેથી જો તારા આશકનું મન ઉદાસ થતું હોય ! તો હું શું કરૂં; કારણ કે, હું મારી રતે ના બોલું તો મારૂં કલેજું ફાટી જાય ને હું મરી જાઉં (એમ કહી ઉડી ગયો.).

(૮૮)

સારસ પક્ષિની જોડ, જુદું એકે નવ રહે;
પડે એકની ખોડ, બીજું ના બચી શકે;

અર્થઃ—(ઓઢો પોતાના દેશમાં ચાલી નીકળ્યો) એટલે હોથલ તેનો હાથ પકડીને કહે છે કે-જગતમાં સારસ પક્ષીના પ્રેમની સીમા છે અને તે જોડામાં એવો ગાઢ સ્નેહ છે કે, એક પળ પણ એક બીજાથી જુદાં રહી શકતાં નથી. છતાં એક જુદું પડે તો બીજું તરતજ પ્રાણ છોડે, એ રીતે મારો સ્નેહ પણ તમારા પ્રત્યે એવોજ છે. તો કહો કે, તમારા વિયોગે હું કેમ રહી શકીશ ?

(૮૯)

દુઃખનાં તુટયાં ઝાડ, આભ તુટી શીરપર પડે;
તું સમાં મુજ પ્રાણ, વિયોગે કેમ રહી શકે.

અર્થઃ—હોથલ કહે છે કે હે ઓઢા, મારા માથા ઉપર દુઃખનાં ઝાડ ઉગે કે આખું તારા મંડળ તુટી પડે તો પણ તેને તારા સંયોગમાં

-નાજુક ફુલ તરીકે લેખી સહન કરીશ; પણ તારા વિયોગનું દુ:ખ મને એક મિનીટ પણ સહન નહિ થાય મતલબ કે, તારી જુદાઈમાં મારાં પ્રાણ નકી થશે.

(૯૦)

તે સાજન કેમ વીસરે, જેસું ઘણો સ્નેહ,
રાત દીવસ મનમાં વસે, જેમ બપઇયો મેહ;

અર્થ:—સાજણ એટલે સજન પુરૂષ કે જેની સાથે આપણને દીલલગી હોય અને અનેક જાતના ફાયદા અને અનેક પ્રકારના અનવા અલભ્ય લાભો મળતા હોય એવા પુરૂષથી કદાપી દૈવ ગતિથી જુજવા એટલે વિખુટા થવાનો વખત આવે તો પછી તે વિખુટાપણું આપણને પ્રતિદીન યાદ આવે છે અને જેમ બપૈયા જાતીનું પક્ષિ વરસાદ વિના વલખે છે તેમ આપણું પ્રેમિ હૃદય તે સજ્જન પુરૂષના જુદાઈમાં વલખ્યા કરે છે.

(૯૧)

આખડીયે આડંબર થયાં, નેંણ ગુમાવ્યાં રોય;
તે સાજણ પરદે સડે, વડી વીમાસણ હોય.

અર્થ:—સ્નેહી જેવો સ્નેહી એટલે કે આપણું ભલું થવામાં જ હંમેશાં ખુશી રહેતો હોય અને કેવી રીતે સુખ મળે એ ચિન્તામ ખોતે ફરતો હોય તેવા સ્નેહીના વિયોગનાં તેના એક મિત્રની એવી દશા થઈ કે તેની ચક્ષુઓ ઉપર પડળ ચડી ગયાં અને રોઇ રોઇને ખોલે પોતાની આંખો ગુમાવી; મતલબ કે તે વિયોગ દુ:ખથી અશ્રુપાત કરીને આંધળો થયો.

(૯૨)

જે દીઠે મન હુલસે, વીજોગે વઇરાગ;
તે સાજણને સાખીયે, જેમ બ્રાહ્મણ ગળે તાંગ,

અર્થઃ—જે સ્નેહીને જોતાંજ મન આનંદ સરોવરમાં રસબોળ થતું હોય અને તેના વિયોગે એટલે જુદાઇમાં આપણને આ સંસાર વેરાન વગડા જેવો ઉજડ દેખાતો હોય એવા સ્નેહીને તો બુદ્ધિશાળી પુરૂષોએ એવી રીતે સાથે રાખવો જોઇયે કે જેમ બ્રાહ્મણ લોકો પોતાના ગળામાં જનોઇ રાખે છે.

(૯૩)

સાજણ તારા સ્નેહની, જડ જામી મનમાંય:
કાપું તોય મુકે નહીં, કરવો કોણ ઉપાય.

અર્થઃ—મીત્રના જુદાઇ દુઃખથી રિબાતો અને તે દુખ ન સહન કરી શકતો મિત્ર પોતાના હૃદયના વીચાર એવી રીતે પ્રસિદ્ધ કરે છે કે હે મિત્ર! તારા હેતનાં મુળ મારા મન રૂપી ભુમિમાં એટલાં બધાં તો ઉંડાં ગયાં છે અને જડ ઘાલી બેઠાં છે કે તેને હું કાપી નાંખું છું (યાદદાસ નથી કરતો) તો પણ તે મુકાતાં નથી (ઓછું થતું નથી.)

(૯૪)

ઘરનારિ વહાલી નહી, પરદારાનો પ્યાર;
એને ખોટો માનવો, મુરખનો સરદાર;

અર્થઃ—પરણેલી સ્ત્રી ઉપર અભાવો રાખે અને પારકી સ્ત્રીના સાથે સ્નેહ રાખે એવા માણસને આ જગતમાં મુર્ખનો સરદાર જાણવો.

(૯૫)

ભાઇઓથી અલગો રહે, રાખી મનમાં ખાર;
પરકુટુંબમાં જઇ ભળે, મુરખનો સરદાર;

અર્થઃ—સહોદર તથા પોતાના કુટુંબની સાથે દ્વેશ ભાવથી વર્તે અને પરાયા જન સાથે તથા પારકા કુટુંબ સાથે સંબંધ રાખે એવા માણસને પણ આ સંસારમાં મુરખનો સરદાર જાણવો.

(૯૬)

મિત્ર સાથે કપટે રમે, સ્વાર્થમાં હુશિયાર;
અરિ સાથ હેતે મળે, મુરખનો સરદાર.

અર્થ—સ્નેહીકે જે પોતાને ખરે વખતે પ્રાણ આપવાને પણ પાછા હઠે નહીં એવાની સાથે હમેસ્યાં દગો રાખે અને દુશમનની સાથે સ્નેહ ભાવથી વર્તે તથા પોતાનો સ્વાર્થ સાધવામાં કુશળ એટલે જ્યાં સુધી સ્વાર્થ હોય ત્યાં સુધીજ મહોબત રાખે અને સ્વાર્થ સર્યા પછી અળગો થાય એવા માણસને પણ આ જગતમાં મુરખનો સરદાર જાણવો.

(૯૭)

માત પિતાએ જે કર્યા, આજ લગી ઉપકાર;
લેશ માત્ર સમજે નહિ, મુરખનો સરદાર.

અર્થઃ—જેનાથી આ જગતમાં ઉત્પન્ન થયો અને જેણે પાળી પોષીને સર્વ રીતે લાયક બનાવ્યો એવાં માતપીતા કે જેણે નીશદિન અનેક જાતની ચીંતા અને વ્યાધિ વેઠી સુખનાં સાધન પુરાં પાડયાં છે એના એવા અસંખ્ય ગુણની મનમાં ગણત્રી નહિ કરતાં

તેને ભુલી જાય છે એટલુંજ નહિ પણ તેની લાજ મર્યાદા આજ્ઞાને પણ પાળતો નથી એવા માણસને પણ આ જગતમાં મુરખનો સરદાર જાણવો.

(૯૮)

ઉદર પોષણ કારણે, જે અનનો દેનાર;
તેનું માથું વાઢશે, મુરખનો સરદાર.

અર્થઃ—પોતાના ઉદર પોષણ માટે હમેશાં અન આપે છે. એટલે કે જેના ઉપર પોતાની કમાણી અને ગુજરાનનું સાધન હોય છે એવાનું જે માથું વાઢે મતલબ કે એવાનું અહિત કરે એવા માણસને પણ આ જગતમાં મુરખનો સરદાર જાણવો.

(૯૯)

સ્ત્રીનાં ફંદ વિશે સદા, મસ્ત રીતે રહેનાર;
છાંડે કુળની લાજતે, મુરખનો સરદાર.

" અર્થઃ—વ્યવહાર નિયમને અળગો કરીને તથા પોતાના ઉંચ કુટુંબની આબરૂનો વિચાર નહિ કરીને જે માણસ હમેશાં સ્ત્રીની પ્રીતિ રૂપ પાસલામાં બંધાઇ કેવળ તેમાંજ આનંદ માની મસ્ત રહી અન્ય કાર્ય તરફ પોતાનું લક્ષ આપતો નથી એવા માણસને પણ આ જગતમાં મુરખનો સરદાર માનવો.

(૧૦૦)

સદગુણને અળગો કરી, દુર્ગુણને ધરનાર;
સમજાવ્યો સમજે નહિ, મુરખનો સરદાર.

અર્થ:—પોતાના પોઝીસન પ્રમાણે નહીં વર્તતાં પોઝીશન પર પાણી ફરી વળે એવાં વર્તન વતી દરેક સદગુણનો ત્યાગ કરે એટલે મનુષ્યને છાજતાં લક્ષણોને તજી દુર્ગુણને ગ્રહણ કરે એટલે માણસાઇને ન શોભે એવાં અનિષ્ટ કૃત્યોનો અંગિકાર કરે અથવા તો નીતિ હિન પંથને પ્યારો ગણે અને તેમ નહીં કરવા માટે કોઇ સજન પુરૂષ તેને ઉપદેશ યાતો શીખામણ આપે તો તે તરફ લેશ માત્ર પણ સુરત આપે નહીં આવા માણસને પણ આ જગતમાં મુરખનો સરદાર જાણવો.

(૧૦૧)

નવરો બેશી ન રહે, નખોદ કામ કરનાર;
સાજાનું ભાગ્યું કરે, મુરખનો સરદાર.

અર્થ:—સારાં કામ કરી સંસારમાં સુખ્યાતિ મેળવવા ઉપર તો જેને અરૂચિ છે, એવો બેવકુફ માણસ કામકાજ વીનાનો હોય છે તો તે નવરો એટલે નકામો બેસી નહી રહેતાં પોતાની દુષ્ટતાને લીધે સાજાનાં ભાગ્યાં કરવાનું કામ કરશે મતલબ કે તે ન કરવાનાં કામ જેવાં કે મિત્રને દગો દેશે વિશ્વાસઘાત કરશે. ભોળાને છેતરશે બેસવાની ડાળ ભાંગશે, ધર્મને ધુળમાં મેળવશે. પવિત્રતાઇને પછાડશે અને નીચ માણસ પણ જે કામ કરવા દયા ખાશે એવાં અનિષ્ટ કામો કરીને પોતાનો વખત કાઢે તો એવા માણસને પણ આ જગતમાં મુરખનો સરદાર જાણવો.

(૧૦૨)

જન્મિ ઉંચા કુળમાં, કુકર્મનો કરનાર,
નિચો તે અંતે ઠરે, મુરખનો સરદાર.

અર્થઃ—મુરખનો સરદાર ભલે ઉંચામાં ઉંચા કુટુંબમાં અવતર્યો હોય અને તે ઉંચ કહેવાતો હોય, તો પણ તે પોતાની અજ્ઞાનતાથી ન કરવાનાં કામ એટલે કે મનુષ્ય ધર્મમાં વર્જીત કરેલાં કામો કરીને તે ઉંચ છતાં પણ નિચાં કૃત્યોથી નિચા કુળની સંજ્ઞામાં જશે મતલબ કે નિચનર તરીકે પ્રસિધ્ધ થશે.

(૧૦૩)

કામ ક્રોધ અરૂલોભને, ચાહે મારંવાર,
દયા સત્ય વૈરિ ગણે, મુરખનો સરદાર.

અર્થઃ—કામ, ક્રોધ, ને લોભ કે જે એક ખરેખર અધોગતિયે લઇ જનાર આ જગતમાં ભોમીયા કહેવાય છે તેના ઉપર પ્યાર કરી તેનું ગ્રહણ કરે અને દયા તથા સત્ય કે જે તે મુગ સ્થીતિમાં લઇ જનાર શુભેચ્છક ગણાય છે તેને દુશ્મન તરીકે ગણે મતલબ કે સત્ય અને દયા ઉપર જેને અણગમો છે એવા માણસને પણ મુરખનો સરદાર જાણવા.

(૧૦૪)

ઇશ્વરને સૌ જન કહે, જગનો સરજનહાર;
કદિ ન માને મન વિષે, મુરખનો સરદાર.

અર્થઃ—સ્વર્ગ, મૃત્યુ, અને પાતાળ એ રીતે ત્રણે લોકના કર્તા અને ભર્તા એટલે સઉનું ભરણપોષણ કરનાર એક માલિકજ છે મતલબ કે, સર્વના બનાવનાર એક ઇશ્વર છે એમ સઘળી આલમ માને છે છતાં પણ એ ઇશ્વરને નહિ માનતાં અવર પંથમાં અટવાઇ પ્રાકૃત સંપ્રદાયને જે ચાહે છે તેને મુરખ સમજવો.

(૧૦૫)

વૃદ્ધ જનોની આગળે, લાજ ન ધરે લગાર;
મશ્કરિઓમાં જે રમે, મુરખનો સરદાર.

અર્થઃ—પોતાનાં માતાપીતા આદિ વયોવૃધ્ધ કે જે પોતાનાથી ઉમરમાં ઘરડાં ગણાતાં હોય તેથી તે હમેશાં અનુભવિ હોય છે અને તેથી તેઓ દરેક પ્રસંગે વ્યાજબી સલાહ આપે તો તે સર્વેએ માન્ય કરવી એ સ્તુતિપાત્ર છે. છતાં તેવી સલાહ દેનારાઓના વિચારને કબુલ નહીં કરતાં તદન હસી કાઢી પોતે સર્વ રીતે ડાહ્યો છે અને તેથી જે કામ કરે તે ગેરવ્યાજબી નથી કરતો, એવું જેના મનમાં પ્રાધાન અભિમાન હોય છે; તેને પણ મુરખ સમજવો.

(૧૦૬)

પરનું સારૂં દેખીને, ઇર્ષા કરે અપાર;
પોતાની મેળે બળે, મુરખનો સરદાર.

અથઃ—બીજાઓનું સારૂં થતું જોઇને પોતાના મનમાં ઇર્ષા રાખે એટલે કે, તેનું સારૂં નહી થતાં કેવી રીતે તેનું ખરાબ થાય એવા વિચારમાં પોતે પ્રતિદિન ચીંતામાં ફરે, અને સારૂં નહીં થવા દેવા માટે તેમાં વિઘ્ન કરવા જાત મહેનતથી ભારે ભારે કોશિશો આદરે છતાં પણ પારકાનું નહી બગડતાં સારૂં દેખાય અને તેમ છતાં પછી પોતે હાથ ઘસતો થાય તોપણ મનમાંને મનમાં તેના માટે બળાપો કરે એવાને પણ મુરખ સમજવો.

(૧૦૭)

ગરિબને દુબાવીને, ફાંસીનો દેનાર;
લુચ્ચાથી ડરતો ફરે, મુરખનો સરદાર.

અર્થઃ—ગરિબો કે જે હમેશાં પોતાની ભલમન સાઇથી અથવા તો પછી પોતાની ખાનદાનીથી હમેશાં ડરતાં ડરતાં દબાઇને રહેતાં હોય તેવાંઓ ઉપર દાબ બેસાડવામાં તથા તેને અનેક રીતે હેરાન કરવામાં બિચારાંઓના ઉપર એવા તો સંસ્કાર કરે કે તેને કોઇ પણ રીતે ફસાવી અંતે સરકાર દરબારે ચડાવે તો પણ મનમાં માલીકનો ડર ન ધરે અને લુચ્ચાઓ કે જેની છેડ કરવાથી તે જાનમમાં પહોંચાડી દે તેવા હોય તેનાથી આધિન રહે મતલબ કે હલકટથી ડરે અને ગરિબોને સતાવે એને પણ મુરખ સમજવો.

(૧૦૮)

અણ ખપતું ખાતાં બધું, લેશ કરે ન વિચાર;
માન ગુમાવી દુઃખ લહે, મુરખનો સરદાર.

અર્થઃ—વર્ણાશ્રમના નિયમ મુજબ પોતાને જે વસ્તુ અણખપતી ઠરી છે એટલે કે જે વસ્તુ ખાવાથી હાંસી થાય, અથવા તો જગબત્રીસીની ચર્ચામાં વગોવાય તેવી વસ્તુને ખાતાં વીચાર ન કરે મતલબ કે તેનાથી પોતાની નીંદા થશે એવો લેશમાત્ર પણ વીચાર નહીં કરતાં તેને પ્રેમથી ખાય અને તે ખાતાં આખરે પોતે વ્યવહારમાં વગોવાય અને તેથી પછી તેવા વગોવવાથી ઉલટો માનહિણ બને એવાને પણ મુરખનો સરદાર સમજવો.

(૧૦૯)

એકની વાતો સાંભળી, બીજાને કહેનાર;
એને પણ સૌ માનજો મુરખનો સરદાર.

અર્થ:—ઉભય પક્ષમાંથી એક પક્ષનો વિશ્વાસુ બની તેની ગુપ્ત વાતોને સાંભળી લઇને પછી તે વાતો બીજા પક્ષવાળાની પાસે કહવે એટલુંજ નહીં પણ તેમાં મીઠું મરચું ભભરાવી વાત હોય ક્યા રૂપમાં અને તેને શણગારે બીજા રૂપમાં અને તે પણ રજનું ગજ કરીને બતાવે મતલબ કે ચાડીચુગલી અને આવા પાછી કરી વિશ્વાસુને દગો દઇ તેનું અહિત કરે તેને પણ મુરખ સમજવો.

(૧૧૦)

વિણ કારણ કજીયા કરી, ખટપટ રચે અપાર,
રાખી થાપણ ઓળવે, મુરખનો સરદાર.

અર્થ:—ભોળાં મનતાં માણુસની પાસેથી મનગમતું કામ કરાવી લેવા માટે લાંબી લાંબી વાતો કરે અને તેથી તે કામના બદલામાં તેને જે લવાજમ આપવા ઠરાવ્યું હોય, તેમાંથી થોડી રકમ તેને આપે અને બાકીની તેના નામ ખાતે ડીપાઝીટ લખી પોતાના કબજામાં રાખે અને જ્યારે તે રકમ માગશો ત્યારે હું બીન હુજતે બજનશ તમને સોંપીશ એવી કબુલાત કરે એટલે ભોળાં માણસો તે કબુલાતથી તેના ઉપર વિશ્વાસ રાખી તેમ કરે, પણ કામ થઇ રહેતાં તે રકમ તેને પાછી આપવી પડશે, પણ તે કોઇ રીતે તેને પાછી આપવી નથી એવી ધારણાથી જ્યારે બધું કામ કરાર પ્રમાણે પુરૂં થાય ત્યારે તેમાં આડાઇ કરવાના હેતુથી બની શકે નહીં તેવી ખોડખાપણો કાઢી નાહકના કજીયા કરે અને અંતે રાખેલ ડીપાઝીટની

રકમ કે જે એ ખરેખર થાપણુ તરીકે કહેવાય તે કોઇપણુ પ્રકારે આપે નહીં તો એવાને પણુ મુરખ સમજવો. (ના. ૯૪ થી ના. ૧૧૦ સુધીના દુહાઓ પાંચ વરસ પહેલાં તળ મુંબઇમાં તમાકુવાળા પાસેથી ૦–૮–૩ ની તમાકુ લેતાં તેણે તે કાગળમાં બાંધી આપી અને તે તમાકુ ડબીમાં નાખતાં કાગળની અંદર લખેલું વાંચતાં તેમાં તે દુહા જણાયા અને તે બોધ યુકત હોવાથી જવાહીરમાં દાખલ કર્યા છે.)

(૧૧૧)

માયા કે હું નત નવી, પુરી કરૂં ન આશ;
મરી ગયા ઝુરી ઘણા, ઘણા ગયા નિરાશ.

અર્થઃ—માયા મનુષ્યને સુચવે છે કે, જગતમાં હું કોઇ મનુષ્યની થઈ નથી થતી નથી અને થઇશ પણુ નહીં અને તેથીજ હું કોઇની આશા પુરણુ કરતી નથી. વળી હું જેની પાસે નથી તેવા પોતાનું જીવન મારૂં ભજન કરવામાં ગાળી નાંખે છે તોપણ તેને ત્યાં જતી નથી અને જેની પાસે હોઉં છું તેની પાસે અલ્પ વખત રહી ચાલી જાઉં છું, એટલે મારી પાછળ બિચારા તેવાઓ ઝુરી ઝુરીને મરી જાય છે, તોપણ તેની દાઝ હું મનમાં લાવતી નથી તેમ કદાચ હું જેની પાસે કાયમ નિવાસ કરીને રહું છું તેની સાથે આખર વખતે જતી નથી અને તેની થતી નથી ત્યારે અંતે તેવાઓ પણ બિચારા પસ્તાય છે.

મતલબ કે જો પઇસા હોય તો દયામાં ધર્મમાં અને નીતિમાં વાવરી હાથ કોરવો નહીં તો જે માયાને તમે તમારી ગણી બેઠા છો તે અંતે તમારી નથી એ ખાત્રી જાણજો.

(૧૧૨)

કંઇક કરે છે કાસદાં, કંઈક કરે વ્યાપાર;
ચોરી કરવા ચોર જન, તુજ કારણ તૈયાર.

અર્થઃ—હે ! લક્ષ્મિ ? તને મેળવવા માટે કેટલાક અભાગીઆ લોકો હેલપાટી અને પારકી મજુરી કરે છે. કેટલાક દુર દેશાવર જઇ સાચાં ખોટાં કરાવનારો અને પાપનો બોજો વધારનારો વ્યાપાર કરે છે અને ચોર લોકો ચોરીઓ કરે છે.

(૧૧૩)

લાંચ ખાય છે લાંચીયા, સતીને કરે અસત્ય;
ધર્મિ કરે અધર્મને, તે સહુ તારૂં કૃત્ય.

અર્થઃ—હે લક્ષ્મિ ? તારી પ્રભાએ મોટા મોટા લાંચ લઇ લાંચીયાની ગણનામાં ગણાવા તૈયાર થાય છે. કેટલીક અજ્ઞાન સ્ત્રીઓ પોતાનો સ્ત્રી ધર્મ ત્યાગી નઠારે રસ્તે ચડી જાય છે અને ધર્માચાર્ય એટલે ધર્મને પાળનાર લોકો અધર્મ કરવા લોભાય છે તે સર્વ તારૂંજ કામ છે.

(૧૧૪)

પંડિતો પાછળ રહે, મુરખ પામે માન;
વખાણ પામે અવનવાં, વિધ વિશે વિદ્વાન.

અર્થઃ—શાસ્ત્રી, કવિ કે, વિદ્વાન લોકો નિર્ધનતા એટલે પાસે પસા (લક્ષ્મિ) ના હોય તો તે અપમાન પામે છે. અને મુર્ખ લોકો પણ તે ધનવાન (લક્ષ્મિવાળો) હશે તો તે આ જગતમાં અનેક જાતનાં આદરમાન પામે છે.

(૧૧૫)

તું તો તત્વ ત્રઇ લોકનું, જમરૂં તારૂં જોર.
સહુ તુજથી કહેવાય છે, સાહુકાર કે ચોર.

અર્થ:—સ્વર્ગ મૃત્યુ અને પાતાળ એમ ત્રણે લોકનું હે લક્ષ્મિ? તું સાર કહેવાય છે એવું તારૂં પ્રધાનપણું છે મતલબ કે તું જેની પાસે છે તે ઇન્સાન વગર પ્રયાસે તે ત્રણે લોકનાં સુખ મન માનતી રીતે ભોગવે છે વળી તારી હાજરીથી ઇન્સાન ગ્રહસ્થ પદવિમાં ગણાય છે. તારી ગેરહાજરીથી એજ ઇન્સાન પાછો ચોર પદવિમાં પણ કદાચ બોલાય છે.

(૧૧૬)

ધરાઇ ના કો તુજ થકી, મળે લાખ કે કોડ;
જખ મારે જગમાં ઘણા, કરીને દોડા દોડ.

અર્થ:—હે! લક્ષ્મિ? ગમે તેવો ગુણવાન જ્ઞાની કે ધર્મનો પ્રતિપાળ માણસ હોય તોપણ તે તારામાં તૃપ્ત થતાં નથી મતલબ કે સર્વ કોઇને અક મળે તો બેની બે વાળાને દસની દસવાળાને સોહની, સોહવાળાને હજારની હજારવાળાને લાખની, લાખવાળાને ક્રોડની એમ અધિકાધિક આપેક્ષા વધતી જાય છે અને એ આપેક્ષામાં દરેક ઇન્સાન સંસારમાં જખ મારવા જેવાં અવનવાં કૃત્યો કરવા દોડમ દોડ હડીયો કાઢી રહ્યાં છે.

(૧૧૭)

ઓ લક્ષ્મી તું અવનવી, અદભુત એવી એક;
મોટા તુજ મહીમા થકી, ઉપજે ખપે અનેક.

અર્થ:—અરે હે ! લક્ષ્મી ? આ જગતમાં તારા જેવો બીજો એક બળવાન અને અજાયબ શકિતવાળો નથી. મતલબ કે સર્વ સંસાર ઉપર તારી શક્તિની ચાદર છવાઇ રહી છે, ને ઇન્સાન તારી પ્રસાદી પામવાથીજ મોટા કહેવાય છે નહિં તો ઘણા થઇ ગયા ઘણા થાય છે અને ઘણા થશે તો પણ તારી કૃપા વિનાં તે એક ભવનાં ભટકતાં ભીખારી માફક ભટકી ભટકીને પોતાનું અમુલ્ય આયુષ્ય રંકીક દશામાં પુરૂ કરી જાય છે.

(૧૧૮)

જીવન જેવી જગતમાં, તું પ્રીય પ્રાણ આધાર;
તુજ અર્થે જનતન તજે, પામે કષ્ટ અપાર.

અર્થ:—અરે હે ! લક્ષ્મી ? તું તો ખરેખર આ જગતમાં પ્રાણ સમાન વ્હાલી અને આયુષ્યના આધાર જેવી છે મતલબ કે તારામાંજ સંસારનો સાર રહેલો છે જેથી કરીને જ્ઞાની કે મુર્ખ, જોગી કે ભોગી, વિદ્વાન કે પંડિત; હિન્દુ યા મુસલમીન, પુરૂષ યા સ્ત્રી, વૃદ્ધ યા બાળક, સર્વ ઇન્સાન આજકાલ તને મેળવવા માટે અનેક જાતની વિટંબણાએ વિટાઈ વિશ્વમાં તને ખોજ્યા કરે છે.

(૧૧૯)

તું તોડાવે સંપને, તું જોડાવે સંપ;
તુંજ કારણ ભમતા ભમે, જીવ ન પામે જંપ.

અર્થ:—અરે હે ! લક્ષ્મી? આ સંસારમાં સગાં સંબંધિની સાથે સ્નેહ બાંધવામાં અગર તે સ્નેહ તોડાવવામાં તુંજ એક પ્રધાન કારણ છે, મતલબ કે ઇન્સાનની પાસે ઘણું દ્રવ્ય એકઠું થાય છે

ત્યારે સગાં સંબંધી કે સ્નેહી સ્વપ્નામાં પણ ન થતાં હોય તેવાં ઇ-ન્સાનો અસંખ્ય સગાં સંબંધી કે સ્નેહી થવાનો દાવો કરી વગર તેડે આવે છે પણ જ્યારે પાસેની લક્ષ્મી કાળે કરીને નાશ થાય છે ને ગરિબીની પ્રાપ્તિ થાય છે ત્યારે કારણ સિવાય અનેક સગાં સ્નેહી કે મિત્ર સંબંધી નિકટનાં હોય છતાં તે તરછોડી કારણ કે કંકાસ વગર અલગ થાય છે. વળી તારા માટે એટલે કે તને મેળવવા માટે ઇન્સાન ઘરબાર સ્ત્રી સંતાન વિગેરેને છોડી દેશના એક છેડાથી બીજા છેડા સુધી હડકાયા કુતરા માફક રખડયાજ કરે છે ને એક ઘડી પણ શાન્તિ લેતાં નથી. અરે વાહ રે! લક્ષ્મી ? તારા મહા-માને ધન્ય છે.

(૧૨૦)

પુત્ર પીતા સાથે લડે, પુત્રી સાથે માત;
લક્ષ્મી માટે લક્ષવા, લડે ભ્રાતને ભ્રાત.

અર્થઃ—હે, લક્ષ્મી ? તારી મોહની એવી અજબ છે કે તારે માટે થઇને પુત્ર પોતાના બાપ સાથે કે જેના વડેજ તે જગતમાં ઉ-ત્પન્ન થયો છે તેની સાથે બાધે છે પુત્રી પોતાની જનેતા સાથે બાધે છે એટલુંજ નહિ પણ ભાઇ કે જે એકજ ઉદરેથી પેદા થયા છે જેના જેવી આ જગતમાં બીજી એકે ચીજ પ્યારા નથી તેઓ પણ લક્ષ્મી માટે માંહોમાંહી એક બીજાનાં શીર કાપવાને લેશ પણ અ-ચકાતા નથી.

(૧૨૧)

કમા અમને નવ કાઢ, અમે કાઢોડું કેવાશું;
પાર્લ અમારૂં પેટ, અધવાલી તું આલજે.

અર્થઃ—વીકઇ નામની સ્ત્રીની ચાલ માટે વ્હેમી બની તેનો પતિ કમા તેને છુટા છેડા કરી રજા આપવા મંડયો પણ શુદ્ધ પતિના ધર્મ પાળનારી કુળવંતી વીકઈ પતિને પગે પડી ખોળો પાથરી વિનવી કહેવા લાગી કે કમા તું મને છુટાછેડા કરી કાઢી ન મુક કદાપી જો તારે મારૂં પેટ ભરવાની તેવડ ના હોય તો તું અરધ ખાણુંજ મને આપજે પણ આપણુ દંપતી તરિકે સાથે રહેશું તેમ આપણી અને આપણા વડીલોની શોભા છે.

(૧૨૨)

વિકઇ વળામજાલ, ઇ વળે વાશીગણ નહીં;
જઇને હવે તું જુવાર, કોડે કાળા જાલને;

અર્થઃ—ઉપરના બોલ સાંભળી કમે વિકઇને કહ્યું કે હે વિકઈ, હવે વળા ન પકડ એટલે કે મારા ઘરમાં તારૂં મન ના રોક; કારણ કે હવે આ ઘરમાં તારો વાસો સદાને માટે નથી એમ સમજી કાળા જાલને ત્યાં જા કે જે તને તારા અંતરમાં તારા પ્રાણથી પણ વધારે વ્હાલો છે. એટલે હવે બનાવટી હેત હું કમા પ્રત્યે ના બતાવ (કમો કાળા જાલના માટેજ વિકઈ તરફ વ્હેમી બન્યો હતો.)

(૧૨૩)

વીકઇ છેવટનું જ્ઞાન, હેત વીનાં હળશે નહીં;
હૈયુંમાં બેઠી દાઝ, મેલું મન મેલે નહીં.

અર્થઃ—ફરી વીકઇના કાલાવાલા સાંભળી કમે કહ્યું કે હે વીકઈ હવે જે કંઇ સમજણની વાતો કરવી તે નકામી છે કેમકે બનાવટી સમજણની વાત સાવધ થયેલ મારા ચિતમાં લેશ માત્ર પણ અસર

નહિ ધરી શકે; તારાં વર્તનના અગાધથી મારા અંતરમાં એવા તો ઘાના ડાઘ પડયા છે કે તે કોઇ રીતે મટે તેમ નથી માટે જા.

(૧૨૪)

સગા લેને માપ, કડામાં તેલ ઉનાં કરી;
પંડમાં હશે જો પાપ, તનમાં જવાળા જાગશે.

અર્થ:—છેવટ પતિવ્રતાને પરિપુર્ણ પાળનારી વિકઇએ કમાને કહ્યું કે કમા, મારી ચાલ માટે જો તને વ્હેમ રહેતો હોય તો ખાત્રી જ માટે તાવડામાં તેલ ઉકાળ અને હું તેમાં હાથ બોળું. જો મારામાં પાપ હશે તો મારૂં શરીર ઉકળતા તેલમાં તળાઇ જશે. આમ કહ્યા છતાં પણ કમાએ વિકઈને કાઢી મુકી એટલે વિકઈ દુર દેશાવરમાં કોઈ અજાણ્યા ગામમાં શુદ્ધ વર્તનથી એકલી રહી. અમુક વખત વિત્યા પછી દેશમાં ઘોમ દુકાળ પડયો અને માણસો રાંક થયાં તેમાં કમો પણ સતિ સ્ત્રીને સતાવવાના દોષથી ઘર બાર અને માલમિલકત વગરનો (ખોટાં ખરચમાં ખરચી નાખવાથી) થઈ ગયો અને બિમાર દુ:ખી હાલતે હાથમાં કાચલી લઈ માગણ થઈ દેશાવર ફરવા માંડી ગુજારો કરવા લાગ્યો. પણ અહિં વિકઇતો પવિત્ર રહેણીથી જે કાંઈ મહેનત મજુરી થાય તે કરે ને ઇશ્વર કૃપાથી સતીપણાને સાચવી સુખી જીવન ગુજારે છે તેમાં અચાનક કમો વિકઈ એક દિવસે પોતાના ઘરના કમ્પાઉન્ડમાં સુતર કાંતતી કાંતતી કંઇ મનમાં ગાતી હતી તેવામાં તેની નજીક માગણ વેષે બિખારી દશાએ " પ્રભુ વાસ્તે કટકો રોટલો આપોને " એમ કહી ઉભો રહ્યો. કમાએ વિકઇને ન ઓળખી પણ વિકઇએ તો તરત પોતાનાં

પતિને ઓળખ્યો અને પ્રભુની માફક વ્હાલ કરી પ્રેમથી ઓળખાણ આપી સ્વાગત કરવા અધિરી થઈ પણ એની દશા આવી શાથી ? તે જાણવા તેને પુછ્યું કે

(૧૨૫)

નહીં સાબુનો સંઘરો, ના નીર નવાણે નેહ;

ફાટલ મેલે લુગડે કમો ઉભો દેહ.

અર્થઃ—હે મુસાફર (કમા)! ધોયા વગરનાં મેલથી સડી ગયેલ અને એ પણ જુનાં પુરાણાં થઈ ફાટીને લગરા થઈ ગયેલ કપડાં પહેર્યાં છે તો શું સાબુનાં કારખાનાં બંધ થયાં કે જળાશયો-માંથી જલ ખુટી ગયાં. વળી દુર્બળ કેમ દેખાવ છો ? માન અને રૂવાબ કયાં જતાં રહ્યાં ? છેલાણી ચટકું કયાં ગયું ? અને આ પગ કેમ સુજી ગયા છે કે જેના દુઃખથી તમે એક ડગલું પણ ચાલવાને તદન અશક્ત થઈ ગયા છો.

(૧૨૬)

સાબુ સત્યના દીલમાં, નીરનીતિને સ્થાન;

ઉજળાં કઇ કોને દેખાડીએ, વીકઇ ગઇ સુજાન.

અર્થઃ—હે સ્ત્રી ! દેશમાં ધોમ દુષ્કાળ પડયો છે કે જે દુષ્કાળ નાથી જેની મુછપર લીંબુ લટકતાં હતાં તેવા મહાન માની પણ ભિખારી થઇ રખડતા થયા તો પછી હું કમો તે શા લેખામાં ? વળી દુષ્કાળથી સાબુરૂપ સફેતાઈ તો સત્યાગ્રહી કોઇ સજ્જનના હૃદયમાં હશે અને પાણી (વટ—ટેક) તો જે નીતિવાન હશે તેની આંખો-

માંજ હશે બાકી તો બધું ઠરઠેકાણે થઇ ગયું છે વળી હવે ઉજળા રહી કોને શોભા બતાવવી ? કેમકે સ્વામિની શોભા જોવાને આતુર હતી તે વિકઇને તો ધિકારી તજી દીધી એટલે આમ રખડતો થયો ને અંતે આ ઉઘાડા પગે રણવગડાની કાંકરા અને કાંટાવાળી જમીનમાં રખડતાં પગ છોલાઇ ગયા ને તળીઆમાં છાલાં પડયાં છે કે જેની રક્ષા માટે જોડા પણ ખરીદી પ્હેરી શકવાની ત્રેવડ રહી નથી.

(૧૨૭)

આ દેહની સગા, ત્વચાની શીવડાવું મોજડી;
તેમાં મુકાવું કમા, કાળજ સગતળીઉં કુમળી.

અર્થઃ—હે કમા ! તું મારો ખાવીંદ છે અને હું તારી તજી દીધેલી સુખ દુઃખની ભાગીદાર સ્ત્રી વીકઇહું. તો તારૂં દુઃખ હું જોઇ શકતી નથી માટે શાન્ત થા. તારા માટે જો હું મારા મોંઘા ગણાતા આ માનવ દેહની ખાલ ઉતરાવી તેની મન ગમતી અને હલકા વજનની નાજુક મોજડી શીવડાવી તેની અંદર તારા પગનાં તળી-યાંને લેશ પણ કઠણ પદાર્થના આઘાતથી દરદ ન થાય તેની સંભાળ માટે એ મોજડીયુમાં હું મારાં કુંણાં કાળજાના લોચાની ગાદીવાળી સંગતલી (પડ) બનાવી તારા પગમાં પહેરાવીશ એમ કહી બંને વીયોગી દંપતિ પુનઃ પ્રેમથી મળ્યાં અને સુખી જીવન ગાળ્યાં ! અસ્તુ.

(૧૨૮)

માથું મેદરડા તણું, ભાળે ભાચાણી;
તહારી બીકે રાણીંગના, બિવે જે તાણું બાવલા.

અર્થઃ—કાઠીઆવાડમાં કાઠી કોમની અંદર બાવાવાળા નામે

એક વિરનર એવો તો જબરજસ્ત લડવૈયો થઇ ગયો છે કે તેના ત્રાસથી મેંદરડા ભાયાણી અને જેતપર પણ ડરીને ચાલતાં.

(૧૨૯)

વિસાવદરની વાંઢયે, હાઠ દસુંબા હોય;
વેરાળા બાવલ વીનાં, વાડીયું ખાવા ધાય.

અર્થઃ—બાવોવાળો જોકે એક ગરિબ ઘેર અવતર્યો હતો એટલે કે તેના પોતા રાણીંગવાળા પાસે માત્ર જુજ ગીરાસ હતો તોપણ બાવોવાળો જ્યારે ભર યુવાન થયો ત્યારે તેણે દિર સતાથી પોતાની તલવારની બહાદુરી વડે ઘણાં ગામો ઘેર કર્યા હતાં જેમાં પોતે હાલ જે જુનાગઢનો મહાલ વીસાવદર છે ત્યાંની નજીકમાં એક "જમીનનો ઘડો" નામનો ટીંબો હતો એમ કહેવાય છે ત્યાં રહેતો ને ત્યાં પ્રતિ દિવસ પોતે પોતાની સહાયકાર મંડળીની વચ્ચે રજવાડાને શોભે તેવી મિજલસનો આનંદ લેતો હતો.

(૧૩૦)

બાવો ડગલાં બે, ભારથમાં પાછાં ભરે નહીં;
ભરે તોતો મેં મલકમાં માંગાણી વરહત નહીં.

અર્થઃ—વળી તે બાવોવાળો ધીંગાણાંનો એવો તો ભડ હતો કે તે કોઈ દીવસ પાછા પગે હઠયો નહોતો.

(૧૩૧)

ટોપી ને તરવાર, નર બીજાને નમે નહીં;
સાહેબને મહીના ચાર, બંધીખાને રાખ્યો તેં બાવલા.

અર્થઃ—એ બાવાવાળાના માટે અગાઉના લોકોમાં ઉપરનો દુવો (સોરઠો) બોલાય છે અને સાંભળવા પ્રમાણે તેની મતલબ એવી છે કે અંગ્રેજ લોકોનું કાઠીઆવાડમાં કોઇ પણ જાતની રાજ્ય સત્તા યાતો અમલનું જોર જામ્યું નહોતું તે વખતમાં બાવોવાળો પુર જોરમાં હતો અને તેણે આસપાસનો ગીરાસ ઘેર કર્યો અને બહુ તોફાન કર્યું ત્યારે તેને સલાહ આપવાને યાતો દાબ દેવાને એક અંગ્રેજ તેને ત્યાં જઇ ચડયો પણ બાવોવાળો તેની સલાહ યાતો દાબને નહીં ગણકારતાં પેલા અંગ્રેજને પકડી ચાર માસ સુધી નજર કેદ તરીકે રાખ્યો હતો, એમ કહેવાય છે.

નોટ૦—આ બાવાવાળાની સર્વસ્વ હકીકત "કાઠીયાવાડી ઝવાહીર"-ના બીજા ભાગમાં અન્યનાં જીવન ચરિત્રોની સાથે તેના પણ જીવન ચરિત્રમાં આવશે તોપણ તેણે એક અંગ્રેજ કેપટનને કેદ કરેલો તેની સાબિતામાં નિચે પ્રમાણેનું બ્યાન કે જે મુંબઇના સુપ્રસિધ્ધ "સાંજ વર્તમાન" પેપરના તા. ૧ લી માર્ચ સને ૧૯૧૩ ને શનિવારના અંકમાં પ્રગટ થએલું તેનો ઉતારો પબ્લીકની જાણ ખાતર જેવો ને તેવો અમે નિચે પ્રમાણે લખી જણાવીયે છીએ- (ભટ્ટાચાર્ય)

"કાઠીયાવાડ" વીષે સરલી-વોરનરનું ભાષણ.

રોયલ સોસાઇટી ઓફ આર્ટસના હીંદી વીભાગ સમક્ષ "કાઠીયાવાડ" એ વીષે એક નીબંધ સર વીલ્યમ લી-વોરનરે મુંબઇનાં નવા નીમાયલા ગવરનર લોર્ડ વીલીંગડનના પ્રમુખપણાં નીચે ગઇ તા. ૧૩ મી ફેબરઆરી દીને વાંચ્યો હતો સર વીલ્યમે તેમાં જણાવ્યું હતું કે, કાઠીયાવાડ ગેરબંદોબસ્તથી ભરેલો મુલક હતો અને કેટલાક સવાલોનો બીલકુલ નીવેડો થઈ નહી શકે એમ લાગતું હતું તે પ્રદેશ

પણ એવો હતો કે કુદરતીજ ગેરબંદોબસ્ત હોય. ગુજરાતના કીનારેથી જાણે કે અરબી સમુદ્રમાં કપાસની એક ગાંસડી પડી હોય તેવી રીતે એ દેશ આવી રહેલો છે. એ દ્વીપકલ્પ સીલોનના જેટલોજ મોટો છે અને તેની વસ્તી ૨૫ લાખ જેટલી છે.

કાઠી પ્રજા.

જે કાઠી પ્રજાએ એ મુલકનું નામ "કાઠીયાવાડ" પાડયું તેમણે બીજા તમામ રજપુતો અને મુસલમાનો સેપાહો કરતાં મરાઠાઓને વધારે વીતાડયું હતું સને ૧૮૨૦ માં બાવાવાલા નામનો એક પ્રખ્યાત કાઠી સરદાર હીંદી દરયાઇ કાફલાવાળા કેપટન ગ્રાંટને ગીરનાં જંગલમાં લઇ ગયો હતો. કેપટન ગ્રાન્ટ તે જગાએ અગીઆર અઠવાડીથાં સુધી સંકટ સહન કરીને રહ્યા અને તે વખતે ઘણા પ્રકારના જુલમ થતા જોયા હતા. સને ૧૮૦૭ માં હીંદી સરકારે પેશ્વા પાસેથી કાઠીયાવાડનો ખંડણીનો તેનો ભાગ મેળવ્યો અને ૧૮૨૦ માં ગાયકવાડે એ પ્રાંત ખાતે પોતાનું લશકર નહી મોકલવાની બંધણી કરી. આ રીતે એ પ્રદેશને દેશને એકતડા કે પરદેશી હુમલામાંથી તેમજ લડાઇમાંથી બચાવ્યો ઓગણીશમી સદીની શરૂઆતમાં દેશમાં ગેરબંદોબસ્ત ચાલતો હતો પણ મુંબઇ સરકારે દેશી રાજ્યોના અંદર ખાતેના કારોબારમાં માથું મારવાની ના પાડી હતી. પહેલાં તો તેઓ ગાયકવાડની સ્વારીમાં સામેલ થઇ જઇ પ્રજા ઉપર જબરાઇ ગુજરતા હતા પણ જ્યારે ગાયકવાડના લસકરની જંગલી રીતભાતનો તેઓને અનુભવ થયો ત્યારેજ તેમણે વડોદરાની સરકાર પાસેથી એવું લખત માગ્યું કે ગાયકવાડ માટેની ખંડણી ઉઘરાવવાનું કામ બ્રીટીશ સરકારને સ્વાધીન રાખવું. સને ૧૮૬૩ માં તમામ મુખ્ય

રાજકર્ત્તાઓની સત્તા નક્કી કરવામાં આવી હતી અને તે પછી તુરતજ એમ સ્વીકારવામાં આવ્યું હતું કે, તે રાજકર્તાઓ પોતાની સત્તાને સારો ઉપયોગ કરે તે માટે તેમને કેળવણી આપવી જોઇએ તથા પી. રજપુત હોવાથી મગરૂરી પુત્રોને ઘરથી બહાર કહાડવા સામે કુંટુંબનો મક્કમ વીરોધ વગેરે કારણોથી તેઓ મુંબઈ ઇલાકાની શાળાઓ અને કોલેજોનો લાભ લેતા નહોતા અને તેના પરીણામે સને ૧૮૭૦ માં રાજકોટ ખાતેની રાજકુમાર કોલેજ ઉઘાડવામાં આવી જે રાજકર્તાઓનાં સંતાનો માટેની કોલેજ તરીકે પહેલીજ હતી. એ કોલેજ સ્થપાયા પછી ૨૬૭ રાજકુમારોએ ત્યાં અભ્યાસ કર્યો છે. જમીન ખાલસા કરી લેવાની પધ્ધતીથી દૂર રહેવાથી, રાજકર્તાઓના હક જેમ બને તેમ વધુ પ્રમાણમાં કાયમ રાખવાથી અને તેમની સહાનુભુતી સંપાદન કરવા માટે દરેક બની શકતો ઉપાય યોજવાથી કાઠીયાવાડ ખાતેનો કારોબાર ફતેહમંદ નીવડ્યો છે. સા. વા.

(૧૩૨)

નારી તો રંડાય સદાય, નર કોઇ દી રંડાય નહીં;
ઓખો રંડાણો આજ, માણેક જાતાં મુળવો.

અર્થ—સંસારમાં એવો નિયમ છે કે, ભરથારનું મૃત્યુ થતાં સ્ત્રીને રંડાપો વિધવા દશા) આવે છે. પણ સ્ત્રીનું મૃત્યુ થતાં પુરૂષ કોઇ દિવસ રંડાતો નથી કારણ કે તે બીજી સ્ત્રીને પરણવા હકદાર છે, છતાં પણ મુળુ માણેક મૃત્યુ પામતાં ઓખો રંડાયો એમ કહેલ છે. મતલબ કે કાઠિયાવાડમાં ઓખો મુલક છે અને તે ઓખા ઉપર વાઘેર જાતના લોકોનું વડપણું હતું. વાઘેરના વંશમાં મુળુ અને મા-

ણેક નામના શુરવિર નર ઉત્પન્ન થયા અને કારણુસર તેને બારવટું વેડવું પડયું તેનું આ બારવટુ કાઠિયાવાડના સઘળા બારવટીઆ કરતાં નામધારી અને નીતિપણાનું હતું એવું બોલાય છે. કારણ કે મુળુ માણેકના તાબામાં સંખ્યાબંધ માણસો હતાં અને તે જે ગામને ભાગતાં તેજ ગામના પાદરમાં ડેરા તંબુ તાણી વિશ્રામ કરતા અને લુંટેલા માલથી બ્રાહ્મણોને ચોરાશી જમાડી દક્ષણા આપતા. આવું બારવટું પબ્લીકમાં કરનાર મુળુ માણેક હિમતવાન ગણાતા પણ તેનું મૃત્યુ થતાં ઓખો (દેશનો એક ભાગ) રંડાઇ પડયો એમ વૃધ્ધ માણસોમાં કહેણી છે.

(૧૩૩)

માણેક, સિંચોડો માંડિયો, મુળુએ ભરી (ભીડ;) ભાડ.
સોલજરની કરી શેરડી, વાઘેર ભરડે વાડ.

અર્થ—મુળુ માણેક જ્યારે કોઈ રીતે મહાત ન થયા ત્યારે નામદાર બ્રિટીશ સરકારની મદદ માગવામાં આવી અને તે મદદમાં હેબર્ટ અને લટુસ નામના યુરોપીયનની સરદારી નિચે એક ટુકડી તેને મહાત કરવા પાછળ પડી જેમાં તે બંને પક્ષનો ભેટો થયો અને એવી તો ખુનખાર લડાઈ થઈ હતી કે તેનું વર્ણન કરતાં કોઇએ ઉપરનો દુહો કહ્યો તેવોજ ચિતાર થયો હતો. જેનું વર્ણન પણ તેનાં જીવન ચારિત્રમાં બતાવવામાં આવશે.

(૧૩૪)

દાઢમાં ખટકે કાંકરો, કણું ખટકે નેણ;
વચન ખટકે ઉરમાં, ગયાં ખટકે સેણ.

અર્થ—બત્રીસ ભાતનાં રસમય અને સ્વાદિષ્ટ ભોજન જમતાં હોય પણ તેમાં શરત ચુકથી એક ગ્રાસ (નવાલા) માં ઝીણી સરખી પણ એકાદ કાંકરી મુખમાં આવી જાય તો તે દાઢને ખટે છે એટલુંજ નહીં પણ તે આખો ગ્રાસ અપ્રીતી એટલે અરૂચીરૂપ થઈ પડે છે. નેત્રની અંદર રજમાત્ર પણ કણું પડી જાય છે તો નેત્રની સઘળી તેજ શકિતને વિઘ્નરૂપ થઇ પડે છે. ગમે તેવું હેત હોય કે જે હેત અમૃત કરતાં પણ વધારે કિમતી ગણાતું હોય પણ જો તેમાં અન્યો અન્ય બોલાચાલી થઇ જાય અને તે બોલાચાલીના અંગે ભારે પડતો એટલે ન છાજતો એકાદ પણ બોલ સંભળાય તો તે બોલની અસરથી અમૃતરૂપ ગણાતા સ્નેહમાં હળાહળ ઝેરની પ્રભા ફેલાઈ જાય છે એટલુંજ નહીં પણ તેની અસર જીંદગી સુધી હૃદયમાંથી ભુંસાતી નથી. તેમ સ્નેહી માણસ કે જેના વડે આપણું જીવન હોય એવું માણસ સરી જાય અર્થાત તેનો વિયોગ થાય તો પણ સમજુને બધી જાતની મજા આતસ વત દેખાય છે.

(૧૩૫)

મોતી ભાંગ્યું સારતાં, મન ભાંગ્યું કવેંણ;
ઘોડો ભાંગ્યો ફેરતાં, નહીં સાંધો કે રેંણ,

અર્થ:—બજાનસ મોતીની અંદર શાર પાડનાં (વીંધ પાડતાં) તે મોતી ભાંગી જાય તો તેને, કવેંણ એટલે ખરાબ શબ્દ (મેંણાં ટાણાં) થી મન ભાંગે (મનમાં તેની કડવાશના હવા છવાઈ જાય તે) તેને; તથા સ્વારી કરતાં (ફેરવતાં) ઘોડાના પગ મરડાઇને ભાંગી જાય તે સઘળાં વાનાં પાછાં સુધારવા બેસે તો ગમે તેવો કારીગર અને સ્યાણો માણસ હોય તોપણ તેનાથી તેનો સાંધો મળતો નથી

(ફરી સુધરતું નથી) કે રેંણુ લાગતું નથી (જેવું ને તેવું અસલ) રૂપમાં) થઈ શકતું નથી.

(૧૩૬)

મોઢાં મોરિ જોગ, અને ચોકડ કાંઉ સડાવીયે;
બોલી જણાવે જાત. એના પરિયા કાંઉ પુછાવીયે.

અર્થ:—મોરી-એ એક ભેંશ અથવા ગાયને બાંધવાનું દોરડું છે અને તેને કાઠિયાવાડમાં મોરી કહે છે.-એટલે જેનાં મોઢાં મોરીને લાયક છે તેને ચોકડું (વાધ-લગામ) શું ચડાવીયે-મતલબ કે તેને લગામ શોભતી નથી એટલે જેવી સભા તેવી વાત-છાંણુની ટેવને કપાશીયાનીજ આંખો હોય-છાંણાં વીણવાં જવાં અને મેસુબનો નાસ્તો લઇ જવો તે શોભે નહીં-તેમ માણસ પોતાની બોલીમાંજ વર્તાઇ રહે છે એટલે પછી તેના કોણ બાપદાદા કે તે કઇ ઓલાદનો છે તે પુછવા પણ રહેતું નથી·

(૧૩૭)

સંગત બીચારી શું કરે, જેનું હ્રદય કઠોર;
બાર પોર પાંણી ચઢે. પથ્થર ન ભીંજે કોર

અર્થ:—રાતને દિવસ કાળમીઢ પથરને અખંડ પાણી રેડાતું હોય ને તેને પાણીમાંજ બોળી રાખવામાં આવે તો પણ તેને લેશ પણ પાંણીની અસર જેમ લાગતી નથી તેમ કઠોર હ્રદયના એટલે કુકર્મી અને ન કરવાના કામો જેવા કે દગલબાજ, ચોરી, છીનાળી, જુઠું બોલવું, મીત્ર વધ, આપસંગાને છેહ વીગેરે નીચ કામ કરવાની જેને હમેશાં ટેવ પડી છે તેને ગમે તેવા સતસંગમાં અને સારી સો-

બતમાં રાખો તોપણુ તેને લેશ પણુ સારી સોબતની અસર લાગતી નથી.

(૧૩૮)

ઢાલા તુંથી ઢોર ભલાં; ચરે જંગલના ઘાસ;
સાંજ પડે દીઆથમે, કરે ઘરડાંની આશ.

અર્થઃ—પ્રિતી વશ થયેલી પ્રેમદાને પોતાના સ્નેહીથી દઇવ ઈચ્છાથી વિખુટાં પડવાનો સંજોગ આવ્યો ત્યારે તે પ્રેમદાએ પોતાના સ્નેહીને કહ્યું કે હવે તમે મને પાછા કયારે અને કયાં મળશો તેના જવાબમાં સ્નેહી પ્રેમદાને અમુક વખતે અમુક સ્થળે મળવાનું વચનઆપી ગયો. બાદ આપેલ મુદતે તે સ્નેહી પ્રીતીવશ થયેલી પ્રેમદાને મળી શકયો નહિ ત્યારે પ્રેમદા તેને ઠપકો આપે છે કે હે ઢાલા-(સ્નેહી) તારાથી તો બે શીંગડાં અને એક પુંછડાવાળાં ઢોરાં પણ સારાં કે તે બિચારાં આખો દિવસ વગડામાં વીચરી ઘાસ ખાય છે તોપણુ સાંજ પડે અને સુર્યાસ્ત થવાની વેળાએ પાછા વગર ભલામણે ઘેર આવી ઉભા રહે છે. મતલબ કે તું તો તે ઢોર (પશુ) માંથી પણ ગયો કે આપેલ બોલ અને કોલ ન પાળી શકયો.

(૧૩૯)

કોઇ પુરૂષ કોઇ ઘોડલો, કોઇ કુળવંતીનાર;
સરજનહારે સરજીયાં, ત્રણે રત્ન સંસાર,

અર્થઃ—સરજન હાર એટલે માલીક (ખુદા યા પરમેશ્વરે) આ જગત જ્યારે બનાવ્યું ત્યારે તેમાં મોંઘામાં મોંઘાં અને ઉમદામાં ઉ-

મદા ત્રણ જાતનાં રત્ન બનાવ્યાં છે. તેમાં ૧) રત્ન પુરૂષ—તે પણ કયો કે જેની વાણી સાર્વજનીકમાં ફુલ માફક ઝીલાતી હોય જેનું આવાગમન દેવ કરતાં પણ પ્રીય ગણાતું હોય જેની છાંયામાં (કમાણીમાં) હજારો ગરીબ તવંગર નભતાં હોય (જેનીરોજીમાં અગણીત કુટુંબો પોતાનું ગુજરાન કરતા હોય) અને જેની સુખ્યાતિ દેશના એક છેડાથી તે બીજા છેડા સુધી પ્રસરાઇ રહી હોય એવો ઉદરભાગી જે પુરૂષ હોય તે પુરૂષ રત્ન સમાન બલ્કે રત્નથી પણ કિમતી છે (૧) કુળવંતીનાર—એટલે જે સ્ત્રી લીલા પગલાંવાળી મતલબ કે તે જેના ઘરમાં હોય. તે મુસ્કીનમાણસ છતાં પણ તેના આવવાથી અખુટ લક્ષ્મી અને અનેક સુખનાસાધનવાળો બને તે તથા જેની રહેણીકેણી સતી શીતા, દ્રૌપદી, અને અનસુયાના મુકાબલાને પહોંચી વળે તેવી હોય—પતી ઉપર ભાવ—કુટુંબના ઉપર સ્નેહ પારકું અને પોતાનું સમાન ગણનારી દયાનો દરીયો, ઉદારની અવધી, અને હમેશાં હસમુખી રહી પવિત્રપણાને ધારણ કરી પ્રતીદિન પોતાના પતિના હુકમ પ્રમાણે વર્તવામાં ઉત્સુક રહે તે સ્ત્રી પણ સંસારમાં રત્ન સમાન છે. (૩) ઘોડો (અશ્વ) જે ઘોડો સ્વારની મરજી પ્રમાણે વર્તનારો અને ઘારેલી મુસાફરીમાં ફતેહમંદ નિવડી મુળ સ્થળે પહોંચાડવામા તીક્ષ્ણ-ઘા થાક અને તરશને વેઠનારો અને પોતાના સ્વારના સંકટ વખતે પોતાના સર્વ સુખનો ત્યાગ કરી ગમે તેવી વીટંબણા ભોગવીને પણ સ્વારને સ્વારીથી આનંદ આપે એટલુંજ નહિ પણ પોતે થાકીપાકી ગયો હોય છતાં પણ પોતાના સ્વારની ઉપર દુશમન દળ તુટી પડ્યું હોય તો થાકપાકને બાજુ મુકી દુસ્મન દળમાંથી સ્વારને મુક્ત કરવામા પછાત ન રહે એવો ઘોડો પણ આ સંસારમાં રત્ન સમાન

સમાન ગણાય છે કે એવા ઘોડાથી પ્રતાપી પ્રતાપ, પ્રથુ અને શિવાજી પોતાની દરેક ફતેહ કરવાને શક્તિવાન નિવડયા હતા.

(૧૪૦)

ભલાં ભેવન વીસરે, નઘણાં ન ચડે ચીત;
કાળી ઉનને કમાંણસાં, દુજો ન ચડે રંગ.

અર્થ:—ભલાં એટલે જેનું જીવન જગતમાં પરોપકારી ગણાતું હોય એવા માણસનો વિયોગ લેશ પણ ભુલાતો નથી વળી નગણું એટલે જે માણસને અનેક જાતના ઉપકાર કરીએ તોપણ તે ઉપકારની લેશ પણ કિંમત કે કદર ન કરી જાણે તેવાં માણસ સ્વપ્નામાં પણ યાદ આવતો નથી. કે જેમ કાળાં રંગની ઉનને લીલો, રાતો, પીરોજી, ધોળો, ગુલાબી કે કેશરી કોઇપણ જાતનો રંગ (કલર) લાગતો નથી તેમ કમાણસ એટલે કુકર્મ કરનાર માણસને પણ સત્સંગ કોઇ દિવસ લાગતો નથી.

(૧૪૧)

ભલાં તો ભવો જીવો, નગણાંને પણજી;
જો નગણાં નહોત જગતમાં તો ભલાં સાંભરતકી.

અર્થ:—આ જગતમાં સારાં કર્મ કરનાર માણસો ઘણા વર્ષ સુધી જીવે તેમ કુકર્મ કરનારાં અધમ માણસ પણ ઘણા વર્ષ સુધી જીવે એમ બુદ્ધિશાળી પુરૂષ ઇચ્છે છે કારણ કે જો કુકર્મ અને અધમ કામો કરનાર માણસો જગતમાં ન હોય તો પછી સારા કામ કરનારની પીછાન પડત નહીં.

(૧૪૨)

થોરે કેળાં થાય, કળજગના વારા વીશે;
મીઠપ નહીં મનમાય, સાચું સોરઠીયો ભણે.

અર્થઃ—થોરના ઝાડે કોઈ દીવસ કેળાં પાકે નહીં પણ સોરઠીઓ કહે છે કે કળજુગના પ્રભાવે કદાચ થોરે કેળાં થાય પણ તે દેખાવમાં કેળાં પણ તેનામાં કેળાંના જેવી મીઠાશ હોયજ નહીં. થોરના ઝાડે કળાં ફળે એ અસંભીત છે છતાં તેવી ઉપમા આપી છે તેની મતલબ એવી છે કે કમજાત માણસ કેળવણીના બહોળા સાધનથી કોઇનો ઓથ લઇને જમાનામાં પુજનીક વીધ્યા સંપાદન કરી ડીગ્રી મેળવી મોટા હોદાની જગ્યા લેવાને ફતેહમંદ થાય અને તેથી તે કમજાત હોય છતાં પાંચ પચીસના ઉપર હુકમ કરનારો અને હુદાની રૂએ સાર્વજનીકમાં સરસાઇ લેનારો બને તોપણ જાતવંત માણસના જેવી તેનામાં કદર, નરમાશ, ભલમનસાઈ અને સાદાઈ આવેજ નહીં કારણ કે એરંડા તે એરંડો અને આંબો તે આંબો.

(૧૪૩)

મનુષ્યમાં નાપીક જુવો, કાગ પંખી નીરધાર;
પશુ માંહી જાબુંક જુવો, ઠગ ચંચળ સરદાર.

અર્થ—મનુષ્ય જાતીમાં નાપીક એટલે હજામ, પક્ષી જાતમાં કાગડો અને પશુ જાતીમાં જાબક એટલે શીયાળીયું આટલા ત્રણ લુચ્ચામાં લુચ્ચા ગણાય છે.

(૧૪૪)

ભાટીયા તું ભટકમાં, બેસી રહે તારા બારમાં;
તું જા રેલ ગાડીમાં, તો હું જાઇશ તારમાં.

અર્થ—એક ગામડીયો ભાટીયો ઘણીજ મુશ્કેલ સ્થિતિમા આવી પડયો હતો. તે ભાટીયાના ઘરમાં આઠ દસ માણસ હતાં અને તે સઘળા માણસનું ગુજરાન કરવાનું ભાટીયાના ઉપર ફરજ હતી. પણ ભાટીયો અનેક જાતનો વણજ વેપાર અને ધંધો રોજગાર કરે પરંતુ કમનસીબ હોવાથી તેને કોઇ રીતે લાભ મળે નહીં પણ ઉલટું દરેક કામમાં તેને નુકશાન પહોંચે. આવા સંજોગથી ભાટીયો કંટાળી ગયો અને વૃદ્ધ પાડોશીની સલાહ લેવા ગયો કે હવે મારે શું ઉપાય કરવો ? આ જવાબમાં વૃધે જણાવ્યું કે ભાઇ કરમ બે ડગલાં આગળ ચાલે છે માટે એ નિયમને વિચારી સબુરી પકડી બેશી જા. ભાટીયે પણ વિચાર કર્યો કે જે જે ધંધારોજગારમાં જાઉં

છું ત્યારે પગવાળો (પાદળ) જાઉં છું અને તેથી મારૂં કરમ મારી આગળ બે ડગલાં ચાલતું હશે એ નકી છે. આવામાં તે ભાટીયે સાંભળ્યું કે કાઠિયાવાડમાં રેલ ગાડી આવી તે પવન વેગે ચાલે છે અને આખ મીંચીને ઉઘાડીયે એટલી વારમાં તો ક્યાંની ક્યાં ચાલી જાય છે. આવી વાત સાંભળી ભાટીયે હીંમતમાં આવી કહ્યું કે હવે કરમ જખ મારે છે કેમકે આવી પવન વેગી રેલ ગાડીમાં બેસી હું મુંબઇ જાઉં તો કરમ ગોથાં ખાતું ક્યાંઇ પાછળ પડયું રહેશે એમ ધારી ભાતું બાંધી પોતે પોતાનાં ગામથી પાંચ છ માઇલ દુરના સ્ટેશને રેલ ગાડીમાં બેસવા માટે રવાના થયો ને સીમાડે

આવ્યો ત્યાં તે ભાટીયાનું કરમ આગળ બેઠેલું તેણે તેને કહ્યું કે હે! ભાટીયા તું ક્યાં જાય છે ? ત્યારે તેણે કહ્યું હું કરમની બીકે રેલમાં બેસી મુંબઇ જાઉં છું અને રેલ પવન વેગે ચાલે છે એટલે મારૂં કરમ મારી પછવાડે રહી જાશે. આવું સાંભળી પેલું કરમ બોલ્યું કે "તું જા રેલ ગાડીમાં તો હું જાઇશ તારમાં" પણ હું તારી અગાડીજ છું માટે મફતનો ભટક માં અને તારૂં ઘર ઝાલી બેશી રહે.

(૧૪૫)

વિમળ, વિખ્યાતિ, વિરલા, વિનય, વિશ્વપતિ, માન;
જે ઘર પાંચ વવા નહીં, તે ઘર સદા મશાન.

અર્થ—આ સંસારમાં જે કુટુંબમાં (૧) વિમળ (એટલે મલીનતા કે કોઇ પણ જાતના છળ દગા કે દોંગાય નહીં તે, (૨) વિખ્યાતિ (એટલે નિતીમય કામ કરીને લોક પ્રસિદ્ધ થવુ તે) (૩) વિરલા (એટલે નગરોળની માફક મેણાં ટેણાં નહીં ખાતાં સત્ય અર્થે સદાય શુરવિરપણું બતાવવું તે) (૪) વિનય (એટલે ફળેલા આંબાની પેઠે સદાય નમ્ર રહેવું ને ગરિબથી તે તવંગર સુધી નાં દરેક માણસોને સરખી રીતે અમૃત દ્રષ્ટિથી નિહાળી સુધ હ્રદયથી આદર સત્કાર કરવું તે) (૫) વિશ્વપતિમાન (એટલે પેદા કરનાર માલીકની ભકતીનું હ્રદયમાં અહોનિશ માન હોય તે) એ પાંચ પ્રકારના વવાનુ વસવું હોય તે જીવન સફળતા કહેવાય છે એટલુંજ નહીં પણ તે કુટુંબનો ગ્રહસ્થાશ્રમ વાસ્તવિક અને મંગળકારક ગણાય છે પણ જે કુટુંબમાં એ પાંચ વવાની ગેર હાજરી ગણાય છે તે કુટુંબનું સ્થાન સ્મશાન જેવું એટલે મુડદાં બાળવાના સ્થળ જેવું છે.

(૧૪૬)

સદા ન જોબન સ્થિર રહે, સદા ન લક્ષ્મી નેહ;
જોબન ચળ, સંસાર ચળ, ચળ વઇભવ ચળ દેહ.

અર્થ—યુવા અવસ્થા, દ્રવ્ય, વઇભવ, અને આ દેહ કાયમને માટે આબાદ રહેતા નથી પણ તે ચળ એટલે નષ્ટ યાતો ફનાં થાય છે એટલુંજ નહી પણ આ સંસાર કે જેમાં વસી આપણે અનેક જાતના મનસુબા અને આશાના હવા કીલા બાંધીએ છીએ તે પણ ચળ છે એટલે એક દીવસે વિનાશ થશે.

(૧૪૭)

માયાથી માયા મળે, કર કર લંબા હાથ;
ગરિબ નિગાથી જોઇને, ન બોલે તે સાથ.

અર્થ—સંસારમાં એક એવી રીત જોવામાં આવે છે કે ગમે તેવો પઇસાવાળો પુરૂષ હશે તોપણ તે જ્યારે બીજા પઇસાવાળાને દેખશે તો સામાની ઇચ્છા નહી હોય છતાં પણ તેને લાંબા હાથ કરીને પરાણે મળશે એટલુંજ નહીં પણ વગર માગ્યે કીમતી રકમ ખર્ચીને તેના લલોપતો કરશે કે જે લલોપતાની સામાને અસર થતી નથી. પણ એવો વીરલો જવલેજ મળે છે કે જે ગરીબને તેનાં મેલા પૈસાવાળાના જેટલો આદર સત્કાર કરે.

(૧૪૮)

માળા તો કરમાં ફરે, જીભ ફરે મુખમાંય;
મનડું તો ચોદેશ ફરે, એવું ફેરવ નાંય.

અર્થઃ– ઇશ્વરનું રટણ કરવાની ઉમેદે માણસ માળા (તસ્બી–જપમાળ) હાથમાં લઇ ફેરવવા બેસે છે. પણ વ્યાધીની પ્રબળતાયે તેનું ચિત સ્થિર નહીં હોવાથી માળા કયાં ફરે છે (હાથમાં) જીભ કયાં ફરે છે (મુખમાં) અને મન કયાં ફરે છે (ચારે દીશાએ) એનું એને ભાન થતું નથી, માટે વિદ્વાને કહ્યું છે કે એવા સંજોગોમાં માળા ફેરવવી નહીં પણ જો નિવૃત્તિ હોય તોજ ફેરવવી કે જેનાથી કાંઇક ભજન રટન જમા થાય,

(૧૪૯)

ચતુરને ચિંતા ઘણી, નહિ મુરખને લાજ;
સરઅવસર જાણે નહિં, પેટ સાધનું કાજ.

અર્થ—બુદ્ધિશાળી માણસ સંસારની અનેક આધિવ્યાધિથી ઘેરાયો હશે, અને પોતાની લાજ આબરૂ સાચવવા દ્રવ્યહિન થયો હશે તોપણ તે કોઇની પાસે પોતાનો રદયો ખોલી શકશે નહીં. એટલુંજ નહીં પણ સ્નેહી વર્ગ તેમ કરવા તેને આગ્રહ કરશે તો પણ તે પોતાનો શર્મપટ ખુલ્લો થશે એવી બીતીની ચિન્તાથી કહી શકતો નથી, પણ બાંધી મુકી રાખવા અવર વાર્તા કરી વિરામ પામે છે પણ મુરખ તો અનુકુળ કે પ્રતીકુળ વખત જોયા વીના અને કોઇની ઇચ્છા વિના પણ ભસવા મંડી જાય છે અને તે સામા માણસને રૂચીકર છે કે નહીં તેની તુલના કર્યા વીના અને કોઇક વખત તો અપમાન વચનરૂપ ચાબુકના માર સહન કરીને પણ ઉદર જેટલું મેળવવાનાજ અભીલાશા રાખે છે તે કેવળ ભુલ ભરેલું છે. કારણ કે દરેક માણસે પોતાનું પાણી જાળવી માનમાં બાંધી મુઠીએ રહેવું એજ કામ છે.

(૧૫૦)

ઉંચું ઉંચું સઉ વહે, નિચુ વહે ન કોઇ;
નિચું નિચું જો વહે, ધરૂવથી ઉંચું હોય.

અર્થ:—દરેક માણુસ ઉંચાં ઉંચાં થવાને ચાહે છે એટલે કે એ પરવાહ્રપણે મદાંધ થાય છે અને પોતાના મનમાં ધારે છે કે આપણે કોઇના આપની પરવાહ નથી એમ સમજી (અકડ) રહે છે પણ દિર્ધ દ્રષ્ટિથી વિચાર કરી નિચા (વિનયવાળ) થતા નથી પણ જો તે નિચા (વિનયવાળા) રહે તો પરિણામે ઉંચા (સૌથી સરસ) થાય એ નિર્વિવાદ છે.

(૧૫૧)

નેહ કરી નિચા થકી, કુશળ ગણે અફશોશ;
નુરહિન નિધિ બન્યો રાવણ કરી પડોશ.

અર્થ:—સંસારમાં નિચ વૃત્તિવાળા માણુસથી પ્રિત કરીને કે પનારૂં પાડીને પછી માણુસ પોતાનું કલ્યાણ ચાહે છે એ ઘણા અફસોસની વાત છે. કારણ નિચ માણુસના સહવાસથી ત્રણ કાળમાં પણ સારૂં થતું નથી જેને માટે વિદ્વાન દાખલો આપે છે કે મહાન સમુદ્ર જેવા એ જો રાવણ જેવા નિચને પોતાના સહવાસમાં એટલે પાડોશમાં રાખ્યો તો પોતે માનહિણ બન્યો મતલબ કે સમુદ્રના ઉપર પાજ (પુલ) બંધાણી.

(૧૫૨)

કેસરના ક્યારા કરી, અંદર વાવો પાજ;
પોપો જળ શેલાબથી, આખરે પ્યાજ તે પ્યાજ.

અર્થ:—કેશરના ક્યારા બાંધી અંદર કસ્તુરીનાં ખાતર નાંખીને પછી તેમાં ડુંગરી વાવો અને તેને ગુલાબજળથી સીંચી ઉછેરો પણ તે જેમ દુર્ગંધ તજતી નથી તેમ નીચ માણસને ગમે તેવી રીતે વખાણી સદાય સતસંગમાં માનપાનથી રાખી તેને ઉંચો અધિકાર આપો તો પણ તે પોતાની નિચતા છોડી ઉંચપણું ગ્રહણ કરતો નથી.

(૧૫૩)

ભોજન ભુખ ગયે મળે, ઠંડી ગયે કમાવ;
યુવા ગયે યવતિ મળે, એને આગ લગાવ.

અર્થ:—ભુખ મટયા પછી જમવાનું મળે અને જોબન વિતિ બુઢાપો આવે ત્યારે સોળ વરસની સુંદરી મળે એ અગન જેવું લ્હાલું લાગે છે. મતલબ કે સમા પ્રમાણે જે મળે તે અમૃત સમાન છે અને સમો વિતી ગયા પછી જે મળે છે તે ઝેર સમાન છે જેમકે વર્ષા રૂતુમાં નાજુક અનાજના રોપા સુકાય ત્યારે મેઘ વૃષ્ટિ થાય તો વાસ્તવિક અને પ્રિય થઇ પડે છે પણ તે વખતે નહિ થતાં પોષ માસમાં જો વૃષ્ટિ થાય તો તે નકામી છે, એટલુંજ નહિ પણ તે અપ્રિય નિવડે છે.

(૧૫૪)

એકયતણા ગુણ ઓર છે, જડ પણ એકયજ ચાહાય;
દુધ તણા સતસંગમાં, પાણી ઉજવળ થાય.

અર્થ:—આ સંસારમાં તદ્દન એકલાપણાપણે રહેવા કરતાં અનેકની સાથે મળીને રહેવાથી ઘણાજ ફાયદા છે. વળી જડ પદાર્થ પણ બહોળા સમુદાયને વધારે પસંદ કરે છે; એવું આપણે નજરે

જોઇએ છીએ. નિર્ણય થઈ ચુકયો છે કે, એકલે હાંથે તાળી પડતી નથી તેમ કેવળ એકલા માણસથી કોઇબી કાર્ય થઈ શકતું નથી, માટે જેમ બને તેમ માણસોએ બહોળા સમુદાયને ઇચ્છવું એ સ્તુતિપાત્ર છે. ઐક્યતાપણે રહેવાથી કોઈ રીતે પરાજય થતો નથી પણ ઉલટી વૃદ્ધિ થાય છે, એટલુંજ નહિ પણ બ્હોળા સમુદાયમા રહેવાથી હંમેશાં સારા ગુણ અને ઉંચપણે રહેવાની પદ્ધતિ શીખાય છે અને તેથી ઉત્તમ પંકતિમાં ગણાય છે જેવી રીતે કે પાણી જેવો પદાર્થ દુધ સાથે ભળવાથી તે પાણીરૂપ નટી પણ પયરૂપ થઇને પયના ભાવમાં

પે છે.

(૧૫૫)

બહુ નિર્બળ મળી બળ કરે; કરે જો ચાહે સોય;

સુત સમુહ મિલાવતાં, હાથી બંધન હોય.

અર્થઃ—માણસ ગમે તેવો બળવાન હોય તો પણ તે માત્ર એકલો હોય તો તે કોઇ પણ જાતની ફતેહ મારી શકતો નથી અને ગમે તેવા નિર્બળ હોય પણ તે નાના જથામાં જોઇન્ટ થઇ જો કાંઈ કરવા ધારે તો તે ધારેલાં કાર્ય ગમે તેટલાં વિકટ હોય તો પણ તે પરિપૂર્ણ કરી શકે છે. તે કેવી રીતે કે કાચા સુતરના અનેક તાંતણા ભેગા કરી તેનાથી હાથી જેવા બળવાન પશુને બાંધવા ધાર્યે તો બંધાઇ શકાય છે પણ એકજ તાંતણાથી હાથીને બાંધશું તો તે હાથી બંધાવાનો નથી એટલુંજ નહિ પણ એકજ તાંતણો ટુટી જઈ તેનો પતો પણ લાગતો નથી; માટે ગમે તે રીતે દરેકે સંપ અને સંઘાતી થવું એમાંજ સઘળા ફાયદા સમાયા છે.

(૧૫૬)

વગર વિચાર્યા કાર્યથી, થાયે છે બહુ હાણ
રાવણ સીતા લાવતાં, આપે ખોયાં પ્રાણ,

અર્થઃ—નાનું અથવા મોટું કામ કરવાનો આદર કર્યા પહેલાં દરેક માણસે તેના સારાસારનું અનુમાન કરવાની જરૂર છે અને એવા વિચારના અંતે જે કામનો આદર થાય છે તે પરિપુર્ણ થાય છે, એટલું નહિ પણ તે કાર્ય દેશના એક છેડાથી તે બીજા છેડા સુધી પ્રસંશાપાત્ર નિવડે છે; પણ જે કોઇ ધનમદથી વા યુવામદથી કે ગમે તેવા મદના જોસ્સાથી વિચાર કર્યા વિનાનું કામ કરી બેસે છે તો તેને તે કાર્યમાં ફતેહ મળતી નથી અને આખરે જગબત્રીસીમાં વગોવાય છે, જેવી રીતે કે રાવણ જેવા સમર્થ રાજાએ સીતાજીને હરી લાવવામાં કોઇ પણ જાતનો વિચાર ન કર્યો તો અંતે સીતાજી તો તેની પાસે ન રહ્યાં પણ ઉલટું પોતાનું લંકા જેવું રાજ્ય ખોવાયું અને જીવ ગુમાવ્યો.

(૧૫૭)

ભામાની ભ્રમણા તજો, ભામા ભય ભંડાર,
ભામા જેને ભોળવે, તે નર નહિ તરનાર.

અર્થઃ—અનુભવી અને સમર્થ પુરૂષોએ ઘણે પ્રસંગે દરેક માણસને ભલામણ કરેલી છે કે મગજની અંદર સ્ત્રી વાસના ની જે કાંઇ આશા રહી હોય તેનો ત્યાગ કરવો કારણ કે સ્ત્રી સંસારમાં એક આફતનો મોટો ભંડાર છે. વળી સ્ત્રી જે પુરૂષને ભોળવે છે. અર્થાત જે સ્ત્રીને વશ થઇ તેની આજ્ઞા પ્રમાણે વર્તે છે

તે આ સંસાર રૂપી સમુદ્રને સહીસલામતે તરી શકતો નથી એટલુંજ નહિ પણ તે આ લોકમાં અને પરલોકમાં કોઇ રીતે માન્યવંત થઇ શકતો નથી.

(૧૫૮)

નારી નગણી જાત છે, નારી નરકની ખાણ;
નારીને વશ જે થયો, તે નરને ખર જાણ.

અર્થ:—સુઘડ સતીની રહેણીથી રહેનારી અને સદગુણને ધારણ કરનારી ગ્રહણીને સંસારી સઘળા હક કે જે સ્ત્રીની હદને શોભે અને પોસાય તેવા હોય તે સુપ્રત કરવા અને જરૂર જોઇતા પ્રસંગમાં તેની સાથે પ્રીતિભાવથી વર્તવું તે સ્તુતિપાત્ર છે, પરન્તુ અભિમાની આપમતી પ્રમાણે ચાલનારી કુળ મર્યાદાને ઓળંગી જનારી અને પતિના ઉપર હુકમ ચલાવી ધારેલો હક પાર પાડનારી સ્ત્રીને આધિન રહેવું એ પુરૂષનું કામ નથી એ નિર્વિવાદ છે. કારણ એવી સ્ત્રી સદાય નગણી એટલે કોઇ પણ જાતના ગુણને અથવા તો સારા સારને સમજનારી નથી. તે નગણી જાતની કહેવાય છે અને તે ખરેખર નરકના કુંડ જેવી ગણાય છે તો એવી ભાવક સ્ત્રીની પ્રિત પાસમાં જે નર પર વશ થાય છે તે નર ન કહેવાય પણ નર રૂપે તે ખર=ગધેડો છે એમ સમજવું.

(૧૫૯)

અંકુશ સહુના ઉપરે, અંકુશ વશ સહુ થાય;
ગજ અંકુશે પાંશરો, બેલ નાકમાં નાથ.

અર્થ:—નાનાથી તે મોટા સુધી સહુએ પોતા ઉપર અંકુશ (બીક) રાખવો એ સ્તુતિપાત્ર છે, કારણ કે અંકુશ વિના કોઈ

પણ સુધરી શકતું નથી અથવા તો સાર્વજનીક વંદનીય થઇ શકતું નથી. જેવું કે હાથી જેવું જબરૂં જાનવર જો અંકુશથી વશ થાય છે તો તે વનવગડામાં રહેનારૂં છે છતાં તે રાજ્ય દરબારને દીપાવે છે અને પોતે કીમતીમાં કીમતી ઝવાહીરોનાં ઘરેણાં પહેરવાને ભાગ્યશાળી બને છે. વળી બળદ જેવું જાનવર પણ જો અંકુશ નાથને વશ થાય છે તો તે માન્યવંત ગણાય છે એટલુંજ નહિ પણ તેની મહેનતના પરિણામે અનેક જાતની ખેતીનાં અનાજ નીપજાવી લોકો પોતાનું જીવન નભાવે છે માટે કોઇ એ સ્વતંત્રતાનો ફાંકો નહિ રાખતાં સર્વદા અંકુશમાં રહેવું એજ શ્રેય અને શ્રેષ્ટ છે.

(૧૬૦)

દંતડા દીન સંસાર, શીશી ચીજો ચખાડીયું;
લાજયો નહિ લગાર, હાડું આગે હલીયો.

એક માણસ વૃદ્ધાવસ્થામાં આવી ગયો અને તેથી વયના પ્રમાણમાં તેના મોઢામાંથી એક પછી એક દાંત પડવા લાગ્યા અને છેલ્લે જ્યારે બધા દાંત પડી રહ્યા ત્યારે પડેલા સઘળા દાંતને હાથમાં લઇ તેને પેલો માણસ કહેવા લાગ્યો કે હે દાંત! શરીરના સઘળા અવયવોની અંદર રહેલાં નાનાં મોટાં દરેક હાડકાંઓને મેં જે જે ચીજો ચખાડી નથી એવી અનેક અને વળી કીમતી ચીજો મેં પ્રથમ દરજ્જે તનેજ ચખાડી ચવરાવી તો પણ તને લેશ માત્ર પણ શરમ ન આવી કે અંદરનાં હાડકાં હયાત છતાં તું સર્વ સમુદાય સહિત ખોખો કરી ચાલી નીકળ્યો.

મતલબ કે કોણુના તરફથી પરિણામે લાભ યા હાનિ મળશે

એ કાંઇ અટકળ બંધાતી નથી છતાં તેવી અટકળ બાંધે છે એ મોટા મુરખના જામ કહેવાય છે, કારણ કે જેને મન ગમતાં સુખ આપી નભાવતાં હોઇએ એવાં માણસો માથું કાપવા તૈયાર થાય છે અને જેની ઉપર સ્વપ્નામાં પણ ઉપકાર કર્યો નથી યા તેને ધન આપી નવાજી શક્યા નથી એવો અંજાણ્યો માણસ એક વખતે માથું આપવાને તૈયાર થાય છે.

(૧૬૧)

ડુંગરિયા હરિયા હુવા, વન ઝીંઝોરે મોર;
એ રતે ત્રણ સંચરે, ચાકર માગણ ને ચોર.

અર્થ:—ગીરના ડુંગરા લીલોતરીથી ભરપુર થાય અને જંગલો મોર પક્ષીના પ્રતિ ધ્વનીથી ગાજી ઉઠે એવી રીતે એટલે રૂતુએ ચાકર, માગણ અને ચોર ચાલી નીકળે છે. મતલબ કે ચોમાસાની સુંદર રૂતુમાં દરેક કુટુંબ પોતાના ઘર આગળ એકઠું મળી આનંદ લેતું હોય એ સ્વાભાવીક છે અને ચોમાસામાં કોઇ પણ માણસને ઘરબાર તજી (વીદેશ) માં જવુ સારૂં લાગતું નથી એવી સુખમય ચોમાસાની રૂતુનો આનંદ મુકીને પોતાનાં વ્હાલાં બાળ બચ્ચાં અને સ્ત્રીને મુકીને (૧) નોકરી કરનારો (૨) ચોરી કરનારો અને (૩) માગણ એવી ત્રણ જાતનો ધંધો કરનારો કે જેની આજીવીકા કાંતો ભીખ માગવા ઉપર હોય કાંતો ચોરી કરવા ઉપર હોય. અને કાંતો નોકરી કરવાપર હોય એવા પુરૂષો સદાય વાટ માર્ગુપણાની દશા ભોગવે છે. માટે જેમ બને તેમ ભીક્ષા, ચોરી, અને નોકરી કરવાની લાલસા નહિ રાખતાં આપ મહેનતથી સ્વતંત્ર ધંધો શોધી જે કાંઇ મળે તેમાં સંતોષ

માની સ્વકૂટુંબ સહીત સંસારી સુખ ભોગવી નીતીમાં જીંદગી ગુજારવી એજ ઉત્તમ અને જીવન સાફલ્ય છે.

(૧૬૨)

વિદ્યા વિન જય અમલ સમા, દાન સહિત ધનવંત;
ભુમિ ભુષણ ત્રણ છે, ઉપજે ખપે અનંત

અર્થઃ—સમર્થ પુરૂષોએ નીર્માણ કર્યું છે કે, આ સંસારમાં જેણે વીધા સંપાદન કરી છે, તેના અંગમાં વીનય પૂર્વક તથા જેને અમલ–ઓધો–સતા મળી છે. અને અંગમાં ક્ષમા હોય તે અથવા જેની પાસે અસંખ્ય પૈસો છે અને વરતી ઉદાર (કોઇને આપવું) છે એવી ત્રણ સંજ્ઞાવાળાઓનું જીવન પ્રસંશા પાત્ર અને જગવી-ખ્યાત છે એટલુંજ નહિ પણ તે પૃથ્વીના શણગાર રૂપ કહીએ તોપણ ચાલે બાકી તો બીજાં અનેક માણસો ઉત્પન્ન થાય છે જન્મે છે અને ખપે છે મરણ પામે છે કે જેનું નામ નીશાન પણ રહેતું નથી માટે વિદ્યાને વીનય રાખવો, સતાધીશે ક્ષમા રાખવી અને ધનવંતે ઉદાર વરતી રાખવી એ પરીણામે ફાયદાકારક છે.

(૧૬૩)

આયા હૈસો જાયગા, રાજા રંક ફકીર;
કોઇ સીંહાસન ચઢ ગયે, કોઇ પેરે જંઝીર;

અર્થઃ—આ અવનીમાં જે આવ્યો છે તે એક વખત અવશ્ય જવાનોજ છે. પછી ભલે તે રાજા હોય, વા રાંક કે ફકીર હોય, અથવા તો હમેસ્યાં હીરા માણેક અને નિલમ જડેલાં સુવર્ણના સિં-

હાસનપર બેસી અનેક જાતનાં સુખ ભોગવતો હોય, અથવા તો પગમાં લોઢાની બેડી પહેરી કેદી દશા ભોગવતો હોય, પણ જાવું છે એ ચોક્કસ છે.

(૧૬૪)

જર લુંટે છે જંગલે, અભણ એકલા ભીલ;
ભર વસ્તીમાં લુંટતાં, વેશ્યા, વૈદ વકીલ,

અર્થ—જર એટલે લક્ષ્મી યા માયા, ધન કે પૈસો, ઉજડ વગડામાં અભણ (જેને કોઇ પણ જાતના સારા સારનું ભાન નથી કે પાપ પુન્યનું સાન નથી) એવાં ભીલ (ચોર) લોકો લુંટી લે છે એટલે પડાવી લે છે, પણ ભર વસ્તીની વચમાં તો ભણેલા ગણેલા અને ચોદ વિદ્યાને જાણનારાં એવાં વૈદ, વેશ્યા, અને વકીલ લોકો પૈસા લુંટે છે એટલે પડાવી લે છે એમ વિદ્વાન કહે છે.

(૧૬૫)

ડોળ બતાવી દાખલે આણે ઘેર અસીલ;
ધન હુતી ધકો દીયે, વેશ્યા વૈધ વકીલ;

અર્થઃ—પોતાની પ્રત્યે જીજ્ઞાસાથી મન ખેંચાય એવી જાતના લલચાવનારા અનેક ડોળ ઘાલુ (પ્રસંસા વધારનારા (દાખલા સંભળાવી પોતાને ત્યાં અસીલ (ગર જાઉ) ને તેડી લાવે છે અને પછી તેને રૂચે તેવા રસ્તામાં વર્તન કરાવી ધાર્યા પ્રમાણે તેની પાસેનું ધન હરી લે છે એટલે પડાવી લે છે અને પછી અસીલ (ગર જાઉ) ને ધકો દે છે (ભાવ પણ પુછતા નથી.) એવાં કૃત્ય આ સંસારમાં તો વેશ્યા વૈદ, અને વકીલજ કરે છે એમ સમર્થ વદે છે.

(૧૬૬)

શુરવીર કે વંશમેં, શુરવીર સુત હોય;
જયું સિંહન કે ગર્ભમે, હિરણુ ન નીપજે કોઈ.

અર્થ:—હમેંશાં કુદરતની કૃતિનો એવોજ નિયમ હોય છે કે જે કુળમાં જેવા નર પેદા થતા આવ્યા છે તે કુળમાં ભવિષ્ય વખતમાં પણ તેવાજ નર પેદા થવાના એ નીઃસંદેહ છે, કેની પેઠે કે જેમ સિંહણના ગર્ભમાંથી તો સિંહજ પેદા થાય નહિ કે ચંચળ (ખખડાટ) સાંભળી ભડકી જઇ ભાગી જનારૂં હરણ.

(૧૬૭)

રહો અમારા નગ્રમાં, બીનાં હુકમ મત જાવ;
કરો અમારિ ચાકરી, ભીખ માંગ કે ખાવ.

અર્થ:—ચડતી પડતીના નીયમ પ્રમાણે કોઇ ગુણવાન અને જાણીતા માણસના ઉપર કમબખ્તીનો વખત પડ્યો અને તેથી પોતાનો નિર્વાહ કરવા તથા પોતાની સ્થિતિ બાંધી મુઠી રાખવા અર્થે તે ગુણવાનને સ્વદેશનો ત્યાગ કરી પરદેશ જવું પડ્યું. પરદેશમાં જઇ પોતે કયે સ્થળે સહી સલામત નભી શકશે? એવા સ્થળની ગોત કરવા માંડ્યો અને ગોતને પરિણામે તેના સાંભળવામાં અમુક ભાગના અધિપતીનું નામ આવ્યું. અને તેથી તે ગુણવાન તે અધિપતી (રાજા) ની આગળ આવ્યો અને શેર બાજરીના માટે ઘણી આજીજી કરી ત્યારે પેલા અક્કલના ખાં અધિપતી (રાજા) એ પોતાની ઉદાર વૃત્તિથી ગુણવાને કહ્યું કે—તમે જ્યારે આજીજી કરો છો ત્યારે તમારા પર તો મારૂં મન દયા ખાય છે અને તેથીજ હું તમને એવી

શરતે આશરો આપી નોકર રાખું છું કે તમારે તમારી જીંદગી સુધી અમારા શહેરમાં રહેવું પણ અમારી લખી પરવાનગી શીવાય તમારે કોઇ દિવસ અમારૂં નગ્ર છોડવું નહિં તેમ તમારે હમેશાં દિવસને રાત ચોવીસ કલાક સુધી અમારી તહેનાતમાં રહી હુકમ ઉઠાવી અમારી નોકરી કરવી અને તેના બદલામાં અમે તમને ખુશી થઇને નવાજીએ છીએ કે તમારે અમારા શહેરમાં ભીખ માગી તમારો ગુજારો કરવો. આ અધિપતી (રાજા) ની આવી હદ ઉપરાંત ઉદારતા સાંભળી પેલો ગુણવાન તો અજબ થઈ ગયો અને વિચારવા લાગ્યો કે હે માલીક ! જે રાજ્યમાં એવો અધિપતી છે તે પ્રજાને હવે દુઃખનો શ્યો ટોટો રહ્યો હશે. મતલબ કે એવા મખીચુસની પાસેથી ગુણવાન શા ભિખારી બીજી શી આશા રાખી શકે ? કાંઇજ નહિ.

(૧૬૮)

મેં રાચી પીચુનીજ મહિ, ન ગણ્યો તેથી સુજાન;
પઠ નિવાજ વચ સબ ગઇ, નહિ રાચ્યો રહેમાન.

અર્થ:—પોતાના પરમ સ્નેહી (પુરૂષ) ને મળવા અમુક વખતની મુદત આપેલી અને તે મુદત ભરાય જવાની અણીપર આવી હોવાથી વચનની સત્ય ભરેલી પ્રેમદા અનુકુળ વખત લઇ ઉજડ વાટે ઉતાવળી પસાર થતી જતી હતી, અને તેની સર્વ ઇંદ્રિઓ તેના સ્નેહીનેજ મળવાને અધીરી થઇ રહી હતી; મતલબ કે પ્રેમદાનું ધ્યાન પોતાના પ્રેમી સ્નેહીમાંજ ગુંથાયું હતું અને તેથી રસ્તામાં પોતાને આડી કઈ વસ્તુ આવે છે તેની પણ સાન નથી એટલુંજ નહિ પણ તેને પ્રેમની એવી તો ધુન લાગી ગઇ છે કે રસ્તામાં ખાડા

બાબોચીયાં કે કાંકરા કાંટા આવે છે તેનું પણ તેને ભાન રહેતું નથી ને ચાલી જાય છે. એમાં કાજી સાહેબ નવાજ પઢતા હતા અને નવાજને અંગે જેવો કાજી જમીન સાથે નમ્યો કે તુરત પેલી પ્રેમદા કાજીની પીઠપાર પગ મુકી ચાલતી થઇ. આ બનાવથી કાજી સાહેબ ખીજવાયા અને ઉભા થઇ પેલી પ્રેમદાને પકડી બાદશાહ અદાલતમાં લાવ્યા અને નવાજ પઢતાં દરમ્યાનગિરી કરી એવી ફરિયાદ નોંધાવી ફરિયાદના અંતે પ્રેમદા ગુન્હેગાર ઠરી પણ તેનો શું બચાવ છે? તે રજુ કરવા બાદશાહે ફરમાવ્યું. બચાવમાં પેલી પ્રેમદા એટલુંજ બોલી કે માઇક સુખવાસના પુરી કરનાર મિથ્યા કલેવરવાળા પામર પુરૂષની સાથે મારો પ્રેમ લાગ્યો તો અને એ પ્રેમની ધુન મારા આશક મગજમાં એટલી બધી જોશથી વધી હતી કે તે જોશના પ્રભાવે હું આ કાજી સાહેબની પીઠપર પગ મુકી પસાર થઇ ગઇ તો પણ મને તેનું ભાન ન રહ્યું. ત્યારે આ કાજી સાહેબ કે જેનું માલીકમાંજ ધ્યાન હતું છતાં તે ધ્યાન વિસરી હું તેના પરથી પસાર થઇ ચાલી ગઇ એ ગમ તેને કયાંથીજ પડી અને જો તેવી ગમ તેને પડી તો માલિકની સાથે તેનું ધ્યાન (નવાજ) કેવી જાતનું એ દરિયાફ્ કરો. આ જવાબ ઉપરથી બાદશાહ ખુશી થયો અને પ્રેમદાને (નવાજેશ) કરી છોડી મુકી અને કાજીભાઇને પાણેચું પકડાવ્યું. મતલબ કે ધુનીક સમયમાં પેલા કાજીભાઇની માફક ધુતારાનાં ટોળેટોળાં ફુટી નીકળ્યાં છે છે અને તેથી તેવા ઢોંગી ધુતા ફુતાની માફક ભોળાં અને ભાવિક માણસોને ફોલી ખાવાને કે છેતરવાને પેદા કરનાર માલિકની લેશ પણ ધાક

રાખતા નથી તો તેવા ધુતારાથી સદા દુર રાખે એવી માલિક પાસે દુવા માગવી.

(૧૬૯)

સજન વનવેલી ભલી, કરે ઝાડસું પ્રીત;
સુકે પણ મુકે નહિ, એ સજનની રીત.

અર્થઃ—હે સજ્જન ! (માણસ) તમે માણસથી પ્રિત કરો છો તો ભલે કરો પણ તે પ્રિતને તમે કટોકટ વખતે (સ્નેહીની પડતી દશા આવે છે ત્યારે) પડતી મુકો છો એ કોઈ પણ રીતે તમારી સજ્જનતાઈ (માણસાઇ) સ્તુતિપાત્ર ન કહેવાય કેમકે તમોને પેદા કરનારે બુદ્ધિ અને અનેક જાતનાં સાધન આપ્યાં છે છતાં પણ સ્નેહને તમે આખર સુધી નિભાવી સકતાં નથી તો તમે સજ્જન (માણસ)થી તો બિચારી વનવગડાની વેલી કે જે એક જાતના વનસ્પતિનો રોપો છે તે પણ વખાણવા લાયક છે અને તમે તો જડ કરતાં પણ ભ્રષ્ટ નિવડો છો (વનવેલી જે ઝાડની સાથે પ્રિત કરે છે એટલે લપેટાઈ છે તે સુકાઇ જાય છે અર્થાત નિર્જીવ થઇ જાય છે છતાં પણ તે પોતાનો લપેટ સંકેલી નહિ લેતાં આખર સુધી એટલે નાશ પામે ત્યાં સુધી ઝાડ સાથે જોઇન્ટ રહે છે.

(૧૭૦)

ખાતાં ભોજન ભાવતાં, રાતામાતા રૂપ,
જોતાં જોયા જમપુરે, ખાતા વિણ કંઇ ભુપ.

અર્થઃ—મનપસંદ અનેક જાતનાં કીંમતી અને સોના ચાંદીના વાસણોમાં ભિન્ન ભિન્ન મિષ્ટાનો હંમેશાં ખાતાં અને દેખાવમાં રૂપાળા

થઇ ટાપટીપમાં મદોનમસ્તપણે ફરતા એવા અનેક રાજા મહારાજાઓ પણ અંતે ભાતા વિના જમના શહેરમાં જઈ પુગ્યા છે અને પુગે છે મતલબ કે સંસારના દરેક સુખ વૈભવમાં જીંદગી ગાળતાં સાધન હોય છતાં પણ પુન્યનાં કામ કરી પુન્ય રૂપ ભાતું કે અંતે જે સાથે આવે છે તે બાંધતા નથી તેની શાયબી અને રાજપાટ ધુળ-ધાણી અને વા પાણી છે એમ વિદ્વાનો કહી ગયા છે માટે સહુ કોઇએ પુન્ય રૂપનું ભાતુ અને માલિકનું ભજન કરવું એજ પરિ-ણામે હિતરૂપ છે શિવાય બધું ખોટું.

(૧૭૧)

સરખા દિન રહે નહિ, ચતુર વિચારો ચિત;

વર્ષા, ગ્રીષ્મ, ને ઠંડ દીન, આવે ફરતી રીત.

અર્થઃ—ચતુર એટલે વિચાર કરનારા ડાહ્યા માણસોએ અવશ્ય યાદ રાખવાનું છે કે હંમેશાં સરખો દિવસ નભતો નથી મતલબ કે ચઢતી પડતી, સુખ પછી દુઃખ, અને છાયાં પછી ધુપ, આવે જાય છે માટે સુખમાં મલકાવું નહિ અને દુઃખમાં દિલગીર બનવું નહિ પણ માલિક જેવા વખત આપે તેને આવકાર આપી નીતિની રાહે વર્તી સર્વદા માણસાઈ વાપરી માલિકથી ડરતાં રહેવું છતાં કેટલાંક માયાના મદમાં મસ્ત બની બેપરવાઈ અને નિર્ચીંત ફરે છે પણ એ અક્કલનાં આંધળાં સમજતાં નથી કે કુદરત પણ ફરે છે એટલે કે ચોમાસા પછી શિયાળો અને શિયાળા પછી ઉનાળો એમ બદલાય છે તો પછી મનુષ્યોનો દીવસ કાયમ તે કયાંથીજ રહેશે.

(૧૭૨)

ભેદિ જાણે ભેદ, બીજાને વેંણ વાય નહિ;
ઓખો વાંચે ચારે વેદ, સુનકા રેલ સમજે નહિ.

અર્થ:—ઓખા નામનો માણસ કહે છે કે, ભલેને ચાર વેદ શ્રુતિયો પુરાણ અને શાસ્ત્રો સંભળાવ્યાજ કરો પણ સુનકારેલ એટલે અક્કલ શુન્ય ઇન્સાને કોઈ પણ રીતિને સમજતોજ નથી. મતલબ કે અનુંભવ વિના અને આપેક્ષા વિના કંઇ પણ સમજવામાં આવતુંજ નથી. જેમકે પ્રસુતાની વેદના વાંઝણી સ્ત્રીના લક્ષમાં શું આવી શકે ? ઉજળી મે, જેઠવાને કહે છે કે:—

(૧૭૩)

અપૈયા જળ બીજે હે, પાલર વિણ પીયે નહિ;
સમદ્ર ભરીઆ છેહ, જળ ન ખોટે જેઠવા.

અર્થ:—હે જેઠવા, વાવ, કુવા, નદી, સરોવર કે સમુદ્રો અનેક છે અને તે સઘળાં સિંધુને નિર્મળ જળથી ભરેલાં છે તોપણ પ્યાસથી પીડાઇ રહેલો અપૈયો તે જળ નહિ પિતાં માત્ર સ્વાતિનાં બિંદુનેજ ઇચ્છે છે તો તું પણ મારા પ્રત્યે અપૈયા રૂપ થા.

(૧૭૪)

જુનાં તજી જળ, નવે જળ જાઇએ નહી;
કુરતાં નામ નીશાન, જળ એનું એ જેઠવા.

અર્થ:—હે ! જેઠવા એક સ્થળે રહેલું માછલું બીજાં સ્થળના જળની આશા કરે તો તે મુર્ખ છે. કેમકે બીજાં જળ સ્થાનનાં

નામ જુદાં હોય છે, એટલે કે વાવ, કુવા, તળાવ કે સરોવર પરંતુ તેમાં પાણી તો એકનું એકજ હોય છે.

મતલબ કે હે જેઠવા મને મુકી તું બીજાને ચાહતો હો તો તે તારી મુર્ખતા છે. કારણ કે દરેક સ્ત્રી પંચ ભુતનું પુતળું છે, માત્ર કાળી ગોરી ચામડીનોજ ફેર છે, તો તેવી ચામડીમાં નહિ લોભાતાં કર્મ સંજોગે સાંપડયું તેમાં સંતોષ માન.

(૧૭૫)

ભેંસ ભાગેલ હોય, વાંસે જઇને વાળીએ;
હાથી હરાયો થાય, ન રહે વાળ્યો જેઠવા.

અર્થઃ—મે, જેઠવો ઉજળીને કહે છે કે તેં જે જે કહ્યું તે મેં સાંભળ્યું પણ જરા વિચાર કર કે ભેંસ હરાઇ (ભાગેડુ) થઇ હોય તેને પછવાડે દોડી રોકીએ તો રોકાઇને પાછી વળે છે તો તેમ હું ભેંસ નથી પણ મદઝર હાથી છું એટલે હાથી ભાગેડુ થાય તેની પછવાડે માણસ દોટ દઇ વાળવા પ્રયાસ કરે તો તે વળે નહીં માટે સમજ અને મન વાળીને બેસી રહે નકામી પેટ બળતરા કરી ખુવાર થામાં

(૧૭૬)

તાવનાં માણસ જેમ, આઘું ઠેલે અન્ન;
અફીણ જેવી ઉજળી, આજ લાગી છે મન.

અર્થઃ—મેં, એ કહ્યું કે તું ગમે તેવી ગુણવાન કે સ્વરૂપવાન હો તો પણ જેમ જ્વરથી પીડાતા માણસને અનાજ, (ખોરાક) રૂ-

પર અભાવો થાય તેમ હે! ઉજળી તારા માટે મને પણ અભાવો આવ્યો છે.

(૧૭૭)

કોરો ઘડો કુંભાર, અજાણે મેં ઉપાડીયો;
ભવના ભાગણ હાર, જેઠવા જાજરો જાણેલ નહિ.

અર્થ:—ઉજળી કહે છે કે હે જેઠવા પ્રભુ રૂપ કુંભારે (ઘાટ ઘડનારો) તારા જેવો એટલે મેં, જેઠવા જેવો ઘડો બનાવ્યો તે ઘડાને તપાસ્યા વગર મેં ઉતાવળ કરી સ્વગત કર્યો. પરંતુ પ્રસંગ પડતાં તું રૂપી ઘોડો કાચો અને કાંણો નીકળતાં અત્યારે હું મારી ઉતાવળમાં અનહદ પસ્તાણી.

મતલબ કે કોઇપણ વસ્તુની પરિક્ષા વગર તેમાં ઉતાવળ કરી આસક્ત થવું નહિ કે રાખવું નહિ.

(૧૭૮)

નાનાં સાથે નેહ, કાલાં કઇને કરીએ નઈ;
છટકે દેશે છેહ, સરવાળો કોઇદી સાંધે નઈ.

અર્થ:—અનુભવીએ કહ્યું છે કે, કોઇ દિવસ નાનાથી નેહ કરવો નહિ, એટલે જેનામા થોડી ગમ, ઓછો વિચાર અને બાળક મતિ હોય તેવા માણસથી કોઇ દિવસ કામ પાડવું નહિ કે તેની સાથે દોસ્તીમાં અટવાવું નહિ કેમકે એવાની દોસ્તી જગબત્રીશીએ કાલાં એટલે ઘેલામાં ખપાવે છે, એટલુંજ નહિ પણ તેવા કમ અકલથી નાના લખાએલાં નુકસાન દોસ્તીની કિંમત નહિ સમજતાં હોવાથી પ્રસગે છકી જાય છે.

મતલબ કે દોસ્તી યા મોહબ્બત કરવી તો મરદની કરવી, કે તે પ્રસંગે પણ કામ આવે.

(૧૭૯)

બાકર બચ્ચાં લાખ, લાખે બિચારાં,
સિંહણ બચ્ચું એક, એકે હજારાં.

અર્થ:—બકરાનાં એક લાખ બચાંની સંખ્યા હોય તો પણ તે બિચારાં અર્થાત ગરીબ કે પામર કહેવાય એટલે કે તેને પરઆશ્રય-ની જરૂર રહે છે. મતલબ તે પારકાનો તો બચાવ કરી શકતાં નથી; પણ પોતાના બચાવ માટે પણ તેને પારકાની મદદની જરૂર રહે છે. જ્યારે વનરાજનું એકજ બચ્ચું હોય તો તે એકલું પણ હજારને પુરૂં પડી પોતે સહીસલામત રહે છે.

(૧૮૦)

મોહર ફુંટતો માધવો, ઉર ઉડંતી નાર,
ગાભે પોટે બાજરો, નીંઘલતી જુવાર.

અર્થ:—સોળ વરસની લગભગમાં પુરૂષ આવે છે ત્યારે તેના મુખ ઉપર મુછ ફુટવાની તૈયારી હોય છે કે જે તૈયારી વખતે તેવા પુરૂષનું નુર દૈવિ પ્રભામાં દેખાય છે. (એટલે પુરૂષની આખી વયમાં તે મુખપર મુછ ફુટતી હોય ત્યારે તે જે કાન્તી ધરાવે છે. તેવી કાન્તી અન્ય કોઇ વયમાં ધરાવી શકતો નથી) સ્ત્રીની ખુબસુર-તિની ખુબી મુગ્ધાવયમાં દેખાય છે. બાજરી (અનાજ) ની ખુબસુર-તિ જયારે તે પોટામાં ડુંડી ધારણ કરે છે ત્યારે દેખાય છે અને જુ-

વારીની ખુબસુરતી કણુસલાં પાકી માથે આવે ત્યારે દેખાય છે; સબબ કે દુરથી તે કણુસલાંમાં ભરેલા દાણા મોતી માફક જણાય છે. ને પવનના ઝુલાથી તેનો છોડ ડોલે છે અને તેનાપર સુર્યની કે ચંદ્રની કીરણ પડે છે તે વખતે તે કણુની કાન્તી મોતીથી પણ અધિક દેખાય છે.

(૧૮૧)

અલી કલીમેં ક્ષુપ રહે, લકડ પાડે શાર,

કઠણ સંગ કઠણ બને, કોમળથી લાચાર.

અર્થ:—આ જગતમાં વ્યવહાર કુશળ સજ્જન અને પરાગભોગી ભમર અર્થાત ભમરો એકજ સંજ્ઞામાં મુકવા યોગ અને તે બંને ખરેખર લાયક છે. સબબ કે પરાગભોગી ભમરો કોમળ અને સુંવાળી લેખાતી કમળ પાંખડીને ભેદી શકતો નથી અને તેમાં બંધાઇ કેદ પડી રહે છે. પણ એજ ભમરો ખેર અગર તો બાવળનું સુકું અને કઠણ થઇ ગયેલું કાષ્ટ હોય છે તેને ત્વરીત ભેદિ શાર પાડી પાર જાય છે. એટલે કે કોમળ સાથે ભમર કોમળ થઇ રહે છે અને તેમાં બંધાઇ કેદ પડી રહે છે. અને કઠણને કોરે છે તેમ સજ્જન પણ સાધુ પુરૂષની સાથે સદા નમ્ર અને વિવેકની રીતે વર્તે છે, જ્યારે દગાખોર અને દુષ્ટ મતીનાં મુરખ સાથે તે તેવી ભાવનાથી વર્તે છે. અને તે પ્રમાણે વર્તવું એજ ઉત્તમ છે. મતલબ કે ભલા સાથે ભલા થઈ ભલાઈ લેવી દેવી; ભુંડા સાથે ભુંડા થઈ ભુંડાઇ લેવી દેવી. પણ જો ભુંડા સાથે ભલાઇ વાપરીએ તો નીર્માલ્યપણામાં ગણાઇએ, લોકમાં હાંસીપાત્ર થઇ પડીયે, ઉપરાંત ભુંડાઇથી

નડતી ભુંડાઇમાં નુકશાની પામીએ; માટે જેવું સામેનું પાત્ર તેવા થઇ રહેવામાંજ ફાયદો છે.

(૧૮૨)

અધ ખુડી અધવાલ, ઉભાં ધડ આલુ નહિ,
મુવા પછી માલ, ગોલણ ભલ ગાડાં ભરે.

અર્થ—પોતાના પીત્રાઇએ શીરજોરીથી લઇ લીધેલી જમીન અને માલ મીલકત પાછી આપી દેવા સમજાવવા પીત્રાઇ પક્ષના પંચ ગયા લીધેલી જમીન તથા મીલકત પાછી સોંપવા સમજાવ્યો: પરંતુ નહિ સમજતાં પંચને કહે છે કે, જ્યાં સુધી મારા પીંડમાં પ્રાણ છે ત્યાં સુધી તો લાખની એક પણ જમીનમા બકરીની ,ખરી મુકાય તેટલી પણ જમીન કે મીલકતમાં અરધા વાલની કિંમતની મીલકત આપવાનો નથી; પણ જ્યારે મારો કાળ થાય ત્યારે પછી તે જોઇએ તેટલી જમીન કે મીલકત ભલે લઇ જાય પણ છવતાં તો દેવાનોજ નથી તે નથી. આ એક જાતની અજ્ઞાનતાને દુર કરી સત્ય જ્ઞાનનું ભાન પામવા અને મારા તારાનો તફાવત ત્યાગી દેવા આજકાલમાં ઘણા પુરૂષોએ મહાશયમાં ગણાઇ તત્વજ્ઞાની બની વાતવાતમાં સીદ્ધાંતો અને દાખલાઓનાં ઉદાહરણોની વાણી બોલી સામાના હૃદયમાં પોતે ત્યાગી હોવાનું પુરવાર કરે છે પણ ઘણુંખરૂં તે જ્ઞાન માત્ર પોપટીયા જ્ઞાન છે કારણ કે પોતે તો માત્ર જાણવા શીખ્યા એટલુંજ પણ તે જાણેલું અમલમાં મુકવું એ તો હવામાંજ ઝુલે છે, તો તેવી વૃતિના અનેક પુરૂષોનો મને ઘણો સહવાસ થયો છે એથીજ અત્રે જણાવું છું કે, કહેનારા અને સમજનારાઓનો પાર નથી જ્યારે તેને અમલમાં મુકનાર કરોડોમાં એકાદજ વીરલો હશે.

(૧૮૩)

આશા પાશા નિર્બળા, ઠગ ઠાકોર સોનાર;
એતાં જન નહિ આપણાં, સિંહ સર્પ ને નાર.

અર્થઃ—અનેક જાતના તર્કવીતર્ક ઘડાય પણ તે પાર પડશે કે નહિ તે મનુષ્યકાબુમાં નથી. ચોપટના પાસા પણ ધાર્યા દાવ આપશે એવું દ્રઢ નથા એટલે આશા પાશા પાણી, ઠગારો માણસ રાજા, સોનું ઘડનાર, સોનાર, વનરાજ, ભોરીંગ અને સ્ત્રી એટલી સંજ્ઞા જગતમાં સદા સ્વતંત્ર છે, અર્થાત કે તે કોઇની પરતંત્ર થતી નથી. છતાં જો કોઇ મુર્ખ તેને પરતંત્ર છે એવું ગણી તેનાપર કાબુ મેળવાય છે તેવું ધારી હરખાતો હોય તો તે કેવળ જખ-મારે છે.

(૧૮૪)

સુમ શીળો ને કાચબો, પરઘર પોળા થાય;
આપ ઘર આવે તયે, ઘટ સંકેલી જાય.

અર્થઃ—મખીચુસ અર્થાત લોભીવ્રિતીનો માણસ, શીળો અને કાચબો એ ત્રણે સંજ્ઞા સદા પારકાને ઘેરજ પોળા થઇ માલે છે પણ પોતાને ઘેર તો સાંકડાજ રહે છે. મતલબ કે લોભી પોતાને ત્યા વરો આવે ત્યારે વાપરી શકતો નથી. તેમ શીળો (એક જાતનું જાનવર) અને કાચબો પણ જ્યારે પોતાનાં રહેઠાણને છોડી બહાર જાય છે ત્યારે પગ પહોળા કરી ચાલે છે ને જ્યારે રહેઠાણે આવે છે ત્યારે શરીર અવયવને સંકેલી જાય છે.

(૧૮૫)

સજજન પર ઘર જાઇને, દુઃખ તનનું નવ રોય;
ભરમ ગુમાવે ગાંઠનો, બાંટ ન લેવે કોઈ—

અર્થઃ—હે સમજુ માણસ ? તારા ઉપર પ્રતિકુળ સંજોગને લઇને કદાપિ દુઃખનાં વાદળ તુટી પડે ત્યારે તું તે અસહ્ય દુઃખની વેદના અવરની આગળ નહિ કહેતાં સદા માન્ય વૃત્તિથી માલીકની ઇચ્છાને આધીન થઇ સહન કરજે અને તેમાંજ તારા મનુષ્યપણાનું પાણી આબાદ ગણાશે છતાં પણ વ્યાકુળ થઈ વેવલો બની અવરને જણાવીશ ને રાડો પાડીશ તો તારો ભરમ અને સહન શીળતાની હદ દુનિયાને દેખાઇ આવશે તારી કાયરતાપર લોક હાંસી કરશે. તારા દુશ્મનો રાજી થસે, સ્નેહીઓ સંતાપ પામશે; પણ તારૂં દુઃખ કોઈ વહેંચી લઇ ઓછું નહિ કરે એ ખાત્રી રાખજે.

(૧૮૬)

ચડતા "દી"નુ પારખું નીત આવે મેમાન;
પડતા, દીને પારખો, આગણુ ન આવે શ્વાન;

અર્થઃ—આ જગતમાં જ્યારે ઇનસાનની ચડતી દશા અને દમામદાર દોર હોય છે. ત્યારે તેના આશ્રે અસંખ્ય લોકો ગરજાઉ બની આવે જાય છે, અસંખ્ય તેના આશ્રે પડી રહે છે. અને અસંખ્ય આશ્રો લેવાની અભિલાષા ધરે છે. મતલબ કે અધ ઘડી પણ મનુષ્યમંડળની ગેરહાજરી રહેતી નથી પણ જ્યારે ઇન્સાનની પડતી દશા આવે છે ત્યારે એજ અસંખ્ય લોકો મધ ચુસી ઉડી જનાર

માખો ખાલી ખોખા રૂપ થયેલા મધના પુડા તરફ જતી નથી એમ તે કદી સ્વપ્નામાં પણ દિદાર આપતા નથી ને કદાચ તે લોકોનું કામ પડે ને પોતાને ત્યા આવવા વીનવે, પગે લાગે તોપણ તે આવતાં નથી. મતલબ કે પડતા દિવસના સમયમાં ક્રાન્શાન તો નથી આવતું પણ કુતરૂં પણ નથી આવતું; સબબ કે કુતરૂં પણ પામી જાય છે કે પડતી દશાવાળાને ત્યાં રોટલાનું ઠેકાણું હોતું નથી. તો તે મને કટકો ક્યાંથી આપશે. માટે ફોકટનો ધકો ખાવા કોણ જાય.

* જગત સર્વ (પઇસા) વાળાનેજ જી કહે છે ને પરાણે ખીજમત કરે છે. એ ઉપરથી જણાય છે કે જગત આપ સ્વાર્થી છે.

(૧૮૭)

એસી કરિ ન વાત, અરસ પરસ આનંદની.
રૂસણે વિતાવી રાત, ખાલી અણ સમજમાં,

અર્થઃ—પતિ સમાગમમાં આવેલી મુગ્ધા શરમ અને હૃદય પ્રીતિથી પતિના આગ્રહ અને પટાવત છતાં પણ તે પ્રેમ રસ ચાખી શકી નહિ પરંતુ તે સમાગમ કેવળ અજ્ઞાનપણે જેવોને તેવો બજનસ પસાર કર્યો પ્રભાત થયે પતિ વિદેશ ગયો. મુગ્ધાએ રાત્રીની બીના સખી સનમુખ રજુ કરી અને પોતાની મુર્ખતા માટે મલાન બની હવે પુનઃ પ્રેમરસ પીવાના ધખારામાં પતી સમાગમ સત્વર થાય તેવું સતત ચીવટથી ચાહવા લાગી.

આ ઉદગાર ઉપરથી આપણ દરેકે એજ સમજવાનું છે કે પ્રાણીએ પતી (પ્રભુ–ખુદા–માલીક) પ્રત્યેનો પ્રેમરસ ચાખવો અને તેના નીકટના સહવાસમાં આવવું એજ શ્રેયકાર છે એટલુંજ નહિ

પણ, ખાસ તે અર્થેજ આ મનુષ્યપણું પ્રાપ્ત થયું છે છતાં પણ પેલી મુગ્ધાની અજ્ઞાન અર્થાત અણ સમજ અજ્ઞાન વરતી મીસાલે તે તકનો લાભ નહિ લેતાં કેવળ માઇક પદાર્થ મેળવવામાં અને વ્યવહાર ઉપાધિમાં રચ્યા મચ્યા રૂપ સમય પતિના સહવાસમાં નહિ આવતાં દુર દુર રહેવામાં વીતાવ શું તો પરિણામે અનહદ ક્ષેદ થશે અને માલીકના પ્રેમરસ (ભક્તિ) વગર અંતે ચોરાશીના ચક્રાવામાં પડશું અધોધતીમાં અટવાશું એ નિર્વિવાદ છે.

(૧૮૮)

પ્રીત પિછે પીળાં પડે, લોક વદે કે દુઃખ;
સાચબ્બા વિના સેહુજમાં, સુતા નાવે સુખ;

અર્થ—પતી વિયોગી પ્રેમદા પોતાના અનુભવ ઉદગારની વરેહ વરાળ દ્વરા જણાવે છે કે, પ્રાણીમાત્રને પ્રીત કરવાનો ધખારો કુદરતી રીતે થાય છે પ્રીતનું સ્વરૂપએક ભયંકર અને ન કળી શકાય કે ન જગતની ઔષધીથી દુર થાય તેવું છે એટલે પ્રીત કર્યા પછી તે રોગ સ્વાભાવીક રીતે હ્રદયમાં ઘર કરી રહે છે કે જે પીડાયે શરીર પીળું પડે છે એટલુંજ નહિ પણ સમાગમમાં રાત્રીએ સુતી વખતે સેજ—પલંગમાં જે અલભ્ય લહાવો કે જેનું વાણીથી અગર લેખથી વર્ણન ન નથઇ શકે તેવો સુખદમય મળતો; તે વિયોગમાં સુતાં સેજ પલંગ શુળી સમાન દુઃખ રૂપ જણાય છે.

સજનો! આ એક પ્રેમનું શુદ્ધ સ્વરૂપ કહો કે પરીણામ કહો તે એજ છે પણ તે બીજા સ્વાર્થે લેશપણ શંકા કર્યા શીવાય તન મન અને ધનથી દૈવિ રીત ભાતથી પાળવામાં આવે છે તો

તેજ પ્રેમ (પ્રીતિ) મોક્ષનું દ્વાર ઉઘાડવાને એક મજબુત (કુંચી–ચાવી) સાધન થઇ પડે છે.

(૧૮૯)

ચડતા દિનનું પારખું, નિત્ય આવે મેમાન;
પડતા દિનનું પારખું, આંગણુ નાવે સ્વાન,

અર્થઃ—પ્રતિદીન પોતાને ઘેર સગાં સ્નેહી અને દેશ વિદેશના જાણ્યા અજાણ્યા અસંખ્ય મુસાફરો લેશપણ શંકા સિવાય આનંદ પ્રસન્ન મુખે અતિથી થઇ (મિજમાન થઈ) આવે અને તેનું પુત્ર વત કે આત્મવત પણ શુદ્ધ પ્રેમની લાગણીથી ઘટતું આત્તિથ્ય (આશ્વસન) થતું હોય તે આવતા દિવસની નિશાની છે પણ પડતી દશાની એજ નીશાની કે વિદેશી તો ઠીક પણ માનો જણ્યો ભાઇ ન ચાલતાં આંગણે આવે છતાં તેને એક કુતરાને પણન છાજે તેવી રીતે તોછડાઇથી હડ–કરી હાંકી કાટવામાં આવે.

(૧૯૦)

કરેણ પુષ્પ સુંગધ, ડોલર કોઇ ચાહે નહિ,
સાવકી આપે સુખ, ઓરમાન કોઇ કહે નહિ.

અર્ણ—કરણના ફુલની સુગંધ (બાશ) સુવાસ કહેવાતી હોય અર્થાત તે તન મન અને આનંદ કારક હોય તો પછી મોગરાનાં ફુલને કોઇ હાથ પણ ન ધરત અર્થાત કે મોગરાનાં ફુલ મેળવવાની સજ્જનો અપેક્ષા ન રાખતે તેવીજ રીતે અપર–બીજી (નવી) માતાથી સંતાનોને દુઃખ થાય તો પછી તેનું નામ ઓરમાન સાવકી

(નવી) માતા પડતે નહિ કે તે ઓરમાન તરીકે જગતમાં ઓળખાતે નહિ ને સગી માતા (જનેતા) ને યાદ રાખવાનો કોઇ સંતાનને પ્રસંગ આવતે નહીં.

(૧૯૧)

ભાદરવે ભેંશ પુંછશે નહિ, પુંછશે તો મરે;
મરદ વેણ બોલે નહિ, બોલે તો પળે.

અર્થઃ—ભર ચોમાસાના ભાદરવા માસમાં ભેંશ કોઇ દી પુંછશે નહિ પણ તે માસમાં તો અસક્ત હોય છતાં તે પુર જોશમાં આવે છે. સમજ કે, ભાદરવા માસમાં લીલું ઘાસ પુષ્કળ હોય છે (વરસાદ સારો હોય તો) પરન્તુ ઘાસ પુષ્કળ હોય છતાં તે અશક્ત બનેનો નકી મરે છે તેવીજ રીતે મરદ લક્ષણો માણસ કોઇ મનુષ્યને કોલ દઇ બંધાતો નથી ને જો કદાચ તે બંધાય તો તે આગલ પાછલના સર્વ સંજોગનો પુરતો વિચાર કરીનેજ બંધાય છે કે જે બોલ પાલવા માટે પછી પોતે પોતાના સંસારી સુખની કે પ્રાણની પણ દરકાર કર્યા સિવાય અને મુસ્કેલી ઉઠાવીને પણ બોલેલો પોતાનો બોલ પાળવામાં પછાત રહેતો નથીજ પણ મરદના લીબાશમાં રાંડી રાંડો (નીર્માલ્ય) વૃતીવાળા પુરૂષોને બોલની કિંમત હોતી નથી કારણ કે જે લપોડશંખ દાક્તરની પેઠે દિવસમાં એક લાખ બોલ આપે છે ને એક લાખ વખતે પોતાનાજ બોલનું ને પોતેજ ખુન કરે છે કે જે તેમ કરવા મુદલ શરમ કે દોષપણનો નથી ......પ્રભુ એવા મરદથી સદાય અલગ રાખે.

(૧૯૨)

દિન ગણતાં માસ ગયા, વર્ષે આંતરીયાં;
સુરત ભુલી શાયબા, નામે વિસરીયાં.

અર્થઃ—આ સંસારના સંસારીનો સંબંધ આપણી સાથે કેવો છે તે સમજવામાં કોઇ અનુભવીએ પોતાના ઉદગારો ઉપરના દોહામાં બતાવ્યા છે.

તે જણાવે છે કે જ્યારે આપણો પ્રાણ પીંડથી અલગ થઇ આ ફાની દુનીયાને ત્યાગી ચાલ્યો જાય છે ત્યારે પળ મીનીટ કલાક પહોર દીવસ રાત્રી અઠવાડયું પખવાડયું માસ ત્રીમાસ છ માસ વરસ એક બે પાંચ પચીશ પચાશ એમ ઉતરોતર અને હયાતીમાં આપણાથી એક પળનો પણ વીયોગ નથી શહન કરી શકવાનાં એવો ડોળ બતાવી રહેનાર વ્હાલાં–વાલેસરીઓ આપણું નામ આપણી સુરત વીગેરે ભુલી જાય છે......વાહારે સંસારીઓ તમારો સંબંધ ! ધન્ય છે તમને તમારા સ્નેહનું આવું રૂપાંતર અમે અનેક રીતે અસંખ્ય વખતે અનુભવ્યું છતાં તે પરથી અમારા સ્નેહને અત્રે કાબુમાં રાખી શકતા નથી.

(૧૯૩)

રાજ તાજ તારાજ, આજ કર્યાં અણોસરાં;
ધન્ય ગતી ગરીબનીવાજ, મોસાળ વર્તે મોંઘાતનો.

અર્થઃ—કોઇ એક વીધવા રાણીનો પતી દુશ્મનની તલવારનો ભોગ થયો અને તે દુશ્મનોએ રાજસહીત તાજ પોતાને સ્વાધીન કર્યાં. મહેલ લુટી લીધા અને વીધવા રાણીને દેશપાર કરી ત્યારે તે

રાણી પોતાના છ માસના ધાવણા (ભવીષ્યના રાજ્યવારસ) છોકરાને તથા એક ત્રણ વરસની (કુંવરી) છોકરીને લઈ નીરક્ષપણે એટલે તદન એકાએક પગે ચાલતી અને ભીખારણપણે ગામેગામ કટકો રોટલો માગી ઉદર પુર્ણ કરી પોતાને પીયેર જતી હતી (આવી દશામાં તે મૃત્યુજ પ્રીય ગણે તે સ્વભાવીક છે પરંતુ ભવીષ્યના રાજ્ય વારસની જીવનદોરી લંબાવાજ તેણી નભી રહી હતી) પીયેર ગયા પછી અભીમાની ભાઇ ભોજાઈના આશ્રા નીચે રહી પણ લેશ પણ માણસાઇ અને સાલસાઇને હૃદયમાંથી તદન ઉકેચી નાખનારાં ભાઇ ભોજાઈ તેને ઘણીજ તીરસ્કાર રીતે તોછડાઇથી રાખતાં. ખાવાને તથા પોષાકને માટે પેલા કુંવર–કુંવરી અને વીધવા રાણીને (પોતાની બેન તથા ભાણેજને) એક ભીખારીને પણ ન ઘટે તેવી વસ્તુઓ આપતાં ઉપરાંત તેના પ્રત્યે હમેશના ધખારા કરતા તેને કુવચનથી મેણાં મારતા એ સઘળા સંજોગને અનુભવીને વીધવા રાણી પોતાના ઉદગાર ઉપરના દુહા મારફતે કહે છે જે ઉપરથી આપણે એજ સમજવાનું છે કે આ બધો સંસાર સારો છે પણ તે કયાં લગી? જ્યાં સુધી કોઇનું કામ ન પડે ત્યાં સુધી જેના માટે તુલસીદાસે કહ્યું છે કે,

"તુલસી સબ જગ સરસ હે, જબ લગ પડયો ન કામ;
"હેમ હુતાસન પારખું, પીતળ નીકસે સ્યામ.

મતલબ કે ચડતી દશામાં વગર બોલાવે સઉ કોઇ ખમાં ખમાં કરી ખીજમત ઉઠાવે છે પણ પડતી દશામાં એજ ખીજમતદાર સામુ પણ જોતા નથી વળી ગરીબીમાંથી વઇભવી થવું ઉત્તમ છે પણ વૈભવીમાંથી ગરીબ થવું ઘણું નેષ્ટ છે પણ લાઇલાજ એ સઘળા શુભ

અશુભના પરીણામનું મુળ આપણા પુર્વ કર્મનું છે માટેજ આ સંસારમાં પુર્વના ખરાબ અગર સારાં કર્મ ખપાવવાં અને નવાં કોઇ પણ રીતે ન બાંધવાં દરેક વ્યક્તીએ ખસુસ લક્ષમાં રાખવાનું છે.

(૧૯૪)

કંથા તું કુંજર ચઢયો, હેમ કટોરો હથ;
માગ્યાં મુક્તા ફળ મળે, (પણ) ભીખને માથે ભઠ.

અર્થ:—ગલી ગલીમાં હાથમાં કાચલી લેઇ કાચલીવા-પણું ગ્રહણ કરી રાંકદશાએ "અરે બાઇ કોઇ આલોને" એવા દયા-હીન શબ્દોના સાધનવડે ભીખ માગવામાં ઉતરેલું અને કોહાઇ ગયેલું અનાજ મળતું હોય તેના કરતાં કદાચ ભલેને હાથી પર બેસી કાચલીના બદલે હાથમાં રત્નજડીત કંચનનો કટોરો લઇ ભીખ માગતા હોય અને તેવી પોઝીશનપણાની ભીખની રીતમાં તેને મોતી મળતા હોય તો પણ તે નેષ્ટ છે મતલબ કે ભીખ કરતાં કદાચ હેલકારી કરી ઉદરપુર્ણા કરવી પણ નેષ્ટ રૂપ ગણાઇ ચુકલી ભીખથી આ જીંદગી કોઇ પણ મનુષ્યે ન ઇચ્છવી.

* * આવી નેષ્ટ ગણાતી ભીખને આપણા કેટલાક બંધુવા ક્યારે તજી દેશે ?

(૧૯૫)

જોબન પુછે જરાને, પ્રીત કેટલામાં હોય;
લાગે જબ લેખું નહીં, તુટે ટાંક ન હોય.

અર્થ:—જરા નામનો માણસ કે જે પ્રેમના કીડા તરીકે આ-ગળ ઓળખાતો હતો મતલબ કે તે પ્રેમનો પ્રમુખ થઇ પડ્યો હતો

ત્યારે તેને યુવાની અવસ્થાએ એટલે કે પ્રીતના ઉમેદવાર યુવકે પુછયું કે હે જરા ! પ્રીતનું માપ (સ્વરૂપ) કેવું, કેટલું છે તે કહે ત્યારે જરા કહે છે કે જ્યારે પ્રીત લાગે છે તે વખતે તેનું માપ ન થઇ શકે તેવી તે અમાપ (અગાધ છે) પણ જ્યારે તે તરૂટે છે (પતળે છે, પક્ષટી બેસે છે કે પ્રતીકુળ થાય છે.) તે વખતે તેનું વજન એક ટાંક કરતાં પણ ઓછું થાય છે.

* * પ્રીત આવી બેરંગી છે.

(૧૯૬)

ગોલાં હુંદી ગોઠડી, ખાખર હુંદી વાડ;
ધીરે ધીરે છાંડીયે, સરોવર છાંડે પાળ.

અર્થ:—જાણ્યે અજાણ્યે નીચ માણસની સોબત થઇ હોય તે ક્રમે ક્રમે ઓછી કરી તેને જાથુક માટે છોડી દેવી, ખેતરની અંદરના પાકના રક્ષણ અર્થે ખાખરાની વાડ કરી હોય તો તે વાડને પણ ધીરે ધીરે ઉખેડી તેના બદલે હાથલા થોરની વાડ કરવી કારણ કે નીચની સોબતથી મનુષ્યનું શ્રેય થતું નથી તેમ ખાખરાની વાડથી પાકનું રક્ષણ થતું નથી.

(૧૯૭)

આણંદ કહે પરમાણંદ, ભેદી કેમ ભુલંત;
દી ઉઠે દશા ફરે, અવળા બોપ કરંત.

અર્થ:—સજ્જન, સજ્જનને પ્રશ્ન કરે છે કે હે સજ્જન ? સર્વ ગુણસંપન માણસ અમુક કાર્યમાં પોતાની ચતુરાઇ કેમ વીસરી

જાય છે? ત્યારે સજ્જન જવાબ આપે છે કે ગુણવાન માણસ પોતાની ચતુરાઇ અમુક કાર્ય પ્રસંગે ત્યારેજ ભુલે છે કે જ્યારે તેની ચડતીની પડતી થવાની હોય છે.

(૧૯૮)

દી ફેરવે દીકરા, કાં વહુને કાંક વરા;
કાં તો નાર કભારજા, કાં અફીણ તો ખરા.

અર્થ:—ગમે તેવો બાહોશ અને ઉધમી નર હોય કે જેના સુકાનથી તે દર માસે લાખોની કમાણી થતી હોય ને અસંખ્ય સુખ વઇભવમાં સ્થીતી ઝાહોજ લાલી વાળી હોય તો પણ તે સર્વને ટુંક મુદતમાંજ ફનાં કરનાર અને ભીખારી દશામાં લાવી મુકનાર આ જગતમાં પાંચ મજબુત કારણો છે અને તે એક (૧) કપુત એટલે વ્યસની જુગારી અને રંડીબાજ છોકરાઓ (૨) બીભીત્સ પોશાકની શોખીન ખોટાં લાડમાં ઉછરેલી સ્વતંત્ર અને સ્વચ્છંદપણે રહેનારી છોકરી કે છોકરાઓની સ્ત્રી (૩) કુલગુસાઇ ખર્ચાળ શરલી (૪) વ્યભીચારી સ્ત્રી (૫) અફીણ અર્થાત દુરવ્યસન.

(૧૯૯)

જે મારગ કેશરી ગયો, રજ લાગી તરણાં;
એખડ ઉભાં સુકશે, નહિ ચાખે હરણાં

અર્થ:—જેની હાકથી પરવતના ગાળા ગાજી રહે છે એવો વનરાજ જે રસ્તો પસાર કરે છે ત્યારે તેના પગની ઝપટથી તે રસ્તાની ધુળ ઉડીને રસ્તાની નજીક ઉગેલા ઘાસપર પડે છે તે ઘાસને ખા-

વાની મૃગ હિંમત કરી શકતાં નથી કારણકે પડેલી ધુળમાં વનરાજની શુરવીરતાનાં રજકરણ પ્રસરાઈ રહ્યા હોય છે અને તેથી ખાવખત મૃગને સિંહનો-વનરાજનો ત્રાસ તાજો યાદ આવે છે જેથી ખાઈ શકતાં નથી-એટલે તે ઘાસ લીલાં સુકાઈ જાય છે.

(૨૦૦)

પ્રીત કરવી સ્હેલ છે, નીભાવવી મુશ્કેલ;
ખાતાં કેફ પડે મજા, જીરવવો નહિ સહેલ.

અર્થઃ—કેફી વસ્તુને સ્વપ્નામાં પણ ન જોઈ હોય તેવા માણસો અવરને કેફી વસ્તુ ખાતાં પીતાં જોવે છે તો પોતે પણ તે પીવા માટે લોભાય છે અને પીયે છે પણ પીધા પછી તેને પચાવી શકતા નથી ને બેવકુફ બને છે તેમ આગળના શહેરીઓનાં દાસ્તાન દાખલા અવલોકી હાલના માણસો પ્રેમ કરવાને હોંશીલા તો બને છે પણ તે જીંદગી સુધી નીભાવી શકતા નથી. સબબ કે સ્નેહ સાચવવાની પરેજી બહુજ આકરી હોય છે. એટલે તે પરેજી પાળી શકતા નથી. સબબ તે સ્નેહીની મઝા ચાખી શકતા નથી. એટલે તે સ્નેહ, તેનો સ્નેહી અને સ્નેહ જોડનાર એ સર્વની ભ્રષ્ટ સ્થિતિ થાય છે.

(૨૦૧)

ચાતક ચાકવા ચતુર નર, નીશ દિન રહે ઉદાસ;
ખર ઘુવડને મુરખ નર, સુખે સુવે નિજવાસ,

અર્થઃ—બપૈયાઓ, ચકોર અને બુદ્ધિશાળી માણસ એ ત્રણે વ્યક્તિ ગમાર વૃતિથી નહિ રહેતાં સદા સચેત રહે છે અને ગધેડો ઉલુક અને મુરખ માણસ ગમારની માફક ઉંઘ્યાજ કરે છે.

(૨૦૨)

વાણી શુરા વાણીયા, રણ શુરા રજપુત;
સુખ શુરા જનકાદીકો, દુ:ખ શુરા અદભુત.

અર્થ:—બોલવામાં વાણીયા શુરવીર ગણાય છે. લડાઇના મેદાનમાં ક્ષત્રી શુરવીર ગણાય છે. સુખ ભોગવવામાં સકળ સૃષ્ટિનાં લોક શુરવીર ગણાય છે. જ્યારે અદ્દભુત અબધુત એટલે અરણ્યવાસી યોગી દુ:ખને સહન કરવામાં શુરવીર ગણાય છે.

(૨૦૩)

મલીન મતીનાં માનવી; પરસુખે દુ:ખાય
ખર, જવાસો, આંકડો, વરસા સમે સુકાય.

અર્થ:—દરેક સ્થળે દોષ દેખવાનેજ જેની દ્રષ્ટિ ટેવાઇ રહી છે. અને પારકુ સુખ જોઇને જેને અજીર્ણ થાય છે તે કોઈ રીતેથી શાન્ત થતા નથી પણ મનમાંજ બળ્યા કરે છે; જેમકે ચોમાસાની રૂતુમાં જ્યારે સર્વ વનસ્પતિ હરિયાળી બને છે અને પશુઓ લીલાં ઘાસને ખાઈ પુષ્ટ બને છે ત્યારે ગધેડા શરીરે સુકાય છે અને આકડા તથા જવાસો પાન વગરનાજ રહે છે.

(૨૦૪)

હામ દામ ને ભેદથી, સમાધાન જો થાય;
ધરાધણી કે ઘરધણી, કરો ન કલેશ ઉપાય,

અર્થ:—કોઇની સાથે લેશપણ કડવાસ પ્રસારી હોય તો તેને ગમે તે રીતે હરી લેઈ બદલામાં અમૃત રેડવુ મતલબ કે કોઈની

સાથે કદિ જાણે, અજાણે કંકાસ કર્યો હોય તો પુનઃ સત્વર તેની સાથે સમાધાન કરી ભાઈચારો બતાવવો નહિં તો ઘરધણી કે રાજાયાતો પછી ગમે તેવા હો તોપણ કંકાસથી વિનાશ થશે.

(૨૦૫)

પંડિત ઇચ્છે માનને, મુર્ખ ચાહે ધનધામ
જ્ઞાની ઘરગોથ ંલીએ, જ્ઞાનધાન ધનમાન.

અર્થઃ—વિદ્વાન માણસ માનને ચાહે છે અને અજ્ઞાની સંસારી માઇકિ પદાર્થને એટલે દ્રવ્ય, મહેલ, સુખ, વૈભવ વિગેરેને ચાહે છે. પણ જ્ઞાની તો કેવળ સત્ય જ્ઞાનનેજ ચાહે છે કે જે જ્ઞાન વડે તે જ્ઞાનિને ત્યાં સુખ વૈભવ દ્રવ્ય મહેલ અને માન વિગેરે રખડયાજ કરે છે.

(૨૦૬)

નહિ શિંગ નહિ પુછડું, નહિ કર પદમ નિશાન;
વચન થકી વરતાય છે, અકુલીન કે કુલવાન.

અર્થઃ—કમજાત માણસને કમજાતની ઓળખ માટે કુદરતે કમજાત માણસના માથે એધાણી તરીકે કંઈ શીંગડાં બનાવ્યાં નથી તેમ જાતવાન માણસની ઓળખ માટે કંઈ હાથમાં કમળ ઉગાડયાં નથી છતાં કમજાત કે જાત માત્ર તેની વાણી વરતનથીજ પરખાઇ આવે છે,

(૨૦૭)

સજન ધાગો પ્રેમનો, તાણે તુટી જાય;
તુટયેથી ફીર સાંધતાં, આડી ગાંઠ રહી જાય.

અર્થ:—સ્નેહ છે તે કાચા સુતરના તંતુ જેવો છે એટલે કે તે તુરતમાંજ તુટી જાય તેવો છે માટે તેનું જુક્તિ પુર્વક જતન કરવું, નહિ તો તુટી જશે; જે તુટયા પછી તેને પાછો સાંધશો તો વચમાંજ ગાંઠ પડી જશે અને પેસ્તરના જેવી મજા નહિ આવે.

(૨૦૮)

ચાલવો ભલો ન કોસકો, દુહીતા ભલી ન એક;
માગવો ભલો ન સગા બાપથી, જો પ્રભુ રાખે ટેક.

અર્થ:—એકાદ કોસ સુધી પ્યાદલ ચાલવું પડે તોપણ તે સારૂં નથી તેમ એકાદી પુત્રી પણ સારી નથી. અને શ્રીહરી જો ટેક નીભાવે તો પોતાના બાપની પાસે પણ યાચના કરવી સારી નથી.

(૨૦૯)

કહા નહીં પાવક બાળી શકે, કહા નહી સીંધુ સમાય;
કહા ન કરે અબલા પ્રબલા, કાળ કોને નવ ખાય?

અર્થ:—અગની કોને બાળી શકતો નથી? સમુદ્રમાં શું સમાતું નથી. સ્ત્રી જાત શું નથી કરી શકતી? અને કાળ આ જગતમાં કોને ખાઇ શકતો નથી? આ પ્રશ્નનો પ્રતી ઉતર નીચે મુજબ છે:—

(૨૧૦)

પાવક કીર્તી ન બાળી શકે, સુયશ સમુદ્ર ન સમાય;
સ્ત્રી, પુત્ર ન પ્રસવી શકે, નામ કાળ નવ ખાય.

અર્થ:—અગની, કીર્તિને બાળી શકતો નથી. સુજશ સમુદ્રમાં

સમાતો નથી. સ્ત્રી પોતાની મેળે એકલી સંતાન ઉત્પન્ન કરી શકતી નથી. અને કાળ જગતમાં નામને ખાઈ શકતો નથી.

(૨૧૧)

ગઇ સંપતી ફીર સાંપડે, ગયાં વળે છે વહાણ;
ગઇ કીર્તી આવે નહીં, ગયાં ન આવે પ્રાણ.

અર્થ:—એક વખત હાથમાંથી ચાલી ગઇ લક્ષ્મી કાળે કરીને પાછી આવે છે. ભરસમુદ્રમાં લાધી ગયેલાં વહાણ પુનઃ પ્રાપ્ત થવાની વધાઇ મળે છે. પરંતુ આ જગતમાં ગુમાવેલી કીર્તી અને કાયામાંથી નીકળી ગયેલો જીવ અનેક ઉપાય કર્યા છતાં પણ પાછાં આવતાં નથી.

(૨૧૨)

જેને બોલે બંધ નહીં, મર્મ નહીં મનમાંય;
તાકા સંગન કીજીયે, છોડી ચાલે વનમાંય.

અર્થ:—જગતમાં જે માણસ બોલીથી બંધાતો નથી. એટલે વારંવાર વચન આપીને ફરી બેસે તથા જેના મનમાં મર્મ એટલે સારાસારનો વીચાર નથી એવાંની સોબત કરવામાં ફાયદો નથી કારણ કે એવા માણસ વનમાં મુકીને ચાલ્યાં જાય છે એટલે આખરની વખતે તરછોડી નાખે છે.

(૨૧૩)

નહિ આદર નહિં આવકાર નહિ. નેણમાં નેહ,
એ ઘેર કદી ન જાઇએ, ભલે કંચન વરસે મેહ.

અર્થ:—જેને ઘેર જતાં આદરસત્કાર કે પુરો આવકાર મળતો

નથી જેનાં નેત્રમાં પ્રેમ નથી. એવાંને ઘેર ભલે સુવર્ણનો વરસાદ એટલે મનગમતું ધન મળતું હોય તોપણ સજન પુરૂષોએ ત્યાં કોઇ દિવસ પણ જવું નહિ કારણ એવા અભિમાના પાસે જવાથી પોતાનું વજન હમેશાં ઓછું થાય છે.

(૨૧૩)

જાજા આદર જાજા આવકાર જાજા નેંણમાં નેહ;
એ ઘેર તો નીત નીતજાયે, ભાલે ભલાના વરસે મેહ

અર્થઃ—જેને ઘેર જતાં અધીકાધીક આદરસત્કાર થતા હોય અને દેખીને જેનાં નેત્રમાં આનંદ ઉપજતો હોય એવાને ઘેર જતાં ભલે અનેક દુઃખનાં આવરણો સહન કરવાં પડે તોપણ સજન પુરૂષોએ હમેશાં જવું.

(૨૧૫)

હળદી જરદી ના તજે, ખટસ્સ તજે ન આમ,
ઉત્તમ ગુણને ના તજે, ગુણ તજે ગુલામ.

અર્થઃ—હળદર પોતાની પીળાપ કોઇ દીવસ છોડતી નથી. તેમ આંબલી પણ પોતાની ખટાશ તજતી નથી અને ઉતમ એટલે કુળવાન માણસ પણ પોતાની ખાનદાની મુકતો નથી. મતલબ કે તેના ઉપર જે જે ગુણ કર્યા હોય તે ભુલતો નથી પરંતુ આ જગતમાં ગુલામ એટલે નિચ કુળના બેવકુફ માણસને ગમે તેવો ગુણ કરીએ તોપણ તે ભુલી જાય છે,

(૨૧૬)

નાના સાથે સ્નેહ–કાલાં કોઇ દી કરીએ નહિ;
છરક દીયે એ છે—સરવાળો સાંધે નહિં.

અર્થ:—નાના એટલે અજ્ઞાન માણસ સાથે કોઈ દિવસ જીગરની દોસ્તી કરવી નહિ, કારણકે એવાં અજ્ઞાન માણસ આખર સુધી નહિ નિભાવતાં વાત વાતમાં દોસ્તીના દોર ઉપર કાપ મુકી દે છે.

(૨૧૭)

ફળ ખાધાને પાન બગાડયાં બેઠાં શીતળ છાંય
આજ તમે બળો ને અમે ઉડીયે–એજ જીવનકો ફળ નાંહી

અર્થ:—વનમાં દા લાગેલો જોઇ એક વૃક્ષ પોતાની ઉપર બેઠેલાં પક્ષીનાં જોડાંને કહે છે કે હે પક્ષી ! દા બળતો આવે છે માટે તમે ઉડી જાવ નહિ તો બળી મરશો. તેના જવાબમાં પક્ષીએ કહ્યું કે–આજ દિવસ સુધી અમે તમારાં ફળ ખાધાં, હગારથી તમારાં પાન બગડયાં અને શીતળ સુખમય છાયા લીધી. એવાં હે ઝાડ ! આજ તમે દવમાં બળી જાવ અને અમે જીવવાની આશાએ તમને મુકીને ઉડી જાયે તો અમારા એ જીવનને ધીકાર છે, મતલબ કે જેના આધારે આપણે અનેક વૈભવ ભોગવ્યા હોય તેની પડતી આવે ત્યારે તેને તજી દેવું નહિ પણ તેને મદદગાર થવું.

(૨૧૮)

નારી કદી ન વંદવી–નારી નર્કની ખાંણ
નારીથી નર હિન થયા, ભલા ભલા જન જાણ.

અર્થ:—જગતમાં સ્ત્રીને કોઈ દિવસ માનવંતી કરવી એટલે તેમાં આસક્ત થવું નહિ. કેમકે તે ખરે નરકની ખાણરૂપ છે, વળી સ્ત્રીમાં આસકત રહેનારા ભલભલા નામાંકિત નરવરને પણ નીચું જોવાનો વખત આવ્યો છે. એના જવાબમાં કોઈ એક કહે છે કે—

(૨૧૯)

નારી કદી ન નીંદીયે, નારી રત્નકી ખાણ;
નારીથી નર નીપજ્યા, ધ્રુવ પ્રહ્લાદ સમાન.

અર્થ:—સ્ત્રીને કોઇ દિવસ નિંદવી એટલે તરછોડવી નહિ અથવા તેનું અપમાન કરવું નહિ, કારણ કે સ્ત્રી તો આ જગતમાં ખરેખર રત્નની ખાણરૂપ છે કે જે ખાણમાંથી ધ્રુવ અને પ્રહલ્લાદ જેવા પ્રતાપી પુરૂષોરૂપ રત્ન ઉત્પન્ન થયાં છે.

(૨૨૦)

મણીધર લડે તો ભલે લડે, પણ તું કાં લડે ઘો,
પડી રહેને પાપણી, સુખ નીદરા કાં ખો.

અર્થ:—મણીધર એટલે સર્પ લડે એટલે ગમે તેમ માણે તો ભલે માણે પણ હે ઘો! નકામી શું કરવા લડે છે? કેમકે તારામાં અને સર્પમાં જમીન અસમાનનો તફાવત છે માટે લડવાનું મુકી દે અને છાનીમાની સુઇ જા.

(૨૨૧)

બાબા તારિ બકરી, કોઇ ન ઝાલે કાન,
ખરી સમેત ખાઇ ગયો, ભડલીવાળો ભાણ.

અર્થ:—થોડા વરસ અગાઉ એક બાબા નામનો માણસ એવો તો જબરો હતો કે તેની બકરીનો કાન પણ કોઇ ઝાલી શકતું નહિ. પણ ભડલી ગામમાં એક ભાણ એવો ઉત્પન્ન થયો કે એ બાબાની બકરીને આખીને આખી ખાઈ ગયો હતો કે જેની ખરીયુનો પણ પતો નહોતો લાગ્યો. મતલબ કે શેરને માથે સવાશેર થાય છે,

(૨૨૨)

મે માનું ને માન, દિલ કોઇ ભરીને દિધાં નહીં;
મેડી નહીં મસાણ, સાચું શારઠીયા ભણ.

અર્થઃ—વ્યવહાર રીતીમાં ગ્રહસ્થાશ્રમને વર્તનારો સજ્જન ભલે ધનવાનની સંજ્ઞામાં ગણાતો હોય તે સાથ બાગ બગીચાવાળા બંગલામાં નીવૃતિથી વૈભવમાં વખત વીતાવતો હોય પણ પોતાને ત્યાં ઇચ્છા કરી આવેલ મીજમાન (અતિથી) ને પ્રેમયુકત આદર સત્કાર ન થાય તો તે સર્વ શાયબી સંસારમાં સ્મસાન જેવી ગણાય છે. કારણ કે આશા કરી આશ્રે આવેલ અતિથીનો યથા શકિત પ્રમાણે સત્કાર કરવો એ ગ્રહસ્થાશ્રનો ધર્મ છે. ગ્રહસ્થાશ્રમનો ધર્મ કેવો છે તેના માટે એક નીચેની બીના છે કેઃ–એક મુસાફર ફરતો ફરતો અઘોર જંગલમાં ગયો તેવામાં સુર્યાસ્ત થયો અને રાત પડી. રૂતુ ભર શીઆળાની હતી. પેલા મુસાફરની પાસે કોઇ પણ જાતની વધારેની વસ્તુ કે ઉદર પુર્ણા માટે ભાતું પણ નહોતું. અઘોર જંગલમાં રાત્રીના વખતે મુસાફરી ચાલુ રાખવી એ તેને જોખમ ભરેલું જણાતાં એક પુરાણા વડનો આશ્રો લઇ બેઠો. અર્ધી રાત્રી થઈ ત્યારે તેને કકડીને ભુખ લાગી. સાથે ઠંડીનું પણ જોર વધ્યું. વડ ઉપર પોતાનાં બે બચ્ચાં સહીત એક પક્ષી જોડું પોતાના માળામાં હતું. તે પક્ષી જોડએ વીચાર કર્યો કે આપણે ગ્રહસ્થાશ્રમ માંડયા છે અને આપણે આશ્રે આજ આ મુસાફર આવ્યો છે તે ભુખથી અને ઠંડીથી પીડાતો જણાય છે, જે જાણ્યા છતાં પણ જો તેનો આપણે યથાસ્થિત રીતે આદરસત્કાર નહીં કરી શકીશું તો ગ્રહસ્થાશ્રમ ધર્મની વિરૂધ્ધ કરશું એમ જાણી થોડા દુર બળતા દવ આગળ જઇ સળગતા લાક-

ડાનો કટકો પોતાની ચાંચમાં ઘાલી લાવ્યો અને વડ ઉપર રહી પેલા મુસાફરની આગળ પડતો મુકયો. ઠંડીને લીધે રિબાતા મુસાફરે અચાનક અગ્નિનું આગમન જોઇ આસપાસમાં પડેલાં સુકા ઝાડનાં લાકડાં ભેગાં કરી તેમાં અગ્ની મુકી તાપણી બનાવી ઠંડીના દુઃખથી મુકત થયો તાપણીનો ભડો, (દેવતાનો ભાડો) બરાબર થયો એટલે તેની ક્ષુધા ટાળવા માટે પોતાનાજ પીંડનો ભક્ષ આપવો એવો વીચાર કરી પેલો પક્ષી તે ભઠામાં પડયો. પક્ષીને પડયો જોઈ મુસાફર તેને અગ્નિમાંથી બહાર કાઢવા પ્રયત્ન કરે છે તેમ તેમ પક્ષી આપ જોરથી ઓળો બની જઈ. ખોરાક તરીકે ઉપયોગી થઇ પડે તેવા હેતુથી ભઠા અંદર ઘુસી મરણ પામ્યો. પતીને મરતાં જોઈ પક્ષી પક્ષીણી પડી તેમ બની. માબાપને તેમ થતાં જોઇ બને બચ્ચાંએ પણ તેમ કર્યું. ચારના પીંડના માંસમાંથી પેલો મુસાફર ક્ષુધાને પણ ટાળી શકયો.

ધન્ય છે, પક્ષીઓ જે કે ગ્રહસ્થાશ્રમ ધર્મ નીભાવવા માટે આતીથ્યનું આતીથ્ય કરવા પોતાનાં પ્રાણને સમર્પ્યાં તો નરજાતી ગ્રહસ્થાશ્રમ ધર્મને પાળે તેમાં નવાઇ નથી માટે દરેકે યથાસ્થિત રીતે ગ્રહસ્થાશ્રમના ધર્મ પાળવા એજ સુફળતા છે.

(૨૨૩)

લાખ કરોડ કમાય, ખાય પીયે ખર્ચે ઘણું;
પણ પઇસો ના અપાય, તો સંપત શ્યા કામની.

અર્થઃ—વ્યવહાર અનેક જાતના ધંધા રોજગાર કરી મનુષ્ય કાળે કરીને ક્રોડ પતી થાય છે. પણ ક્રોડપતી થયા છતાં પછી જો

એક કોડી પણ નહીં વાવરમાં જો મખીચુસ બને અને તે દ્રવ્યથી માત્ર પોતાનુંજ પેટ ભરી જાણે તો તે દ્રવ્ય શું કામનું છે ?

(૨૨૪)

ન કરે કરથી કાજ, પાંચ આંગળાં એકઠાં;
તો લાખ દામની લાજ, રાખ બરાબર જાણવી.

અર્થ—લખેશરી થયા છતાં આગળ આવીને આશા કરનાર અતિથીને હાથે કરી ગજા પ્રમાણે જો કાંઇ ન આપી શકાયું તો તેની લખેશરી આબરૂ જગતમાં રાખોની માફક ગણાય છે.

(૨૨૫)

પુજાવે નિજ પાય, પોતે પુજી જાણે નહિં;
નિચી ડોક ન થાય, તે પથ્થરનાં પુતળાં.

અર્થ—લક્ષ્મીપતી થયા પછી અનેક માણસની સલામો મેળવે અને અગણીત કંગાળ પાસે સેવા કરાવે પણ તેના બદલામાં પોતે કોઇની સેવા કરી જાણે નહીં કે નીચી ડોક કરી સલામો ઝીલી શકે નહીં ને કેવળ મોટાઇના વળમાં તુંડ મિજાજથી ગર્વિષ્ટપણામાં મસ્ત રહે તો તે માણસ નહીં પણ વ્યવહારમાં એક કાળમીંઢ પથરનાં પુતળાં સમાન લેખાય છે.

(૨૨૬)

ખટરસ ખાંતે ખાય, ખવરાવી જાણે નહીં;
દીઠે સીંહ ધરાય, તે દુર્જનશું કામનો.

અર્થ—લક્ષ્મીપતી થવાથી પોતે કોઈ સગાંવહાલાં કે મીત્રને ત્યાં મેમાન તરીકે જાય છે તો તે બિચારાં તે લક્ષ્મીપતાની અવનવી પ-

રોણાગત ગજા ઉપરાંત કરે છે, અને તે લક્ષ્મીપતી પણ તેવાંઓની પરોણાગત અનેક ચાગલાઇ સ્વભાવે ચાખી મનમાં સમજે છે કે આ લોકો હું લક્ષ્મીપતી છું તેથીજ ખીજમત ભરેલી મ્હારી પરોણાગત કરે છે. એમ સમજી તે સર્વ જ્યારે પોતાને ઘેર આવે છે, ત્યારે તેનો ભાવ પણ પુછતો નથી તો તેવો લક્ષ્મીપતી લક્ષ્મીપતીના દરજાને બીલકુલ લાયક નથી.

(૨૨૭)

પહેરે પોતે હાર, દોરો દઇ શકતા નથી;
કહે કોણ અમીર, ? એ તેડા તાબુતને.

અર્થ—દ્રવ્ય સાધનથી શરીર ઉપર અવનવા ધાટનાં અનેક ઘરેણાં આભુષણો ધારણ કરી પોતાનાથી ગરીબ માણસોના સમુદાયમાં શેખી બતાવી ફરે છે પણ બીજાને એક દોરો પણ આપી શકતો નથી. તો તેવા શેખી ખોરનું જીવન અને દ્રવ્ય જગતમાં કાંઇ પણ ઉપયોગી નથી.

(૨૨૮)

કરમાં પહેરે કડાં, કોડી કોઇને આલે નહિં;
એ માનવ નહિં પણ મડાં, કામ ન આવે કોઇને;

અથ—દ્રવ્ય સાધનથી. હાથમાં નીલમ માણેક જડીત હેમની પહોંચી કે કડાં સાંકળાં પહેરે છે, પણ કોઇ ગરીબને એક દમડી આપતાં મોત પડે છે, એવા દ્રવ્યવાન માણસો તે માણસ નહીં પણ આત્માવીહીન મુડદાં સમાન છે.

(૨૨૯)

વેતાં એકજ વાંણ, બેઠાં બીજી કરે;
બીજક બીજું જાણ, સાચું સોરઠીયો ભણે

અર્થ—વેર્તા એટલે ચાલતાં અથવા જતાં એક વાત કરે અને બેસતાં બીજી વાત કરે મતલબ કે બોલે કાંઈ અને કરે કાંઇ, હૃદયમાં ઝેર રાખે અને મુખથી મીઠાં બોલે એવા માણસનું બી એક નહીં પણ બીજું ગણાય; એટલે કે એવું વર્તન ચલાવનાર માણસ તેના બાપથી નહીં પણ અન્ય કોઇથી ઉત્પન્ન થયેલો હોય એમ સોરઠીયો કહે છે.

(૨૩૦)

જે તે ભેળાં જાય, પોતાનીપ્રજ મેલીને
ઇ ભેંસલા ભણાય, સાચું સોરઠીયો કહે

અર્થ—પોતાનું કુટુંબ એટલે માબાપ, કાકા, ભાઇ, ભાંડરૂ આદિ અનેક સગાં વ્હાલાંનો ત્યાગ કરી જે માણસ પારકું પ્યારૂં ગણી અવર સાથે ભળવાને જાય છે તે મનુષ્ય જાતીમાં જનમેલો છે તોય તે પશુ જાતીમાં ગણાય છે.

(૨૩૧)

બારે બળતર હોય, ઓષડ કરી ઓલવીએ
કાળજ બળતર કોયકીં ઓલાયે કાળીયા

અર્થ—શરીરના અન્ય કોઇ ઉપર જે કાંઇ રોગની વેદના હોય તો તેનું અઉશધ કરવાથી મટે છે પરંતુ જેને હૃદયની વેદના છે તે અઉશધથી પણ અલગી થતી નથી મતલબ કે જગત દુઃખનાં આવરણ આવે તેને નીવારવાના ઉપાય મેળવી શકાય પરંતુ ખાનગી આવરણના ઉપાય કેથે મળતા નથી કે તે શીટાવવા કોઇનો પુરૂષાર્થ

કામ આવતો નથી પણ તે મુશકેલી તો એક શ્રા હરી એટલે માલીક દુર દફે કરે તોજ થાય, શીવાય તો વ્યર્થ છે.

(૨૩૨)

લાવરતે તલવાર હરકોઇ હોકારા કરે
સાવજ ના શીકાર રમવા મુશકેલ રાજીયા

અર્થ—લાવર–લાવરીયાં કુતરાને તરવાર વતી ગરદન મારવામાં સઉ કોઈ હોહોકાર કરી શુરવીરપણું બતાવે છે એ નવાઈ નથી, તેમ મરદાનગી નથી પણ ખરેખરી ગરદાનગી અને શુરવીરપણું તો એજ કહેવાય કે સામે પગે સિંહનો શિકાર કરવો.

આધુનિક સમયમાં રાજા મહારાજા અને અનેક શુરવીર શીકારીઓ પોતાની મરદાનગી જગજાહેર કરાવવા અર્થે સિંહના શીકાર કરે છે. પણ તે શીકાર કોઇ પણ રીતે સ્તુતિપાત્ર ગણાય તેવા નથી, તેનું કારણ એજ કે સિંહના રહેઠાણની આસપાસ બકરું અથવા તો પાડાને બાંધવામાં આવે છે અને ત્યાં ઉંચા ઝાડ ઉપર માંચડા (સીકાર કરનાર શુરવીરોને બેસવાની જગ્યા) ગોઠવવામાં આવે છે (આ માંચડા એટલા બધા ઉંચા હોય છે કે સિંહ કોઈ રીતે શિકારીને જોઇ શકે નહીં તેમ ત્યાં પહોંચી પણ શકે નહીં પછી તે માંચડા ઉપર શિકારીઓ દારૂગોળાના જથા સાથે બેસે છે અને જેવો સિંહ પાડા યા બકરાને ખાવા બહાર આવે છે કે તુરતજ માચડા ઉપર છુપાઈ બેઠેલા શુરવીર શીકારી માંચડા પરથી બંદુકના બહારથી સિંહને ઘાયલ કરી પોતાની મરદાનગી બતાવે છે તે કોઇ રીતે સ્તુતિપાત્ર નથી. સબબ એટલુંજ કહેવાનું કે સીંહનો શિકાર કરી કોઇને મરદાનગીને ચાન્સ મેળવવો

હોય તો કોઇ પણ જાતના સાધન વગર માત્ર એકાએકપણે હાથમાં હથીયાર તરીકે ફક્ત એક તલવાર રાખી સિંહના રહેઠાણે જવું અને ત્યાં સિંહને સાવધ કરી સામે પગલે તરવારથી સિંહને ઠાર કરવો જોઇએ અને એ પ્રમાણેનો શિકાર મરદાનગી અપાવનારો નીવડે એમ જગતનું માનવું છે. માટે તેમ કરવું, પણ માંચડા ઉપર લપાઇને મારવો એ દગલબાજી જેવું ગણાય.

(૨૩૩)

ગાડું ભાગ્યું અને ગોરી વીયા, રણ આથમ્યો સુર;
તસ્કર આવ્યા લુંટવા, પંથે ચાલ્યાં પુર.

અર્થઃ—કોઇ એક મુસાફર પોતાના સ્ત્રી સાથે ગાડામાં બેશી મુસાફરી કરતો હતો. તેમાં એક દિવસે તેના ઉપર એવી વીંટંબણા આવી પડી કે—તેનું ગાડું રણ વગડાની મધ્ય વચમાં આવ્યું એટલે તે ગાડું ભાંગી ગયું. દિવસ અસ્ત થયો અને મેઘલી મચી. એકાએક વાદળ ઘેરાઇ આવી અનરાધાર પાણી પાડવા માંડયા કે, વાટે ઘાટે બધું જળમય થઇ ગયું. આવે વખતે પોતાની સ્ત્રીએ બાળકને જન્મ આપ્યો અને ઓછામાં પુરૂં એ વખતે લુટારા તેને લુટવા આવ્યા. આવખતે સઘળા દુઃખી સંજોગો જોઇ મુસાફર એક નજીકના રાફડાપર ચડી લાંબો હાથ કરી મોટેથી બુમ પાડી બોલવા લાગ્યો કે, હવે જેટલાં દુઃખ હોય તેટલાં બધાં આવી પહોંચ જો બાકીમાં રહી જશો તો પસ્તાશો.

મતલબકે ઇનસાનની જ્યારે ચડતી દશા હોય છે, ત્યારે મનમાં ન ઇચ્છેલ અવનવાં સુખનો સરુદાવ મળતો જાય છે. ને જ્યારે પ-

કતી દશા થાય છે ત્યારે વગર માગ્યાં અનેક દુઃખના સંજોગ કે જે સંજોગનું શ્રવણ કરતાં ઇનસાનનાં હ્રદય રોવા લાગે એવાં દુઃખો આવી પડે છે પણ કર્તવ્ય એજ કે દુઃખમાં દબાઇ રહેવું નહિ, સુખમાં ફુલાઈ જવું નહિ; પણ માલીક જે વખત આપે તેને શાંતીથી અને નીતી પણે રહી પસાર કરવો.

(૨૩૪)

ખાવ પીવો સુવાસ લ્યો, મનમાં રાખો હેતાં;
મરી જાવું છે માનવી, છાતીએ હાથ દેતાં.

અર્થ:—આ સંસારમાં જન્મીને નીતિની રાહે વર્તતાં જે રોજીનો માલીક આપે તેમાં સંતોષ માની સહકુટુંબની સાથે સુંસપથી વર્તી સુખેથી ખાવું અને અન્યને ખવરાવી ખુશી થાવું એજ સાર્થક છે. શિવાય તો પછી અધિક લાભની પ્રાપ્તી માટે અનેક જાતનાં અનીષ્ટ કામો કરી લાભમાં તો સુન્ય, ને નાહક પાપનાં પોટલાં બાંધી છાતી કુટતાં મરી જવું પડે છે. માટે સઉએ સર્વમાં સંતોષ માનવો એજ ઉત્તમ છે,

(૨૩૫)

શસ્ત્ર સુંદરી રત્નહય, નોકર ન જુવો મુલ;
ધરણીમાં ધારી જુવો, ધણીને મુલે મુલ.

અર્થ:—હથિયાર, સ્ત્રી, જવાહીર, ઘોડો અને નોકર એ પાંચનું મુલ કેટલું છે એનું નકી પ્રમાણ કહેવાતું નથી, કારણ કે. એ વસ્તુની ખરી કિંમત તેના ધણી ના મુલમાંજ રહી છે. મતલબ કે એ એ પાંચ પૈકીની એક પણ ચીજ જેટલી કીંમતના (શક્તિવાળા)

માલીક પાસે હશે તેટલીજ કિંમત તેની અંકાશે એટલે ખરી ખુબી તેના માલીકના હાથમાંજ છે.

(૨૩૬)

વિદ્યા સાથે દ્રવ્ય મળી, રહે ન એકે ઠામ;
સોનાની કિંમત ઘણી, નહિ સુગંધી નામ.

અર્થઃ—જેની પાસે વિદ્યા હશે તેની પાસે પૈસા નહિ હોય, અને જેની પાસે પૈસા હશે તેની પાસે સદ્‌વિદ્યા નહી હોય એટલે એક એકની ખામીથી એકલું મનુષ્ય વિસ્તાર પામતું નથી, પણ બંને સાધન જો એક સ્થળે ભેગા મળે તો તે દૈવિ પ્રભાને પ્રગટાવે એ નીર્વીવાદ છે, પણ જેમ સોનું કિંમતી અને દેખાવમાં સુંદર છે તેમ તેનામાં સુગંધી નથી એ મોટી ખામી દેખાય છે. એવી રીતે એકલી વિદ્યા પૈસા વીના ખામીવાળી થાય છે.

(૨૩૭)

પકડયો પૃથીરાજને સમરે સોંપયું શરીર;
એક નારી નીમીત પણ, દિવસ તણી તકશીર,

અર્થ—જગ બત્રીશીમાં એવું કહેવાયું કે હિંદ દેશમાં રજપુતો. નું નુર કમી થયું અને તરકાણાનું જોર જામ્યું એનું સઘળું કારણ સ્ત્રી છે.

એ સ્ત્રી અન્ય કોઇ નહિ પણ માત્ર એક સંયોગતા છે એમ જગત માને છે.

સંયોગતાને લાવ્યા પછી પૃથુરાજ મોજ વિલાસમાં પડયો અને રજપુતમાં અંદર અંદર કલહ થયો અને એથી આખરે હિંદ દેશનો હીરો અને રજપુતોનું કિંમતી રત્ન પૃથુરાજ બાદશાહના હાથથી પ-

કડાયો અને સમરસિંહ જેવા શુરવીરે શરીર સોંપયું એ સઘળાનું મુળ સંયોગતાજ હતી એમ નથી પણ ખરૂં કારણ અસ્ત ઉદયનુંજ છે.

(૨૩૮)

હર કહ્યા વરેયે લખ્યા, છઠી રેનકા અંક;
તલ ઘટે ન જવ વધે, રે રે જીવ નચંત.

અર્થઃ—કેટલાક માણસો હરાયા ઢોર માફક દુઃખને ટાળવા અને સુખને એકઠું કરવાની હોંશે એક સ્થાનોથી બીજે અને બીજેથી ત્રીજે એમ હડીઓ કાઢે છે પણ તેને ખબર નથી કે માલીકે કહ્યું તેમ વિધાત્રાએ છઠીને દિવસે બંદાના લલાટમાં સુખ દુઃખના લેખ અંતલગીના લખી દીધા છે અને તેમાં બંદો ગમે તેવી હુશીયારી કે ફીશીયારી કરે તોપણ તેમાં જવ ભાર વધુ થવાનું નથી, કે તલભાર ઘટી જવાનું નથી. માટે ડાહ્યા માણસે દરેક સંજોગમાં શાંતિ રાખી નીચિંતી રહેવું.

(૨૩૯)

લાખ વિમાણુસ કોડમત, કર દેખો સબ કોય;
હોણી અણુ હોણી નહિ, હોણી હોય સો હોય.

અર્થઃ—ગમે તેવી ચતુરાઈ રાખીને લાખો ભાતના મનમાં વિચાર કરે અથવા તો કરોડો રસ્તે મતિને દોડાવે પણ જે બનાવ બનવાનું નિર્માણ થયેલું છે તે કોઇ કાળે મટવાનું નથી.

(૨૪૦)

ભણેલ તોપણ ભામની, અજવાળી પણ રાત;
ડાહ્યો પણ દારૂડીઓ, અંતે જાત કજાત.

અર્થઃ—ગમે તેટલી ભણેલી સ્ત્રી, તે પોતાના મનમાં પોતે ભણેલી છે એટલે નર જાતીથી સવાઈ રહી શકવાનો ફાંકો રાખે તો તે નકામું છે, કેમકે સ્ત્રીની મતી હમેશ્યાં પાનીયે હોય એમ વિદ્વાનો એ કહ્યું છે, વળી અજવાળી રાત ગમે તેવી ઉજાશ ધરશે તોપણ તે રાત કહેવાશે મતલબ કે તે સુર્યની ઉજાશમાં લેખાય નહિ. ગમે તેવો ડાહ્યો હોય અને તે દારૂડીયો હોય તો તે ડાહ્યો નહિ, પણ મુર્ખ સમજવો અને નીચ જાતીનો માણસ ધુનીક કેળવણીથી અથવા તો વગવસીલાનાં સાધનથી ઉંચ બેસણે બેસવાને શક્તિવાન થયો હોય, તો પણ તે નીચ જાતી તે ઉંચ જાતીમાં ખપી શકે નહિં ને જો ખપવા જાય તો ઉંચ જાતની કુદરતી ગૌરવતા અને નીર્મળતા તેનાથી જળવાશે નહિં અને કદાપી જળવાય એમ ઘડીભર મનાય તો તે દીપાવાશે નહિં કે નભાવશે નહિ.

(૨૪૧)

ઘરડો તો પણ બળધીયો, તોફાની પણ ગાય;
વકરેલો પણ વાણીયો, રૂઠેલી પણ માય

અર્થ—બળદ વૃદ્ધ થઇ ગયો હશે તો પણ તેએ રાઇ ગયલું બોજાવાળું ગાડું બહાર કાઢશે. ગમે તેટલી તોફાન કરતી હશે તોપણ તે ગાય કહેવાશે (તેનામાંથી પવિત્રતા ઓછી નહિં થાય) વાણીઓ ગમે તેવો વકરી ગયો હશે એટલે મદમાં બ્હેકી ગયો હશે તોપણ તે જાતે વાણીયો મતલબ કે વકરી ગયો હશે તોપણ વાણીયાથી મશહુર રીતે ડાકાયટી, લુંટ કે ધાડ પડશે નહિ અને માતા–જનેતા ગમે તેવી ચીડાઈ હશે તોપણ તે માતા કહેવાય; તલબ કે માતાથી પુત્રનું માથું કપાવાતું નથી.

(૨૪૨)

મોળો તોપણ મહીપતી, શઠ પણ સત્તાધીશ;
સુતેલો પણ કેશરી, જપતો તોય ફનીશ.

અર્થઃ—રાજા ગમે તેવો નમાલો ગણાતો હશે તોપણ તે રાજા, ધારે તો નખોદ કાઢી નાખે; અમલદાર ગમે તેવો મુર્ખ ગણાતો હોય તો પણ તે અમલદાર મનમાં ધારે તો પક્ષકારનું અથવા તો અરજદારનું યા તાબેદારનું સત્યનાશ કાઢી નાખે. ગમે તેવી નિદ્રાને પરવશ થયેલો સીંહ તોપણ તે સીંહ તેનાથી ૫૦ કદમ ડરીને ચાલવું પડે અને દરમાં છુપાઇ ગયો હોય તોપણ સરપ તે સર્પ. તેની ધાક ૨૪ કલાક સુધી નજરમાંથી જતી નથી.

પણ ના મરદ એટલે બેશહુરની મોહબ્બત કરવા કરતાં ઇન્સાને વગર દોસ્તથી રહેવું એ વધારે ઉત્તમ છે.

(૨૪૩)

છેટેથી લાગે સવાય, પાસે જાયે તો પાણકા;
ગુણ જન મુખ ગવાય, પરિચયથી પરખાય છે.

અર્થઃ—દુરથી નજર કરતાં ડુંગરા ઘણાજ રળિયામણા અને નેત્રને આનંદ ઉપજાવનારા જણાય છે; પણ છેક તેની પાસે જઇને જોઇએ તો મોટા મોટા કાળ મીંઢ પાણાં અને ચોધારાં ખડકોથી તે ડુંગરા બનેલા છે. તેવી રીતે કોઇ એક માણસના ગુણનાં અને તેની ઉદારતાનાં અનેક માણસ મોઢેથી વખાણ કરે છે, ને તેથી આપણે પણ તેનાં વખાણ કરી તેનામાં ગુણ અને ઉદાર વૃત્તિ છે. એમ માની લેવું એ ભુલ ભરેલું છે. પણ ખરૂં માનવું તો ત્યારેજ કે જ્યારે

તેના પરિચયમાં આવીએ ત્યારે. પરિચયમાં આવ્યા વિના ઇન્સાનનો અનુભવ થતો નથી.

(૨૪૪)

ફીકર જગતનો પીર છે, ફીકર જગતને ખાય;
ફીકરની ફાકી કરે, ફકીર સહુજન ગાય.

અર્થ:—આ મિથ્યા જગત ફીકર તત્વથી ભરપુર ભર્યું છે. એટલુંજ નહિ પણ એ ફીકર (ચીંતા) જગતના પીર રૂપ એટલે પ્રાધાન રૂપ છે અને તે દરેકના ઉપર કે, જેણે આ જગતમાં નિવાસ કર્યો છે. તેના ઉપર તે અજબ કાબુ ધરાવે છે એવી મલીન ફીકરની જેણે ફાકી કરી એટલે કે ચીંતાને જે નર ગળી જાય તે ફકીર સમજવો ને એવાનેજ ફકીર કહેવા સપ્રમાણ છે. પણ ખાલી કફની ઓઢનાર ફકીર નહિ, પણ ફકીર એટલે પોતાનો અને ફકીરપણાનો ખોનારા છે.

(૨૪૫)

ગોલાં નગર ન નિપજે, ગોલાંની ખાણું ન હોય;
કાંતો બોલીથી પારખો, નહિ તો બોલાવી જોય.

અર્થ:—ગોલાં એટલે કમ જાત માણસ કોઇ દેશાવર કે શહેર પાટણમાં ઉત્પન્ન થાય છે એવું નથી. તેમ તે ખનીજની માફક જમીનની અંદરની કોઇ પ્રદેશની ખાણોમાંથી નીપજે છે એવું પણ નથી. તેમ તે કમ જાત (ગોલાં છે.) એવી તેના ઉપર જાહેર નિશાની પણ નથી. એટલે તે કેવી રીતે પરખાય એ સ્વાભાવિક સવાલ છે, તો તેને પારખવા માટે અન્ય કાંઇ કસોટી હોતી નથી, પણ

કાંતો તેની વાણી સાંભળવાથીજ પરખાય છે અને તેમ નહિ તો તેને ચાહીને બોલાવી જોવાથી તરત પરખાય છે.

(૨૪૬)

વેળા વળે ને વિત્ત વળે, વળે વિદેશી વહાણ;
વ્હેરી વહાલાં વધુ વળે, ન વળે વિખ્યાતિ જાણ.

અથ :—ઈન્સાનને આ સંસારમાં પોતાની હયાતી દરમ્યાન એક વખત જે સમય, વસ્તુ, અને સ્થિતિ બતાવે છે તે પાછી બીજી વખત જતી રહે છે ને પાછી કાળે કરીને પુનઃપ્રાપ્ત થાય છે. જેવાં કે રાજ્ય, વૈભવ, લક્ષ્મી, માન, સગાં, મિત્ર, વસ્ત્ર લંકાર, સુખ વાહનો બાગ બગીચા અને રંગ બેરંગી ભવ્ય મહેલ મેલાતો એ હોય છે તે ફના થાય છે અને પાછાં આવે છે, પરંતુ મહા મેહેનતે મેળવેલી વિખ્યાતી એટલે આબરૂ વારંવાર સઘળાં માઇક પદાર્થોની પેઠે મળતી નથી તેમ કરોડો કે અબજો રૂપીયા ખર્ચતાં વેપારીની દુકાનેથી વેચાતી મળતી વથી. માટે દરેક મનુષ્યનું એજ કર્તવ્ય છે કે વ્યવહારૂ નીતિની રાહે વર્તિ પ્રમાણિકપણે વિખ્યાતી મેળવવી અને તે મેળવ્યા પછી અણીને વખતે પોતાના પ્રાણને સાટે પણ એ વિખ્યાતીને આબાદ રાખવી (નિભાવવી) એજ જીવન સાફલ્ય છે.

(૨૪૭)

મહીનાં મલશે માન, સુખ સંપત પણ સામટી;
ભાઈ રાખોને ભાન, મોંઘી મુકિત ન મળે.

અર્થ:—આ જગતના રચનારે અનેક જાતની અજાયબ અને

એ મુક્ષ વસ્તુ બનાવેલી સર્વ કોઇની દ્રષ્ટિયે દેખાઇ નેત્રને શાન્તિ ઉત્પન્ન કરાવે છે, અક્કલનું ભાન ભુલાવે છે, અને અભિમાનનું ગુમાન ઉતરાવે છે. આવી વસ્તુની સાથે માલીકે અસંખ્ય પ્રાણીઓની જાતી નિપજાવી છે, તેમાં મનુષ્ય જાતિ સઘળી પ્રાણી જાતિમાં શ્રેષ્ટ અને પ્રથમ દરજ્જે માન ભર્યા પદ ઉપર મુકી છે. વળી મનુષ્યમાં માલિકે એવી અગાધ શક્તિ આપી છે કે તે જો ધારે તો પોતાની શકિતથી નહિ સાંભળેલું બતાવી શકે છે, ન જોયેલું સન્મુખ ધરે છે અને કલ્પેલું તાદ્રસ્ય કરે છે પણ તે બધો અક્કલ ઉપર આધાર છે.

મનુષ્ય જાતિને માલિકે જ્યારે અક્લ એનાયત કરવાનું ધાર્યું હશે ત્યારે અનુમાન પ્રમાણે દરેકને સરખે ભાગે વેંચી નહિ હોય પણ અક્લ ભરેલું પાત્ર એકી વખત ફેંક્યું છે અને તેથી શકિત અન વય જેટલી જે લઇ શક્યું તેટલી તેની પાસે આવી.

આ અક્લથી મનુષ્ય સંસારમાં દરેક સરસાઇ ભર્યાં સુખ ભોગવી શકે છે. પૃથ્વી અંદરનાં પ્રશંશાપાત્ર માન અકરાંમ જેવા કે જે. પી. સર કે બેરોનેટ આદિ લાગવગથી યાનો દ્રવ્ય સાધનથી મેળવી શકે છે પરંતુ હે ભાઈ! (મનુષ્યો) તે બધું તમારા પોતાથી તેવું લક્ષ્મી સાધનથી કદાચ મેળવી શકશો પરંતુ મોક્ષપદને આપનાર ને ચોરાસીનો ફેરો નષ્ટ કરનાર મુક્તિ નહિ મેળવી શકો માટેમાન ઇલકાબ કે ખીતાબ યાતો બાગ બગીચા કે લાડી ગાડી સઘળાં સુખ સાથે મોક્ષી મુક્તિ મળવા માટે માલિકનું નમૃપણે નિશ દિન ધ્યાન ધરવા ચુકશો નહિ કારણ કે મનુષ્ય અવતાર અન્ય અર્થે નહિ પણ ખાસ માલિકની બંદગી કરી મુક્તિ મળવા માટેજ મળેલો છે.

(૨૪૮)

કર કંપે લેખણુ ડગે, રોમ રોમ થથરાય,
શુધ આવે છાતી ફુટે, ચિઠ્ઠી લખી ન જાય.

અર્થ:—પતિ વિયોગે પ્રેમદા પોતાના પતિને એક દિવસ પત્ર લખવા બેઠી. લખતાં પતિની પવિત્ર પ્રતિમા અને તેનો અપુર્વ અગાધ શુદ્ધ સ્નેહ વીગેરે તેની દ્રષ્ટિ આગળ ઉભા થતાં પ્રેમદાનો કાગળ લખતો હાથ ધ્રુજવા લાગ્યો, કલમ ડગ મગવા લાગી, અને શરીરનાં રૂવાટાં સઘળાં ઉભાં થયાં, કલેવર કંપવા લાગ્યું એટલુંજ નહિ પણ સંયોગ વખતે પતિને આપેલું આલીંગન, ચુંબન અને ચુશેલો અધર અમૃત યાદ આવતાં તેના હૃદયના બંધ વીંખાવા લાગ્યા, છાતી ફાટવા લાગી, અંતે મુર્ચ્છા આવી એટલે ચીઠી લખવી બંધ રહી.

હે આર્ય ભુમિ ! તારી ઉપર ફરી દરેક આર્ય મહિલાઓના હૃદયમાં પતિપ્રત્યે આવો શુંદ્ધ ભાવ રાખનાર સુંદરિયોનો સઘળો સમુદાય કયારે ઉત્પન્ન થશે ? ખાત્રી છે આમ દૈવિ સ્નેહ સાચવનાર દરેક સ્ત્રી નહિ થાય ત્યાં સુધી ફરી આર્યોનો ઉદ્ધાર નહિ થાય એમ અનુમાની શકાય છે.

(૨૪૯)

લીખીત કલમ સુકત હરફ, એહી પ્રેમનું મુલ;
જે વીછુરત સુકત નહીં તેના મુખમાં ધુળ.

અર્થ:—એ પ્રેમીણી પોતાની મુર્ચ્છામાંથી વિરકત થતાં પાછી પતિને પત્ર લખવા બેઠી. લખતાં લખતાં લખાઈને આગળ ચાલતી કલમ તરફ એક નજરે બે મિનિટ જોઇ રહી. જોતાં તેને જણાયું કે

એક અક્ષર લખી કલમ તે અક્ષરથી જુદી પડી જેમ જેમ આગળ ચાલતી જાય છે તેમ તેમ લખાયેલ અક્ષર કલમની જુદાઇ થતી જાણી સુકાઇ જાય છે. એમ સમજી પુનઃ તે મુર્છામાં પડી, પડતાં પડતાં બેભાનીમાં બોલવા લાગી કે:

કલમ જેવું જડ પદાર્થ છે છતાં તેનો વિયોગ થતાં અક્ષર લીલો (૩૯ પુષ્ટ નહિ રહેતાં તદન સુકાઈ જતો (શુશ્ક થતો) માલમ પડે છે તો જડવતમાં પણ આવો પ્રેમ છે તો મનુષ્ય કે જે સર્વ જાતિમાં એક ઉત્તમ તરીકે લેખાય છે તેમાં તેવો દૈવી પ્રેમ કેટલેક સ્થળે નથી જોવાતો એ મનુષ્ય જાતિને કેટલું બધું હિણપત લગાડનારૂં છે ?

દાખલા તરીકે એજ કે વેદ શાસ્ત્રના નિયમ પ્રમાણે જે સ્ત્રી જે પુરૂષ સાથે લગ્ન વિધિથી જોડાઈ હોય છતાં કર્મ યોગે એક બીજાને જુદાં પાડવાનો સમય આવે છે ત્યારે એક બીજાંની ગેરહાજરીમાં તેઓને જુદાઈ દુઃખની પીડ નહિ થતાં મદોન્મત થઇ ફરે હરે ઓઢે પેરે ને વૈભવ ભોગવે તો એ બધું ધિક્કારને પાત્ર છે ને મનુષ્યોને શરમ ઉપજાવનારૂં છે. તેની તુલના કરી દરેકે પોતાના પ્રેમીના પ્રેમ-માંજ ધ્યાન રાખવું એ શ્રેષ્ટ છે અને એનું નામ તે શુદ્ધ સ્નેહ, ગણાય છે કે આ જગતનો બનાવનાર પણ એવાજ શુદ્ધ સ્નેહને આધિન છે.

(૨૫૦)

હાય કરૂં તો જગ બળે, જંગલ પણ બળી જાય;
પાપી જીવડો ન બળે, જેમાં હાય સમાય.

અર્થઃ—કરમ ગતિથી અને ઉદય અસ્તના નિયમ પ્રમાણે જ્યારે

માણસના ઉપર વિપતી આવે છે ત્યારે પાછું વળીને નહિ જોતાં સૃષ્ટિ ઉપરનાં સઘળાં દુઃખ એક પછી એક વગર બોલાવે આવી પડે છે. આવાં દુઃખથી ઘેરાયેલો માણુસ સહેવાય ત્યાં સુધી સહે છે પણ આખરે કાયર થાય છે ત્યારે હૃદય રૂપી ભઠ્ઠીમાં બળતી દુઃખરૂપ જ્વાળાની વરાળ બહાર નીકળે છે, આ વરાળ સર્વે દુઃખોનું સત્વ હોવાથી તે જગતને અને લીલાં છમ જેવાં જંગલોને પણ બાળી શકવા જેટલો પાવર–સ્પીરીટ ધરાવે છે. પણ એ જ્વાળા જે હૃદયમાંથી ઉત્પન્ન થાય છે તેને તે બાળી શકતી નથી. એનું સબળ કારણ એટલુંજ કે નીશ દિન દુઃખના વેગવાળા ઠેલા ખમીને હૃદય કાળમીંઢ પથ્થર જેવું કઠણ થાય છે.

(૨૫૧)

બેશી ગાદી ઉપરે, કરતાતા ઈનસાફ;
સાહેબ તેડાં મોકલે, ઘડી ન કરશે માફ.

અર્થ:—આ નાશવંત સંસારમાં આવીને જેણે નામ ધર્યું છે તે અંતે પણ નાશ થવાનું છે. છતાં કેટલાંક અજ્ઞાની મનુષ્યો ધનમદથી, રાજ્યપદથી, કે ગંવા બળથી મદાંધ બની મનુષ્ય ધર્મને બાજુ પર મુકી મરજી પ્રમાણે ચાલે છે, અનીતિમાં ઉતરે છે, ગરીબોને સતાવે છે અને કોઇથી પરવા રાખ્યા વિના નિઃશંક ફરે છે. પણ તેઓને ખબર નથી કે રાત દિવસ માથા ઉપર કાતીલ કાળનુ ક્રુર ચક્ર ફરે છે તે એકજ ક્ષણુમાં કોળીયો (નવાલો) કરી જશે ને બધી શેખાઇ યા મોટાઈ ચાંચડની માફક ચોળાઇ ધુળમાં રગદોળાઈ જશે.

એવા મદાંધોએ હમેશાં કાળની ધાક રાખવી કે જે કાળે રાવણ અને માનધાતા જેવા મહાન મહીપતિયોને ખાધા, વિદુર અને પ્રહ્‌લાદ જેવા ભક્ત ખાધા, અર્જુન અને પૃથ્વીરાજ જેવા બાણાવળીને ખાધા, અનસુયા, દ્રૌપદી અને કુન્તા જેવી સતિઓને ખાધી, પચાવી ગયો છ તો મગતરાની પેઠે ફુલાઈ મોટાઈ માનનાર ફુલણશી માણસ તે શું વિસાતમાં છે? કાંઇજ નહિ. માટે ઉત્તમ અને હિતકર એજ કે પ્રમાણિક કમાણીથી મળતી રોજી ઉપર ગુજારો કરી નીતિ-વ્યવહાર કુશળ બની નીર અભિમાન પ્રમાણે રહી સદાય શ્રી જગ નિયંતાના ગુણ ગાનમાં ધ્યાન લગાવી જીવન વિતાવવું એ પરિણામે શ્રેય છે.

(૨૫૨)

સહુજન દેખે ચંદ્રને, હું દેખું મુખ તોય,
તું હમારો ચંદ્ર છે, મુખ દેખું શુભ હોય.

અર્થઃ—અશાડ મહિનાની શુદ ૨ બીજનો ચંદ્રમા જોવા સમી સાંજે સઘળાં નગ્ર નિવાસી લોક વૃંદ અધીરાં બની ચંદ્રમાનાં દર્શન કરે છે. (આ ચંદ્ર જોવાથી બાર મહિના સુધી શુભ સમયમાં દિન નિર્ગમન થાય છે એવું કેટલાંક મનુષ્યો માને છે.) એ વખતે પ્રીતમ વિયોગી પ્રેમદા પોતાના ઓરડામાં ટાંગેલી પતિની પ્રતિમા (છબી ફોટો) જોવા લાગી ને અથાગ સ્નેહ ઉર્મિથી અધીકાધીક આલીંગન કરી વારંવાર મુખપર ચુંબીઓ લઈ પ્રતીમા પ્રત્યે કહેવા લાગી કે, સઘળાં મનુષ્યો શુભ થવાની ઇચ્છાયે આકાશના ચંદ્રને નીરખે છે તો હું પ્રેમ પાસમાં બંધાયેલ વિજોગી અબળા માત્ર તારાં કલ્યાણકારી

મુખનાંજ દર્શન કરૂં છું. (સતી સ્ત્રી સમજે છે કે પતિનાં દર્શન એજ સ્ત્રીઓને કલ્યાણ કરનાર છે, અવર તો બધાં હવાઇ માળીયાં યાતો ધુમાડાના બાચકાં છે.) સબબ કે તુંજ મારો અમૃત ઝરતો ચંદ્રમા છો અને તારૂં મુખ જોવાથીજ મારૂં શુભ થશે.

આ ઉપરથી સમજુ અને સદગુણી મહિલાઓએ એટલોજ ધડો લેવાનો છે કે, સ્ત્રીઓ તપ, ઉપવાસ, કે તિર્થ ન કરે, દેવદેરાનાં દર્શન ન કરે, પ્રભુ આરાધના કે ધર્મ દાન ન કરે છતાં શુદ્ધ મનથી કેવળ એક પોતાના પતિની આજ્ઞામાં રહી તેની તનમનથી શેવા કરે છે તો તેનો સેજે મોક્ષ અને કલ્યાણ થાય છે માટે જેમ બને તેમ સર્વ બ્હેનોએ મોક્ષ લેવા માટે હવેલી કે ડેરે દેવળ હડીયું નહિ કાઢતાં પતી આજ્ઞા અને પતી શેવામાં દ્રઢ મન કરવા કોશેષ કરવી એ પરિણામ શ્રેષ્ટ છે.

(૨૫૩)

પ્રીત ત્યાં પડદો નહી, પડદો ત્યાં નહી પ્રીત;
પડદા સહ પ્રીતી કરે, એ વેરાની રીત;

અર્થઃ—મનુષ્યોએ બનતાં સુધી કોઇ સાથે સ્નેહ ન કરવો એ વધારે સારૂં છે છતાં પણ સ્નેહ કરવાને મન લોભાય તો જેની સાથે સ્નેહ કર્યો હોય તેની સાથે પડદો (બેવફા) રાખવો નહીં. અને જો પડદો રાખવાની ટેવ રહેતી હોય તો પછી સ્નેહથી તુર્તજ મુકત થવું એ ઉતમ છે પણ અંતરમાં પડદો રાખવો ને ઉપરથી સ્નેહ કરવો એ સ્નેહીની સંજ્ઞા નથી પણ એક કટા દુશ્મનની સંજ્ઞા છે

તો એવા પડદા રાખનાર સ્નેહીઓનો ઘાત કરતાં પણ પાપ ન લાગે એમશાસ્ત્રો કહી ગયાં છે.

(૨૫૪)

કહેવું શું કિરતારને, મોટી એમાં ભુલ;
મોર વૃક્ષ આંબે મુકયો, ગુલાબ કંટક ફુલ

અર્થ:—એક દુ:ખી અને અનુભવિ માણસ પોતાના ઉદ્દગારથી કહે છે કે હે ! જગતના બનાવર માલીક ! તારી રચના જોતાં તારી કૃતિમાં ન રહેવી જોઇતી જબરી ભુલો રહી ગઇ છે તો તે ચીજો બનાવતી વખત કાંતો તેં ભાંગ પીધી હોવી જોઇયે ને કાંતો તું કામથી કંટાળી ગયો હોવો જોઇયે. નહી તો મનુષ્ય કૃતિમાં તો ભુલ આવે પણ તું સર્વેશ્વરની કૃતિમાં ભુલ ન હોય પણ નકી કેફ કરેલ. જો આંબા જેવું સુંદર વૃક્ષ તેને તેં લજામણાં પુષ્પો લગાડયાં, અને ગુલાબ કે જેને ડાળીયે ડાળીયે તીક્ષણ કાંટા તેને તેં મનમોહક પુષ્પ આપ્યું કે જે ખરેખર તે પુષ્પ આંબાના વૃક્ષનેજ લાગવું વ્યાજબી હતું.

(૨૫૫)

રંજન સાજન ન મળ્યાં, હામ રહી ગઇ હઇયાં;
સાચાં મોતી મેરામણે, કંચન સાજણ કીયાં ?

અર્થ:—દુ:ખમાં દીલાસો આપી, વીશ્રાંતિ દેનાર, સુખમાં સુમતિ આપી સનમાર્ગે ચલાવી ધર્મ, નીતિનું, સતત્ ભાન બતાવનાર અને હઇયાતી ખતમ થયા બાદ કુટુંબની આબાદી, અને કુળની ગારવતા નભાવવા ખાતર તનથી મનથી કે ધનથી પણ સ્હાયક થઇ

રહે તેવા સજનથી સ્નેહ બાંધવા ઉત્સુક બની જગતના ચારે ખુણા જોયા તોપણ સર્વ ગુણ સંપન કે જેને સ્નેહીનું દૈવિ વિશેષણ આપીએ તેવો સજન કેથે પણ ન મળ્યો અને જે જે મળ્યા તે દગલબાજ, પ્રપંચી, આપ સ્વાર્થી, અને કોઇ પણ જાતના આગાત્ર સહન કરવામાં બીલકુલ અશક્ત એટલુંજ નહીં પણ પ્રસંગ આવે અન્ય વ્યકિતયોમાં પોતાનો લાભ દેખે તો તે લાભની આશામાં તે બ્યકિત ગમે તેવી કમ આવડતની હોય છતાં પણ તેને ચાહવાને તથા તેનું મંડન કરવામાં અમારાં શુદ્ધ સ્નેહીના ભકિતભાવનું ખુન કરી તે બદલામાં અમારા કર્તબ્યને ઉતારી પાડી અમને ઝેરની નજરે જોવાને વ્યવહાર રીતિની, સ્નેહીના ધર્મની કે ખુદ ખુદાની પણ હૃદયમાં ધાક ધરતા નથી. આ ઉપરથી એમ તો ખુલ્લું દેખાઈ આવે છે કે, સુવર્ણની માફક ખુંદ્યું ખમે અને સાચા મોતીની માફક કિમતી એવા સ્નેહીઓ લાખો બલ્કે કરોડોમાં જવલેજ કયાંઈ હશે. તો જો કે સ્નેહ શબ્દ પ્રત્યે હવે અમને સખતમાં સખત ધિક્કાર છે તો પણ તેવો સ્નેહી કે જેનું હૃદય સર્વદા સર્વગુણ સંપન અને જવાહીરથી પણ જ્યાદે કિમતી હોય તેનો સ્નેહ બાંધવાને અમે હજુ પણ તૈયાર છીયે.

(૨૫૬)

સાચાં સ્નેહીને નોતર્યાં, હું શેની મેમાની કરૂં;
કાળજ બુકોને ફેફસાં, તેની આગળ ધરૂ.

અર્થઃ—એવા સત્ય સ્નેહીને અમે અમારાં ગરીબ ઝુંપડે પધારવાનું આમંત્રણ કર્યું કે જે આમંત્રણને સ્વિકારી પોતાનાં પનોતાં

પગલાં અમારે ગરીબ ઝુંપડે દૈવિ પ્રેમ આનંદની પ્રબળતાએ કર્યાં એટલે તેનો આદર સત્કાર તથા તેને મહેમાની આપવા માટે અમારી પાસે સંસારી વસ્તુનો તો અભાવો હતો પણ અમારી જીંદગીનું મોંઘામાં મોંઘુ સાધન કે જે એકતો અમારૂં કલેજું અને બીજું શ્વાસને લેતું હતું ફેફશું તે બંનેને કાઢી તેની સન્મુખ ધરવા જેટલી અમને હોંશ વધી.

(૨૫૭)

વચન ન-પત અવિવેક, સુણી ત્યાગે શાણા મનુષ્ય;
અ-પત હુવાતરૂ એક, રહે ન પક્ષી રાજીયા.

અર્થ:—અપત એટલે કે પાન વગરનું ઝાડ જોઈ તેનો જેમ પક્ષી ત્યાગ કરે છે તેમ વિશ્વાસ ન રાખી શકાય એટલે કે તદન અસત્યથી ભરેલાં બણગાં ફુંક અને વિવેક અર્થાત મર્યાદા વગરનાં વચનો કે જેને વાહીયાત અર્થાત મુર્ખતા યાતો ગાંડા (દીવાના) તરીકેજ સમજી શકાય તેવું બોલનારનો સજન પુરૂષ પણ ત્યાગ કરે છે.

(૨૫૮)

તનનાં કરૂં ત્રાજવાં, મનની કરૂં બજાર;
હૃદડાની કરૂં હાટડી, વેચું પ્રેમ વેપાર.

અર્થ:—પ્રેમી સજન કે જે દૈવિ પ્રેમનું સ્વરૂપ અને તેના ગુણને પુરી રીતે પીછાણી ચુકયો છે તે આ જગતમાં તેવા દૈવિ પ્રેમનો પ્રચાર કરવાની ઉમંગે પોતાની ઉર્મીયોથી કહે છે કે, મનરૂપી બજારમાં હૃદયરૂપી દુકાન માંડી શરીરરૂપ ત્રાજવાથી (જોખવાનું સા-

મન) પ્રેમનો છુટે હાથે વેપાર કરૂં પણ અફસોસ કે અસત્ય અર્થાત સ્વાર્થીલા પ્રેમની પ્રબળતામાં દૈવિ પ્રેમને ખરીદનાર ગ્રાહક કદાચ બહોળા પ્રમાણમાં ન મળે તો નાહક ધંધામાં ખોટ ખમવી પડે મતલબ કે મશ્કરીના ચકાવામાં ચડવું પડે એ બિતી રહે છે અને તેથીજ શુધ પ્રેમનો વેપાર વધારવા મન ડરે છે.

(૨૫૯)

ડુંગર બળતી લાય, દેખે સઘળી જગત આ;
પરજળતી નીજ પાય, રતી ન દેખે રાજીયા.

અર્થ:—પર્વત ઉપર લાગેલી લ્હાય (દવ) ને જોવા સર્વ કોઇ તૈયાર થાય છે. પણ પોતાનાજ પગમાં બળતી લાયને જોવા કોઈ દરકાર કરતું નથી તે નથીજ.

પોતાનામાં દગો, આપમતલબીપણું ઇર્શા, અભિમાનીપણું, અને છળ પ્રપંચની ટેવ હોય તે જોવાની કે, તેને ત્યાગવાની દરકાર કોઇકજ કરે છે. પરંતુ તેવું અન્યમાં જોઇને તેની ચેષ્ટા યાતો નીંદા કરવાને દરેકને ટેવ હોય છે.

(૨૬૦)

ભુંડા માણસથી ભાગીયે, ન દઇયે દીલની વાત;
કાં તે છેતરી છળ પાડે, કાં ઘરમાં આણે ઘાત.
ઘરમાં આણે ઘાત, તે નમેરી ભુંડા માણસની છાંડીયેશેરી;
કે તમાચી સુમરો, એને સુતેથી જાગીયે;
ન દઇએ દલની વાત, ભુંડા માણસથી ભાગીએ;

અર્થ:—નીચ માણુસથી હમેશાં સજન પુરૂષોએ દુર રહેવું એટલુંજ નહી પણુ તેના નીવાસ સ્થાનથી પણુ સદા આઘે ચાલવું પણુ ભુલે ચુકે જો તેનો સંગ થશે અને ભોળેભાવે આપ હૃદયની ગુહ્ય વાત યાતો વ્યવહારૂ શર્મ પડદો તેના આગળ નીરાળો કરશો તો તે જાણીને મનમાં ઉલટી હાંસી કરશે અને જાણેલી બીનાં એકદમ પબલીક કરી દેશે. પ્રસંગે આપણુા મીઠા સંસારમાં હળાહળ ઝેર રેડશે ને લાગ જોઇ સ્વાર્થના માટે માથું પણુ વાઢી લેશે–માટે સજન પુરૂશોએ તેનું એટલે નીચ સ્વાર્થીનું આગમન જાણીને ઉંઘમાં હોય ત્યાંથી સાવધ થઈ તેને દુર રાખવો યા તો પોતેજ તેવાથી અલગ થઈ જવું.

(૨૬૧)

સાયર લોઢને પગણુથર, જેતા માથે વાળ;
સાજણુ મનમાં સાંભરે, દીનમાં એટલીવાર.

અર્થ—સુધ્ધ સ્નેહને નીભાવનાર સ્નેહીનો વિયોગ થવાથી તેનો સ્નેહી તેના વિયોગમાં પોતાની સ્નેહી ભક્તિની ઉર્મિયો કહી બતાવે છે કે સમુદ્રના તરંગો આકાશમાંથી પડતાં વરસાદનાં બીંદુઓ અને માથાપર રહેલા જેટલા વાળ હોય છે તેટલી સંખ્યામાં એકજ દીવસે સ્નેહી યાદ આવે છે.

(૨૬૨)

સ્વજન હતાં તે વઇરી થીયાં, ભંભેર્યાં ઘણાં;
સાકરમાં વિખ ભેળીયાં, કુમાણુસ જાજાં મળ્યાં.

અર્થ—સ્નેહીની સાથેનો સ્નેહ છોડાવવામાં નઠારાં માણુસે

આવી અમારા માટે સાચા ખોટી વાતો સ્નેહીના કાચા કાનમાં રેડી સ્નેહીને અમારા વિરૂધ ભંભેર્યો અને સ્નેહ રૂપ સાકરમાં હળાહળ ઝેર ભેળવ્યું કે જેના પરીબળે એક દિવસ ગણાતો સ્નેહી તે આજ વઇરીથી પણ અધિક વઇરી થઈ બેઠો છે.

ધિકાર છે તેવા કાચા કાનના સ્નેહીને ધિકાર છે, સ્નેહ રૂપ સાકરમાં ઝેર રેડનાર નીચ ઇનસાનને ધિકાર છે એ સ્નેહને અને ધિકાર છે તેવા કાચા કાનના અને કોઇ આપ સ્વાર્થીલા નીચ ઇનસાનના ભંભેરવાથી ભમીજનાર સ્નેહીથી સ્નેહ કરનારને.

(૨૬૩)

આ ભવ આપ્યાં દાન, આ ભવમાં ભોગવે;
સમજુને છે સાન, સાચું સોરઠીયો ભણે.

અર્થ—પેલા ભવમાં એટલે પુર્વ જન્મે કરેલાં દાન પુન્ય વીગેરે સત કમાઇનાજ પ્રભાવે આ જન્મમાં પુરૂષને દ્રવ્ય વૈભવની પ્રાપ્તિ થાય છે અને તેની સાબિતી અર્થે પ્રાચિન વાક્ય એમ પણ બોલાય છે કે, " પુર્વ દતે શુ યા વીધા, પુર્વ દતે શુ યા ધન " વીગેરે પણ તે વીચાર કોઇકજ વીરલાને રહે છે મતલબ કે, પુર્વના સંસ્કારનેજ લીધે દ્રવ્ય વૈભવ આ જન્મે આવી મલ્યાં છે. તો આ જન્મમાં પણ પરોપકાર; દીન પ્રત્યે દયા, સમાજ પ્રત્યે ભ્રાતૃભાવ અને પરમાત્માની ભક્તિ પ્રત્યે લક્ષ દોરવાનો વીચાર ભાગ્યશાળીનેજ થાય છે અને તેથીજ તેનો દ્રવ્ય વૈભવ ચિરકાળ સુધી ટકી રહે છે, જીવન જશવંતુ થાય છે, મનુષ્યપણું સફળ થાય છે.

× × × પુર્વની સારી કમાઇના લીધે જે બિજ રોપાય છે

તેનું આ જન્મે વૃક્ષ તો અવશ્ય ઉગે છે. પરંતુ તે વૃક્ષ આ જન્મની સારી કરણીના લીધે હજારો દિન અને જન સમાજના આશિર્વાદ રૂપ નામળ જળથી સીંચાઈ અધીકાધીક વૃદ્ધી પામતું રહે છે અને કદાચ જો આ જન્મે સ્વચ્છંદ વર્તણુંક, નિર્દયતા, પ્રપંચપણું, આપ મતલબ વીગેરે વર્તન વાપરી જન સમાજ અને દીનજનને સતાવણી કરવામાં આવે છે તો તેની કદુવા રૂપ તળ કીડાં ઉધઇ) તે વૃક્ષના મુળમાં લાગે છે કે જેના પ્રતાપે તે વૃક્ષની વૃદ્ધી નહી થતાં પરીણામે તે વૃક્ષ સુકાઇને નીરમુળ થઇ જાય છે.

x x આ દાખલા ઉપરથી સદગ્રહસ્થોએ અને ધન્યાઢય વૈભવિ પુરૂષોએ સમજી રાખવાનું છે કે પુર્વની સારી કમાઈના લીધે જે કંઈ દ્રવ્ય અને વૈભવી વૃક્ષ ઉગ્યું છે તેને હમેશાં જન સમાજના આશિર્વાદ રૂપ નિર્મળ પાણી વડે ઉછેરવાની ચિવટ રાખવી પણ તેને દુનિયાની કદુવા રૂપ તળ કીડી ઉધઇના મરજથી વહેલું સુશ્ક યાને નીરમુળ કરવાના પ્રયાસથી, સદાય દુર રહેવું.

(૨૬૪)

આશા ઉંડી ખાય, પહાડથી પુરાઇ નહી;
હેમ મેરૂ સમ હોય, તહોયે મન માને નહી.

અર્થ—આશા રૂપી ખાડ એટલી તો વીસ્તારમય હોય છે કે તે પુરવાને માટે કદાચ તેમાં પહાડના પહાડને નંખાવો—હોમાવો તોપણ પુરાતી નથી એટલે કે જેના હૃદયમાં આશાનું પ્રાબલ્ય થયું છે તેને સુવર્ણનો મેરૂ પર્વત કદાચ બતાવવામાં કે બક્ષવામાં આવે તોપણ તેનું મન શાંત થતું નથી તે નથીજ.

(૨૬૫)

પાળી પોષી મોટો કર્યો, જાત ન પુછી કોઈ;
ગુણ ઉપર અવગુણ કરે, (તે) બિજક બીજાનું હોય.

અર્થ—બચપણથી તેની સુંદરતા જોઇને તે કોઇ ખાનદાન કુંટુંબનો નબીરો હશે એવું અનુમાન કરી તેને વ્હાલથી પોતાને ત્યાં રાખી, સાત્વિક સાધનોથી અને સનાતની વર્તનવડે તેને ઉછેરવામાં આવે તોપણ અંતે ઉછેરનારનીજ આબરૂ પર છીણી મુકતાં તે લેશ પણ વખત નહી લગાડે અને તેથીજ તે ખાનદાનનું બાળક નહી પણ જેને મા મુઓ અને બાપ કાંદો કહેવામાં આવે છે તે પ્રમાણે તે વર્ણસંકર ગણાય.

(૨૬૬)

હસું તો દંત પારખે, રોયે કાજળ જાય;
મુંગાને સ્વપ્નું થયું, સમજ સમજ પસ્તાય.

અર્થ—ત્રીશંકુના આવરણમાં આવી પડેલા માણસની સ્થીતી આ વ્યાધિ યુક્ત વિશ્વમાં ઘણીજ કઢંગી અર્થાત દયા પાત્ર થઇ પડે છે. તે એવી રીતે કે તેનાથી નથી હર્ષ થતો, નથી રૂદન થતું અને કેવળ મુંગા માણસને સ્વપ્નું લાવે અને તે સ્વપ્નાનું રહસ્ય સામા માણસને વાણી વડે જેમ સમજાવી શકાતું નથી સબબ કે, જો તે હસે તો દુનિયા તેને હર્ષ ઘેલો કહી નિંદે છે. તે રોવે તો ભિરૂ અને બાયલો ગણી કાઢે છે. અરે વાહરે ચોધારી દુનિયા તારી પ્રકૃતિને ?

(૨૬૭)

નાનાં સાથે નેહ, કાલા થઈ કરીયે નહીં,
ચટક દીયે છેહ, સરવાળો સાંધે નહીં.

અર્થ—પોતાનું કલ્યાણ જોવાનેજ જે સતત ઇચ્છા રાખે છે એવા સજન પુરૂષોએ કોઇ પણ સંજોગમાં નાનાં અર્થાત ગજા વિનાનાં કે વિદ્યામાં જાતી ગોરવતામાં અને નીતિની રીતાથી બીન- [illegible] નગાર તથા વ્યવહાર કુશળ ન હોય તેવાથી મતલબ કે મુર- [illegible] સંઘાતી કરવો નહીં કેમકે તે અંત સુધી સંઘાત નભાવી શકતો નથી. સબબ કે તે સંઘાત નિભાવી રાખવાના ઉપાય સમજતો નથી કે સમજવાની કાળજી ધરાવતો નથી જેથી તે અધ-વચેથી સંઘાત પડયો મુકી ખસી જાય છે અને તેથી એવાની તો નહીં પણ સામાની મશ્કરી થાય છે, નુકશાની ખમવી પડે છે એટ-લુંજ નહીં પણ નકામાં મુરખાઇની ગણનામાં ખપવું પડે છે માટે નાનાં મુર્ખથી સદા દુર રહેવું એજ ઉત્તમ છે.

(૨૬૮)

ન ગણે વાડો નવ રાખીયે, સગણાની પત જાય;
ચંદન પડયું ચોકમાં, ઇંધણ મુલ વેચાય.

અર્થ—જેને ગુણ—ફાયદાની કીંમત અર્થાત પરિક્ષા કે પીછાણ કરવાની શક્તિ નથી તેનાથી કંઇ પ્રસંગ પાડવો તે પોતાની કિંમત હલકી કરવા જેવું છે. જેમકે, ચંદનને ન ઓળખી શકે એવા ગમાર ગામડીયાના ચકલામા તમે ચંદનનો ઢગલો વેચવા માટે કરશો તો નક્કી એ ચંદનની અન્ય કાષ્ટના ભાવથી પણ હલકી કિંમતે માગણી થશે.

(૨૬૯)

હતું એ તો હારિયો, ખજાનો બેઠો ખોઇ,
કામણ ગારૂં કોઈ, પાદર તમારૂં પોરહા.

અર્થ—મુર્ખની એટલે જેને મર્મ ચીજની રૂચી અને પરિક્ષા કરવાની શક્તિ નથી તેવાની સાથે કોઇ પણ જાતની તકાસણી અર્થાત કસોટી કર્યા શિવાય મર્મથી બંધાયા અને તે પ્રેમના અંગે પ્રેમની ફરજ પ્રેમી પ્રત્યે અદા કરવાના કરતાં પ્રેમીના હીતાર્થે ભાં બળ ખાલી કર્યું ને હૃદય નિચોવી નાંખ્યું તોપણ મુરખ પ્રેમીને તેના કદર ન થઇ અને અમે અમારી બુદ્ધી બળ ત્થા હૃદયનું અલૌકિક હીર ગુમાવી નિરધન મતલબ કે કેવળ જડવત બની રહ્યા.

(૨૭૦)

નાગુ માચલો નાગ, ફણુ માંડો પાછો ફરે;
જાય ભાગ્યો જળ સાપ, નોળી વાટે નાઘડો.

અર્થઃ—નાગ નામના સરદારની સાથે કોઇ એક મુગ્ધા આશક પડી છે કે તે વખતે નાગ તેને અપુર્વ વ્હાલથી ચાહે છે પણ જ્યારે તે મુગ્ધા વયને વિતાવી પ્રેમ રસમાં ઝીલવાને પુર શક્તિમાં આવી તે વખતે સરદાર નાગ કોણ જાણે શ્યા હેતુસર તેના પ્રત્યેના પોતાના પ્રેમને સંકેલી લીધો જેથી તેણીને હૃદયમાં સજડ જખમ થયો અને નાગના પ્રેમ અભાવે તે સદા ઝુરતીને ઝુરતીજ રહે છે ને કટાક્ષમાં સંદેશો કહેવરાવે છે કે હે સરદાર નાગ ! તને અત્યાર સુધી હું મ-ર્ણીધર સમજતી હતી અને તેથીજ હું મારા પ્રેમની મોરલી તારી દીશા તરફથી એક સુરે બજાવી રહી હતી કે જે સુરમાં લીન બની

તું સામેથી ફણુ ચડાવી સુરની મીઠાસથી ઘસડાઈ આવી મોરલીપર ડોલતો રહીશ. પણ તેમાં તો હું છેતરાઈ સમજ કે મારી મોરલી જ્યારે સુરીલી થઈ ત્યારે તે સુર સાંભળ્યા છતાં તું નગરોલ થઇ દુર નાઠો જેથી તું મણીધર નહિ પણ જળવાસી જળસાપ, સાપોલીયુ કે સરસીયું છે.

(૨૭૧)

નિકળની નાગ, રાફડામાં કાં રૂંધાઇ રહયો;

માથે મોરલીયું ના માર, નાગ છેક નિભર થયો.

અર્થ:—મુગ્ધા વગર તેડી ચાહોને પ્રેમની પ્રબળતાએ પોતાના અવાસે આવી છે એવું દેખ્યા છતાં પણુ તેને આદર આપ્યા વગર અવાસનાં ખુલ્લાં બારણાં બંધ કરી સરદાર નાગ રૂમમાં ભરાઇ છુપાઇ બેઠો એવું જાણીને તે મુગ્ધા નાગને કહે છે કે હે નાગ ! મારા પ્રેમની મોરલી તારા અવાસરૂપ રાફડી નજીક આવીને વાગવા લાગી છે અને તું તારો સ્વભાવ બદલી રાફડામાં (અવાસમાં) ભરાઇ બેઠો છે, તે તને નથી શોભતું માટે બહાર આવ, ને આમ કરવાનો ખુલાસો જણાવ.

(૨૭૨)

મુખે વગાડું મોરલી, કરૂં છત્રીશે રાગ;

હું થઇ જન્મની જોગણી, નિકળ વાળા નાગ.

અર્થ:—હે સરદાર નાગ! હું તારા પ્રત્યે પ્રેમભિખારી (જોગણુ) બની છું અને તેથીજ હું તારા પ્રત્યે છત્રીશ કળાએ શ્રૃંગાર પુષ્પને ખીલાવી તે સર્વની સુગંધ તારા મગજમાં સિંચવાને સતત્ સાવધ

રહું છું. ઉપરાંત મારી હૃદયરૂપ મીઠી મોરલીથી મધુર કલરવનાં ગાન વગાડું છું; તો પણ તું બેદરકાર રહે છે તે કેવળ બેઇમાની પણાને ધારણ કરે છે. માટે છેક નમેરો ન થા. અને અમારી ચાહનાનો ઇન્સાફ આપ.

(૨૭૩)

ઉજળી ચાલી હટારણે, માથે મંડાણો મેહ;
વરા મેલીને વરસશે, અંગ પલાળે ઉજળી.

અર્થ:—ઉજળી નામની નવયૌવના (પણ તે કુમારી હતી) એકાએક રસ્તે ચાલી જતી હતી તેવામાં તે રસ્તેજ અચાનક "મે" નામનો સરદાર અશ્વારૂઢ થઇ પસાર થયો. તે સર્વાંગે સુંદરી બાળા ઉજળીને જોઇ તેનાંપર લોભાયો જેથી અશ્વનો વેગ મંદ કરી ઉજળીની સજોડે ઉજળીની સાથે વાણી વિલાસ વધારી બદલામાં તેની અમૃત લ્હાણીરૂપ વાણી સાંભળી શાંતિ મેળવવાની ઉમેદે સાથે સાથે ચાલવા માંડયો જે જોઇને સામા મળતાં વટેમાર્ગુઓ અનુમાન કરતાં કે અમુક વખત પછી "મે" સરદાર પોતાની હૃદયરૂપ વાદળી કે જે વાદળી તદન શુદ્ધ પ્રેમરૂપ પાણીથી ભરેલી છે તેને વ્હાલ વૃષ્ટિથી વરસાવશે અને વૃષ્ટિમાં સૃષ્ટિપ્રદેશના અભાવે ઉજળીનું કુમળું કલેવર રસબસથી ભિજાવશે, અર્થાત મેની પ્રેમ નવાજેશ ઉજળીપર ઉતરશે.

(૨૭૪)

ધડનો કરૂં ઢોલીયો, પાથરૂં પથારી પાંજર;
ઉરનાં ઓશીકાં કરૂં, પોઢો પ્રેમી મેહ.

અર્થઃ—અમુક રસ્તો પસાર કર્યો. છ છ માઈલના દુર શહેર રહ્યું. સુર્ય મધ્યાને આવ્યો અને ઉજળી તથા મે એ બનેને તૃષા વ્યાપી; એટલુંજ નહિ પણ થાકથી કાયર થયાં એટલે પાણી પી બે ઘડી વિશ્રામ લેવા બંનેની ઈચ્છા થઈ. તેવામાં રસ્તાને કિનારે એક પાણીની વાવ આવી ને નજીકમાં બે ચાર વૃક્ષો, જેની છાંયડી શીતળતા આપવાને બસ હતી તે સ્થાને તે બંનેએ વિસામો લીધો. જેવામાં મેએ થાકથી સુવા ઇચ્છા બતાવી પણ વિધીયુક્ત પાગરણ શીવાય શી રીતે સુઈ શકાય એવી સમશા દર્શાવી. જેના ઉત્તરમાં વાણીથી નહિ પણ માત્ર અંતર ઉર્મી પણ નેત્રદ્વારાએ ઉજળીએ જણાવ્યું કે જો સુઈ જાણતા હો ને સુવાને લાયક હો ને ઇચ્છા હોય તો મારા લુગડનો ઢોલાયો બનાવી કલેવરની પથારી કરૂં ને તે પર કુણા કાળજાનું આશીકું બનાવી દઉં અટલે તે પર આરામથી નિદ્રા કરો પણ એક બીજાએ વાણીથી ખુલાસો ન કર્યો ને અબોલપણેજ સમય થતાં પોતપોતાને રસ્તે પડયાં.

(૨૭૫)

પાન પદાર્થ સુઘડનર, વણ તોળે વેચાય;
જેમ જેમ ભુમી પાલટે, મુલ ઘણેરાં થાય.

અર્થઃ—આ દુનિયામાં, પાન (નાગરવેલ) ઝવેરાત અને ઇન્સાન એ ત્રણેની કીમત એક સ્થાનથી બીજા સ્થાને રટન કરવાથીજ વધે છે. અને તે અનેક સ્થાન ફરે છે તેમ તેના કીંમતનો આંક વધે છે. મતલબ કે પાનની જ્યાં નીપજ છે ત્યાં તો તે એક ત્રાંબીયાનાં ૫૦) મળતાં હશે પરંતુ તે સ્થાનથી જ્યારે તે દુર દેશ કે

જ્યાં તેની નીપજ હોતી નથી ત્યાં જવાથી તે એક ત્રાંબીયાનાં પાંચ એટલે કે મોંઘાં વેચાય છે, ઝવેરાત પણ એકજ ખાંણમાં પડી રહે છે ત્યાં પુરતી કીંમતમાં ગણાતાં નથી પણ ખાંણમાંથી નીકળી જગતના પ્રખ્યાત વેપારીની પેઢીયો પલટે છે ત્યારેજ તેની કીંમત વધે છે. અને તેજ રીતે ગમે તેવો ડાહ્યો વિદ્વાન કે કળા કુશળવાન માણસ હોય છે પણ તેનિજ નિવાસને તજી જ્યાં તેવા ગુણુની જરૂર હોય ત્યાં જવાથી તે માનવંતો થઇ પડે છે.

(૨૭૬)

કંઇક રાવ રમી ગયા, કંઇક ગયા નિરાશ;
ધરતી રાજા રામની, કોની ન પુરી આશ.

અર્થઃ—અત્યાર સુધીમાં આ પૃથ્વીને માટે ઘણા રાજા મહારાજાઓ અંદર અંદર ભયંકર લડાઇના સંજોગો ઉત્પન્ન કરી કપાઇ મુવા કે જેનાં અત્યારે નામ નિશાન પણ જણાતાં નથી તો પણ પૃથ્વિ તો તેની સાથે નહી જતાં અગર તો તેની નહિ થતાં તે અહીંજ દ્રષ્યમાન વીરાજી રહી અને તેજ પોતાની કરવાને લલચાય રહેલા મરણને શરણુ પડી આકડાના તુરની માફક ઉડી ગયા. તો કોઇની નહીં થનારી અગરતો કોઇની સાથે નહિ જનારી પૃથ્વિ સ્વાધીન કરવા માટે નાહક લડી મરવું અને લાખો માણસનાં લોહી અરણ્યમાં રેડવાં તે કેવળ મતામતની માન્યતાજ છે અને પરીણામે પૃથ્વી તો જેવી છે. તેવીજ સ્થિતિમાં રહેવાની છે.

(૨૭૭)

આશાને અમૃતગણો, પણ છે કડવી ઝેર;
છાંડો ચેતી સહુજનો, ધ્યાશે કાળો કેર.

અર્થઃ—આ જગતમાં આશા માણસનું જેટલું ખરાબ કરે છે તેવું ખરાબ કરનાર બીજી કોઈપણ વ્યકતી નથી અને તેનાં પ્રત્યક્ષ પ્રમાણ પણ ઘણાને મળી ચુક્યાં છે છતાં પણ તેમાં પાછા પરાણે પરાણે પડવા જાય છે. અને આશામાને આશામાં અંતે મનુષ્ય જન્મ નીષ્ફળ કરે છે ને પસ્તાય છે.

જગતના મિથ્યા વૈભવ મેળવવાની આશા રાખી આવલાં માર્યા કરતાં ઈશ્વર ભક્તિનો સમુહ વધારવાની અને મુક્તિ મેળવવાની આશા રાખી તેમાં પ્રવર્ત થવું એ શ્રેષ્ટ છે. માટે મિથ્યા વૈભવ મેમેળવવાની આશા કરતાં ભક્તિ મુક્તિની આશા રાખવી.

(૨૭૮)

શેરી મીત્રો સો મળે, તાળી મીત્ર અનેક;
જેમાં સુખ દુઃખ વાટીયે, તે લાખોમાં એક.

અર્થઃ—વર્તમાન કાળમાં મીત્રતાનું પ્રમાણ એટલું બધુ વધી પડયું છે કે તે ગણ્યું ગણાઇ તેમ નથી એટલે કે "મીત્ર" શબ્દની કીંમત, અને ગઉરવથી તદ્દન અજાણ હોય છતાં સંસારમાં જેની સાથે વ્યવહાર કાર્યનો પ્રસંગ પડે તેને પણ મીત્રનું વીશેશણ આપવા કોઈ આંચકો ધરતું નથી એટલે "મીત્ર"તા બ્રાહ્મણના મુખની સ્વસ્તીની માફક ટકે ટકે વ્હેચાવા લાગી છે. અને તેથીજ કોઇ નાણાંના લોભે, સ્રીના લોભે, વૈભવના ભાગીદાર બનવાના લોભે, કુટુંબમાં સારી બ્હેન ભાણેજના લોભે કે અન્ય જાતના સ્વાર્થ સાધવાના લોભે ચોમાસાની જીવાત માફક મીત્રનાં ટોળે ટોળાં મળી આવે છે ને સ્વાર્થ સાધી પાછાં લય થાય છે, અર્થાત દુર જાય છે. પણ જેને

મીત્ર તરીકે માની શકાય તેવા મીત્ર તો લાખો મીત્રોમાંથી એકાદ વીરલાજ મળી આવે છે અને તેની પારખપણ કોઇ વીરલાજ કરી જાણે છે તથા મીત્ર શબ્દની મીઠાશ ચાખે છે.

(૨૭૯)

દીન ગુણતાં માસ ગયા, વરસે આંતરીયાં;
સુરત ભુલી શાયબા, નામે વીસરીયા.

અર્થઃ—આ સંસારમાં સંજોગમાં આવનારાં ગમે તેવાં વહાલાં વાલેશ્વરી ગણાતાં હોય જેવાં કે માતા-પીતા, ભ્રાતા, ભગીની સ્ત્રી, સુત કે સુતા સર્વે આપ મતલબી છે અને તેની ગવાહી વેદ પુરાણ અને કુરાંન પણ આપે છે તે ઠીક છે પણ તેની તરતમાં ખાત્રી એજ છે કે, અમુક વ્હાલી વ્યક્તી કે જેના શીવાય આપણને એક પળ પણ જુગ જેવી જણાય છે તે વ્યક્તીનો સદાને માટે વીયોગ થાય છે ત્યારે આપણને તે એવું તો દુઃખમય લાગે છે કે તેની પાછળ આપણું જીવન પણ અકારૂં લાગે છે પરંતુ વખતના વહેવા પછી ધીરે ધીરે તેવ્યક્તીની જુદાઇ વીસારે પડે છે અને છેલે છેલે તો આપણે નાટકો, વીગેરે જેવી ગમતની જગ્યોએ જઇ પુર આનંદમાં ગુંથાઇ પડીએ છીએ કે તે વખતે વ્યક્તીના નામસ્મર્ણનું પણ આપણને ભાન રહેતુ નથી.

હવે કહો કે જેવું તે વ્યક્તીનું આપ વીસરી ચુકયા તેવીજ અન્યહયાતી ભોગવતી આપણી વ્હાલી વ્યક્તી આપણને વીસારી નીાવદે છે. માટે વ્યવહાર નીયમ પ્રમાણે સર્વની સાથે સમાન અને

નાષ્કપટથી વર્તવું પણ અંતરમાં સંબંધ તો એક માલીકથીજ (પ્રભુ) રાખવો એજ પરીણામે ફળ યુક્ત.

(૨૮૦)

વણ સગે વણ સાગવે, વણ નાતરીએ નેહ;
વણ માવતરે જીવશું, તું વણ મરીએ મે.

અર્થ:—ઉજળી મે જેઠવાને કહેવરાવે છે કે, હે મે જેઠવા! સગાના સ્નેહ અભાવે, નાતજાતના અભાવે, અને સ્નેહી અભાવે કદાચ અમે અમારૂં જીવન લંબાવી શકીશું પરંતુ તમારા પ્રેમ અભાવે તો એક પલ પણ અમારૂં જીવન લંબાવી શકવાને અમે બીલકુલ અશક્ત છીએ, મતલબ કે, અન્ય વ્યક્તીઓની મીઠી નજર હશે અને તમારી કડવી નજર હશે તો તે અમને નહી પોસાય પણ તમારી મીઠી નજર હશે અને અન્ય સર્વની કડવી નજર હશે તોપણ અમે આનંદ માની જીવનને મીઠું ગણી લેશું.

× × × જગતમાં સર્વની અપ્રીતી હોય તો તેની દરકાર નહી પણ પ્રાણી માત્રને પરમાત્માની પ્રીતીની અવસ્ય જરૂર છે. માટે સર્વની પ્રીતીની દરકાર નહી ધરતાં સતત એક પરમાત્માની પ્રીતી મેળવવાનોજ સત પ્રયાસ અને અભીલાશા વધારવી.

(૨૮૧)

કણ દાણો કોય, કે તો દઉં ગાડાં ભરી;
હઇયે લાલચ હોય, માંગી લે તું ઉજળી.

અર્થ:—ઉજળીની અત્યંત આરત વાણી સાંભળી આખરે મે જેઠવે તેને કહ્યું કે હે ઉજળી, તું જાતની ચારણ છો અને હું જાતનો

ક્ષત્રી કુમાર છું એટલે સ્વાભાવીક રીતે ચારણ કોમ ક્ષત્રી કોમને પુજનીક અર્થાત આશ્રીત ગણાય છે તો પછી તેની પુત્રીનો પ્રેમ હું કોઇ રીતે સ્વીકારી શકવાને અશક્ત છું. વળી અત્યાર સુધી મેં જે તારો પ્રેમ કબુલવાનું મેં તને વચન આપ્યું હતું તે કેવળ હું તારી જાતથી બીનમાહીતગાર હતો પણ જ્યારે હું તે જાણીતો થયો એટલે હવે હું તને દેવી કે, ભગીની તરીકે માની તને પગે લાગું છું. અને કહું છું કે પ્રેમના બદલે જોઇએ તો ગામ–ગીરાસ, ધન, દોલત, વૈભવ અથવા તો મહારાં પ્રાણ જે જોઇએ તે માંગી લે–તારી ખુબસુરતી અને પ્રેમીપણાની નેક ટેકની જાળવણીના લીધે હું સર્વ આપવા તઇયાર છું. પણ પ્રેમ આપી જાણ્યા છતાં પાપ ખાઇમાં પડવાને અસમર્થ છું.

(૨૮૨)

આશા કરીને આવીયાં, નીરાશા તેને ન વાળીયે;
તબડુક તુકારા કરાવીયા, ભોંઠપ ઘણી ભાણના.

અર્થ:—ઉજળીએ કહ્યું કે હે ભાણના સપુત મે જેઠવા, તેં આપેલ વચનના આધારે તારી તરફથી મને ત્હારો પ્રેમ અવસ્ય મળશે એવી ખાત્રી રાખીનેજ આખરે મું ત્હારી હજુરમાં આવી પ્રેમની ભીખ માંગી છતાં પણ તેં નહી આપતાં નફામાં અમને તોછડે નામે બોલાવ્યાં અર્થાત અપમાન આપ્યું તો તેવું કરતાં તમને તો શરમ ન આવી પણ અમે લાજનાં ભર્યાં આપઘાત કરીએ એવું અમને અપમાન લાગ્યું છે.

(૨૮૩)

પડી ગરજ મન અઉર છે, સરી ગરજ મન અઉર;
ઉદય કહે માનવ મનો, એકે ન રહે ઠોર.

અર્થ·—જ્યાં સુધી સ્વાર્થ ન હોય ત્યાં સુધી સ્વાર્થીલાઓની વાણીને વર્તન કંઈક અઉર પ્રભાવના હોય પણ જ્યારે સ્વાર્થ સધાઈ રહે છે ત્યાર પછી તેવાઓની વાણી વર્તન સેતાનીયત રૂપમાં વીદ્યુત પાવરથી ફેરવાઇ જતાં વાર લાગતી નથી.

(૨૮૪)

કેનાં પાડે કેનાં પોઠીયે, કેનાં ગાડાં ભરાય;
અમારા દુ:ખનો પારના, વીંજર વાણ ભરાય.

અર્થ:—વીંજરા નામના આશકને તેની માશુક વીંજરાના વીયોગમાં રીબાતી હોવાથી વીંજરાને કહેણ મોકલે છે કે, હો વીંજરા! આ અસાર સંસારમાં અવતરેલાં મનુષ્યને કોઇ પણ રીતે સુખ નથી અર્થાત સર્વેને કંઈ કંઈ દુ:ખ તો રહેલુંજ છે. મતલબ કે કોઇને પોટકાં બંધાય તેટલું હોય કોઇનું પાડો–પોઠીયો તાણી શકે તેટલું હોયને કોઇને વળી ગાડું ભરાય તેટલું હોય પણ હે નીર્દય વીંજરા તારા વીયોગમાં ઝુરતી મરતી આ મદન જવાળામાં તવાતી નવનોવનાંનું દુ:ખ તો એટલું મહાન છે કે તેનાં તો વહાણ યા આગબોટ ભરાય તોપણ પાર આવે નહીં.

× × × હે પ્યારા પ્રભુ! આ જગત પાપરૂપ છે અને તેમાં આવી રમણ કરનાર પ્રાણીને પોતાની બેખબરથી અવસ્ય પાપના

રજકણ ચોટે છે. અર્થાત તેને પાપ મળે છે તેમાં કોઇનું પાપ પડીકું બંધાય તેટલું કોઇનું પાપ હેલકારીથી લેવાઈ શકે કેટલું, કોઈનું પાપ ત્રેન ભરાઈ તેટલું મતલબ કે સર્વેનું માપ થઇ શકે અર્થાત તે દરગુજર કરવા ચાહો તો કદાચ ન્યાયની રીતે પણ દરગુજર થઇ શકે તેવાં છે પરંતુ હે નાથ હું પાપીના પાપ તો એટલાં બધાં પ્રબળ (ઘણાં) છે કે જેનાં વહાણ ભરૂં તો પણ માપી શકાય તેમ નથી તો મારી સમજ પ્રમાણે તે બીલકુલ માફ પણ ન થઈ શકે તેવાં છે પણ હે નાથ. આપ પતીતના પાવન કરનાર છો એમ સમજીને હવે મને તહારો અમરૂત મય શરણ આશરો આપો અને મ્હારા સર્વ પાપ કાપો

(૨૮૫)

જો સોંઘાં મળે તો, સોંઘાં સાટવીયે નહિ;
ખુંદયાં એતો ખમે, જાતીલા હોય જોગડા,

અર્થઃ—વીતના ભોગે અને શકતીના ભોગે; અને વખતના ભોગે પણ જે વસ્તુ મળવી મુસ્કેલ થાય તે વસ્તુ મેળવવા દરેક પ્રાણીએ અવસ્ય મહેનત કરવી. પણ તેમાં કાયરતા પામી તે વસ્તુ (મોક્ષ) મેળવવાના અભાવે સોંઘી અર્થાત સહેજ મળી શકે તેવી વસ્તુથી સંતોષ માનવો એ પરિણામે મહાન ખેદ થવા જેવું છે.

(૨૮૬)

પલટે પળ પળમાં, પળમાં કરે અતી;
તે મતલબના યાર, રીત ન જાણે રાજીયાં.

અર્થઃ—આકાશ અંદરની વીજળીનો નિવાસ જેમ એકજ સ્થળે

દેખાતો નથી મતલબ કે તે ચંચળ છે અર્થાત તેનો ચમકારો ઘડીક પૂર્વમાં ઘડીક પશ્ચિમમાં ઘડીક ઉત્તરમાં તો ઘડીક દક્ષિણમાં ફરતો ફરે છે તેવીજ રીતે આપ મતલબનેજ ચાહનારા નીચ પુરૂષનો સ્નેહ પણ એક સ્થળે કાયમ રહેતો નથી પણ તેનો સ્નેહ અને મનની વૃતિ પેલી વીજળીની માફક ઘડી ઘડીમાં ફરતી ફરે છે એટલે કે, ઘડીમાં એક સાથે સ્નેહ બાંધી તેને મીત્ર તરીકે કબુલ કરે છે તો બીજી ઘડીયે તેનાથી મિત્રતા તોડી તેને દુશ્મન તરીકે લેખી બીજાની સાથે મીત્રતા બાંધે છે.

આવા વર્તનના ઇન્સાથી કોઇએ પોતાનો સંબંધ બાંધવો નહિ. નહિ તો પરીણામે હાની અને ખેદ પામવા શિવાય કશો પણ ફાયદો નથી. ભોગ જોગે કદાચ તેનાથી ભોળે ભાવે સ્નેહ થઇ ગયો હોય તો તર્તજ તે સ્નેહને સંકેલી લેવો.

(૨૮૭)

ધીંગાને દયે ધાન રાંકાંને રાબજ નહી;
તું પાસે નહિ પ્રધાન, કોણ સમજાવે શામળા ?

અર્થઃ—ધીંગા એટલે અજ્ઞાનતામાં મદમસ્ત થયેલા અભીમાનીને હે પ્રભુ ! તેં અસંખ્ય નાણું આપી દીધું છે અને બીચારા સમજુ અને નમ્ર ઇનિશનને રોટલીનાં પણ સાંસા પડે એવા રાખ્યા તો તે ઉપરથી અમો અલ્પ મતીને એમતો જણાઇ આવે છે કે, તેં એવું બંધારણ કર્યું તો ખરેખર તને વ્યાજબી અને ન્યાય પૂર્વક બંધારણની કાર્ય ક્રમના બતાવે અર્થાત સુચન કરે એવો કોઈ અભેદ વૃતિનો લાયક પ્રધાન (સલાહ) કોઇ તહારી પાસે નથી

નહિતો તું એવી ભયંકર ભુલ ન કરે ને કદાચ તે ભુલ ત્હારી નજર આગે નહિ હોય તો તે ભુલમાં પણ કંઇક સાર હશે એવી ત્હારી અગાધ શકતીનો વીચાર કરતાં અમને પરીણામે તેમ કબુલ કરવુંજ પડે છે. મતલબ કે તારી પ્રતિ કુલ અને અનુકુળ એવા દ્વીવ સ્વભાવની અમે માની લીધેલી રચનામાં પણ અમને પરીણામ મળતું નથી તે નથીજ.

(૨૮૮)

રાજા કોના ગોઠીયા? જોગી કોના મીત્ર;
વેશ્યા કોની સ્ત્રી? કોણ વેશ્યાનો કંથ?

અર્થ:—નૃપતિનો કોઈ સંધાતી હોતો નથી, કારણકે રાજાની મિત્રાઈ સંસારમાં અસ્થીર કહેવાય છે એટલે રાજા કોઇના સ્નેહ બંધનમાં થઈ બંધાઇ રહેતા નથી—જોગી કોઇના ભાઈબંધ થતાજ નથી કારણકે જોગીનો નિવાસ ઘણે ભાગે જંગલમાંજ હોય છે એટલે કે તેને સંસારીના સહવાસની હવા પણ લાગતી નથી. તેમ તેને કોઇની મિત્રાઈ પોસાય નહિ. વેશ્યા કોઈની સ્ત્રી પણ થઈ શકિત નથી કારણકે તે એક પુરૂષની ભોગી નથી પણ તેને અનેક પુરૂષ ભોગવવાની કુટેવ પડેલી હોય છે અને વેશ્યાનો કોઈ પતી પણ હોય શકતો નથી કારણકે તે સ્વતંત્ર અને સ્વચ્છંદ રહેવાનેજ પસંદ કરતી વેશ્યા પતીના અંકુશમાં વર્તવાને બીલકુલ ખુશી બતાવતી નથી.

(૨૮૯)

રાજા ગરજના ગોઠીયા, જોગી જતીના મિત્ર;
વેશ્યા દામની સ્ત્રી, દામ વેશ્યાનો કંથ.

અર્થ:—રાજા કોઈના સ્નેહી થતા નથી એ ખરૂં પણ રાજા હમેશાં ગરજના યાર થઈ રહે છે એમ અગાઉના અનુભવી પુરૂષો કહી ગયાં છે મતલબ કે ગરજના પ્રધાનપણામાંથી રાજા વીહિનઃ મુકત નથી થયા તો પછી ગરજની ખાતર તેને કોઇની પણ સહાયની જરૂર પડે છેજ ને જ્યારે સહાયની અવસ્ય જરૂર પડે છે ત્યારે તે સ્હાયકને પોતાના સંઘાતી–સ્નેહી કે મીત્ર તરીકે માને તોજ તે ગરજ સાધી શકે છે. જોગી જંગલમાં રહે છે ને તેને કોઇ મીત્ર નથી હોતો તે ખરૂં પણ તેને જોગ સાધના શીખવા માટે જતીના સહવાસમાં આવવું પડે છે અને જ્યારે તે જતીના સહવાસમાં આવે છે ત્યારે જતીથી મીત્રતા અર્થાત એકત્રતા વધારવીજ જોઇએ એ સ્વભાવિક છે. વેશ્યા અન્ય કોઈની સ્ત્રી (ગ્રહણી) થઈ નથી પણ પૈસાની તે પલકવારમાંજ સ્ત્રી બને છે એટલે કે પૈસો આપનાર પુરૂષની આગળ પૈસાની આશામાં તે સ્ત્રીની મીસાલે આધિન થઇ તેની દરેક વૃત્તિને તાબે થઇ તેનું ફરમાન ઉઠાવે છે, તેથી પૈસો તે વેશ્યાનો સ્વામી અર્થાત પતિ થઈ શકે છે.

(૨૯૦)

માતા વસે મેરામણે પિતા વસે કૈલાસ;

જુનાં જોઇએ તો મોકલું નવાં તો આશ્વિન માસ.

અર્થ:—તમે માગ્યાં તે ફળ જુનાં જોતાં હોય તો મોકલું. નવાં જોતાં હોય તો તો આશો મહિનામાં મળી શકશે કારણ તેની મા (માછલી) દરિયામાં વસે છે અને બાપ મેઘ કૈલાસમાં વસે છે

(૨૯૧)

બાંધી મુઠી લાખની, ઉઘાડી વા ખાય,
હાલામણ દુહા પારખે, સોન શિયાને જાય.

અર્થ:—મુઠી બાંધી હોય ત્યાં સુધી લાખની સમજવી. કારણ ઉઘાડીએ તો કળાઈ જાય, (મતલબ કે કાંઇ પણ ગુપ્તવાત બહાર ન પાડીએ ત્યાં સુધી બહુ ઉપયોગી ગણાય છે. પણ બહાર પાડીએ એટલે પછી તેની કીંમત રહેતી નથી.) હલામણ દુહા પુરા કરે છે અને સોન પરણે છે શિયાને. (એ કેવો અન્યાય)

(૨૯૨)

કાંહું રે બાની ગળગળી, બાંધી મુઠી ખોલ,
બાની આવી તું બરકતી માનાવંતીને મહોલ.

અર્થ:—હે બાની ! તું ગળગળી કેમ થઇ ગઈ છે. જે હોય તે કહી દે. માનાવંતીને મહોલ તું (છેટેથી) બરકતી આવી (તેથી કાંઈ પણ ઉપયોગી કહેવું હશે એમ અટકળ થાય છે.)

(૨૯૩)

બાઇ અમને બાંની વઢી નદિએ ભરતાં નીર,
એક વચનને કારણે સુકી ગયું શરીર.

અર્થ:—હું નદીએ પાણી ભરવા ગઇ હતી, ત્યાં એક બાની મને વઢી અને એવું એક વચન કહ્યું કે જેથી મ્હારૂં શરીર સુકાઇ ગયું

(૨૯૪)

શિયા તુંને સાપ ખાય, કાળા કરંડા માંહેલો
તમે અમારા સસરા હાલામણ ભરથાર.

અર્થ:—મારી સાથે જે દગલબાજી વાપરી છે તેને માટે હે શિયા! તુંને કાળા કરંડીયા માંહેલો સાપ ખાય; એમ હું ઇચ્છું છઉં અને શ્રાપ આપું છું. કારણ તોજ તને ઘટતી સિક્ષા થાય) તમે અમારા સસરા થાઓછો જ્યારે ભરથાર તો હલામણ છે,

(૨૯૫)

કાગળ લખેલ કુડના, લઇ ચારણીયે છેતર્યાં,
ખુણો ખુટેલ દેશ, જેઠવા જાણેલ નહીં.

અર્થ:—કુડ (કપટ) ના લખેલ કાગળ લઇને હે! ચારણાયા તેં અમને છેતર્યાં; જેઠવા એમ અમે જાણ્યું નહોતું કે આ દેશ આખો (ખુણા ખાંચરા સહિત) આમ ખૂટેલ હશે.

(૨૯૬)

માંહે લીલું ને બાર સુકું ત્રંબક વરણું જેહ,
સમજીને ગજકરણના અમને એ જણશું દે.

અર્થ:—અંદર લીલું અને બહાર સુકું, અને જેનો ત્રાંબાના જેવો રંગ છે તે શું તે હે ગજકરણના (પુત્ર) તું! સમજી લે અને ને અમને દે.

(૨૯૭)

સુખ સાગરને ન હોય રાતો દીન હીલોળવા (?)
હાલક લોળો હોય હૈયે હાલામણ તણે.

અર્થ:—સાગરને સુખશાન્તિ હોતી નથી કારણ રાત અને દિવસે ચાલ્યા કરે છે. (મોજાંથી) તેવીજ રીતે હલામણ હૈયામાં પણ હાલકલોળક થાય છે.

પાસે જ મોટો મચ્છ (મત્સ્ય-માછલું) જોઇને તેને ઉદ્દેશીને નીચેનો દુહો બોલ્યો.

મછ (મત્સ્ય) તું મહાજળ હોય કયે અવગણ આવીઓ,
એવા સાયર (સાગર) ન હોય ભલ કેતા અવગણ કરે.

અર્થ:—હે મત્સ્ય ! તેં એવો (સાગરનો) શો અવગુણ કર્યો છે કે (તેના બદલામાં) તું આંહી આવ્યો છે તું તો મહાજળમાં હોવો જોઇએ. (તેં અવગુણ કર્યોજ હોવો જોઇએ) કેમકે સાયર એવા નથી હોતા કે ભલું કર્યું હોય છતાં પણ અવગુણ કરે.

(૨૯૮)

નાનાની સોબતે, હાલી મન હળવાં થયાં;
(વિરૂ ગયુ વળે)?, મછડો જલમાં હળે રહો.

અર્થ:—નાનાની સોબતે જવાથી મન હલકું થયું. વિરૂ ગયુ વળે ?.........હું માછલું જળમાં હળાઉં છઉં. મતલબ કે હું કોઇ નાના માછલાની સાથે કાંઠે આવ્યો અને વેળ વળી ત્યારે તે નાનું માછલું પાછું ચાલ્યું ગયું અને હું આંહી ખાબોચીઆમાં રહી ગયો).

(૨૯૯)

અરે કુંવર હાલામણા, પડે દોશીંતા પાત્ર;
તું ઉછળ્યો આભપગના, ધણી તો અમ મછ શું માત્ર

અર્થ:—હે હાલામણ કુંવર તું આભપરાનો ધણી છે તેના આ દશા થઇ તો અમો માછલાં શું માત્રમાં.

(૩૦૦)

રામ લક્ષ્મણ બે બાણાવળી, સીતા જેવાં સુપાત્ર;
એને વનમાં વસવું પડયું, તો માનવી શું માત્ર.

અર્થ:—રામ અને લક્ષ્મણ બે બાણાવળી હતા, સીતા જેવો સુપાત્ર સ્ત્રી હતા એ ત્રણેને પણ વનમાં વસવું પડયું તો સાધારણ માણસની તેવી સ્થિતિ થાય તેમાં શી નવાઈ!

(૩૦૧)

વીસલપરને વાસ અમને, વાસો વસાડ્યાં નહી;
નહી તો નીત રતનાકર નહાત દરશન કરત દેવનાં.

અર્થ:—અમને વીસલપર પણ રહેવા દીધાં નહીં. નહીંતર હમેશ સમુદ્રમાં સ્નાન કરત અને દેવનાં દરશન કરત.

(૩૦૨)

હટકયું મન હલામણ તણું, મીયાણીએ મન મોયું નહી;
કરણ કોઇલા તણે, ગાંધવીએ મન ઘેલું કર્યું

અર્થ:—હલામણનું ખસી ગયેલ મન મીયાણી ઉપર મોહ પામ્યું નહીં.

(૩૦૩)

જાળીડા નાખને જાળ એક, હાલામણના નામની;
કરમ છે લલાટ કે, બહુ તેરે બરડે રહ્યાં.

અર્થ—હે જાળ નાંખવાવાળા ! એક વાર હલામણના નામની જાળ નાખ (જેથી ખબર પડે કે) મારાં કર્મ (સારાં નસીબ) સાથે લલાટે છે કે બહુ તેરે (બધાંએ ?) બરડામાંજ રહ્યાં.

તે માછીમારે જાળ નાંખી અને જાળમાં માછલાંને બદલે મોતી આવ્યાં તે ઉપરથી હલામણે નિશ્ચય કર્યો કે હજુ તેનું સુભાગ્ય ફર્યું નથી. ત્યાર બાદ તે ત્યાંથી ઉપડી કચ્છમાં થઇને સિંધદેશ કે જ્યાંની રાણી પોતાની ફુઈ થતી હતી, ત્યાં ગયો. દેશવટાના લિબાસમાં પોતાની ફુઇને મળવાનું દુરસ્ત ન જણાયાથી તે બજારમાં સારો પોશાક ખરીદવા માટે ગયો તે સમયે રાજકુંવરી દેવળદેવી ત્યાંથી રસાલા સહિત નીકળી અને તેની દાસીએ હલામણને જોઇને નીચેનો દુહો કહ્યો.

(૩૦૪)

ધડપંખો ને ઉડણો, જેનાં ગીરમાં ગામ;
વર પહેલો તોરણ ચડે, એ કારીગરનાં કામ.

અર્થ:—ધડીબંધ જેની પાંખો છે. જે ઉડે છે અને જેનું ગીરમાં ગામ (રહેઠાણ) છે, જે વરની પહેલાં તોરણ ઉપર ચહડે છે અને જેને (જેની પ્રતિકૃતિ) કારીગર બનાવી શકે તે શું. (?)

(૩૦૫)

ધરા ઉપર ભરીયાં ધ્રો, ગગનાસર બાંધ્યું ગળે;
પવને પેખ્યું નહીં, મછસે જળ માણ્યું નહીં.

અર્થ:—બહારના ભાગ ઉપર ધ્રોના જેવાં જેને રૂછડાં છે અને જેના ગળામાં (અંદર) એવું સ્વર્ગીય સરોવર ભર્યું છે જે

(ના પાણી)ને પવને દીઠું નથી (હલાવ્યું નથી) અને જેને માછલાં-ઓએ ભોગવ્યું નથી (અંદર રહીને); (એવી જે ચીજ હોય તે મને મોકલી દે).

(૩૦૬)

અગ્નિ કીનારે નિપજે ગોરલ રાતે દંત (?)
નારીએ નર બાંધીઓ તેની કર વિમાસણ કંથ

અર્થ:—જે અગ્નિમાં નીપજે છે............?, અને જેને ..ર જાતિનાને નારીજાતિ પહેરે છે તેનો હે કંથ! વિચાર કર અને તે મોકલી દે.

(૩૦૭)

લંક લપેટણ, સીતહર, નહિ લંકાપતિ રાઓ;
જે કારણ કૌરવ દલ હણ્યા તે મોકલો મોરા રાઓ.

અર્થ:—જે લંક (સાથળનો ભાગ) ઉપર લપેટવામાં કામ આવે છે, જે +સીતહર (ઠંડી હરનાર–સીતાનું હરણ કરનાર) છે છતાં હે રાજા! તે લંકાપતિ (રાવણ) નથી, જેને માટે કૌરવનું દળ હણાણું તે હે મારા રાજા! મને મોકલો.

(૩૦૮)

થડ થોડો ને પ્રગટ ઘણો, પાને પાને હુલંત (?)
સોનલ આવી સારવે (?) કાઢો વસાણું કંથ

અર્થ:—થડ એટલે મૂળ વસ્તુના પ્રમાણમાં થોડો તેનો (પ્રગટ) ફેલાવ ઘણો વધારે છે (અંતર થોડું છતાં તેની ખુશબો ઘણા ભાગમાં પ્र-

સરે છે) પાને પાને હલ્લંત અને સોનલ આવી સારવે એ એ વસાણું કંથ તમે મોકલો.

(૩૦૯)

અણીવાળાં ને ભમરમુખાં નારી વાલાં જેહ,
સમજી લે ગજકરણના અમને એ જનશું દે.

અર્થ:—અણીવાળાં, ભ્રમરના જેવાં અને જે સ્ત્રીઓને વહાલાં હોય છે તે શું તે હે ગજકરણના તું સમજી લે અને તે અમને દે.

(૩૧૦)

કાળો ઘોડો કાંટવો ભમર ભાલું હાથ;
બાઇ મેં જોયો બજારમાં જાણે જેઠવાની જાત.

અર્થ:—હે ! બાઈ કાળા ઘોડા ઉપર બેઠેલો, હાથમાં ભાલું રાખેલું એવા કોઇને મેં બજારમાં જોયો અને તે જેઠવાની જાતનો હોય એમ મને લાગ્યું

(૩૧૧)

અસુરો ઊભો પરખણો, શું છે તારૂં નામ,
કયા રાજાનો બેટડો, કયાં તમારૂં ગામ.

અર્થ:—મોડો બજારમાં માલ ખરીદવા ઉભો છે, ત્હારૂં નામ શું છે, તું કયા રાજાનો દીકરો છે અને ત્હારૂં ગામ કયું છે તે કહે.

(૩૧૨)

અસુરો ઉભો પરખણો, હલામણ મારૂં નામ,
ગજકરણનો બેટડો, ઘુમલી મારૂં ગામ.

અસુરો બજારમાં ખરીદવામાં ઉભો છઉં, નામ હલામણ છે, ગજકરણનો હું દીકરો છઉં મ્હારૂં ગામ ધુમલી છે.

રાજકુંવરીએ તે નામ સાંભળીને પડદો દૂર કરાવ્યો અને મર્યાદા જાળવવાના હેતુથી અત્તરની શીશી વચમાં રાખીને તેને નીહાળીને જોવા લાગી. તેની ખુબસુરતીથી મોહ પામીને પોતાના ગળામાંનો મોતીનો હાર હલામણના ગળામાં નંખાવ્યો અને નીચેનો દુહો બોલી ચાલી નીકળી.

(૩૧૩)

વાણીયાને હાટ, બે વસ્તુ વિસારિયું;
એક હૈયાનો હાર, બીજો હલામણ જેઠવો.

અર્થઃ—વાણીયાના હાટ પાસે મેં બે વસ્તુ વીસારી (ખોઈ) એક તો ગળામાંનો મોતીનો હાર અને બીજો હલામણ જેઠવો.

રાજકુંવરીએ દરબારગઢમાં જઈને હલામણ આવ્યાની વાત પોતાની માને કહી, જે ઉપરથી બે ચાર અમીરોને મોકલીને હલામણને દરબારમાં તેડાવ્યો. રાણીએ હલામણની આ સ્થિતિથી આશ્ચર્ય પામીને તેની આ દુર્દશાનું કારણ પુછ્યું. હલામણે અથથી ઇતિ સુધી બધી આપવીતી આપત્તિ કહી બતાવી. ખાનપાનથી સાંત્વન આપીને તેને સુવા માટે પલંગ ઢાળવાનો હુકમ આપ્યો,

(૩૧૪)

ફુઇ ઢોલીયો મ ઢળાવ, પલંગે તન પોઢે નહિ,
લઇ સાથરડે સુવાર, છોયે રૂડું માને રાધીઆણી.

અર્થઃ—હે ફુઈ ઢોલીયો ઢળાવ માં. કારણ મારૂં તન પલંગ

ઉપર પોઢયાથી શાન્તિ થશે નહીં. જમીન ઉપર મને સુવાડીશ તોયે રાધીઆણી (સોન–રાધસિંહજીની દીકરી) રૂડું માનશે (ખીજાશે).

ફુઇએ તેની આ વાણી ઉપરથી સ્પષ્ટ જાણ્યું કે તેની સોન રાણી ઉપર અત્યાસક્તિ છે માટે તે નરમ પાડવા માટે એક સ્વરૂપ-વાન સુમરી તેને પરણાવવી.

રાજાઓએ એકજ રાણીથી સંતુષ્ટ રહેવું યોગ્ય નથી એમ હલામણને સમજાવીને તેની ફુઇએ ગામમાંથી સર્વોત્તમ સુમરીઓને હલામણની પસંદગી માટે ભેળી કરવાનું પુછવા ઉપરથી હલામણે માત્ર જીજ્ઞાસાથી જ હા પાડી. તે પ્રમાણે બધી સુમરીઓને એકઠી રી અને હલામણે તે બધાને જોઈ ત્યારે તે નીચે પ્રમાણે બોલ્યો. કે

(૩૧૫)

લાંબા પહેરે ઘાઘરા પેટે ડેફરીઉં (?)
હકડી સોનલ માથે ઘોળીઉં સંઘજી સુમરીઉ.

અર્થઃ—એક સોનલની સાથે સરખાવતાં બધી સિંધની સુમરી-ઓ ઘોળી (કોઈ ગણત્રીમાં નથી). સુમરીઓ! કે જે લાંબા ઘાઘરા પહેરે છે અને પેટે ડેફરીઉં છે.

હલામણના આ વચનથી તેની ફુઇએ એક સૌથી ચડીયાતી સુમરીને પાછળ રાખી હતી. તેને સારાં લુગડાં લત્તાં પહેરાવીને હલામણ પાસે લાવી તેને જોઇને હલામણ બોલ્યો કેઃ—

(૩૧૬)

આવળ જેવી ઉજળી, દો ફુલેજો ભાર,
જેડી તારી સંઘજી સુમરી, તેવી માંડપરાની મેઘવાળ.

અર્થ:—આવળ જેવી ઉજળી અને બે ફુલના ભારવાળી, જેવી તારી સિંધની સુમરી છે તેવી તો મારે ત્યાં માંડપરા (મોડપુર)ની મેહવાળની સ્ત્રીઓ હોય છે,

આ પ્રમાણે જ્યારે હલામણને કોઇ સ્ત્રી ગણતીમાં ન આવી ત્યારે પછી પોતાની કુંવરી દેવળદેવી તેને પરણાવવાનો નિશ્ચય કરી હલામણ પાસે તે દરખાસ્ત મુકી. આ માંગણી પણ નામંજુર થઈ. એક દિવસ હલામણ સમુદ્રસ્નાન કરવા ગયો ત્યારે એક વાંસ તણાતો તણાતો પોતા તરફ આવતો જોયો. તે વાંસ બરડાના ડુંગરનોજ હોવો જોઇએ એમ કલ્પના આવતાંવારજ હલામણને પોતાની જન્મભૂમિ અને સાથેસાથે સોનરાણી સાંભરી આવી.

(૩૧૭)

દેસાઈ દીઠે દેશ, વીઘન હરાણાં વાંસડા;
ભણને તું ભોમના, કાંઇ સંદેશો સોનનો.

અર્થ:—હે વાંસડા ! પોતાના દેશનો એવો તુને જોઇને મારા વિઘ્ન હણાઈ ગયાં છે. સોનરાણીનો કાંઈ સંદેશો છે કે કેમ તે તું કહી દે.

(૩૧૮)

કાપ્યો મને કબાડીએ, ઝરમાં દીધી ઝોક;
ત્યાંથી લોઢે લેવાણા, શુધ રહિ નહિ સોનાની.

અર્થ:—મને કબાડી (લાકડાં કાપવાવાળા) એ કાપ્યો અને પછી દરીઆમાં ઝુકાવ્યો (ફેંકયો) ત્યાંથી લોઢે (મોજાંના હીલોળે) લેવાણો તેથી સોનની શુધ રહી નહિ.

હલામણે બીજું પણ અનુમાન કર્યું કે આજ પર્યંત વાંસ કાપવાની જે મનાઈ હતી તે પણ બંધ થઇ લાગે છે અને તે બાબત વાંસડાને પુછતાં જવાબ મળ્યો કે

(૩૧૯)

હલામણ હોતે કાતળી કપાતો નહીં,
તે જેઠી રાણ જાતે, વન વન થયા વાંસડા.

અર્થ:—હલામણ હતો ત્યારે એક પાંદડું પણ તોડી શકાતુ નહિ. હવે તે જેઠીરાણાને દેશવટો મળ્યો ત્યારથી વાંસડા વન વન થયા છે (રખડે છે).

(૩૨૦)

ઓઇયા આવે અહુવાર, સરએ ઓળિડે સાબદા;
વળ ગાળાનો અહુવાર, કરઠી સાંઠે કાચબો.

અર્થ:—રાહમીરનું હુલામણાનું એટલે લાડકું નામ કાચબો હતો તેનું સગપણ એક સરખા રાજ્યકર્તાની ખુબસુરત કુંવરી સાથે થયું હતું કાચબો પણ ઘણી ખુબસુરતી ધરાવતો હતો કુંવરી સખી વૃંદ સાથે એક દિવસ મહેલ નજીકની બાગના હોજમાં જળક્રિડા કરવા લાગી. જળહોજમાં કાચબા નામનું જળચર પ્રાણી હતું તે સખીઓની દ્રષ્ટિએ પડયું અને મશ્કરી અર્થે કુંવરીને કહેવા લાગી કે બહેન, બહેન જુવો તો ખરાં આ કાચબો તમારા પતીનો પિત્રાઇ આપણા હોજમાં ભરાઈ બેઠો છે. અજ્ઞાન કુંવર એ કહ્યું કે શું આ કાચબો મારા પતી કાચબાનો પિત્રાઇ એટલે મારો પતિ કાચબો પણ આ કાચબાના જેવો અંગે રંગે હશે! સખીઓએ મશ્કરીમાં

હા પાડી એટલે મનમા ક્ષીણ બની આવા કાચબાથી જનમારો શી રીતે જશે એમ સમજી એ કાચબાથી ન પરણાવાને નિશ્ચય કરી બેઠી. વખત વહેતાં લગ્નનો સમય નજીક આવ્યો લગ્ન લખવાની તૈયારી થઇ પણ કુંવરીએ હઠ કરી કહ્યું કે એ કાચબાથી નહિ પરણું, જો પરણાવવીજ હોય તો કોઈ અન્ય કુમાર સાથ પરણાવો. પીતાએ કુવરીની હઠ મંજુર રાખી કાચબાથી સગપણ તોડી કુંવરીનું અન્ય રાજ્યના કુમાર સાથે સગપણ કર્યું.

કુંવરીએ સગપણ તોડી નાખવાથી કુમાર કાચબો અન્ય રાજકર્તાની કુંવરી સાથે વર્યાને લગ્ન થયાં પોતાના રાજમાંથી જાન જોડી તે કુંવરીને પરણવા નીકળ્યો રસ્તામાં આ છેડાયેલ કુંવરીનું શહેર આવે ત્યાં જાનનાં માણસો વિશ્રાંતિ લેવા બાગને છાંયે બેઠા, બાગમાં રહેતી કુંવરીએ જાણ્યું કે કોઇ રાજ્યકુમારની જાન છે એમ સમજી સખીઓ સાથે તે ત્યાં આવીને પૂછ્યું કે કોની જાન? તો જવાબ મળ્યો કે કાચબાની એટલે કાચબો ક્યાં એમ કાચબાને નજરે જોવા પ્રશ્ન કર્યો તો એક માણસે કહ્યું કે આમાં કાચબો નથી પણ પેલી તરફથી જે ઘોડેસ્વારનું ટોળું આવે છે તેમાં સવાલખી સાંઢપર બેઠા છે તેજ વરરાજા કાચબો. કુંવરીએ જોયો જોતાંજ કુંવરીનું કાળજું ખશી ગયું કેમકે જે દિવસ વિધી નવરો હતો ત્યારે પ્રેમ ઘડીએ જુકતેથી કાચબાનું કલેવર બનાવ્યું હતું. એવામાં કાચબો નજીક આવ્યો એટલે લોકની લાજ અને દેહનું ભાન ભુલી કુંવરી એકદમ કાચબાના પગમાં પડી અને કાચબ જેવા વર સાથે લગ્ન ન કરવાને વિચાર કર્યો તેમાં હુ ઠગાણી એ બાબતનો પશ્ચાતાપ કરી હવે લગ્ન કરી પતિ તરીકે સ્વિકારવા કાલાવાલા કરવા લાગી તે જોઇ

મશ્કરીમાં કાચબો બોલ્યો કે અમે તો જળના જીવડા એટલે અમારી સાથે પરણીને તમે શું કરશો? ત્યારે દયામણી બની કુંવરી બોલી કેઃ—

(૩૨૧)

તમે જળના જીવ, અમે મુવે સરજશું માછલી;
શોધશું તમારૂં શરીર, કેડન મુકું કાચબા.

અર્થઃ—ફીકર નહિ જો તમે જળના જીવ હશો તો અમે માછલી થઇને પણ તમારી સાથેજ રહેશું; માટે મારો સ્વિકાર કરો નહિ તો આત્મઘાત કરી હત્યા આપીશ. આમ શુભભાવ જોવાથી કાચબે તેનો સ્વિકાર તો કર્યો, પણ પ્રથમ પેલીને પરણ્યો અને વળતાં તે કુંવરીને પરણ્યો.

(૩૨૨)

કાચબ કંકુની લોળ, પગમાં પીરોજી મોજડી;
ઝબકયો ડુંગરની કોર, કરણ્યું કરે કાચબો.

અર્થઃ—કાચબાને જોઈ ઓળખવાની હોશે. પેલી નવયોવનાંએ તેના માણસને પુછ્યું કે, મને કાચબો ઓળખાવ, ત્યારે તેણે તેણીને જણાવ્યું કે, કંકુ વરણો તો જેના શરિરનો કલર (રંગ છે.) શોભિતા શ્રૃંગાર ધરી પગમાં પીરોજી મોજડી (આ જાતના જોડા અમિર લોકોમાં વપરાતા=પહેરાતા હતા) પહેરી છે અને પર્વતના અગ્ર ભાગમાંથી ઉગતો બાળ સૂર્ય જેમ પોતાની કિરણ પ્રભાને જગત પર પ્રસારે છે તેમ કાચબો પણ પોતાની સ્વરૂપ પ્રભાથી મંડળમાં પ્રસારતો દેખાય છે તેજ કાચબો છે.

આવું કાચબાનું સ્વરૂપ સાંભળીને તથા જાન જોઇને તે નવ યોવના કાચબા પ્રત્યે લોભાણી અને કોઈની વાત ઉપરથીજ આવો સુભાગી વર ત્યાગી દિધો તેને માટે પસ્તાંવો કરવા લાગી આખરે તે ભુલને સુધારવા હિમત લાવી કાચબા કને ગઈ અને ખુલ્લા શબ્દ થી બોલી કે હે કાચબા મે તારૂં માગું તોડયું તેના માટે ક્ષમા માગું છું અને મારો હાથ કબુલ કરવા આજીજી કરૂં છું, કાચબાએ તે સાંભળી મશ્કરીમાંજ ઉત્તર આપ્યો કે,

(૩૨૩)

અમે જળના જીવ, જળ વિણ હમથી રહેવાઇ નહિ;
મ્હારૂં નામ રા હમિર, કોડથી પાડયું તું કાચબો.

અર્થઃ—હે નવયોવનાં] હું તો કાચબો જળમાં રહી વેળુનોજ આહાર કરનારો એટલે મ્હારી સાથેનો તમારો સંસાર શીરી તે નભે અને સુખી બને ? વિશેશમાં હે બેખબર સુંદરિ ! મ્હારૂં ખરૂં નામ તો રા, હમિર છે અને મારા વડિલો મને કાચબાના લાડકા નામથી બોલાવતા હતા.

(૩૨૪)

ખીમરા મોટી ખોટ, માણસને મરવા તણી;
બીજી લાખ કરોડ, એના જેવી એકે નહીં.

અર્થઃ—આ મોહમય સંસારમાં માણસને અનેક જાતનાં દુઃખ આવે જાય અને લાખો કરોડોનું નુકશાન થાય તોપણ તેનું દર ગુ-જર થઇ શકે છે કેમકે "જીવતો નર ભદ્રા પામે છે" એ વાક્ય મન શાન્તી કરવાને મજબુત સાધન છે પરન્તુ ઘરમાંથી માણસ જેવું માણસ મરી જાય છે. અને તેથા તેની જે ખોટ પડે છે તે

કાળે કરીને પણ પુરાતી નથી કે તેના વિયોગે પડેલો હૃદયમ. ઝખમ અનેક ઉપચારે પણ રૂઝાતો નથી.

(૩૨૫)

ખીમરા ખારોદેશ, મિઠાં બોલાં માનવી,
ઉઠીદે જવાબ, ખોટી મ કરો ખીમરા.

અર્થ:—હે ખીમરા! તારા વગર અમને અમારો વેશ અને આ દેશ સઘળું ખારૂં થયું અર્થાત શુન્યકાર છે અને તે ખારાશમાં તારા મુખમાંથી નિકળતા કષ્ટહર અમૃત મય મિઠાબોલો સંભળાવી. અમને શાન્તકર. નકામાં અમને દુ:ખની ઘાણીમાં પીલ નહિ.

(૩૨૬)

વીશેદિના વદાડ અમે આઠે દિને આવશું.
રોશોમાં રાવલના ધણી ખારે આંસુંડે ખીમરા,

અર્થ:—ખીમરાની હકીકત એવી છે કે, ખંભાતના આહેર કુટુંબની પુત્રી લોડણી ખુબ સુરત અને કુવારિ હતી. તેણીને પોતાની જીંદગી કુંવારાપણાંમાંજ પુરી કરવાનો નિશ્ચય હતો અને તેથી પુરૂષનું મોઢુતો જોતી નહોતી પણ પુરૂષ નામે ચોખા, ઘઉં, મગ, અડદ કે બાજરા જેવા નર જાતી ગણાતા અનાજનો ખોરાક પણ નખાતી. લોડણીનો પીતા માતબર શ્રીમંત હતો. એટલે સાધન અને સગવડતાને લઇ લોડણી જાત્રા અર્થે સંઘ લઇને નિકળી. જાત્રામાં ફરતાં સંઘ સાથે પોતે છેવટ દ્વારિકાં જવા માટે ચાલી. દ્વારકાં જતાં રસ્તામાં રાવલ નામનું નાનું ગામ આવ્યું (આ ગામ હજુ બરડાની તળેટીમાં છે. તેમાં આહેરની વસ્તિ ઘણી છે. અને

ખીમરા લોડણીનુ જીવન ચરિત્ર લખવા માટે મેં રાવલની મુલાકાત લીધી છે) આ ગામનો સજા આહિર હતો કે જે ખીમરાનો વડીલ બન્ધુ હતો. ખીમરો પ્રીન્સ તરિકે રહેતો. ખીમરો ખુબ સુરત અને ૧૬ વર્ષની વયનો હતો. લોડણી પણ તેટલીજ વયની હતી. અહીં કુદરત કૃતિમા લિધે તે બને વચ્ચે દૈવિ પ્રેમ બંધાયો હતો (આ પ્રેમનું સવિસ્તર બ્યાન કાઠીયાવાડી—ઝવાહીર ભાગ (૨) માં સર્વનાં જીવન ચરિત્રો સાથે આપવામાં આવશે) દ્વારકાં જવા અર્થે લોડણીએ ખીમરા પાસે રજા માગી ત્યારે ખીમરો પ્રેમની પ્રબળતાએ બોલી ન શકયો પણ વિયોગ દશા શી રીતે વેઠાશે એનું અનુમાન કરતાં ખીમરાનું હૃદય ભરાઇ ગયું અને આખમાંથી આંસુ ખરવા લાગ્યાં. એ જોઇને લોડણીએ ઉપરના દુહાથી ખીમરાને જણાવ્યું કે,

હે રાવલના રાજા ખીમરા ! તમે આમ તદન ના હિમત થઇ કેમ રડો છો ? દ્વારકાની જાત્રા પુરી કરી હું આપને પુનઃ વીશ દિવસે આવી મળીશ એવો કરાર કરી જાઉં છું પણ ખાત્રી રાખજો કે હું માત્ર એકજ અઠવાડીયામાં આપને અહીં અવશ્ય આવી મળીશ.

(૩૨૭)

મારગ કાંઠે મસાણું, ઉજળાં દીસે આયરૂનાં,
મંગાવું આરસ પહાણ, ખાંભી ખોડાવું ખીમરા,

અર્થઃ—લોડણી દ્વારિકા તરફ ગઈ અને તેના વિયોગમાં ખીમરાએ હઠ લીધી કે, લોડણી આવીને ખવરાવે પીવરાવે તો

જ મારે ખાવું. પીવું નહિ તો હરામ છે. આવો પ્રેમ હઠ લઈ બેસ-વાથી ખીમરો ત્રણ દિવસ પછી મરણ શરણ થયો અને તેની ઉતર ક્રિયા પુરી થઈ બાદ આઠમે દિવસે લોડણી દ્વારીકાથી પાછી ફરી અને સાંભળ્યું કે ત્હારા વિયોગમાં ખીમરે પ્રાણ ત્યાગ કર્યો આવું જાણી જે ઠેકાણે ખીમરાને અગ્ની સંસ્કાર કરવામાં આવ્યો હતો તે ઠેકાણે જઈને લોડણીએ કેટલોક વિલાપ કર્યો અને, ખીમરાની નિશા-ની તરીકે ત્યાં એક પથરની ખાંભી ઉભી કરાવી અને પછી પોતે તે ખાંભીમાં માથું પછાડી તરત મરણ શરણ થઇ (છે આવાં કોઇ ચાલુ જમાનામાં સ્નેહી વર્ગ !)

(૩૨૮)

નાગ તું નજરૂં કરે, અમણાં પંડપર પાલવ નહિ,
ઓશિયાળાં સદાનાં અમે, દુબળ કયાં જઇ દાખવીએ,

અર્થઃ—નાગ નામના પુરૂષને તેની પ્રીય વિભૂતિ કહાવે છે કે હે નાગ ! તું અમારા ગરીબ જીવન અને પામર પણાં તરફ જરા ર-હેમ દિલ લાવીને જો. તો તને સહેજ જણાશે કે સંસારના વૈભવ ભોગવવાની તો અમારામાં શકિત (ગજું) નથી પણ અમારૂં પેટ ભ-રવાને પુરૂં અનાજ કે તન ઢાંકવાને કપડું પણ નથી આવી હાલતમાં હવે જોતું અમારી સંભાળ નહિ લેશે તો અમે આ દગાખોરિ દુનિ-યામાં દુઃખી થશું દુર્જન અમારી મશ્કરી કરશે અને તેમાં પરિણામે તમારી મહતા ઓછી થશે કેમકે અમારૂં જીવન, અમારૂં સુખ, અમારો આરામ એ બધું તમો છો અને તમારા સિવાય અમે અત્યાર સુધી કોઈની દરકાર કરીજ નથી એટલે તમારા આ-

ભાવે હવે જાતે દિવસે અમારા હૃદયની વાત અજાણ્યા કને ક્યાં અને શ્યામાટે સંભળાવા જઇએ ?

(૩૨૯)

જાણ્યું નાગું માઇસો નાગ,રાફડને રૂંધી રહ્યા.
નીકળ્યો જાતે જળ સાપ; સોખો ન રહ્યા નાગડા.

અર્થઃ—પ્રેમ વિભૂતિની અનહદ આજીજી થઇ છતાં પણ નાગ પોતાની ઉદારતા બતાવી શકયો નહિ કે પછી તે વ્યક્તિને પ્રેમ ભાવે પ્રીય શબ્દોથી બોલાવી શકયો નહિં એટલે છેવટે તે વ્યક્તિએ કહ્યું કે હે નાગા ! અમે જાણ્યું હતું કે જેના પર મણિ રહે છે તેવો તું જાતવંત નાગ છે, અને પ્રતિકુળ સંજોગથી દુર રહ્યો છે પણ જ્યારે તારા પર મ્હેણાં અને પ્રેમ રૂપ મોરલીના રાગ શરૂ થયા છતાં પણ તું મુઢ બની અંદરજ ભરાઇ રહ્યો ત્યારે તે ખાત્રી થાય છે કે તું શુધ નાગ નહિ પણ જળનો મળ ખાનાર સાધારણ જળસાપ અર્થાત કમ તાકાતદાર છો (મોરલીનો નાદ સાંભળતાં નાગ ગમે ત્યાં ભરાઇ બેઠા હોય તોપણ તે બહાર આવી સામો ડોલવા લાગે છે.)

(૩૩૦)

કાળાં બચ્ચાં કોયલનાં, તેથી કાળો કાગ ?
કાળો ગોરીનો ચોટલો, કાળો મણીધર નાગ.

અર્થઃ—શ્યામવર્ણાં સુકંઠી કોકીલાનાં બચ્ચાં કહેવાય છે તેનાથી અધીક શ્યામવર્ણું કુવચની કાગડા કહેવાય છે; કાગડાથી

અધીક શ્યામ વર્ણ સુઘડ સુંદરીની વેણી કહેવાય છે અને વેણીથી અધીક શ્યામતા હળાહળ ઝેરથી ભરેલા મણીધર નાગના રૂપમાં છે.

(૩૩૧)

ધરતીમાં ધુંધણ દીયે, માથે મણ મેલાય,

ડસે તો ડગના ભરીયે, કાળો નાગ કહેવાય.

અર્થ:—પૃથ્વિની અંદર પોતાના દરમાં ભરાઇ રહ્યો હોય, ત્યારે પણ મણીધર નાગ પોતાના શ્વાસોશ્વાસની પ્રબળતાએ નજીકનો પ્રદેશ ફુંફાડાથી ગજાવી મુકે છે અને જ્યારે તે ક્રોધથી ડસે છે ત્યારે તેનું ડસેલું પ્રાણી એક પગલું પણ નહીં ભરતાં તરતજ રામ ચરણ પામી જાય છે.

(૩૩૨)

માણસ વગરનું મુલ, પર ઉર પારખ્યું નહીં,

સુકાય સઘળું નુર, દેયું કેને દેખાડીએ.

અર્થ:—અંતર અનેક વેદનાથી છવાઇ ગયું હોય અને તેથી શરીર કાન્તી ઝાંખી થાય તે સજ્જન વગર મુઢ શું સમજી શકે કે તેની કાન્તી શાથી ઝાંખ થઇ ગઇ છે ?

(૩૩૩)

રત વિણ દાન ફળે નહીં, આંગ્યા મળે ના મેં,

સમયે ખટક વિશે બધું, જુગતે જડશે તે.

અર્થ—આંબ, જાંબ, લીંબુ, દ્રાક્ષ, નારંગી કે ફળ વીગેરે અનેક વનસ્પતિ પોતાની રત એટલે સમય આવ્યા વીના ફળ આપતી નથી ને વરસાદ પણ માણસની માગણી પ્રમાણે વરસતો નથી, પણ તે બધું ધીમે ધીમે તેના ક્રમ પ્રમાણે વગર માંગ્યું આવશે ને પાછું જશે.

મતલબકે દુઃખી દશા જોઈ કેટલાંક માણસો કાયર થઇ પોકાર કરે છે, કે હે માલીક! આ દુઃખથી મુક્ત કર; પણ તેમ કર્યાથી કાંઈ વળતું નથી. એ તો જ્યાં સુધી દુઃખ ભોગવવાનું નીર્માણ થયું છે ત્યાં સુધી ભોગવતાં પાછું સુખ આવશે.

(૩૩૪)

ધીંગા વાગે ઢોલ, આવી મળે અનેક જન;
ધીંગા મચે ધમરોળ, કોઇ નાવે આંગણે.

અર્થ—ઇનસાનની ચહડતી દશા હોય ત્યારે વગર બોલાવ્યાં અનેક માણસો રાતને દિવસ આવે જાય છે અને વગર ચીંધ્યાં ખિજમત કરી ખુશી રાખવા ઉત્સુક રહે છે, પણ પ્રાલબ્ધની પ્રબળતાએ જ્યારે પડતી દશા થાય છે, ત્યારે એ સઘળાં માણસો કે, જે પ્રતીદિન ખજિમત કરવામાં રહેતાં તે દુર ખશી જાય છે એટલુંજ નહી, પણ કાર્ય નીમીતે તેને આમંત્રણ કરવામાં આવે તોપણ તે ઘર આગળ આવતાં મોંઘાં બને છે.

મતલબ કે સહુ વખતને માને છે માટે કોઇ પણ ઇનસાને હુંપદ નહી લાવતાં સદાય નમ્રપણે વર્તવું એજ જીવન સાફલ્ય છે.

(૩૩૫)

ખીસે ખુટયા ખુડદા, વરો અવાળો ઘેર;

નિરાધાર નર નિર્મળો, નહી માંગણને મેર.

અર્થ—નિરાધાર સ્થીતી, ઘરમાં ખરચ પુરતું અને તેમાં પણ વળી અવનવાં ન્યાતી રીવાજમાં કરવા જેવાં ખરચીલાં કાર્યનું આવાગમન, ઘર ખાલી, વ્યવહારમાં આબરૂદાર, આવક ટુંકી, જાવક વિશેષ કમાણી કરનાર એક, અને ખાનાર દસ, નીતિ વિરૂધના પૈસાપર સદાય અભાવો, આવા સમયમાં માગનારની ઉતાવળ થાય તો તે નરની મનોવૃત્તી કેટલા પ્રમાણમાં ગુંચવાઈ પડતી હશે ? એ બીના દરેક માણસે વીચારમાં લાવવા જેવી છે ને એવે વખતે માનવ ધર્મ પ્રમાણે જે કાંઈ મદદ કરવાનું સુજે તે મદદ કરવામાં માલીક રાજી રહે છે.

(૩૩૬)

નેત્રમ બારિયાણી તથા ગોલણવાળાના દુહા.

આ પ્રેમ વ્યક્તિનાં જીવન ચરિત્રો બીજા ભાગમાં બધાંની સાથે સવિસ્તર આપવામાં આવશે પરન્તુ વાંચકની સમજ અર્થે આ સ્થળે ટુંકમાંજ જણાવવાનું કે.

ભાવનગર તાબાના ગામ તળાજામાં અગાઉ ગોલણવાળા નામનો કાઠી હતો. આ ગોલણવાળાને તલાજાના રહીશ બારઇયા જાતના રજપુતની કન્યા નેત્રમની સાથે પ્રીતી હતી. નેત્રમ ખુબ સુરત પણ કુંવારી હતી. ગોલણવાળા સાથેની નેત્રમની પ્રીતી ખાનગી હતી. અને

નેત્રમની ખુબ સુરતી ઉપર મોહીત થઇ દેશાવરોના રાજા ધિરાજના રાજ્યગોર સગપણ કરવા આવતા પણ ગોલણવાળાની સાથે અથાગ પ્રીતી લાગવાથી નેત્રમ પરવાનો વિચાર બતાવતી નહીં. છેવટે નેત્રમના વિચાર શિવાય તેના બાપે નેત્રમનાં કોઇ મારવાડી રાજા સાથે ઘડીયાં લગન કરી દેવાની ગોઠવણુ કરી વરને તેડાવ્યો. જાન આવી ને નેત્રમને પરણી મારવાડી રાજા ચાલતો થયો. આ વખતે ગોલણવાળાની તલાજામાં ગેર હાજરી હતી. નેત્રમ પોતાને સાસરે સિધાવી તે પછી ગોલણવાળો આવ્યો અને નેત્રમ પરણી મારવાડ ગઇ એવું સાંભળી પોતે પોતાના પંદરેક સાથીને લઈ નેત્રમના સાસરે ગયો અને નદી કીનારો કે જે કીનારે નેત્રમને રાણી તરીકે રહેવાનો મહેલ હતો ત્યાં ગોણવાળે પોતાનો ઉતારો કર્યો અને નેત્રમ આવીને જમાડે તોજ જમવું એવી પ્રતીજ્ઞા કરી પોતે રાવટીમાં સુતો. બે ત્રણ દિવસ બાદ નેત્રમ પોતાના મહેલ નિચે નિગાહ કરે છે તો ગોલણવાળાનો નિલમ નામનો ઘોડો બાંધેલો જોયો એ ઉપરથી નેત્રમે અનુમાન કર્યું કે આ પડાવ ગોલણવાળાનો છે. એમ ધારી રાતના ભોજનનો થાળ પીરસી વખત મેળવી પોતે હીરની ખાટલી વાટે મહેલમાંથી નિચે ઉતરી ગોલણવાળાની રાવટીમાં આવી. ગોલણવાળો બે દિવસનો ભુખ્યો હઇ ભુખ્યા સાવજ માફક કાગા નીંદરમાં સુતો હતો. નેત્રમે તેને જગાડયો. જાગતાંજ ક્ષુધાથી ક્રોધાયમાન થયેલ ગોલણવાળો નેત્રમના ઉપર રોશ કરી તમંચાથી ઠાર કરવા ઉપર આવ્યો અને કહ્યું કે ત્રણ દિવસથી હું તારા ગામના પાદરમાં આવી ભુખે મરૂં છું છતાં પણ તું મને કેમ મળવા ન આવી. આથી નેત્રમ પ્રીતીના પાસલામાં બંધાયાથી દિનપણે બોલી કે.

(૩૩૭)

પગ લાગ્યો પીડ ઘણી, ઠાવ્યો પીયે ઠાળા;
ગોલણ તમારાં ગાત્રીજને, વારજો તમે વાળા.

અર્થ:—હું ઘણુ દિવસથી અહિ આવી છું. આવતાંજ મારા પગમાં વાળો નીકળ્યો છે. (વાળો એ એક જાતનું અત્યંત દુઃખદાયક દરદ છે) જેની વેદનામાં મુને કંઈ ભાન નથી. તો પણ શહેરનો દેખાવ જોવા અગાશીમાં આવી એટલામાં મેં તમારા નીલમ ઘોડાને દેખ્યો. એ ઉપરથી આપનું આવાગમન થયું જાણી હું હાજર થઈ છું. આ જવાબ ઉપરથી ગોલણવાળાને દયા આવી બન્નેએ પ્રેમથી ભોજન કર્યો. ગોલણવાળાએ જવાની રજા માગી. નેત્રમે કહ્યુ કે, હું તમારાથી વીખુટી નહિ રહી શકું માટે રાજા (તેનો ભરથાર) ને કહી હું તમને મારા જનાનાની ડેલી ઉપર ચોકીદારોના જમાદારની જગ્યો અપાવી અહિંજ રાખું. ગોલણવાળે હા પાડી, નેત્રમે તેને જમાદાર તરીકે રખાવ્યો. ગોલણવાળાનું પરિમળ વધ્યું. જાતે ગોલણવાળો મરદ હતો ને નેત્રમનો ધણી તેનાથી દબાતો પણ આખરે નેત્રમ તથા ગોલણવાળાને આડો વ્યવહાર છે એવું નેત્રમના ધણીએ જાણ્યું ત્યારે તે ગુસ્સે થયો અને તેને દુર કરવા યુક્તિ શોધતાં તેને જણાયું કે ગોલણવાળાને તેનો નિલમ ઘોડો એટલો બધો પ્રિય છે કે, પોતાના શિવાય તે કોઇને સ્વારી કરવા આપતો નથી માટે તે ઘોડાની માગણી કરવી એમ ધારી ઘોડો અમુક મુદત સુધી સ્વારી કરવા આપો એવી માગણી કરી. આ માગણીથી કંટાળી ગોલણવાળાને રીસ ચડીને એવું કહાવ્યું કે,

(૩૩૮)

નીલમ નેત્રમની જોડ, આપણે સમતોલ સાટવીએ;
તમે વાળો રૈવંતપર રંગ અમે પદ્મણી લઇને પધારિયે.

અર્થ:—હે રાજા ! તેં મારા નીલમ ઘોડા ઉપર સ્વારી કરવાની માગણી કીધી તે વાસ્તવિક છે, અને તેથી હું ખુલ્લી રીતે હવે મારા વિચાર જણાવું છું કે મારી પાસે જેવો નીલમ ઘોડો છે તેવીજ ત્હારે ત્યાં નેત્રમ નામની પદ્મણી સ્ત્રી છે. વળી તે નેત્રમ અને નીલમ બંને સરખીજ કીમતનાં રત્ન છે. તારો મોહ નીલમ ઉપર છે તો મારો મોહ નેત્રમ ઉપર છે; માટે આપણે બંને સોંગ સાટાં કરીએ મતલબ કે હું તમને ઘોડો આપું તો તમે મને તમારી સ્ત્રી આપો. સાર માત્ર એજ કે અગાઉના વખતમાં આવા બેધડક સાચું કહેનાર શુરવીર રત્નો આ ભારતભુમિના ઉપર પ્રગટ થતાં અને તેથી ભારતનાં માન અને મેલાજો બરોબર દીપતાં.

(૩૩૯)

ગોલણ ગાની વાર; ચડ્યા વિણ ચાલેન હિ,

\+ \+ \+ \+ \+ \+

અર્થ:—મારવાડી રાજાનાજ પ્રયાસથી વગર હથીયારે કાળ સ્વરૂપ સિંહ કે જે ગાય આદી પશુઓનું વારંવાર નુકશાન કરતો હતો તેને માર્યાનું બિડું ગોલણવાળે જડપ્યું આ બિડુ ગોલણવાળાને અપાવવા રાજાની બે નેમ હતી એક એકે, જો ગોલણવાને સિંહ ઠાર કરશે તો તેના જેવો શુરવિર કે જે નેત્રમના સંબંધમાં બદનામી અપાવે છે, તે જાયુના માટે નાબુદ થશે અને બીજું

તો જો કદાચ તેના હાથથી સિંહ ઠાર થશે તો સિંહનો ત્રાસ લોકો પરથી સદા નાબુદ થશે. ગોલણવાળાએ વગર હથિયારે સિંહને મારવાનું બિડું જડપ્યું તે બિના જાણીં તેની વિરવટપર આફરીન બની નેત્રમે આ દુહો તેને શાહબાશીથી કહયો છે. પણ આ દુહો તથા નિચેનો દુહો (૩૪૦) દુહા પહેલાનો છે.

(૩૪૦)

તડિયા ઉત્તારે તડ, એને વણુ તડ ઉતારીશ નહીં;
એની જાળીથી કરજો જતન, ગોલણ મ્હારે ઘરેણું છે.

અર્થઃ—સિંહના રહેઠાણ તરફ ગોલવણવાળો તડીયા (બાતમિદાર) ને સાથે લઇ નિકળ્યો તે તકે નેત્રમે ગોલવણવાળાના રક્ષણાર્થે એવી ચાહના મનમાં રાખતી હતી (આ વખતે નેત્રમ મહેલની બારીમાંથી તે સર્વ દેખતી હતી) કે તડિયા ગોલણવાળાને લેશ પણ તકલીફ યા તો તેના જીવનને જોખો ન પહોંચે તેવા તડ (ઉચ્ચી નીચી ટેકરીવાળી જમીન) ની સંભાળ રાખીનેજ લઈ જજે અને સિંહ સાથેનાં યુદ્ધ વખતે પણ નજીકમાં રહી તેનું પુરૂં રક્ષણ કરજે કારણ કે આ સંસારમાં ગોલવણવાળાનું હયાત નામ મને એક ઘરેણા સમાન શોભાવાળું અને કિમતી છે.

જુનાગઢના રાજા રાહમંડળિકે કાઠિયાવાડમાં આવેલા મોણીયા ગામની રહેનાર નાગબાઇ નામની ચારણીયાણીની ખુબસુરતિપર આફરીન બની અયોગ્ય માગણી કરી અને તેથી તેણીના શ્રાપનો તે ભોગ થઇ પડયો હતો અને તે શ્રાપ નિચે પ્રણાણે હતો.

(૩૪૧)

ગઢ ગરવાનાં રાજ, સંતાપી ચારણ માણીશ નહીં;
કોઢ કાયાયે આજ, ખુબ સંભારીશ માંડળીક.

અર્થ—હે રાજા હું ત્હારી પ્રજાની પુત્રી ગણાઉં અને તું પ્રજાનો પીતા ગણાય એ શ્રેણી અનવય હું તો ત્હારા પુત્રની પુત્રી ગણાઉં છતાં તે વિચાર બાજુપર મુકી તું કામનાધ બની હું પરનારીને સંતાપે છે તો હું ત્હને શ્રાપ આપું છું કે જુનાગઢનું રાજ્ય ત્હારા હાથમાંથી ત્હારી હયાતિમાંજ ખુંચાઇ જશે, અને પરિણામે તું બિખારીની દશામાં રખડી કોઢના દુ:ખી દરદમાંજ અંતરીયાળ મરણને શરણ થઇશ કે જે વખતે ત્હારી ઉત્તર ક્રિયા કરનાર પણ ત્હારૂં સ્વજનકે સ્નેહિ ત્હારી સમિપ નહિં હોય. આ શ્રાપ આપ્યા પછી ઉત્તરોત્તર વર્ષ અને વખત વિતતાં રાહમંડળિક પદભ્રષ્ટ થયો શરિરે કોઢ નિકળ્યો અને આપત્તિની વ્યાદ્ધિમાં ઘેરાણો ને આખરે ભટકતી દશામાં ભાયાણી બગસરાના પાદરામાં શાન્તલ નદિના કિનારાપર મૃત્યુ વશ થયો. અત્યારે પણ રાહના પાવળીયા તરીકે એક પથ્થરની ખાંભી તેની નિશાની તરિકે બગસરાના પાદરમાં હયાત ઉભી છે જેને તપાસતાં તે ખંડન થયેલી છે અને તેમાં કંઇ પણ શિલા લેખનું ચિન્હ જણાતું નથી.

આ (બંનેનાં જીવન ચરિત્રો બીજા ભાગમાં આવશે.)

(૩૪૨)

બિન બાજતું ફુટીયું, તુટી ગ્યા સઉ તાર;
સાંભળનારો મારીયો, મરો બજાવનહાર.

અર્થ:—કોઇએક ગ્રહસ્થ પરદેશ ગયો અને તેના વિયોગનો વિસામો પાડવા તેની સ્ત્રી બીન નામનું વાજીંત્ર વગાડી પતિનો વિયોગ વિતાવે છે. રાત્રીના વખતે તે સ્ત્રી આંગણા આગળ એકલી બેસીને બીન બજાવતી. કે જે બીનનો સ્વર સાંભળી કસ્તુરિઓ મૃગ ચારો ચરવા જતાં ત્યાં આવી ચડયો. મૃગને બીન વાજાના નાદનો ઘણો શોખ હોય છે. અને તે દરરોજ તે પ્રમાણે બીન સાંભળવા પેલી સ્ત્રી પાસે બેસતો. બીન નાદની ધુનમાં મસ્ત પુરો આનંદ બની જતો ત્યારે તેની નાભિમાંથી કસ્તુરિનો દુટો (ગોટી) તેની મેળે ખરી જતો. ને સાંજે જ્યારે તે પોતાની જગ્યોએ ચાલ્યો જતો ત્યારે તે સ્ત્રી તે કસ્તુરિના દુટાને લઈ પેટીમાં ભરતી. આ પ્રમાણે ઘણી મુદત સુધી તે મૃગ સાંભળવા આવતો અને તેથી પેલી સ્ત્રીએ ઘણી કસ્તુરિના દુટા મૃગ પાસેથી મેળવ્યા. બાદ સ્ત્રીનો પતિ ઘેર આવ્યો પતિના પધારવાથી પહેલી સ્ત્રી દરરોજના ટાઇમ (વખત) સર બીન બજાવવાના કામમાં મોડી થઇ અને બીનના અવાજનો વ્યસની મૃગ વખતસરઆવી અવાજની આશામાં ઉત્સાહી થઇ. રાહ જોતો બેશી રહ્યો. મોડી રાત્રે પતિ નિદ્રાવશ થયા બાદ સ્ત્રીને મૃગ હાજરીની યાદ આવી જોતાં મૃગ બેઠેલો જોયો, આશા ભર્યા આત્માને (મૃગને) ના ઉમેદ નહીં કરવાની મરો. સ્ત્રી બીન બજાવા લાગી મૃગ અવાજ આનંદમાં ડોલવા લાગ્યો. વખત જતાં બીનનો અવાજ કાને પડતાં પતિ ઉંઘમાંથી જાગ્રત થયો. જાગતાં પોતાની સ્ત્રીને બીન બજાવતાં અને સમીપે કોઇ ઓળાને જતાં ઘણી મુદતથી વિખુટો થયેલ પતિ સ્ત્રીની ચાલ માટે વ્હેમાયો. અને છુપી રીતે દ્વારના ઓથે ચિકીત્સા જોવા ઉભો રહયો. પરિણામે કસ્તુરિ મૃગને ઓળખી વ્હેમને દુર કરી

તેની પાસેથી ઉત્તમ કસ્તુરિ ખુંચવી લેવાની લાલચે મૃગનો શિકાર કરવાને મક્કમ બન્યો. અને તેથી સ્ત્રી, તથા મૃગથી છાનો મકાનમાંથી તિરકામઠું લઈ મૃગને વિંધી નાંખ્યો મૃગે પ્રાણ છોડતાં ચિસ નાંખી ચિસની ભયાનકતાથી સ્ત્રીના હાથમાંથા બીન પડી ફુટી ગયું, તાર તુટી ગયા. આનંદી અને નિર્દોષ મૃગનો પતિનાજ હાથે ઘાત થયો જાણી તેવું પાપી કામ શા માટે કર્યું ? તેવા સ્ત્રીના જવાબમાં પતિએ જણાવ્યું કે કેવળ અમુલ્ય કસ્તુરિનાજ માટે આથી સ્ત્રીએ મૃગ પાશેથી મેળવેલ પેટી (બોક્ષ) ભરેલ કસ્તુરિ પતિને બતાવી મૃગ જેવા જાનવરના લાંબી મુદતના સહવાસના સ્નેહ પ્રભાવે ઉપરનો દુહો બોલી સ્ત્રીએ મૃગ પાછળ પોતાનાં પ્રાણ છોડયાં (આવા સ્નેહ સામ્રાજને ખરેખર ધન્યવાદ ઘટે છે.)

(૩૪૩)

કંઇક રાવ રમી ગયા, કંઇક ગયા નિરાશ;
ધરતિ રાજા રામની, કોઇની ન પુરી આશ.

અર્થ:—આ દ્રષ્ટે દેખાતી દગાખોર દુનિયાના હાકેમ બનવા અને કેવળ શુરવિરોનાંજ લોહી પીવાને પ્યાસી પૃથ્વીનાં, પતિ તરિકે થવાની આશામાં અને તેમ થવામાંજ પોતાની પુરૂષપણાની મહતા માની બેઠેલા એકથી અનેક પુરૂષોએ અસંખ્ય વખત પોતાની દુહાઇ દેશના એક છેડાથી ફેરવી આખરે ઉઘાડી મુઠીયે ચાલ્યા ગયા. અને કોઇ તેવી આશાના અભાવે ઝુરી ઝુરીને ચાલ્યા ગયા મતલબ કે વહેલા મોડા સર્વને અંતે કુંચ કરી ઇચ્છા નહીં હતી છતાં પણ નિર ઉપાયે ચાલ્યા જવું પડયું, અને પૃથ્વી, અને

મહારાજાપદ જેવું ને તેવુંજ પડી રહ્યું પણ તેની સાથે તલભાર પણ તેમાંથી કંઇ ગયું નહીં અને ભવિષ્યમાં જે કોઇ તેનો દાવો કરી તેનો ભોગવટો કરશે તેની સાથે પણ પરિણામે જવાનું નથી ને નફામાં તેની આશાના સાધનમાં અસંખ્ય મનુષ્યોનાં લોહી રેડાવાનું વિશેષણ લેવાશે એવી એ ત્રણે વસ્તુ અન્યની નથી. પણ (**राम रामेती मनोरमे**) એવા શ્રી રામ (ખલકના પેદા કરનાર) નીજ છે. તે કોઇની નથી થવાની તે નથીજ થવાની.

(૩૪૪)

માખી મકોડા મુરખ નર, મધલાળે મરંત;

ભમરો ભોરીંગને સુઘડનર, વાસના લઇ દુર ખસંત.

અર્થઃ—સમા, પૃથ્વી, અને મહારાજા પદ આદિ આ ભય યુક્ત સાગરની માફક પણ અજ્ઞાન દ્રષ્ટિમાં મહતામાનમાં ગણાતી અનેક એવી સુખ વૈભવની અખંડ ધારા પ્રત્યે અજ્ઞાની પુરૂષોનાં મન સતત્ ચોટી રહે છે. અને ન ધારેલી તકે તે અચાનક કાળના પંજામાં સપડાય છે, મતલબ કે મધની મીઠી લાળની આશામાં માખી અને મકોડા વળગી રહે છે તો તે મરણને શરણ તેમાંજ થાય છે. તેમ અજ્ઞાની પણ તેજ આશામાં પોતાનું કિંમતી જીવન માફક સુખ મેળવવાની કાળજી તુટ મહેનતમાંજ પૂરૂ કરે છે પણ ભમરોને સર્પ જેમ અમુક ચીજ ચાખીને તુરત તેનાથી દુર થાય છે તેમ સુઘડનર (સંત પુરૂષો) પણ માફક પ્રત્યે લોભાઇ તેનું સ્વરૂપ અને ગુણ-દોષ જાણી જોઇ તેનાથી દુર ખસે છે.

(૩૪૫)

જુગતે જોયા જગતણા, ખીમે ખુણા ચાર;
ખાર ઝર છે નહીં મણા, કહેતાં નાવે પાર.

અર્થ:—આ મોહકમય જગતની કઇ વ્યક્તિમાં સુખ છે એ જોવા માટે જગતની દરેક વ્યકિત ખુદ જાતેથી અને કેટલીએક અન્યના ઉપરથી ધડો લઇ જોઇ જાણીતો એવી એકે વ્યકિત સુખ અને શાન્તીવાળી ન દિઠી પણ દરેકે દરેક આધિ વ્યાધિ અને ઉપાધિથી ભરેલી છે પણ મનુષ્ય જીવનની કસોટી કરવા માટેજ માયાવી પટના ગીલ્ટથી તે ઉપરથી મોહક દિસે છે. મતલબ કે આ મીઠું મનાતું જગત તે માત્ર ઉપરથીજ મીઠું છે. પરંતુ તેના અંદરનું સ્વરૂપ કેવળ ખારૂં (દુઃખમય) છે. એ અનુભવ સિદ્ધ વાત છે,

(૩૪૬)

વ્હાલા વ્હારે ધા, વારમ કરતું વિઠલા;
ખીમા ને ઉગવા, અનહદ આવે દુઃખના.

અર્થ:—અજ્ઞાની બની આ જગતનાં મિથ્યા પણ ઉપરથી મોહક દેખાતાં સુખ ભોગવવાની લાલચમાં રઝવાયો બની અનેક જાતની પ્રવર્તિમાં આવતાં મારીને કાયર થઇ ગયો છતાં એ મિથ્યા મનાતાં મોહક સુખ પણ મને મળ્યાં નહીં ને નશામાં મારી સર્વે શુધ્ધ શકિતને થાક લાગ્યો છે એટલે હવે તે મિથ્યા મનાતાં મોહક સુખની પ્રવર્તિ કુવામાંથી પાછું ફરવા જેટલી મને શુધ્ધ રહી નથી ને હુ

કેવળ મુંઝાઇ ગયો અને પરિણામે પસ્તાયો કે જે પસ્તાવાનો આ-ગાધ મારા અંતરમાં એવો તો ઊંડો બેશી ગયો છે કે હું તે ત્રણુ કાળે પણ વિસરી શકું તેમ નથી માટે હે હરિ! હવે દયા કર અને હું ભુલા પડેલાને ત્હારી ભકિતરૂપ સિધા અને ભય રહિત માર્ગે ચડવાની પ્રેરણા કર.

(૩૪૭)

ખીમાને નહીં ધીર, માગે ત્હારી સ્હાયતા;
બેલપ આપો વિર, વ્હાલા વાર ન કર હવે.

અર્થઃ—સંસારી દુઃખનાં આવરણના ઝપાટાના આગાધથી મારી મતિ અને ગતિ તદન વિકળ (ઘેલી) થઈ ગઇ છે અને તેથીજ શુધ્ધ સાન ભાન થવા માટે હે પ્રભુ ! હવે હું તારી મદદ માગું છું. કારણ કે આ પ્રપંચી જગતમાં ભુલાં પડેલાંને સત્ય રાહ બતાવે તેવા સજન (સંત) હોય છે એમ મનાય છે- પરન્તુ મેં તે હોંશે તેવા ઘણા (સંત) નો આશ્રો લીધો તો તેમને એવાતો જણાયા કે તેનાં હૃદય કેમ જાણે જગતનાં સર્વ પ્રપંચની મોટી ખાણ હોય. તેમ જણાયાં માટે હવે તો તુંજ મ્હારી વ્હાર કરેતો મારૂં શ્રેય થશે નહીં તો અજ્ઞાનતાના પ્રભાવે મ્હારૂં અત્યાર સુધીનું કિમતી જીવન તદન બરબાદ થયું છે અને હવે જે કંઇ અલ્પ રહ્યું છે તેને કાળરૂપી સર્પ ગળતો જાય છે.

(૩૪૮)

અરજ ઉરમાં ધાર, ગિરીજાના સ્વામિ હવે;
દુઃખ દરિયેથી તાર, વ્હાલા વ્હાણ થઇ મને.

અર્થઃ—હે ગિરીજા એવાં પાર્વતિના પરમ આનંદમય પ્રાણપતિ શ્રી " મહાદેવ " તમારૂ પાપ મોચનનામ ભજવાની મને પ્રેરણા કરો એટલે તે નામ આ દુઃખરૂપ દરિયાની પાર જવાને મને એક હોડીરૂપ દૈવિ સાધન બને અને ભવાટવીનો ફેરો ટળે.

(૩૪૯)

વ્યાધિ વાદળ જાણ, વરસે અનરાધાર આ;
પ્રલય કરે મુજ પ્રાણ, ગીરધર થઇ ઉગાર તું.

અર્થઃ—અત્યાર સુધી અજ્ઞાનતામાં જે જે વ્યક્તિઓને હું સુખ રૂપ માનતો હતો તે સર્વ વ્યક્તિઓ ત્હારા શરણના સત્ય પ્રતાપે કેવળ વ્યાધિથીજ ભરેલી મને અત્યારે દેખાય છે. અને તે કેમ જાણે આકાશના મેઘ સમાન માથાપર ઝુલી મુશળધારાથી વર્શી મને પ્રલય (નાશ) કરવાને સાવધ બની હોય એમ દેખાય છે તો હે શંભુ ! ગોકુળને ઇંદ્રના કોપથી બચાવા શ્રી કૃષ્નચંદ્રે જેમ ગૌવરધન પર્વત તોળીને તેના આશ્રા નિચે ગોકુળનો બચાવ કર્યો તેવી રીતે તું ત્હારા ઉદાર શરણના આશ્રાએ એ વ્યાધિથી મ્હારૂં રક્ષણ કરી મને બચાવ.

(૩૫૦)

લાગી દુઃખની લાય, ઓલાયે નહીં ઉરમાં;
સુખ કુંપળ લય થાય, વ્હાલા ક્યાં વદવું હવે.

અર્થઃ—હે કૃપાનિધિ શંકર! આ સંસારની દુઃખરૂપ લ્હાય (અગન) મ્હારા અંતરમાં એવા તો જોરમાં પ્રગટાઇ છે કે મ્હારૂં સત્ય સુખ (ત્હારી ભક્તિ ઓળખનું ભાન) મય નાજુક, અમુલ્ય, હૃદયનું કુમળું ઝાડ ભસ્મ (ભુલાઇ વિસરાવા આ દગાખોર

દુનિયામાં ક્યાંય પણ મદદ મળે તેમ નથી માટે નિરાધાર જાણી તું મારી વ્હારે આવ અને મને બચાવ.

(૩૫૧)

ઉડ્યા વૈભવ આજ; ધન ઉડ્યું થઇ દિનતા;
હવે ઉડેશે લાજ, ખીમા કુળ મરજાદની.

અર્થ:—હે ત્રીપુરારી! જગતે માનેલા વૈભવ તે પણ મ્હારી પાસેથી તદ્દન નષ્ટ થઈ ગયા છે એટલે કે મ્હારી પાસેથી જગતના વૈભવો પણ ખુંચવાઇ ગયા છે તેમજ વ્યવહારમાં મહત્તા રૂપ મનાયેલ અને જેના વડીયેજ વ્યવહારની શોભા દેખાય છે તેવું દ્રવ્ય પણ મ્હારી પાસેથી હરાઇ ગયું છે મતલબ કે હું દ્રવ્યથી પણ એ નસિબ રહ્યો છું તો ગૃહસ્થાશ્રમ ચલાવવાને વ્યવહારમાં વૈભવ તથા દ્રવ્ય રૂપી મજબુત અને કિમતી ગણતાં એ સાધનોથી હું કેવળ રહિત છું તો તેના અભાવે હવે મારા કુળગૌરવની લાજ પાખંડી અને ઇર્ષાળુ વ્યવહારમાં શી રીતે યશસ્વિ થશે? એવો મને સતત ભય રહે છે.

(૩૫૨)

દ્રવ્ય ઉડ્યુ ભલ ભાખીયે, વૈભવ ઉડ્યા ભલ;
ઉડ્યે લાજ ના રાખીયે, ખીમા ઘટમાં પ્રાણ.

અર્થ:—ગૃહસ્થાશ્રમીને વ્યવહારની શ્રેષ્ટતામાં પહોંચાડવાના સાધનમાં કિમતી ગણાતાં વૈભવ, તથા દ્રવ્ય એ બંને વસ્તુનો મને ભલે સદાને માટે વસવાટ રહે તેની ફીકર કે પરવા નથી પણ એ બંને સાધન વડીયેજ વ્યવહારમાં જો કુળની આબરૂ ટકી રહેતી

હોય એ વાત ખાત્રી પુર્વક હોય તો પછી તે બંને વગર કુળની આબરૂ બજનસ કોઈ રીતે રહેવાનીજ નથી અને આબરૂ ગયા પછી જીવનની આ સંસારમાં શું જરૂર છે. મતલબ કે સર્વ કરતાં મને (પ્રાણીને=મનુષ્યને) આબરૂ સાચવવાની ખુબ જરૂર છે. સબબ કે આ ચલિત જગતમાં પણ જેણે આબરૂ ન મેળવી તે કોઇ રીતે આબરૂ નહીં મેળવે મતલબ કે આ જગત જેવા ક્ષુદ્ર સ્થાનમાં જો માન ન મેળવી શકયો તો પછી પેલી દુનિયાં જેવા મહત્વના સ્થાનમાં તે શું મેળવી શકવાનો હતો?

(૩૫૩)

રાંકાથી પણ રાંક, ખડક અહીં ખીમો થયો;
ઓઢણ અંગે ઢાંક, ગંગાધર ભોળા હવે.

અર્થઃ—પ્રાણીના પુર્વ અવતારની અનેક સત્ય કમાઇના પરિણામેજ મનુષ્યા જન્મ જેવો ઉત્તમ મહિમાવાળો અવતાર મળે છે અને તે મોક્ષ મેળવવાને અમુલ્ય સાધન છે. એટલે તે મનુષ્ય જન્મ પ્રાપ્ત થયા પછી જગતની માઇક વસ્તુ મેળવવાના લોભે પુર્વના સત કમાઇ તમામ ઘસડાઇ જાય છે. અને અંતે કેવળ તનહા (પામર=સાધન રહિત) ભીખારી થઇ જાય છે કે જેને સાચું જુઠું પારખવાની શકિતનો પણ લોપ થાય છે તો હે પ્રભુ ! હે શંકર ! હે ખુદા ! તું વધારે દયા ન બતાવતો ત્હારી મરજી પણ હવે મને (પ્રાણીને) સાચું જુઠું પારખવાની શકિત રૂપ ઓઢણુ તનહા શરીરને શોભાવવા આપ કે જેના પરિણામે હુ લુંટાએલો પ્રાણી સત્ય રાહ રૂપ ત્હારા શરણનો આશ્રો લેવાને પ્રયત્ન તો કરૂં.

(૩૫૪)

ભવ સિંધુને માનવી, માને મનમાં સારો;
પણ પરિણામો પેખતાં, ખીમાને મન ખારો.

અર્થઃ—આ મોહક જગતાબ્ધિને અજ્ઞાન પ્રબળતાએ ણીઓ સુખરૂપ માને છે પણ અનુભવ થતાં તેનું સુખ સ્વરૂપ તે કેવળ દુઃખરૂપ છે. (નં. ૩૪૭ થી ૩૫૫ સુધીના ઓનો કર્તા " ખીમો ;' ઉર્ફે કવિ ખીમજી વસનજી ભટ્ટ બગ વાળા છે કે જે આ "કાઠીયાવાડી ઝવાહીર"નું શોધન કરી તેને ચાર્યના તખલ્લુસથી લખી જન સમાજની સેવામાં અભિલાષા પ્રભુએ સફળ કરી છે.)

(૩૫૫)

જેની જોડએ જોડ, જોતાં જેહુ જડે નહીં;
કાંઇક ખાપણને ખોડ, સાચું સોરઠીયો ભણે.

અર્થઃ—કુળવાન, ગુણવાન, ધનવાન અને ખુબ સુરત યુવાન હોય, વૃત્તિ કેવળ પ્રભુ ભક્તિનીજ પ્યાસી હોય એવા નવાળાના જેવો બીજો માણસ આ સંસારમાં શોધતાં જવલે છે કેમકે તેમાં પેલાના જેવાં સર્વે વર્તન કે ખુબ સુરતા હોતીજ

(૩૫૬)

પ્હેલાં પાયક થાય, જણ જણ પ્રત્યે જુજવાં;
નિશાય નાયક થાય, સાચું સોરઠીયો ભણે.

અર્થઃ—કેવળ નોકરનીજ પદવિમાં રહી અસંખ્ય ચાકરી કરતાં કરતાં આખરે તે ઘણોજ અનુભવિ થાય છે

ત્રણે ઘડાઇને તૈયાર થયેલો અનુભવિ માણુસ ખરેખર ઇન્સાનના પર નાયકપણું (હુકમ ચલાવનાર) મેળવે છે.

(૩૫૭)

આવતણાં એંધાંણ, મળ્યામાં માઠી કરે;
એ શું પાથરે પ્રાણ, સાચું સોરઠીયો ભણે.

અર્થ:—પ્રથમ મુલાકાતમાંજ જેનું હેત, વૃતિ, અને, સ્વભાવ આદિ રહેણી કહેણી વ્યંગ=મુર્ખના જેવી યા તો ઠગ ભરેલી જણાઇ આવે તેવાઓ કોઇ દિવસ અણિને વખતે આપણા પર આવતી જીવન મુશ્કેલી ઉતારી શકે નહિ પણ તેવે વખતે સદા નિરાળાજ રહે છે ને અ-જાણ્યા માફક આનંદથી તમાસો જોયા કરે છે માટે સજ્જનો એ તેવા નાદાન લક્ષણના ઇન્સાનથી કોઈ પણ પરિચયમાં ઉતરવુંજ નહિં,

(૩૫૮)

ખેતર ખાયે વાડ, રખોલાં કોણ કરે;
વાગરૂં તેની ધાડ, સાચું સોરઠીયો ભણે.

અર્થ:—જે ક્ષેત્રમાં અનાજ ઉગતું હોય તેજ અનાજ ક્ષેત્ર ખાઇ જતું હોય તો પછી તે અનાજના રક્ષણ અર્થે રખેવાળું કોણ કરી શકે છે? જે પક્ષ બેલપ કરી શકે એવું પ્રમાણ યુક્ત મનાયછે તેજ પક્ષ જો જોર જુલમ વાપરી લુંટી લ્યે તો પછી બચાવ આ જગતમાં કોણ કરી શકે છે ?

(૩૫૯)

બાંધવ દિધેલ બોલ, જે દી માંડવ મલપતો;
કરજે કાપડની કોર, જેહુલને જુનાના ધણી.

અર્થ:—જુનાગઢનો રાજા રાનોધણ જ્યારે બાળ રાજ હતો ત્યારે તેને મારી નાખવાની અનેક તજવીજ તેના પ્રતિ પક્ષિ તરફથી થઈ હતી. પરન્તુ તેવે વખતે એક રાજ્ય ભકત ચારણ કે જે જંગલમાં રહી પોતાના કુટુંબ સાથે ભેશું અને ગાયો ઉપરજ નિર્વાહ ચલાવતો હતો તેણે નવઘણને પોતાને ત્યાં છાંનો રાખ્યો. પ્રતિપક્ષિને બાતમી મળતાં તેઓ ત્યાં આવી નવઘણ સોંપી દેવા ચારણને સંતાપવા માંડયા એટલે ચારણે કાયર થઇ નવઘણના બદલામાં નવઘણની ઉમરના અને નવઘણના જેવોજ પોતાનો દિકરો આપી દીધો કે જે દિકરાને પેલા સેતાનોએ નવઘણ જાણી ચારણની નજરેજ કાપી નાખ્યો ને ચાલતા થયા. વખત જતાં પેલા સેતાનોએ જાણ્યું કે ચારણે નવઘણના બદલે બીજો છોકરો આપ્યો અને તેથી ચારણ પર ક્રોધે ભરાઇ પાછા આવ્યા. પણ રાજભકત ચારણે બાળરાજ નવઘણના બચાવ અર્થે પોતાના બાકી રહેલા ૭ દીકરાઓ એક પછી એક સોંપ્યા અને તે સર્વેનો સેતાનોના હાથે ઘાત થતો જોઈ રહ્યો પણ અંતે નવઘણને નહીં સોંપ્યો. આ વખતે ચારણની એકની એક દિકરી જેહલ (જાહલ) ને ઘણું લાગી આવ્યું અને પોતાને સાત ભાઇ હતા છતાં નવઘણ ને બચાવવા ઘાત કરાવ્યો તો પછી સંસારમાં સારે નરસે અવસરે બ્હેનને ભાઈની જરૂર પડે ત્યારે ભાઇ તરીકે મ્હારી ગરજ કોણ સારશે એમ કહી પીતા (ચારણ) પાસે રડી પડી. આ ચિતાર જોઇ નવઘણની આખમાં આંસુ આવ્યાં અને જેહલને વચન આપ્યું કે પ્રાણના જોખમે પણ હું ત્હારા ભાઇની ગરજ સારી ત્હને સગી બ્હેન સમાન તથા ત્હારા પિતાને મ્હારા પ્રાણદાતા પિતા તરિકેજ સં-

સારમાં પાળવાને બંધાઉં છું વખત જતાં તે બાઇનાં લગ્ન સિંધ પ્રાંતના વાસી ચારણ જોડે થયાં અને તે બાઈ પોતાના ધણીના વતનમાં ગઈ વળાવતી વખતે નવઘણે તેણીને કમખો માગવા જણાવ્યું પણ બુદ્ધીશાળી જેહલે કમખામાં વચન માગી લીધું. સિંધ પ્રાંતનો હાકેમ સંધિ સુમરો જેહલના રૂપ ગુણ પર મોહાંન્ધ બન્યો અને તેના સસુર પક્ષને પાયમાલ કરી છેવટ જેહલનું શિયળ લુંટવા બળાત્કારની તૈયારી કરી આ વખતે જેહલે ભાઈની ગરજ પુરી પાડવા અને કમખા બદલ આપેલું વચન પુરૂં પાડવાની તક આવી છે માટે તમારે અહીં આવી હાજરી આપવી એ મતલબે ઉપરનો દુહો લખી નવઘણને મોકલાવ્યો. જેવાંચતાં રાજા નવઘણ પોતાનો આરામ ત્યાગીને તુરત સિંધમાં આવ્યો અને સુમરાને હરાવી જેહલનું શિયળ બચાવ્યું (છે કોઇ ચારણના જેવો આ જમાનામાં રાજ્ય ભક્ત ?) જેહલ નવઘણનું સંપુર્ણ ચરિત્ર બીજા ભાગમાં આપવામાં આવશે.)

(૩૬૦)

શેરિ મિત્રો સો મળે, તાળિ મિત્ર અનેક;
જેમાં સુખ દુઃખ વાટીયે, તે લાખોમાં એક.

અર્થઃ—મિત્ર શબ્દ કેવળ બેજ અક્ષરનું નાનું નામ છે પણ તેની મહતાનો વિસ્તાર એટલો તો અધિક છે કે જે સાગરમાં પણ સમાઇ શકે તેમ નથી. પરન્તુ આજકાલના જમાનામાં તે શબ્દની મહતા સમજનાર અને તે પ્રમાણે વર્તનાર લાખો બલકે કરોડોમાં ભાગ્યેજ હશે.

(૩૬૧)

પામિશ પત્રો પિપળા, નહીં તું થાજે નિરાશ;
મિત્ર જતાં મ્હારે થયો, પ્રૌઢ પાન ખર માસ.

અર્થ:—હે પીપળાના વૃક્ષ ! પાનખર ઋતુના અભાવે તું અત્યારે જો કે પાન વગરનો થઇ ગયો છે તે ખરૂં પરન્તુ તેથી ત્હારે મનમાં ક્ષેદ કરવાનો નથી કેમકે પાનખર ઋતુ થોડા દિવસમાં વ્યતિત થશે એટલે પાછાં તને કુળાં (નવાં) પાન જેવાંને તેવાં પ્રાપ્ત થશે પરન્તુ પરમ સ્નેહી જતાં મ્હારે એવો તો પાનખર વખત આવ્યો કે પાછો ત્રણ કાળમાં પણ મને તેવો સ્નેહી પ્રાપ્ત થવાનોજ નથી.

(૩૬૨)

લાખો લડાવ્યાં લાડ, સુખ તે તો સ્વપ્ને ગયાં;
જાજાં દુઃખનાં ઝાડ, મને ફળવા લાગ્યાં ફારબસ.

અર્થ:—હે ફારબસ ! ત્હેં અત્યાર સુધીમાં મને અવનવાં અનેક લાડ લડાવી ખુબ સુખ આપ્યું એનું તો મને ત્હારા વિયોગમાં હવે સ્વપ્નું થયું અને અત્યારે ઘણા પ્રકારનો દુઃખી સંજોગ ઉદભવ્યો છે.

(૩૬૩)

નેણે વરસે નિર, જયારે સ્નેહી સાંભરે;
શી પેરે ધરિયે ધિર, ફરવું ઉદાસી ફારબસ.

અર્થ:—હે ફારબસ ! તું જ્યારે જ્યારે મને યાદ આવે છે ત્યારે ત્યારે મારી આખોમાંથી ચોધાર ઉનાં આંસુ ખરે છે અને કે થે પણ શાન્તી વળતી નથી કે ધીરજ ધરી જતી નથી.

(૩૬૪)

પુછો ચાહી ચકોરને, પુછો જળચર કાય;
કાંતો પુછો કમળને, સ્નેહી વિના શું થાય.

અર્થ:—હે જગત મ્હારા ઉપરના દુહાઓ વાંચી તમે મ્હારી કાયરતાની ઘડી ભર હાંસિ કરશો પરન્તુ તેવી હાંસિ કર્યા પહેલાં તમો બિન અનુભવિઓએ એજ કરવું કે સત્ય અને પરમ સ્નેહીના વિયોગે શું થાય છે તેની ખાત્રી માટે ચકોરને પુછવું કે ચંદ્ર વિના શું થાય છે, કમળને પુછવું કે સુર્ય વિના શું થાય છે. મચ્છને પુછવું કે પાણી વિનાં કેમ રહેવાય છે.

(૩૬૫)

ત્હારા બોલ તણા, ભણકારા વાગે મને,
ઉપજે ઘાટ ઘણા, ફરિ ન દેખું ફારબસ.

અર્થ:—હે ફારબસ! સ્વપ્નામાં સુતાં કે જાગતાં વખતો વખત ત્હારી વાણીના ભણકારા મને સભળ્યાજ કરે છે (યાદ આવ્યાજ કરે છે) પણ દ્રષ્ટિથી હું તને કોઇ રીતે જોવા પામતોજ નથી.

(૩૬૫ થી ૩૬૬ સુધીના દુહા ગુર્જરના સુપ્રસિદ્ધ મહુંમ કવિશ્વર દલપતરામ ડાહ્યાભાઈના બનાવેલા છે અને તે દુહાઓ તેમણે યુરોપ નિવાસી મી. ફારબસના મરણ પછી કહ્યા છે. કોઇ એવો પ્રશ્ન કરશે કે પરભુમિના ઇન્સાનના મૃત્યુ માટે કવિશ્વરે હૃદય પીગળાવનારી દિલસોજી કેમ બનાવી? તો તેના જવાબમાં એટલુંજ જણાવવાનું કે, જો કે કવિશ્વર ગુર્જર નિવાસી હતા છતાં પણ તેના કવિપણાને દિનપ્રતિદિન લંબાવી અને જન સમાજની નજરે પાડવામાં મી. ફા-

રબસે અનહદ મદદ આપી છે એટલુંજ નહિ પણ નામ. બ્રીટીશ ગવર્નમેન્ટના રેકડપર પણ તેઓ સાહેબે કવિશ્વરની ખ્યાતી જમાવવામાં એવી તો દિલજાન મહેનત આપી હતી કે, કવિશ્વરને ગવર્નમેન્ટ તરફથી કે. સી. એસ. આઈના માનવંત ઈલ્કાબની નવા જેશ થઇ હતી વળી ગુજરાતી સ્કુલોમાં શિખવવામાં આવતી બુકસના ૧ થી ના ૭ સુધીમાં કવિશ્વરની ઘણી કવિતાઓ દાખલ થઇ હતી કે જે કવિતાઓ અર્થ સુચક અને રૂચીને ઉપજાવનારી છે.

છેવટે મી. ફારબસ હિંદુસ્તાનમાંથી વિલાયત ગયા અને ત્યાં તેઓનું મૃત્યુ થયું. આવા માઠા ખબર કવિશ્વરે સાંભળ્યા ત્યારેજ તેને ઘણું લાગી આવ્યું અને તેથીજ તેના વિયોગમાં કવિશ્વરે એક ફારબસ વિરહની બુક લખી છે કે જે સાચા સ્નેહીઓને અવશ્ય અવલોકી સાર લેવા યોગ્ય છે.

મુળમાં કવિશ્વરની વિદ્યા સજુકિત હતી અને તેમાં તેને વિદ્યાની કદર કરનાર વિદ્યા વિલાસી મી. ફારબસનો ધુનિધર આશ્રો મળ્યો એટલે તેની વિદ્યા જગ વિખ્યાત થઈ. મતલબ કે વિદ્યાને આગળ વધારનાર કોઈ મજબુત ભોમિયાની જરૂર રહે છે તે આ દાખલાથીજ સાબિત થાય છે. (આ બિનાનું સવિસ્તર વર્ણન બીજા ભાગમાં આપવામાં આવશે.

(૩૬૬)

પડી ગરજ મન ઔર છે, સરી ગરજ મન ઔર;
ઉદેરાજ મન માનવનું, એકે ન રહે ઠૌર.

અર્થ:—અમિર કુટુંબની એક સર્વાંગે સુંદર નવયોવનાંને ઉદય રાજ નામના માણસની સાથે પ્રસંગ પડયો. પ્રસંગમાં તેણીને એક

કામ હતું ર ને તે કામ ઉદયરાજના હાથથીજ થાય એવું હતું એ-ટલે તે સુંદરિ ચાહીને ઉદયરાજકને આવી કામનું રૂપાંતર બતાવી તે કરી આપવા ઉદયરાજને કાલાવાલા કર્યા. ઉપરાંત પોતે એક અમિર કુટંબની છે એમ જણાવ્યું. ઉદૃયરાજ એક પત્નિ વ્રત પાળ-નારો હતો છતાં પણ તેની અમિરીની પરિક્ષા લેવા માટેજ તેણે કામના બદલામાં તેણીના પ્યારની માગણી કરી. આ માગણી અયો-ગ્ય છે એવું પતિવ્રત પાળનારી સુંદરી સમજી ગઇ તોપણ ગરજાઉ માણસને જગતમાં શું શું વિટંબણા પડે છે તે તકાસવા તેણે તે શરત કબુલ કરી વખત જતાં ઉદયરાજ તેનું કામ પુરૂં કરી આપી બદલામાં પ્યાર આપવાની કબુલત પુરી કરવા આગ્રહ કર્યો. વચનથી બંધાઈ ગયેલ સુંદરીએ રાત્રીના ૧૨ બજે પોતાના મ્હેલ પાછળની બારી નિચે આવવાનું જણાવ્યું ઉદૃયરાજ બરાબર વખતસર રાત્રીના બાર બજે બારી નિચે આવીને ઉભો રહ્યો. સ્ત્રીએ જોયું તો ઉદયરાજની હાજરી બારી નિચે છે. એટલે પોતે ધર્મ સંક-ટમાં આવી. આપેલા વચનની ખાતર તેણી પથારીમાંથી ઉઠી જેવી ઉદૃયરાજને મળવા તૈયાર થાય તેવીજ કુળની લાજ આડી ફરી તેને રોકી રાખે. એટલે પાછી તે પથારીમાં પડે, પણ ત્યાંથી પાછી આ-પેલ વચનની પ્રબળતા તેને નિરાંત કરી નહીં બેસવા દેતાં પાછી ઉઠાડે. આમ પથારી (પલંગ) અને પ્રોળ (દરવાજા)ની વચ્ચે આવ-જાવ કરતાંજ પ્રભાત થયું અને ઉદૃયરાજને મળી શકાયું નહીં. પ્ર-ભાત થતાં ઉદૃયરાજ રાહ જોઇ ઘેર ગયો. સાંજે તેજ મકાન નિચે ફરતાં ફરતાં આવી લાગ્યો. તો મહેલની બારીએ પેલી સુંદરી તેને દેખાઇ કે તુરતજ ઉદૃયરાજે તેને ઉપરનો દુહો કહી મેણું માર્યું કે જ્યારે ગરજ હોય ત્યારે તો બોલી અને ચાલી કંઇક જુદી હોય છે

અને ગરજ પુરી થાય છે ત્યારે તે બોલી અને ચાલી તુરત પલટી જાય છે એ મેં હે સુંદરિ ! ગઈ રાત્રીના ત્હારાજ દાખલાથી ખુબ અનુંભવ્યું. આ સાભળી સુંદરીએ ઉત્તર આપ્યો કે,

(૩૬૭)

બોલ વચન બેઠ ન દિયે, આડી ફરે કુળલાજ;
(એમ) ગ્રોળ પલંગ બિચ ભટકતાં, ઉદભયો ઉદેરાજ.

અર્થ:—હે ઉદ્દયરાજ ! તને મળવાનું આપેલ વચનતો મને પરાણે ત્હારી સામેપ આવવા દબાણ કરીં ઉશ્કેરતું હતું અને તેથી આવવા તૈયાર થઇ ચાલતી હતી પણ તેવામાં તો કુળની આબરૂ અચાનક આવી આડી ફરી મને ત્હમારી પાસે આવતાં અટકાવતી હતી આવી સ્થીતીમાં પલંગ અને દરવાજાની વચે જતો આવ કરવામાંજ રાત વિતાવી તેવામાં પ્રભાત થયું એટલે લાચાર છું. ઉદ્દયરાજે જાણ્યું કે ખરેખર આ સ્ત્રી ખાનદાન છે એટલે તેને બ્હેન શબ્દથી સંબોધી તેને કમખા બદલ અમુક રકમ આપી ચાલતી પકડી (ધન્ય છે તે સુંદરીને અને શાહાબાશ છે ઉદ્દયરાજને)

(૩૬૮)

અમે પરદેશી પાન, વાને વિંટાળે આવીયાં;
ન દિધાં અમને માન, પાદરથી પાછાં વળ્યાં.

અર્થ:—જ્યાં સ્નેહી નહી, સગું નહીં, વ્હાલું વ્હાલેશ્વરિ નહીં અને નાત જાતનું માણસ નહીં એવા અજાણ્યા દેશમાં એકાએક અમે અજબ દાણા પાણીના પ્રવાહના પરિબળે ધસડાઇ આવ્યાં પણ અમને ત્યાં કોઇએ દિલોજાનથી આવકાર ન આપ્યો એટલે

તેની માણસાઇની કમ આવડત પ્રત્યે ખેદ પામી સાનુંકુળ સમય થતાં અમે અમારા વતનમાં પાછાં આવ્યાં.

(અજાણ્યો દેશ તે આ જગત, કર્મ તે વાયુ. અને પાન તે જીવ.)

(૩૬૯)

તમેં વણકરને અમે વણા, જાતેય નેડા નહીં;
ગણને રેઉં રેગણા, જાત ન પુછું જોગીયા.

અર્થ:—સ્વપ્ને પણ નહીં દિઠેલાં તેવાં અજાણ્યાં સ્રી પુરૂષને અચાનક અંતરિયાળ કોઇ એક ઠેકાણે અરસપરસ મળવાનો સમય આવ્યો જેમાં તે બંને એકએકથી ચડે તેવાં ખુબ સુરત ગુણજ્ઞ, અને સમાનવયનાં હોવાથી એક બીજાનો પ્યાર મેળવવા એક બીજાનાં મન આમન સામાન લોભાયાં અને તેથી સામસામિ પ્યારની આપલે કરવાની માગણી જાહેર કરી તે કબુલી પ્યારની આપલે થયા પહેલાંજ કાળ પ્રભાની પ્રબળતાએ એકાદનું મૃત્યુ થયું. અને તે તુરતમાં તેમ થયુ જાણી આબાદ રહેલો પક્ષ મૃત્યુ પામેલ પર મરા ફીટવા તૈયાર થયો તે વખતે પ્રાણ છોડવાની છેલી ઘડીએ તેણે ઉપરના ઉદ્‌ગાર કહ્યા છે.

(૩૭૦)

મેમાનું ને માન, દલ ભરીને દિધાં નહીં;
એ મેડી નહીં મસાણ, સાચું સોરઠિયો ભણે.

અર્થ:—ગ્રહસ્થાશ્રમમાં વર્ત તો હોય. ધનવાન ગણાતો હોય, બંગલામાં રહેતો હોય અને તેને ત્યાં જ્યારે કોઇ અતિથી (મીજમાન)

આવે ત્યારે તેની ગ્રહસ્થાશ્રના ધર્મ પ્રમાણે પ્રેમપૂર્વક આગતા સ્વાગતા નહીં કરતાં મિજાજમાં અને ધનમદમાં રહી " આવ્યા શેઠ કે નાખો વખારે " એવું કરે તો તેના બંગલા તે બંગલા નહીં પણ મડાંને બાળવાનું મસાણ-સ્મશાન છે. એમ ગણવું.

(૩૭૧)

કરમાં પહેરે કડાં, કરપર કર કોઇ દિ કરે નહીં;
તે માનવ નહીં પણ મડાં, સાચું સોરઠીયો જાણે.

અર્થઃ—દ્રવ્યવાન થયા પછી પોતે દ્રવ્યવાન છે એવું લોકોમાં ઓળખાવવા માટે કોટમાં સોનાની કંઠી કેડે સોના રૂપાના કંદોરા અને હાથમાં વેઢ વીંટી તથા કડાં પહેરે છે પરંતુ તે વેઢ વીંટી કે કડાં પહેરેલો હાથ પોતાની આગળ યાચના અર્થે અવરનો ધરાતો હાથ જોઇ તેના ઉપર મુકી જાણતો નથી અર્થાત્ દિનને કંઈ આપી શકતો નથી તો તે મનુષ્ય જીવતો છતાં મરેલોજ મનાય છે.

(૩૭૨)

પીપળ પાન ખરંતાં, હસતી કુપળીયાં;
અમ વિતી તમ વિતશે, ધિરો બાપડીયાં.

અર્થઃ—પીપળાનાં પાનખર રૂતુમાં ખરતાં પાનની ખરાબ દશા થતી જોઈ પીપળાપર લાગેલાં તુરતનાં કુંપળિયાં તેની હાંસી કરવા લાગ્યાં જે જોઇને ખરતાં પાન પોતાના અનુભવથી તેને કહે છે કે હે નવાં પાન ! તમે મલકાઇ અમારી મશ્કરી કરો માં અને શાન્ત રહો કેમ કે જે દશા અત્યારે અમારી છે તેજ દશા કાળે કરીને તમારી પણ થવાની છે.

× × × આ દાખલાપરથી જે વૈભવિ, પામર થતાં ઇન્સાનને જોઈ સુગધરે છે તેણે પણ સમજવાનું છે અને સતત લક્ષમાં રાખવાનું છે કે, વૈભવિ છે તે વખત જતાં પામર ગતિમાં આવે છે મતલબ કે સંસારમાં વખતના ઉપર કોઇ માણસનું કાબુ નથી.

(૩૭૩)

દિન ગણતાં માસ ગયા, વરસે આંતરિયાં;
સુરત ભુલી શાયબા, ત્હારાં નામે વિસરીયાં,

અર્થઃ—આ અસાર સંસારનાં સ્વાર્થી સગાંઓને અજ્ઞાનપણાથી મ્હારાં મ્હરાં કરી આખું જીવન તેના સુખાર્થે ગુમાવી બેસવાની મહાન ભુલ કરનાર મનુષ્યને માટે આ દાખલો બસ થશે કે, એક ગ્રહસ્થના મૃત્યુ વખતે તેની સ્ત્રીને વિધવાપણું પ્રાપ્ત થતાં તેને ઘણો ખેદ થયો પરન્તું તે ક્ષેદ મરણના દિવસ કરતાં બીજે દિવસે ઓચ્છો થાય છે. અને એમ જેમ દિવસ ગત થતા જાય છે તેમ ક્ષેદનું દબાણ તદન ઓચ્છું થાય છે ને કેટલાક વખતપછી તો મરનારનો ચહેરો પણ કેવો હતો તેનો ખ્યાલ વિસારે પડે છે અને છેવટ નામ પણ ભૂલી જવાય છે. (વાહરે સંસારનાં વ્હાલાં વાહ !)

(૩૭૪)

અમે કુકણ ને તમે કાગ, ભેણીની ભેળપ નહીં;
ઘડીકને ઘરવાસ, દાજવું પડે દેગમશી,

અર્થઃ—(દેગમસીનો આ દુહો શ્યામાટે કહેવામાં આવ્યો છે. તે હકીકત સમજવા તેના જીવન ચરિત્રની ઘણી શોધ કરી છે. પરન્તુ તે મળી શકયું નથી તોપણ બીજા ભાગમાં તે ઘણું કરીને ગોતી ગોતાવી બની શકશે તો રજુ કરીશું તોપણ કોઈ વાંચકવૃંદને તેની

માહેતી હોય તો મહેરબાની કરી અમને તે મોકલવાથી અમે તેનો ઉપકાર માની શું.)

(૩૭૫)

તરૂવર તુંને પારખ્યું. પાન દેખીને પ્રકાશ;
જયારથી ત્હારૂ મોં કાળું થયું, ત્યારથી મુકીતી આશ.

અર્થ:—આંબા વનનો નિવાસી શુક (પોપટ) કર્મગતિના પ્રભાવે કોઇ વખત ભૂલો પડી ગયો અને આંબા વનના બદલે દુરના અરણ્યમાં ખાખરાના વનમાં આવી ચડયો. રૂતુ ઉનાળાની હતી. અને તેથી ખાખરાનો રંગ કેશરના જેવો બની રહ્યો હતો મતલબ કે ઉનાળાની રૂતુ હોવાથી ખાખરાનાં પાન ખરી જઈ તેના પર કેસુડાં પુલ્યાં હતાં. પોપટે વિચાર કર્યો કે, આંબાના ઝાડને રૂપ રંગ વગરનાં પુલ (મોર, આવે છે છતાં તેનાં ફળ (કેરી) અમૃત સમાન સ્વાદિષ્ટ નિવડે છે તો પછી આ પુષ્પની ખુબ સુરતી ઘણી છે અને તેથી તેના ફળ તો ખરેખર કોઇક અલૌકિક સ્વાદિષ્ટમય ગુણકારી હશે એમ ધારી આંબા વનની પુનઃ શોધ કરવાની ચિવટ વિસારી તેણે પોતાનું ત્યાંજ નિવાસસ્થાન કર્યું અને ફળ પાકવાની રાહ જોતો રહ્યો. વખત જતાં કેશુડાં કરમાઇને ખરી પડવા લાગ્યાં અને તેના બદલે શ્યામ રંગનાં ગર્ભના દળ વગરનાં ફળ બેસવા લાગ્યાં અને તેમ કરતાં તો તે વધતાં વધતાં પરિપકવ થયાં. પોપટ તો ફળનો આકાર અને રંગ જોઇને અજાયબ થયો. તોપણ શાન્તી રાખી છેવટ સુધી ફળને પાકવા દઇ પછી તેનું પ્રાસન કરવા તેમાં ચાંચ મારી કે તુરતજ હળાહળ ઝેરમય સ્વાદનો અનુભવ મળ્યો અને આખરે નિરાશ થઇ આંબાવન તરફ ઉડી ગયો. આ ફળ તે પીતપાપડો હતો. (વિચારતાં આ એક

જાતની અનુભવિએ ઉપજાવી કાઢેલી સંજ્ઞા છે. કેમ કે પોપટમાં દુહા બનાવી બોલવાની ગતિ ન માની શકાય તેવી છે . પરંતુ લોકોને સમજાવવા માટેજ તે અનુભવિએ બતાવી. આંબા અને ખાખરાનો મુકાબલો કરાવી જન પોપટને બતાવી આપ્યું છે કે ઝેરી ફળમય ખાખરો કે જેનાં દેખાવમય પુષ્પપર મોહ પામી ઉત્તમમાં ઉત્તમ આંબાનો આશ્રો પ્રાણાન્તે પણ નહિં છોડવો છતાં કોઇ મુંર્ખતાથી છોડશે તો પરિણામે તેને પેલા પોપટની માફક પસ્તાવું થશે.

(૩૭૬)

આનંદ કહે પરમાનંદને, માણસે માણસે ફેર;
એક લાખું દેતાં ના જડે, બીજું તાંબીયાનું તેર.

અર્થ:—માણસમાં ગુણ હોય તે પ્રમાણેજ તેની ચાહના અને અભાવ થાય છે. મતલબ કે એક માણસને પોતાના સહવાસમાં રાખવા સજન પુરૂષો પણ મનમાં અધિરા બની કદાચ તેના માટે લાખ રૂપીઆ ખરચવાને પણ તૈયાર થાય છે જ્યારે બીજાના નઠારા=સ્વભાવવર્તનના લીધે તેનો કોઇ પડછાયો પણ નથી લેતું.

× × જન સમાજમાં પ્રીય થવું કે નિંદક થવું તે કેવળ પોતાનાજ હાથમાં છે મતલબ કે જેને પ્રીય થવું હોય તેણે હમેસ્યાં સજનની સોબત કરવી અને નિંદક થવું હોય તો તેણે હમેસ્યાં દુર્જનની સોબત કરવી કારણ કે જેવી સોબત તેવી અસર અને તેવીજ પોતાની કિર્તિ.

(૩૭૭)

સોબત કરતાં સ્વાનની, બે બાજુનું દુ:ખ;
ખીજ્યું કરડે પીંડીયે, રિઝ્યું ચાટે મુખ.

અર્થ:—દુર્જનની સોબત=દોસ્તિ તે કુતરા સાથેની દોસ્તિના જેવી દુઃખ રૂપજ છે એટલે કે કુતરો જો ખીજે છે તો પગે કરડે છે અને રીઝે છે તો તેનું મલિન મુખ આપણા મોઢાને લગાડી ચાટવાને વ્હાલ કરે છે અને તે અપવિત્ર બનાવે છે.

(૩૭૮)

પાન પદારથ સુઘડનર, વણતોળે વેચાય;
જેમ જેમ ભુમિ પાલટે, મુલ ઘણેરાં થાય.

અર્થ:—નાગરવેલનાં પાન, ઝવેરાત, સજ્જન અને ગુણીયલ પુરૂષ, એ ત્રણે ચીજો વગર જોખથીજ મળે છે મતલબ કે તેનો તોલ પ્રમાણે ભાવ નથી પણ એકથી બીજે ને બીજેથી ત્રીજે એમ સ્થાન બદલો થાય છે તેમ તેમ તેની કીંમત કરનાર સજ્જન પુરૂષો વધારે પ્રમાણમાં મળે છે. અને તેથીજ તેની કીંમત વધારે વધારે થાય છે.

(૩૭૯)

ભેદિ જાણે ભેદ, બીજાને વેણવાઈ નહીં;
આખો વાંચે ચારે વેદ, સુનકારેલ સમજ નહીં.

અર્થઃ—સજ્જન અને અનુભવી માણસ પોતાના ઉદ્‌ગારથી જે કંઈ સુચન માટે કહે છે તે કમ અક્કલ માણસથી સમજાતું નથી અને નહીં સમજવાથી તે સમજવાની ફીકર કરતાં નથી પણ સામે તેની ચેષ્ટા કરવા વધારે ફિકર રાખી હોંશીલાં બને છે.

(૩૮૦)

ચડું ટીંબા ટીંબડી, ચડું ગુંદાળી ધાર;

ઓજત લેને ઉન્નાળો, વૈજાણંદ પાછો વાળ.

અર્થઃ—વૈજાણંદ નામનો માણસ જંતર નામનું વાજીંત્ર ઘણું સરસ વગાડી જાણતો મતલબ કે તેણે જંતર ઉપર એવો તો સરસ કાબુ મેળવ્યો હતો કે, તેના જંતરના સુર=આલાપ ઉપર પશુ પક્ષિઓ પણ બે ઘડી મોહ વશ થઇ જતાં તો પછી માણસની તે શી તાકાત કે તેના જંતર નાદથી વેગળાં જાય. એક વખતે વૈજાણંદ જંતર હાથમાં લઇ કોઇક શહેરના મહોલાઓમાં બજાવતો નિકળ્યો આ મહોલામાં એક કુટુંબની શેણી નામની ગુણજ્ઞ કુમારિ રહેતી હતી તે આ જંતરનો નાદ સાંભળી મ્હેલની બારીએ આવી ઉભી. નાદનો સ્વાદ મધુરો પણ બજાવનાર ભિખારી જોઇ મનમાં ક્ષેદ પામી તો પણ તેના ભિખારીપણાની સુગ દુર કરી તેના નાદ પર મોહ પામી તેને પોતાની હજુરમાં બોલાવી ખુબ તેનું જંતર સાંભળી તેને નાણાની રકમ આપી ખુશી કર્યો વૈજાણંદ રજા લઈ પોતાને ઉતારે જવા નિકળ્યો જતાં પોતોને ત્યાં વગર હરકતે દરરોજ આવવા શેણીએ આગ્રહ કર્યો અને વૈજાણં દે તે કબુલ કર્યો હમેશ્યાં શેણીને ત્યાં કોઈ ભિખારી વાજીંત્ર બજાવવાના તખલુસમાં ધુશી

જાય છે અને શેણી ખાનગી રીતે તેના પ્યારમાં પડી છે. આવી વાત દુર્જન લોકોએ દરેક સ્થળે ફેલાવી. અને છેવટે અંગત ખેશીઓના કાન સુધી આવી પહોંચી. આ વાતના અપવાદથી નિરાળા થવા માટે શેણીના ખેશીએ વૈજાણંદનાપર સખતાઇ કરી અને જીવનની આશા હોય તો તુર્તજ શહેર છોડી જવા ફરજ પાડી. ગરિબ બાપડો વૈજાણંદ તે પ્રમાણે ચુપ ચુપ જીવ લઇને નાઠો. પણ ઋતુ ચોમાસાની અને સમય અર્ધી રાત્રીનો હોવાથી શહેર બહાર નિકળતાં ભીંજાવાથા તે અશક્ત થયો અને પાણીના પ્રવાહના જોરે લપશી તણાયો અને તે ઓજત નામની નજીકની નદિમાં ગેબ થયો. આ વાતની ખબર જ્યારે શેણીને પડી ત્યારે તે વિકળ થઇ ગઇ અને વૈજાણંદની શોધમાં ચાલી નિકળી અંતે પડતી આખડતી ઓજત નદિ આગળ આવી તો ઓઝત પુર વેગમાં ચાલી જાય છે પણ વૈજાણંદનો તો પતો લાગ્યો નહિ.

(૩૮૧)

મારગને કાંઠે મઢી કરૂં, લઉં જોગણનો વેશ;

વાવડ કાઢું વૈજાણંદના, ગોતું દેશ વિદેશ.

અર્થ:—વૈજાણંદનો પતો નહિ લાગવાથી તે નિરાશ થઇને ઘેર પાછી નહિ ફરતાં વૈજાણંદનો પતો મેળવવા માટે ગમે ત્યાં જવું પણ તે જવાના મક્કમપર આવી અને તેમ કરતાં વિપતી વેઠવી પડે તો પણ વેઠવાને તૈયાર થઇ.

(૩૮૨)

જંતર ભાંગ્યું જડ પડી, × × ×

વેદાની શેણી હુલ ગઇ, × × ×

(આ દુહો પુરો મળ્યો નથી) શેણી જાતની આહેરાણી હતીં પણ તેનો પીતા માલધારી હોવાથી તે પૈસે ટકે સુખી હતો ને તે એક અમીરના જેવું સુખ ભોગવતો તેનો નિવાસ ઓઝત નદિ (આનદિ કાઠીયાડમાં છે) પરના આવેલા એક ગામમાં હતો. × × × માણસો મીથ્યા વસ્તુ પ્રત્યે લોભાઇ પોતાની નાતજાતની કે કુટુંબ ગૌરવતાની યાતો જીવનનો પણ દરકાર રાખતાં નથી તેવીજ રીતે તે સર્વની દરકાર તજી ભક્તિને મેળવવાને આતુર રહે તેનું છેવટ કેવા સુખમાં આવે ?

(૩૮૩)

ડુંગર ઉપર દવ બળે, ખન ખન ઝરે અંગાર;

જેની હેડી જલગઇ, વાકો બુરો હવાલ.

અર્થ:—પર્વતની ઉપર આગ લાગે છે. અથવા તો જ્વાળામુખી ફાટે છે તેને બુઝાવવાની જેમ કોઇ ઉલટ યા પરવા રાખતું નથી તેમ બુઝાવવા કોશિસ કરતું નથી ને તે નિરાંતે જેટલું બળવું હોય તે આપ મેળેજ ભસ્મ થઇ જાય છે તેમ આ બે દહિ૯ દુનિયામાં જેનું સાથી સદાને માટે ચાલ્યું જાય છે અને તેના વિયોગે બિચારૂં બાપડું હૃદય હસ્તીમાં રહે છે તેને શાન્ત કરવાની કોઇ દરકાર રાખતું નથી કે તેના દુ:ખની ગણુના પણ કોઈ કરતું નથી.

(૩૮૪)

આભે જાળું લાગીયું સળગ્યાં સાગી વન;
ચાલોને સાજણ ઠારિયે, ઠરે અમારાં તન.

અર્થઃ—તનથી અને મનથી જે દુઃખરૂપ દાવાનળમાં દગ્ધ થાય છે તેને પૃથ્વીથી તે આકાશ સુધીમાં તમામ અગ્નીમયજ દેખાય છે અને તેની જ્વાળામાં તેનો આરામ અને શાન્તિ ભસ્મ થાય છે. આવી પ્રબળ અગ્નીના ભોગ થતા ઇન્સાનની અગ્ની જે સજન પુરૂષો બુજાવવા કાળજી પુર્વક કોશેશ કરે છે. તેનો પેદા કરનાર માલિક તેનાપર બહુ કૃપા બતાવે છે અને તેના ઉપર હમેશાં શિતળ અને શાન્તિમય અમૃતની નવાજેશ કરે છે મતલબકે કોઇ (પારકા) નું જે ઠારે છે તેનું પ્રભુ ઠારે છે.

(૩૮૫)

સાજણ સુંથાનાં વાદળાં, માગ્યા ઘરની છાશ;
જોઇએ ત્યારે ન જડે, મુકો તેવાંની આશ.

અર્થઃ—સાજણ એટલે આ પ્રસંગે તેનો અર્થ પારકાઓનું વ્હાલ (સ્નેહ) કેવળ શ્રાવણની જળ ભરેલી વાદળીઓના જેવું છે. મતલબ કે તેને વિખરાતાં (દગોદેતાં) લેશ પણ વખત નહીં લાગે અર્થાત તે અંત સુધી સારા નરસા પ્રસંગમાં સાથી નહીં રહે. વળી તેઓનું વ્હાલ કેવું કે ઉછીતી લાવેલ વસ્તુના જેવું (ચલિત) એટલે જ્યારે તે વ્હાલની જરૂર જણાય ત્યારે તે દુર નાસે છે. માટે

સજ્જન પુરૂષોએ કોઇ દિવસ તેના પર વિશ્વાસ રાખવો નહીં નહિતર પરિણામે પસ્તાવાનો કોઇ પાર નહીં રહેશે.

(૩૮૬)

તિખાંને તમતમીયાં, ત્રાંબા વરણાં તેહ;

પીયુ જાઓ શેર પાટણે, લાવજો એનાં એહ.

અર્થ:—એક શ્રીમંતે પોતાની સર્વ ગુણ સંપન સુઘડ અને સર્વાંગે સુન્દર કોમળ કુમારિકાને વિદ્યાવાન ગુણવાન વરની પરિક્ષાની જાજી દરકાર નહીં કરતાં ઉંચા કુળપર મરી ફીટવાના રિવાજના પ્રવાહમાં તણાઇ કોઈ એક ઉંચા કુળના ગેમાર ગધેડા યુવાનીયા સાથે પરણાવી જો કે, તે નવયોવનાંનું મન તે ગમાર સાથે બીલકુલ પસંદગીમાં ઉતરતું નહીં અને તે ગમાર તેણીથી તદન ઉલટી રહેણીનો હતો તો પણ સ્ત્રી ધર્મને સાંગોપાંગ જાણેલી નવયોવનાં પોતાનું મન મારીને પણ પતિવ્રત્ત સંભાળવવામાં દ્રઢવાન બની પોતાને ઘેર આવી ગુણગ્ન સ્ત્રી છે તેનું તો તે ગમારને ઓછું ભાન હતું પરન્તુ પોતે બાવળના ઠુંઠા જેવો છે અને સ્ત્રી હેમવલિકા જેવી છે જેથી પોતાના હાથનો સ્પર્શ તે કોમળ સુંદરિના હાથને અટકતાં રખે તેનો હાથ લચકાઈ જાય ? એવી ભીતિ રાખી તેણીના પ્રત્યે તે બિચારો અંતરમાં ઘણી દયા ખાતો, આ દયાના પ્રભાવે પોતે એક દિવસ અન્ય કોઇ શહેરમાં જવાનો હતો જેથી સ્ત્રી માટે કંઇક એવી વસ્તુ લાવવાનો વિચાર થયો કે જે વસ્તુથી તેણી ખુશી થાય. પણ શું લાવવું તે પોતાની કલ્પનામાં નહીં સુજતાં અંતે તેણીની પસંદગી પ્રમાણે તેણી જે મંગાવે તે લાવી આપવાનો હોંશીલો બની તેણીની પાસે

જઈ યોગ્ય જણાય તે વસ્તુ મંગાવવા ફરજ પાડી. રકઝકના અંતે પતિની ઇચ્છાને ઉત્તેજન આપી સંતોષવા ખાતરજ તેને ઉપરના દુહામાં બતાવેલી વસ્તુ લાવવા ભલામણ કરી (વસ્તુનું નામ નહીં કહેતાં માત્ર એક દુહોજ મોઢે કરાવી તે વસ્તુ લેતી વખતે તે દુહો દુકાનવાળાને કહેવાથી દુકાનવાળો દુહો સમજી તે વસ્તુ તમને આપશે આમ કહેવાથી તે ખુશી થઇ શહેર તરફ જવા નિકળ્યો ચોક્કસ કાર્યમાંથી ફારગ થઇ પછી સ્ત્રીએ મંગાવેલ વસ્તુ ખરીદવા શહેરના એક છેડાથી તે બીજા છેડા સુધી દરેક દુકાને ૦–૧–૦ ધરી ઉપરનો દુહો બોલી દુહાના અર્થમાં રહેલી વસ્તુ આપવા માગણી કરી ફરી વળ્યો પણ કોઇએ વસ્તુ આપી નહીં. આખર નિરાશ થઇ એક જગોએ વિશ્રાંતિ લેવા બેઠો. શહેરની અંદર કોઇ ગરિબ કુટુંબનો પણ વિદ્યા વિલાસી ત્યાં નિકળ્યો. તેણે આ ગમારને આમ ઉદાસીમાં જોઇ તેનું કારણ પુછ્યું અને પેલાએ સર્વ કારણ વિદિત કર્યું. તે ઉપરથી તેની પાસેનો ૦–૧–૦ લઇ પોતાની સાથે તેને તેડી જુનાં પાકાં અને સુંદર પાન (નાગરવેલનાં પાન) તંબોળીને ત્યાંથી અપાવી ચાલતો થયો. સ્ત્રીએ મંગાવેલી વસ્તુ ખરીદ કરવામાં અચાનક મદદ મળી ગયાથી ખુશી થયો તે પાનને એક જાડી પીછોડીના છેડે ખુબ તાણીને ગાંઠ વાળી બાંધી દીધાં (કહેવાની જરૂર નથી કે પાકેલાં પાનને તાંણીને ગાંઠ વાળી બાંધતાં તરતજ ભુકો થઇ જાય) રાત્રે સ્ત્રી સમીપ જઇ ઘણાજ વ્હાલથી ખરિદેલી વસ્તુ આગળ ધરી. સ્ત્રીએ છોડીને જોતાં મંગાવ્યા પ્રમાણે પાકાં અને સુંદર પાન તો આવ્યાં પણ સ્થિતિ ફેર આવ્યાં એટલે કે, આખાં રહેવાને બદલે તદન ભુકો થઇને આવ્યાં એથી બિચારીએ પતિની અક્કલ પર એક

હાય નાખી તેં સાંભળી ગમારે કહ્યું કે તે હાય કેમ નાખી ? મેં તો તેં મંગાવ્યું તે લાવી આપ્યું. સ્ત્રીએ કહ્યું કે અલબત લાવી આપ્યું પણ તે.

(૩૮૭)

સમાણસનાં સાટવેલ, ક માણસની ઉર પડયાં;
તાણી બાંધી ગાંઠડી ભાંગી ભુકો કર્યા.

અર્થ:—આ તમારી ખરીદીનાં નહીં પણ સુઘડ માણસે ખરીદી તેમને સોંપ્યાં તો પણ ખરીદતાં તો નથી આવડયાં પણ તેનું જતન કરતાં પણ નથી આવડયું અને તેથીજ બીચારાં આ પાન ભુકો થઈ ગયાં (ફુળપર મરી ફીટનારાં માબાપોએ આ દુહો વાંચવા જરૂર તસ્તિ લેવી.)

(૩૮૮)

દીયાડા આઠ દસમાં, બમણો ફુલાણી ફેર,
ઉગમતે તે નિરખીયો, આથમ તો તે કોણ.

અર્થ:—કચ્છનો લાખો ફુલાણી તેની રાણી, દાસી, અને રાજ્ય કન્યાની અંદર થયેલી વાતચીત સંબંધના ૩૮૮ થી ૩૯૦ ના દુહાઓ છે તેમાં રાણીએ પ્રથમ કહ્યું કે, માત્ર આઠ દિવસની અંતગમાંજ ઘણો ફેરફાર જોયો, મતલ કે, ઉગતી વખતે સારો દિવસ તો જોયો પણ હવે આથમે (અસ્ત) થાય તે દરમિયાનમાં શું થાય તે કોણ જાણી શકે છે.

(૩૮૯)

લાખો ભુલ્યો લખપતિ, ઉમાં ભુલી એણ;

ઉસાસે વટાવડો, કો જાંખે જે કેણ.

અર્થ;—દાસી કહે છે કે, રાજા અને રાણી તમો બેઉ ભુલો છો કેમકે, જે શ્વાસ અંદર જાય છે તે પાછો બહાર નીકળતાં પહેલાં શું થશે એ કોણ જાણે છે ?

(૩૯૦)

લાખો ઉમા ફુગડી, ત્રણે ભુલ્યાં નેણ;

આખ હુંદી ફરૂ કડે, કો જાણે જે કેણ.

અર્થ:—રાજ્યકન્યા કહે છે કે રાજા રાણીની માફક હે દાસી તું પણ ભુલી કેમકે આખના પલકારાના ફરવામાંજ શું થશે તે કોણ જાણી શકે છે ?

(૩૯૧)

વહુ વધાવા જાય, થાળ ભરી સગ મોતિએ;

અવળે મોહે થાય, તેમ તેમ રાજા માંડળિક.

અર્થ:—નાગબાઇ પોતાની સાસુના હુકમ પ્રમાણે રાજા માંડળિકને સાચાં મોતિનો થાળ ભરી આર્શિવાદ આપવા અર્થે વધાવી ઓવારણાં લેવા સમિપે જાય તેમ તેમ મોહાન્ધ બનેલો રાજા અવળું જુવે એટલે બીજી તરફ ફરે તો નાગબાઇ પણ પુજ્ય ભાવે અને

પવિત્ર હૃદયથી તે તરફ વધાવા અર્થે ફરે છેવટે રાજા ચોતરફ ફર્યો એટલે નાગબાઇએ કહ્યું કે સાસુજી! હું જેમ વધાવા જાઉં છું તેમ રાજા ફરે છે? આ સાંભળી રાજાની કામાંધ દ્રષ્ટિને ઓળખી જનારી સાસુ બોલી કે બેટા એ રાજા નથી ફરતો પણ રાજાનો દિવસ ફરે છે મતલબકે તેની કમદશા બેસવાની તૈયારી થઇ છે અને તેથીજ ત્હારી સુંદરતા તેના નેત્રમાં સમાઇ છે.

(૩૯૨)

મીઠી નજરૂંની મીટ, કુડી જોઈ મોહળના ધણી,

મોહલું ત્યાં મસિદ, મું સંભાળીશ માંડળિક.

અર્થઃ—રાજાની પોતા પ્રત્યે કામાંધ દ્રષ્ટી છે એવું પિછાણીને નાગબાઇએ તેને શ્રાપ આપ્યો કે હે જુનાગઢ અને ગીરનારના ધણી તું અમારો રાજા છે અને અમે તારી પ્રજા છીએ એજ તે ન્યાય પુર્વક પ્રજા (અમે) તારાં સંતાનો છીએ ને તું) રાજા) પ્રજાનો પીતા સમાન છે, તો પીતાનીજ કુદ્રષ્ટિ સંતાન પ્રત્યે થાય એ અવશ્ય નાશનીજ નિશાની છે અને તેથી ત્હારી રંગબેરંગી મ્હેલાતો છે ત્યાં નવાજખાનાં થશે અર્થાત તારૂં રાજ પલટાઇ પરિણામે મુસલમિનની ગાદી થશે.

(૩૯૩)

પડખાની પાટુંમ માર, ખેંગારની ખાધેલ નહી;

તેને મોજડીયું ના માર, નમેરા સિધરાજ શોભે નહી.

અથ.—ગુજરાત પાટણના રાજાએ જુનાગઢના રાજા રાખેંગારને મારી તેની સુંદર સ્ત્રી રાણિકદેવીને ફરીજ્યાતથી પોતાની છાવણી

સાથે પાટણ તરફ લઇ ચાલ્યો પરંતુ વઢવાણ સુધી તો તે જબર-જસ્તીથી ચાલી પણ તે દરમિયાન તેનાપર સિદ્ધરાજ તરફથી ઘણા ઘણા જુલ્મ ગુજરવાથી આગળ ન ચાલવાને તે મક્કમ બની આ તેણીની મક્કમતા જોઇ સિદ્ધરાજ ગુસ્સે થયો અને પાટણ આવવા માટે એક લાતનો પ્રહાર કર્યો જે વખતે રાણકદેવિએ કહ્યું કે હે સિદ્ધરાજ ! મ્હારો શિરછત્ર રાજા રાખેંગાર હતો તેની પણ મેં લાતો ખાધી નથી અને તેનેજ તું નિરાધાર જાણી આજ જોડા પહેરેલા પગથી લાતો મ્હારે છે તે તારા વિરપણાને શોભતું નથી.

(૩:૪)

બબે હજાર બાંધિયા, ઘોડા ગઢ ગીરનાર,

બોહળ દળ ખેંગાર, કેમ સાંખે સોરઠનો ધણી.

અર્થ:—રાહખેંગારને મારી રાણકદેવિને કબજ કરવાની આશાએ સિદ્ધરાજ જુનાગઢની બહાર પોતાનું લશ્કર=બે હજાર ઘોડેસ્વારનું લઇ પડેલો અને ઘણી માથાકુટ કરી છતાં કિલ્લો તુટયો નહીં તો પણ પાછો નહિ જતાં તે ત્યાંજ છાવણી નાખી પડેલો એવામાં એક દિવસે પોતાના કિલ્લાના મ્હેલના અગાશી ઉપર સાંજના વખતે રાણકદેવિ દાસીની સાથે ફરતી હતી કિલ્લા નજીક પડેલી છાવણી જોઇ દાસીને કહ્યું કે આ કોની છાવણી છે ત્યારે દાસીએ ઉત્તર આપ્યો કે તે છાવણી નથી પણ આપણો બળવાન શત્રુ સિદ્ધરાજ કિલ્લાને ઘેરો ઘાલી પડયો છે તે જાણી રાણકદેવિ બોલી કે, માત્ર બે હજાર સ્વારોનું લશ્કર લઇ પડયો છે તેમાં તેનું કશુંએ વળવાનું નથી કારણ કે જેને ત્યાં અગણિત સૈન્ય છે એવા સોરઠ

દેશના મહારાજા રાહખેંગારને તે ખબર પડશે તો સિદ્ધરાજની આવી-ટેવ કદી પણ સાંખી શકશે નહીં.

(૩૯૫)

ઓશિયાળાં અમે આજ, ટોડા જળ ટળ્યાં નહીં.

લઇને તરછોડયાં તમે, મેણીયાત મટયાં નહીં.

અર્થ:—સંસારનાં સર્વ સુખથી બે નસિબ રહેલ અમો પામર મનુષ્ય તમારે આશ્રે આવી વરતવા લાગ્યાં પણ તમારી આસપાસનો પ્રપંચી વર્ગ અમારી પ્રત્યે સુગ ચડાવી તમારા આશ્રાથી અમને દુર રખાવવા બીનાં કસુરે અમારી વિરૂદ્ધ તમારા કાનમાં હુ-ળાહળ ઝેર રડે છે અને તમે પણ અમારી ભક્તિની તુલનાં નહીં કરતાં કેવળ તે ઝેરના મદમાં મસ્ત બની અમને તરછોડવા તત્પર થાવ છો તો ભલે જેવી તમારી મરજી પણ તેમ થતાં જગતમાં તમારા સુખ્યાત પામેલા નામને બટો બેશશે અમો વિણુ અપરાધી તમારા પ્રાય લેખાતા પ્રપંચીના પ્રપંચના ભોગ થશું. પરિણામે અમારા દુ:ખની જવાબદારી તમારા શિર આવશે.

(૩૯૬)

તું મું સામું જો, મે મિટાંચ માંડુ નહી,

તું રહ્યામાં રો, મારૂં મન માને નહી.

અર્થ:—કમ અક્કલ અને બે દર્દિ માણસનો આ ઉદ્ગાર છે. અને તેની મતલબ એવી જણાય છે કે તેવા માણસને કોઇ ગુણુત જીવ ચાહતો હતો પણ તેની ચાહના કેવળ સ્વાર્થમય છે એમ

પેલા કમ અકલ માણસને તેના વિઘ્ન સંતોષી કૃપા મંડળે ઠસાવી દિધું અને તેના પ્રતાપેજ પેલાએ ગુણજ્ઞને સંભળાવી દીધું કે તું મને ભલે ચાહે પણ મ્હારા મનમાં તો ત્હેની લેશપણ કિંમત નથી [ધિક્કાર તેવા કાચા કાનના ઇન્સાનને કે જે છેવટ સુધી પણ સત્ય અસત્યને સમજી શકવા જેટલો ખ્યાલ પણ કરતો નથી

(૩૯૭)

બાળોતિયાંના બળેલ, અમે હાંઠડીયુંમાં ઠર્યાં નહીં;

પડયાં તમારે પલે, જીવન સુખ માન્યું નહીં.

અર્થઃ—બચપણથી અમે તમારે આશ્રે પડયાં પણ તે આશ્રો અમને તો એવો કંટાળા ભર્યો નિવડયો કે જીવનના અંત સુધીમાં પણ તમારી પાંતીની અમને સુખની એક ઘડી પણ ન મળી.

(૩૯૮)

બાખરનાં ખોડ, બાવળનાં બળે નહીં

જોતાં તાંજોડ, મનગમતાં મળે નહીં.

અર્થઃ—સર્વ ગુણ સંપન ઇન્સાનની શોધ કરી કરીને કાયર થયાં તો પણ કેથે અમને તેવું મળ્યું નહીં પણ જે મળ્યાં તે બધાં કંઈ અને બહારનો ડોળ કંઇ.

(૩૯૯)

ગોરી પુછે ગોરીયા, કયો ભલેરો દેશ;

સંપત હોય તો ઘર ભલા, નહીં તો ભલો પરદેશ.

અર્થ:—એક સ્રીએ પોતાના પતિને પુછ્યું કે, આ જગતમાં કયો દેશ સારો અને સુખ કર હશે ? પતિએ ઉત્તર આપ્યો કે જો દરેક જાતની સગવડ અને સાધન હોય તેને તો પોતાનું ઘર સારૂં છે પણ જે ને તેવું કંઇ ના હોય તેવાઓને તો પરદેશજ ઉત્તમ છે.

(૪૦૦)

જે મારગ કેશરી ગયો, રજ લાગી તરણું;

એ ખડ ઉભાં સુકશે, નહીં ખાએ હરણાં.

અર્થ:—જેની હાકથી પર્વતના ગાળાં ગાજી રહે છે એવા વનરાજ જે રસ્તો પસાર કરે છે ત્યારે તેના પગની ઝપટથી રસ્તાની ધુળ ઉડીને રસ્તાની નજીક ઉગેલા ઘાસપર પડે છે તે ઘાસને ખાવાની મૃગ હિમ્મત કરી શકતાં નથી, કારણ કે પડેલી ધુળમાં વનરાજની શુરવીરતાનાં રજકણ પ્રસરાઈ રહ્યાં હોય છે અને તેથી તેને ખાતી વખત મૃગને શીંહનો—વનરાજનો ત્રાસ તાજો યાદ આવે છે જેથી ખાઇ શકતા નથી. એટલે તે ઘાસ લીલાં ને લીલાં સુકાઈ છે. આ દુહો પ્રતાપ રાણાને સંબોધી કહેવામાં આવ્યો છે.

(૪૦૧)

પ્રીત કરવી સહેલ છે, નીભાવવી મુશકેલ;

ખાતાં કેફ પડે મજા, જીરવવો નહીં સહેલ.

અર્થ—કેફી વસ્તુને સ્વપનામાં પણ ન જોઇ હોય તેવા માણસો અવરને કેફી વસ્તુ ખાતા પીતા જોવે છે તો પોતે પણ તે પીવા

માટે લોભાય છે અને પીએ છે. પણ તેતે પીધા પછી તેને પચાવી શકતા નથી અને બેવકુફ બને છે. તેમ આગળનાં શહેરીઓના દાસ્તાન દાખલા અવલોકી હાલનાં માણુસો પ્રેમ કરવાને હોંશીલાં તો બને છે પણ તે જીંદગી સુધી નીભાવી શકતાં નથી. સબબ કે સ્નેહ સાચવવાની પરેજી બહુજ આકરી હોય છે એટલે તે પરેજી પાળી શકતાં નથી. એટલે તે સ્નેહની મજા ચાખી સકતાં નથી, જેથી તે સ્નેહ, તેનો સ્નેહી; અને સ્નેહ જોડનાર એ સર્વની ભ્રષ્ટ સ્થિતી થાય છે.

(૪૦૨)

ચાતક ચકવા ચતુર નર, નિશદિન રહે ઉદાસ;

ખર ધુવડ ને મુર્ખ જન, સુખે સુવે નિજવાસ.

અર્થઃ—બપઇઓ, ચકોર અને બુદ્ધિશાળી માણુસ એ ત્રણે વ્યક્તિ ગમાર વૃત્તિથી નહીં રહેતાં સદા સચેત રહે છે અને ગધેડો, ઊલુક અને મુર્ખ માણુસ ગમારની માફક ઉંઘતાંજ રહે છે.

(૪૦૩)

વાણી શુરા વાણીયા, રણશુરા રજપુત;

સુખ શુરા જનકાદિકો, દુઃખ શુરા અબધુત.

અર્થઃ—બોલવામાં વાણીયા શુરવીર ગણા છે. લડાઈના મેદાનમાં ક્ષત્રી શુરવીર ગણાય છે. સુખ ભોગવવામાં સકળ જગતનાં લોક શુરવીર ગણાય છે. જ્યારે અબધુત એટલે અરણ્યવાસી યોગી દુઃખને સહન કરવામાં શુરવીર ગણાય છે.

(૪૦૪)

મલીન મતીનાં માનવી, પરસુખે દુઃખાય;

ખર, જવાસો. આકડો. વર્ષા સમે સુકાય.

અર્થઃ—દરેક સ્થળે દોષ દેખવાનેજ જેની દ્રષ્ટિ ટેવાઈ રહી છે અને પારકું સુખ જોઇને જેને અજીર્ણ થાય છે તે કોઇ રીતથી શાન્ત થતા નથી પણ મનમાં ને મનમાંજ બળ્યા કરે છે; જેમકે ચોમાસાની રૂતુમાં જ્યારે સર્વ વનસ્પતિ હરીયાળી બને છે અને પશુઓ લીલાં ઘાસને ખાઈ પુષ્ટ બને છે ત્યારે ગધેડો શરીરે સુકાય છે અને આકડો તથા જવાસો પાન વગરનાજ રહે છે.

(૪૦૫)

શામ દામને ભેદથી, સમાધાન જો થાય;

ધરાધણી કે ઘર ધણી, કરો ન કલેશ ઉપાય.

અર્થ—કોઇની સાથે લેશ પણ કડવાશ પ્રસરી હોય તો તેને ગમે તે રીતે હરી લઇ બદલામાં અમ્રત રેડવું. મતલબ કે કોઈની સાથે કદી જાણે અજાણે કંકાસ કર્યો હોય તો પુનઃ સત્વર તેની સાથે સમાધાન કરી ભાઇચારો બતાવવો, નહીંતો ઘરધણી કે પૃથ્વીપતિ રાજા યાતો પછી ગમે તેવો હોય તોપણ કંકાસથી વિનાશ થશે.

(૪૦૬)

ઘોળ્યું ગયું ઘી, આજના ઉતારનું;

વળ્યો અમાણોદી, નજરે ભાળ્યો નાગને.

અર્થઃ—નાગના પ્રેમમાં પરવશ થયેલી સુંદરિ ઘીં ભરેલું પાત્ર લઇ રસ્તેથી જતી હતી તેમાં અચાનક કોઇએ કહ્યું કે, નાગ ઘોડેસ્વાર થઇ ચાલ્યો જાય છે. આવા શબ્દો સાંભળતાં પેલી સુંદરિએ આતુરતાથી ચોતરફ નાગને નિરખવાની હોંશે જોયું ને નાગનાં દર્શન કર્યાં પરન્તુ તેમ કરતાં તેના માથાપરનું ઘી ભરેલ વાસણ નિચે પડી ઢળી ગયું. નાગ ગયા પછી રાહદારીએ તેણીને પુછયું કે, હે સુંદરિ ? નાગ તો ગયો અને નફામાં ઘી ઢોળાઇ તને નુકશાન થયું ? આશા ભરી સુંદરિયે ઉત્તર આપ્યો કે, પ્રેમી જનનાં દર્શન ઘણાંજ અમૂલ્ય છે અને તે દર્શન કરતાં મ્હારૂં એક દીવસના ઉતારનું ઘી ઢોળાઇ ગયું તેની મને લેશ પણ દરકાર નથી.

× × × મનુષ્ય કે જેનું જીવન અલ્પ અને જેનો સ્નેહ પરિણામે નાશવંત છે તેની સાથે પ્રાણી આમ ઉત્કંઠા ધરાવે છે ને વ્યગ્ર બને છે તો પછી ખુદ પરમાત્માની સાથે તેવો દૃઢ પ્રેમ બાંધવામાં આવે તો શું ખોટું છે ?

(૪૦૭)

સામિયું સગા, મિટયું કાં માંડોજ નહીં;

વિનવીયે વાળા, પાલવ પ્રસારી નાગડા.

અર્થઃ—ઘોડેસ્વાર થઇ નીકળતા નાગનાં દર્શન કરવા પ્રેમાંધ સુંદરિએ ઘીની દરકાર પણ નહીં કરતાં એકી દ્રષ્ટિએ તેના, તરફ આતુર થતી જોઇ રહી પણ નાગે તે તરફ પોતાની લેશ પણ નજર ન કરી.

એટલે સુંદરિ એનું કારણ સમજવા ઘણી આજીજી કરી તોપણ નાગ ચાલ્યોજ ગયો. સુંદરિ આશા ભરીજ રહી ગઇ.

(૪૦૮)

બીજાને બાણે, લાગે, તોય લથડીયે નહીં;
નાગ ત્હારે નેણે, ઘટડું ઘાયલ થયું.

અર્થઃ—મનુષ્યનાં પત્થરથી પણ વધારે સખત હ્રદય તે અન્ય કોઇ હથીયારથી વિંધાતાં નથી પણ આશુક માશુકનાં નેણરૂપી બાણથી તે સહેજવારમાં વિંધાઇ છે. તેનું પ્રમાણ થયું છે અને તે પ્રમાણનેજ લીધે પેલી સુંદરિ કહે છે કે, હે નાગ ! બીજાં મનુષ્યનાં લોહાનાં ઝેરી બાણથી અમે લેશ પણ ઘાયલ ન થઇએ તે તારા નેણરૂપી બાણથી ઘાયલ થઇ અમે પરવશ થયાં, છતાં તેને તરફડતાં મુકી તું મલમપટો નહીં કરતાં છેક નમેરો થઇને ચાલ્યો ગયો ?

(૪૦૯)

તારીને તું વાર, અમારી જાળવી જળવાશે નહીં;
નહીં તો નેવળમાં નાખ, નજર ત્હારી નાગમતી.

અર્થઃ—પેલી સુંદરિ (નાગમતી) ની અનહદ આરતવાણી સાંભળીને નાગે તેને કહેવરાવ્યું કે હે સુંદરિ ! અમારી નજરનો દોષ કાઢયા પહેલાં તું ત્હારી નજરનો વિચાર કર કેમ કે મ્હારી નજરને ત્હારી નજર જો અનુમોદન ન આપતી હોય તો ત્હારે પરવશ પડી રીબાવાનું કારણ ન થાત. પણ મ્હારી નજરને પોતાના

પ્રવાહમાં ઘસડી જવાને ત્હારી નજર ખરેખર મ્હારા કરતાં વધારે બળવાન છે માટે તેને તું કેદ કરી રાખ એટલે મને ઠપકો આપવાની ભૂલતને તરતમાં સમજાશે.

(૪૧૦)

ચૌદ ચોસઠનો ફેર, એ પાલો કેમ પરવડે;

ના ચાલે રંગની રેલ, ગાતર જેનાં થરથરે.

અર્થ:—ચૌદ વર્ષની ઉમરની નવયોવનાં અને ચોસઠ વરસનો પુરૂષ એ બંને દંપતિ તરીકે જોડાય તો તેમાં નવ યોવનાનાં શરૂવાતનાંજ આશા ભર્યાં જીવનમાં અગ્ની દવ લગાડવા જેવો પ્રયોગ બને છે.

(૪૧૧)

બુઢો પરણે બાળકી, અભણ બેસે રાજ;

બોજો ઉપાડે બળદીયો, ત્રણે પરને કાજ.

અર્થ:—શરીર શિથળ થઇ ગયું હોય, ચામડીની કરચલીયો પડી હોય, વાળ સફેદ થઇ ગયા હોય, મોંઢું દાંત વગરનું હોય અને વય ૬૦ વર્ષનું હોય એવો પુરૂષ યુવાન સ્ત્રીને પરણી લાવે છે; અભણ એટલે સંસાર ક્ષેત્રની અંદર ભળાયા વગરનો અને વ્યવહાર કુશળથી અજાણ એવો રાજા ગાદીનશીન થાય છે અને બળદ મેવાનો બોજો ઉપાડે છે તે બધાં બીજાના ઉપયોગ માટે છે મતલબ કે તેઓ પોતે તેનો ઉપયોગ કરી શકતાં નથી.

(૪૧૨)

કવિ કેણુને સિદ્ધકળા, અતિ ચોડા અભ્યાસ;
એતા જાય પરદેશમાં, ગાજે ત્યાં ગીરાસ.

અર્થ:—સત્ય કહેનારો (તે પણ ગદ્-પદ્ના સાધનથી) કવિ, ધંધા ઉપર કાબુ મેળવનાર હુન્નર બાજ અને પુષ્કળ ભાષા સમજનાર વિદ્વાન, એ ત્રણે વ્યકિતઓ જ્યાં જાય ત્યાં તેને આનંદ, વૈભવ, અને સ્વજન મંડળ પુષ્કળ મળી આવે છે.

(૪૧૩)

ખડખુટયાં ઢોરાં મુવાં, વ્હાલાં ગીયાં વિદેશ;
અવસર ચુકયા મેહુલા, વરશી કાંઉ કરીશ.

અર્થ—આખું ચોમાસું કોરૂં વિતાવી પોસ માસમાં ફકત એકજ કલાક વરશી જતા વરસાદને એક પતિ વિયોગી અને આશા ભરી નવયોવનાં સુંદરી ઠબકો આપે છે કે, ગઈ સાલનો ઘાંસ ચારાનો ભરી રાખેલો સ્ટોર ખુટી જવાથી ભુખ વેઠીને અમારી ગાયો ભેંસો મરણને શરણ થઇ સોભાગ્યના શ્રૃંગાર, જીવનનો આનંદ, અને સંસારનું સુખધામ અમારા વ્હાલાઓ (સ્વામી) ગુજરાન મેળવવા માટે પરદેશ ગયા આવી સ્થતિ કરીને તું હવે નકામો શું વરશી ગયો ?

(૪૧૪)

પર્વત મોરા ગેકીયા, તરૂવર પાલવીયાં;
સૃષ્ટિ બની સોહામણી, સજન સાંભરિયાં.

અર્થ:—વરસાદ આવવાની તકે, ડુંગરાઓની ગાળીમાં મોરલા આલાપ કરે છે. જંગલનાં વૃક્ષો નવાં કુંપળથી શોભી રહે છે અને સૃષ્ટી સુંદર દેખાય છે એવે વખતે સુઘડ અને ઘરવલો પુરૂષ પરદેશ હોય છે ત્યારે તેને પોતાનું વતવ, સ્ત્રી, અને બાલબચ્ચાંની યાદી આવતાં મન ઉદાસ થઇ જાય છે.

(૪૧૫)

સ્ત્રી તો ધનથી સાંપડે, પુત્ર સંયોગે હોય;

માડી જાયો નહીં મળે, લાખો ખરચે કોય.

અર્થ:—સ્ત્રી પૈસા ખરચવાથી બીજી મળે છે. દિકરો પણ સ્ત્રીના સં-યોગથી બીજો થઈ શકે છે પણ સગા બાપનો દીકરો સહોદર ભાઇ કરોડો દેતાં પણ કયાંઇ મળતો નથી.

(૪૧૬)

જળન બોળે કાષ્ટને, કહો કયાંની એ પ્રીત;

આપણ સિંચ્યું જાણીને, નવ બોળે એ રીત.

અર્થ:—પાણીમાં એક રતીભાર માટી કે અન્યધાતુ પડે તો તરતજ તે પાણીને તળીયે જઇને ડુબે છે મતલબકે પાણી તેને તરતજ ડુબાવી દેય છે છતાં સુકાં લાકડાં પછી તે ભલે ને ગમે તે-ટલાં ભારે વજનનાં હોય તોપણ પાણી તેને ડુબાવતું નથી. તેનું પ્રાધાન એજ કારણ છે કે, પોતા વડીયેજ તે પેદા થયું છે.

+ + + આ દાખલો શ્રીમંતોએ અને આશ્રયદાતાઓએ ખાસ લક્ષમાં રાખવા જેવો છે. ને પોતાના આશ્રયજનો પ્રત્યે તેનો અમલ કરવાનો છે.

(૪૧૭)

અગ્નીમાં બળવું ભલું, ભલુંજ વિખનું પાન;

શીળ ખંડિત કઇના ભલું, નવ કંઈ શીળ સમાન.

અર્થ:—શીયળ સમાન, સ્ત્રીઓને અન્ય કોઇ પણ જાતની નેક ટેક કે રેણી કેણી ઉત્તમ નથી માટે શીયળ સાંચવવા કદાચ અગ્નીમાં જીવતાં મરવું પડે કે હળાહળ ઝેર પીવું પડે તો પીવું પણ શીયળ વણસાડી પતિવ્રતપણાનો ભંગ ન કરવો.

(૪૧૮)

રણ મચંતાં સાયબા, તું નવ જોજે વાટ;

તારાં બેલી ત્રણ જણાં, હઇયું કટારીને હાથ.

અર્થ:—ક્ષત્રિ વિર રણસંગ્રામમાં જવા અર્થે પોતાની સ્ત્રીની છેલ્લી મુલાકાત લેવા આવે છે. ત્યારે તેની વિરાંગના નવયોવન સુંદરિ કોઇ પણ જાતનુ રૂદન કરી અપશુકન નહીં કરતાં ખુશીથી રજા આપી તેને ભલામણ કરે છે કે હે નાથ! સંગ્રામમાં દુશ્મન સામે ઉતરતાં કોઈની મદદ આશા રાખશો નહીં કેમ કે તેવે વખતે અન્યની મદદ કરતાં ખરી મદદ તમારા હૃદય, હિમત, હથીયાર અને હાથની તાકાત એજ ત્હમારી વાર (રક્ષા=વિજય) કરનાર છે.

+ + + હે પ્રભુ ! ક્ષત્રિ વર્ગમાં ધરોધર આવી વિરાંગનાઓ પ્રગટ કરો.

(૪૧૯)

વડલા હેઠે વાવ, હાલેને હિલોળા કરે;

નાગમતિ સરખી નાર, બેડાની પાણી ભરે.

અર્થ;—વડ વૃક્ષની નીચે સુંદર વાવની અંદરનાં નિર્મળ પાણીને સ્વચ્છ બેડાંને હીરની દોરીથી કોમળ અને પવિત્ર હાથવતીથી સર્વાંગે સુંદર મુગ્ધા નાગમતિ ખેંચી બહાર લાવે છે, અને એ દેખાવ પ્રથમ મિલનમાં તેના આશકને આનંદ કારક દેખાઇ આવ્યો હતો.

(૪૨૦)

આલણદે અજાણ, વણ પુછી વાતો કરે;

મીઠલીયું મતાંણ, નાગમતિ નાની છે.

અર્થ:—આશકને નાગમતિની સાથેની પ્રૌઢાદાસી ટુંકામાં સમજાવે છે કે તમે વગર બોલાવ્યે વાતો કરવાની ઇચ્છા અને નયનનાં બાણ મારવાની મોહક શૈલીને નિવારો કેમકે નાગમતિ મુગ્ધા અર્થાત પ્રેમ ચીજથી તદન અજાણ છે,

(૪૨૧)

નાગુ માયલો નાગ, ફણ માંડી પાછો ફરે;

જાય ભાગ્યો જળ સાપ, નોળી વાટે નાગડો.

અર્થ:—મુગ્ધા નવોઢા થઇ ત્યારે આપથીજ આશકને સ્નેહ સાંધવા વિનવવા લાગી તેમ તેમ આશક દુર રહેવા લાગ્યો એટલે આખર નિરાશ થઈ આશક (નાગ) ને કહે છે કે જે જાતવંત (મણિધર) નાગ તે ફણુ માંડીને આશક બનતો આવે છે તે પાછો ફરતો નથી પણ પાછો ફરીને જાય એ નાગ નહીં પણ જળી સાપ ગણાય.

(૪૨૨)

નહીં વલોણું વાસમાં, નહીં બાળેટા રાગ;

નહીં નાગમતી નેહમાં, કાળા કળેજે કાગ.

અર્થ:—નાગમતિ આખર આશકના વિયોગે સંસારથી વેગળી થઇ નિજ અવાસ ત્યાગી ગઈ ત્યાર પછી તે આશક તેણીના રહે-ઠાણે આવ્યો પણ તેણે તેણીને નહીં જોતાં તે સ્થાન કેવળ ભુતખાનામય જણાયું.

(૪૨૩)

જીવ ઢંઢોળે ઝુપડાં, જુને નેખમ જાય,

ખોરડ ખાવા ધાય, મનમાં વાળાનાગદે,

અર્થ:—નાગમતી કેથે અંદર સુતી હશે એમ સમજીને તેણે તેણીનું મકાન અને ખુણાખુંચા જોયા તોપણ તેણીને ન દીઠી.

(૪૨૪)

ઓઢણ તેવાં પાગરણ જોડાવાળું નેહ,

ઉંચા કુળી ઉજળી, એવો જેઠવો મેહ.

અર્થ:—જેવું જોઇએ તેવું મળી ગયું અર્થાત્—જેવું નરમ બિછાનું તેવુંજ મજેનું ઓઢવાનું બન બેસતું લેખાય છે તેવીજ રીતે જેવી સર્વાંગે સુંદર નવયોવનાં ઉજળી તેવોજ ભરયુવાન " મે " જેઠવો સરખી જોડી છે.

(૪૨૫)

ઉજળી ચાલી હટારણે, માથે મંડાણો મે;

વરા મેલીને વરસશે, અંગ પલાળે ઉજળીનું.

અર્થ:—ઉજળી એકાએક નિજ અવાસેથી અન્ય સ્થળે કંઇ જોઇતી વસ્તુ વ્હોરવાને નિકળી એ તકનો લાભ લઇ મે જેઠવો તેણીની મુલાકાત લઇ એકાએક હૃદયો દેવા લેવાની ઇચ્છાએ તેણીની પાછળ ચાલ્યો એ જોઈ ઉજળીની સખી મશ્કરી કરે છે. ઉજળી જેવી સું-દર નવયોવનાં એકલી ચાલી છે પરન્તુ તેના ઉપર (પાછળ) મે (વરસાદ) જેઠવો ઝકુંબી રહયો છે તો અવશ્ય તે તેણીની ઉપર પ્રેમ ધારાથી વરસશે અને તેથી ઉજળીનાં નવલ અંગ રસબસ થશે. (ભીંજાશે)

(૪૨૬)

મનાય જાને મે, રાતુંના રિસાળવા;

જાશું આ જગશે, ભુંડપ દઇને ભાણના.

અર્થ:—કેટલીક મુદત બાદ ઉજળીના મોહ પ્રત્યેથી નીતિની રીતીએ મે નું મન ફરી ગયું ત્યારે મેના સ્નેહમાં ઘેલી બનેલી ઉજળી છેવટે તેને વિનવે છે કે હે મે! આખી રાત વિનવ્યો છતાં તું

રૂસણું તજતો નથી અને મારો સ્નેહ કબુલ કરતો નથી તો અમે આપઘાત કરશું અને તને સ્ત્રી હત્યાનું આળ આપીશું.

(૪૨૭)

વાછડ મટીને વાગડ થયાં, વેલે જીત્યાં જાય;

બાળપણાંના બોલ, અફળ હવે તે થાય.

અર્થઃ—મુગ્ધાનાપર આશક થએલા એ, મુગ્ધાના પ્રેમની માગણી કરી ત્યારે તેણીએ આશકને પ્રતિજ્ઞા પુર્વક કોલ આપી બંધાઇ કે હું જ્યારે મુગ્ધાવય વિતાવી નવોઢા બનીશ ત્યારે અવશ્ય ત્હારી માગણી મંજુર કરી તને મારો સ્નેહ આપીશ. આ કોલપર ઇતબાર રાખી આશક તે તકની રાહ જોઈ બેઠો અને પેલી મુગ્ધાતો નવોઢા પણાને વિતાવી પ્રૌઢાપણામાં આવી તોપણ આશકને આપેલા કોલને વિસરી ગઇ ત્યારે આખરે સબુરી તજી આશકે તેણીને ઉપલા દોહરામાં ટકોર મારી પ્રતિજ્ઞાની તેણીને યાદી આપે છે.

(૪૨૮)

હતાં પંથ પાડોશ, મોઢે ચડી માગ્યું નહી,

હૈયું હાલક લોળ, વેણ નીવારત વાઘડા.

અર્થઃ—વાઘડા નામનો આશક પોતાની માશુક જ્યારે લગ્ન ગાંઠથી બીજા કોઇની સાથે જોડાઇ ગઇ ત્યારે શર્મ ત્યાગી તેણીએ પોતાનો પ્રેમ વાઘડાને ન આપ્યો તે બાબતમાં વાઘડે તેણીને ઠપકો આપ્યો જેથી તેને તેણીએ કહ્યું કે હે વાઘડા! તું મ્હારાપર આશક હતો

અને હું મ્હારો પ્રેમ ત્હને જો તેં માગણી કરી હતે તો અવશ્ય આ-પતે પરન્તુ તું શરમમાં રહયો ને માગી ન શકયો એટલે લાચાર

(૪૨૯)

આંબે કેરી ઉલીયું, રસ સુકાણો સાર;
વાંક બવારો તાહરો, કાંતો વાઘ ગમાર.

અર્થ:—ઉપરનો જવાબ સાંભળી વાઘડો પસ્તાઇ રૂદન કરવા લાગ્યો એટલે માશુકે તેને કહ્યું કે વાઘડા વખત હતો ત્યારે તેં પ્રેમ માગ્યો નહી એ ત્હારોજ દોષ છે તો હવે નકામો રૂદન કરી મુરખ શ્યામાટે ઠરે છે?

(૪૩૦)

આગે હતી આગ, આડે પ્હોર ઓલાતી નહિ;
બળતાં બાથ ભરે, વારી નાખી વાઘડા.

અર્થ:—પેલી સ્ત્રીને વિધવાપણું પ્રાપ્ત થતાં પુનઃ વાઘડો તે-ણીને મળ્યો અને તેને ટકોર મારી કે મ્હને પ્રેમ આપી તું મ્હારી સાથે અદરાઇ હોત તો તને આવું વૈધવ્ય દુઃખ પ્રાપ્ત ન થાત. આ ટકોર સાંભળી પેલીને ગુસ્સો આવ્યો અને ગુસ્તામાંજ તેણી બોલી કે શરૂથીજ તું મને મ્હેંણાં મ્હારતો એ રૂપી આગ પ્રતિદિન મ્હારા હૃદયમાંથી ઠરતી નહોતી. તેમાં આવી અઘટીત અને સેતાનશાઇ ટકોર મારી તે રૂપીવારી (વધારે બળતણ) નાંખી જ્વાળાને પ્રગ-ટાવી છે.

(૪૩૧)

ગરમાં ઉડે ઘરજાંણુ, ગોકીરે ગજબ થયો;
હાલની હૈયા મેરાણ, રણ જોવા રાખાચતનું.

અર્થઃ—રાખાયત નામનો માણસ વગર રજાએ ક્ષત્રિ ધર્મ સંકષ્ટના લીધે અચાનક માશુકને જાણ કર્યા વગર રણમાં (સંગ્રામની જગ્યોએ લડવા) ગયો તે જાણી માશુક તેની પાછળ તે કેવિ વિરતાથી લડે છે તે જોવાને માટે હોકારા પડકારા થતા હતા તે સાંભળતી સાંભળતી આપ મેળે રણ મેદાન તરફ જવા નીકળી.

(૪૩૨)

રાખાયતની રાખ, દાગવી દેકારા કરે;
અડયા હોત કંસારીના હાથ, ભણેણી ભેળાં થાત.

અર્થઃ—રખાયત લડાઇમાં મરાયો અને તેને ત્યાંજ અગ્નીદાહદેવામાં આવ્યો એટલે તેનું કલેવર બળી ભસ્મ થયું બાદ તેની માશુક સોન કંસારી આવીને પૂછતાં રખાયતની રાખ ઠરેલી જોઇ પસ્તાવો કરવા લાગી કે જો રાખ જગતી હોતતો હું અવસ્ય તેમાં પડી બળી સતી થાત

(૪૩૩)

દિવો દેવળમાં, બેસીને બાળ્યો નહીં;
હામું હૈયામાં, રહી ગઇ રખાયત.

અર્થ;—આખરે રખાયતની રાખ આગળ વિલાપ કરીને કંસારી બોલી કે, હે રખાયત તું મ્હારો આશક અને હું તારી માશુક છતાં પ્રેમવાનકીની મીઠી લીજત આમનસામન આપવા લેવામાં બે ઘડી પણ રાત્રીના વખતે એકાંતમાં બેસવાની લેશ પણ તક ન આવી મતલબ કે પ્રેમ ચીજ ચાખવા ચખાડવાના વસવસાજ રહ્યા.

(૪૩૪)

કાંબળની કોર, છેડેથી છુટી ગઇ;
રતન ગયું રોળ, પાદર તમારે પોરહા.

અર્થ:—ઘાટડી (સૌભાગ્ય ચીર) ને પાલવડે બાંધેલું અમારૂં સૌભાગ્ય રત્ન તે હે પોરહા તમારા ગામની સમિપે છુટી ગયું અર્થાત્ ખોવાઇ ગયું (આ દુહો વિધવા થયેલીના ઉદ્‌ગારનો છે.)

(૪૩૫)

પથ્થરને પાણગાં, વેળુને પાળ;
ઉપરે સળાં છે એટલાં, ઉંડાનો નહીં પાર.

અર્થ:—પથ્થરપર પાણીનાં ટીપાં પડે તો તે ભિંજાતો નથી (પોચો થતો નથી) વેળુની દિવાલ આબાદ રહેતી નથી તેમ મલીન અને સાચ પ્રત્યે અભાવ ધરનાર માણસનાં હૃદય પણ સમજાતાં નથી.

(૪૩૬)

ઓળખ્યા આવે અહવાર, સરખે ઓળીડે સામટા;
વચગાળાનો અસવાર, કરડી સાંઢે કાયબો.

અર્થ:—કાયબાની ઓળખ માગતાં કાયબાના સાથીએ એક સુંદરિને કહ્યું કે ઘોડેસ્વારોમાં જે વચે અને તે પણ જાતવંત અને મોંઘા મુલી સાંઢપર ચડેલ છે તે પોતેજ કાયબો છે.

(૪૩૭)

મારૂં ચાલી મ્હોલમાં, છુટા મેલી કેશ;
જાણે છત્રપતિ ચાલીયો, કોક નમાવા દેશ.

અર્થઃ—કામ આતુર ઠકરાણું (રાજ્યની રાણી) જ્યારે પતિ સમાગમની સુખ આશાએ પતિને પોઢવાના આવાસ ઉપર ચલી ત્યારે તેના કેશ અને પાલવ છુટા થઇ ગયા એ વખતનો તેનો દેખાવ એવો થાય કે કોઇ મહાન છત્ર ધારી કેમ જાણે દેશને તાબે કરવા જતો હોય.

(૪૩૮)

ઢોલો ધારે વસ્ત્રને; મારૂઇ ધાન ન ખાય;
ઓડો ધ્રાજે કરલીયા, ઢોલો ગામ ન જાય.

અર્થઃ—પુરૂષ શણગાર સજવા માંડ્યો તે જોઇ તેની સ્ત્રીએ જાણ્યું કે તે પરદેશ જાય છે અને તેમ થતાં વિયોગ દશાનું દુઃખ આવશે એમ સમજી પુરૂષને સ્વારી કરવાનો ઉંટ નામે કરલીયો હતો તેને આજીજી કરે છે કે હે વિર કરલીયા ! તું મહેરબાની કરીને લુલો થઇ જા તો ધણી પરદેશ જતાં અટકે.

(૪૩૯)

ખોડો થાઉં તો ડામ ખાઉં, બાંધ્યો ભુખે મરૂં;
જાવું ઢોલાને સાસરે, લીલુડા મગ ચરૂં.

અર્થઃ—ઉપલા જવાબના પ્રતિ ઉત્તરમાં કરલીયો પેલી સ્ત્રીને જણાવે છે કે, કદાચ જો હું ત્હારા કહેવા પ્રમાણે (લુલો લંગડો) થાઉં તો તે મ્હારા પગમાં ડામ દેવરાવે અને જો હું તનદુરસ્ત રહું તો તે, મને પોતાનાં નવાં સાસરે લઇ જશે કે જ્યાં મહેમાન ગતીમાં મને ખાવાને લીલા મગનો ચારો મળશે.

(૪૪૦)

સાજણ એવાં કિજીયે, જેવા કુવાના કોશ;
આઘા પાછા પછાડીયે, રંદ ન આણે રોશ.

અર્થ:—ખેડુત લોકોને કુવામાં પાણી ખેચવાનો જે કોશ હોય છે તે પાણી ખેચતાં ગમે તેવી રીતે કુંવાની દીવાલો સાથે અથડાય છે છતાં તે પાણી ખેચવામાં બીલકુલ પછાત રહેતો નથી. કે રિસાળવો બનતો નથી તેવીજ રીતે આ સંસારમાં તે કુવા મિસાલે સંસારનાં આવરણરૂપ અછાડા પછાડા ખમીને પણ સદા મિત્રની ફરજ અદા કરવામાં અડગ રહે તેવા સજન પુરૂષથીજ સ્નેહ બાંધી જીવન પર્યંત નભાવી રાખવો.

(૪૪૧)

શુર હિંણો સરદાર, મત હિંણાં રાખે માનવી;
અંધ ઘોડાને અહવાર, રામ રખોલાં રાજીયા.

અર્થ:—વિરત્વ વિંનાનો રાજા અને પાછો તે પોતાના સલાહ-કાર તરિકે અક્કલ વગરના પાસવાનો રાખે તો તેવા રાજ્યની અને આંધળા ઘોડા ઉપર મુસાફરી કરનાર આંધળા સ્વારની મુસાફરીની રક્ષા પ્રભુ કરે.

(૪૪૨)

કળા કરો હજાર, ડાપણ ને બહુ ચાતુરી;
કપટ–હેત વેવાર, રહે ન છાનો રાજીયા.

અર્થ:—ગમે તેવી યુકિત પ્રયુકિત અને ડહાપણ ચતુરાઈ ભરી સાવધ પ્રપંચ રીત વાપરો તો પણ તમારૂં હૃદય કપટ છે કે શુધ્ધ સ્નેહમય છે. તે કોઈ રીતે છાંનું રહેતુંજ નથી.

(૪૪૩)

નાના જનને નજીક, ઉમરાવ આગે આદર નહીં;
કોણ ઠીક અઠીક, સમય આવે પારખું.

અર્થ:—પ્રપંચી અને પાખંડી વૃતિના પ્રભાવે મોટાઇનો ડોળ બતાવી આપ સ્વાર્થ સાધવા અર્થે, હૈયાફુટા કમજોર અધિકારીને મસકાપાલીસ લગાવી તેની આગળ સરસાઇ માન લેવામાં તથા પોતે સરદારના વફાદારના વફાદાર છે તથા કોઇ પ્રસંગે મદદરૂપ થઈ પડવાને શકિતવાન છે એવો આભાસ બતાવે છે એટલે તેની ગીલ્ટમય રહેણીમાં અંજાઇ ભલા અને ભોળા (બેવકુફ) સરદાર, તેને નિકટ રાખે છે. અને સત્યાગ્રહી પાણીદાર, નજરપોચ, અને સરદારના કદમ પરમરી ફીટવાનેજ તથા નિમક હક કરવાનેજ સદા સાવધ રહેનારા નાના એટલે વગર ડોળ ધાલુ માણસને કમજોર ગણી. તેને તિરસ્કારથી જોઈ દુર રાખે છે. પણ તે બંને વ્યકિતની પરિક્ષાની ન કરે નારાયણ અને સરદાર ઉપર જ્યારે અવનવી આફત આવશે ત્યારેજ તકાસણી થશે ત્યાં સુધી તો પાપાત્મા પુજાશે; પુન્યાત્મા અપમાન ખમશે.

(૪૪૪)

પોપટ કોયલ બોલ, થોડો પણ લાગે ભલો;
વૃથા ગુમાવે તોલ, બહુ બોલીને દેડકાં.

અર્થ:—પોપટ અને કોયલ ભલે થોડું બોલે છે તો પણ તેનો અવાજ પ્રીય લાગે છે અને કાદવવાશી દેડકાં જબરા ઘોર અવાજથી બોલે છે, તો પણ તે અપ્રીય થઇ પડે છે.

(૪૪૫)

ગુણ અવગુણને ગાય, તોય ન સુણે ગમારકો;
મચ્છ ગલાગલમાંહી, રેવું મુશ્કેલ રાજીયા.

અર્થઃ—એક રાજહંસ (રાજા) ની આસપાસ વિષ્ટા ખાઉ કાગડાનું ટોળું (આપ સ્વાર્થી અને તદ્દન બ્લેકસાઈડથી ભરેલા વર્તનવાળા ધરાર પટેલો) આસપાસ વિંટાઇને જોર જમાવી રહ્યા. ને પોતાના પ્રપંચી પ્રવાહમાં અકલ શુન્ય થઇ બે ઘડી ઘુડપણાને ધારણ કરેલા હંસને ઘસડી ચાલી તેના હાથે શત્યાગ્રહીની રેવડી કરવા લાગ્યા. જે જોઇ હંસ (રાજા)નો ખરો સુભેચ્છક પણ કેવળ સત્યાગ્રહી શુક હંસને સારાસારનું ભાન આપી કાગડાના ટોળાથી દુર થવા. વીનવે તો તે ઘુડવત બનેલો હંસ તે કહેવાનો અમલ નહીં કરતાં શુકે કહેલી બિના સર્વ કાગડાઓને રજેરજ કહી સંભળાવે અને તેથી શુક ખરાબ છે. તિરસ્કારને પાત્ર છે એવું સમજાવીને ઘુડવત હંસની પાસેથી શુકને દુર કરાવવા કાગડાઓ પુરતો પ્રયાસ કરે અને તે વ્યાજબી લેખીને તે ઘુડવત હંસ પણ તેમ કરવાને તૈયાર થાય. (હે પ્રભુ હંસને ઘુડવૃતિ છોડાવી કાગડાના સહવાસથી દુર રહેવાનું અને સત્યાગ્રહી શુકની ભકિતની કદર કરવાનું તે હંસને સત્વર જ્ઞાન આપી પોતાની ભુલનું ભાન કરાવ.) અને તેથી તે શુકનું રહેવું ગલના સહવાસમાં જેમ મચ્છ રહે છે તેવું છે. (પીડાકારી)

(૪૪૬)

વછીયાતિનાં વ્હાણ, ભાંગ્યાં ભાવઠમાં ચડી;
મધ દરિયે મેલાણ, નાંગળ તુટયાં નાગાજણ.

અર્થ:—ભવસાગરમાં મુસાફરી કરનારની બેસાવધપણાથી નીતિનું નાવડું જરજરૂં થયું અને મધ્ધ સમુદ્રની આધી વ્યાધી અને ઉપાધીરૂપ તોફાનની પ્રબળતાએ ગાબડું પડયું, હોડી ડુબી જવાની તૈયારીમાં છે તો હે પ્રભુ હવે તું મદદ આપ.

(૪૬૭)

સોરઠ મિઠી રાગણી, રણમિઠી તલધાર;
સેજાં મિઠી સુંદરી, મિઠો રાગ મલાર.

અર્થ:—રાગણીમાં સોરઠ રાગણી પ્રીય લાગે છે, રણસંગ્રામમાં વિરનરને તલવાર ત્રીય લાગે છે. બિછાનામાં રાત્રીના વખતે આરામ કરતાં સર્વાંગે સુંદર નવયોવનાંનો સાથ પ્રિય લાગે છે અને રાગમાં મલાર રાગ મિઠો લાગે છે.

(૪૬૮)

ધુતા હોય સલક્ષણા. વેસ્યા હોય સલજ;
ખારાં પાણી નિર્મળાં; ત્રણે વાત અખજ.

અર્થ:—સારાં આચરણવાળો પણ ધુતારો હોય (લાગ ફાવે ત્યારે ઉઠાવી જાય) તેવો પુરૂષ; લાજ શરમને જાણનારી પણ પબ્લીક વુમનનાં લક્ષણ હોય તેવી સ્ત્રી અને સુંદર પણ સ્વાદમાં ખારાં હોય (પાણી) તેવાં નિર તો એ ત્રણે શું કામનાં છે?

(૪૬૯)

હંસા સાયર શેવીએ, જેની શિતળ છાંય;
ઓછે વાસ્ત ન કિજીયે; અધવચ ઉઆલાસ.

અર્થ:—હે હંસ (સજન પુરૂષ) હમેશ્યાં આશ્રય લેવો તો સરોવરનો (ગુણજ્ઞ સરદારનો) જ લેવો કારણ કે તેનો આશ્રો સુખદ અને નિર્ભય છે પણ ભુલે ચુકે પણ ક્ષુદ્ર તળાવડાંનો (ગજા વગરના યાતો જેનો જીવ પ્રપંચી પાસવાનોના હાથમાં હોય તેવા સરદારનો) આશ્રય સ્વપ્ને પણ ઇચ્છવો નહી કારણ કે, તે આશ્રો સદા દુ:ખમય અને પરિણામે પસ્તાવો કરાવનાર છે.

(૪૫૦)

વાવરવામાં વિર, પણ વિવેકમાં વામણા;
એવા હોય અમિર, તે પણ દુર્જન જાણવા.

અર્થ:—દ્રવ્ય ખર્ચવામાં તો ઉદાર હોય પણ તે વિગતે વિગતે એટલે પાત્ર કુપાત્રને પીછાણી ન ખર્ચે તો એવાઓ પણ નિચ સમજવા.

(૪૫૧)

બળદનો ગુણતો ગયો, જોડ કજોડાં જુતાં;
મરદનો ગુણ તો ગયો, સોડ કજોડાં સુતાં.

અર્થ:—પાણીદાર તાકાતદાર અને જાતવંત બળદ હોય પણ તેને જો બાંગરીયા ખુંટીયા સાથે ગાડામાં જોડવામાં આવે તો તેનું પાણી તેની તાકાત અને તેની જાતવંતાઇ એ સર્વનો લય થાય છે તેવીજ રીતે ગમે તેવા સુઘડ અને ગુણવાન પુરૂષ હોય છતાં પણ તેને જો ફુવડ સ્ત્રીથી પનારે પડ્યું હોય તો તેની સત્તા દબાઈ જાય છે.

(૪૫૨)

આંબાના પીંપીંયુ લવે, કોયલ સરવે સાદ;
એ રતમાં ઢોલા વીણાં, જીવ્યાનો શું સ્વાદ.

અર્થ:—પ્રેમઘેલી પણ પતિ વિયોગે પીડાતી પ્રેમદા અશાડ માસની એલીની રાત્રીમાં ટળવળતી પોતાના હૃદય ઉદ્દગાર જણાવે છે કે, બાપૈયા, (ચાતક) અને કોયલ બોલે એ સમે પતિનો સહવાસ ન હોય તો પછી તે જીંવ્યા કરતાં સ્ત્રીને મરવું બહેતર છે.

(૪૫૩)

લોભિ ઢોલા આવ ઘર, કાંઇ ફીરે વિદેશ;
દિન દિન જોબન જાયતન, લાભ કે દિને લેશ.

અર્થ:—હે દ્રવ્ય લોભિ સ્વામિ ! તું દ્રવ્યના લોભે નવયોવનાં સુંદરિને એકલી તજી દુર દેશાવર જઇ બેઠો છો તે ત્હારી કેટલી બે ખબર છે કેમ કે વખતના જવા સાથે નવયોવનાંની યુવાની અને ખીલેલું નવઅંગ શુશ્ક થશે અને તે માણવાની સ્વર્ગથી પણ અધિક તક વિતી જશે પછીથી તેના ભોકતા નહીં થવાનો તને સદા પસ્તાવોજ રહેશે.

(૪૫૪)

મ જાણો જે વિસર્યાં, હેડેથીજ લગાર;
સાસ પહેલાં સાંભરો, દિનમાં તો દસવાર.

અર્થ:—ઢોલો મ્હારૂને દિલાસો કહેવરાવે છે કે હે મ્હારૂ (સ્ત્રી) તું સુચવે છે તે ખરૂં છે પરન્તુ લાચાર છું કે દૈવની ઇચ્છા, અંજળનું પ્રાબલ્ય, અને લખેલું વિયોગ દુઃખ ભોગવવું તેમાં મીન મેખ નથી અને તેથીજ અહીંથી મુકત થઇ હું તને આવી મળી શકતો નથી તોપણ ખાત્રી રાખજે કે હું તને સ્વપ્નામાં પણ ભુલતો નથી,

(૪૫૫

સુવર્ણ કાન્તિ ઝળકતી, શેજ રસમાં લુબ્ધ;
એ મારૂ મુજ સદ્દગુણી, મેળવ વિધાતા મુજ.

અર્થ:—હે સ્ત્રી, હમેશ્યાં પ્રભુ પાસે એજ માગું છું કે, સ્વરૂપમાં કંચન વર્ણી ગુણીયલ, સુઘડ અને સેજ સમયે પ્રેમ રસનું પાન પીવામાં અને પીવરાવવામાં પરિપુરણ સમજદાર એવી સ્ત્રી જે તું તેનાથી મ્હારો મેળાપ સત્વર થાવ.

(૪૫૬)

ડાકણ મંત્ર અને અમલ, તસ્કરને વળી જુવા;
કાછ બગડી જે કામની, તે લક્ષણ જાયે મુવા.

અર્થ:—મેલાં શિખેલાં મંત્રકે કામણ દુમણપણું, મનુષ્યપણાની વૃતિને એબ લગાડનારૂં અફીણનું બંધાણ, (વ્યસન) ચોરી કરવાનુ જુગાર રમવાનું, અને પરનર સાથે રમવાને ટેવાઈગયેલી સ્ત્રી તથા પરસ્ત્રીની પાછળ ઓખરીયા ઢોર માફક ભટકવાને ટેવાઇ રહેલો પુરૂષ એ સર્વની તે આદ્દત મરણની સાથેજ જશે.

(૪૫૭)

કંથડો હળયો કુ, લક્ષણે, જાગે ત્યારે જાય;
સંઘરી સાકરને તજી, ગોળ હાટોડો ખાય.

અર્થ:—પરસ્ત્રી લંપટ પુરૂષની કુળવાન સ્ત્રીના આ ઉદ્દગાર છે. તેણીઅને કહે છે કે, ઘરની કિંમતી સાકર જેવી સ્ત્રીને તજી માખી મકોડા અને કચરાથી ભરેલો હાટનો ગોળ (પબ્લીક વુમન) ની સુખ આશામાં રાતને દિવસ પતિ અથડાતો રહે છે.

(૪૫૮)

કામિ કુળન ઓળખે, લોભી ગણે ન લાજ;
અર્થી સગું ગણે નહીં, ભરખે ભુખ અખાજ.

અર્થ:—છીંનાળવી સ્ત્રી કે પુરૂષને જાત કજાત પારખવાની દરકાર હોતી નથી. લોભી માણુસને શરમ મર્યાદાનું ભાન નથી. સ્વાર્થના પુજારીને પોતાનું યા પારકાનું ભાન નથી અને ભુખ્યાને લુખાં સુકાં ભોજનનું ભાન નથી.

(૪૫૯)

ઘેલી માથે બેડલું, વાંદર કોટે હાર;
જર જુગારી ગુજ'લે, ટકે કેટલીવાર.

અર્થ:—ગાંડીના માથે પાણીનું બેડું, મર્કટની ડોકે હીરાનો હાર અને જુગારીની પાસે પૈસો એ રહેજ નહીં.

(૪૬૦)

મરજોને કાં મારજો, પુંઠ ન દેજો લગાર;
સહિયર મેંણાં મારશે, કહી કાયરની નાર.

અર્થ:—વિર ક્ષત્રાણી, પોતાના વિર સ્વામીને રણસંગ્રામમાં જતાં છેલી મુલાકાતમાં ભલામણ કરે છે કે હે પતિ ! રણમાં કાંતો દુશ્મનને મારજો અને કાંતો મરજો પણ નાશીને ઘેર આવશોમાં કારણ કે નાશી આવશો તો સાહેલીઓ મને નપુંસક (બાયલા)ની સ્ત્રી કહીને ખીજવશે.

(૪૬૧)

લાખ વિમાસણ ક્રોડ બુદ્ધિ, કરી જુવો સહુ કોય,
હોણી અણ હોણી નહિં, હોણી હોય સો હોય.

અર્થઃ—અનેક ચાતુરી અને બુદ્ધિ બળ વડે વિચારી વિચારીને કામ કરો તો પણ તેનું જે પરિણામ મળવાનું છે તે અવશ્ય આવશેજ તેમાં ડહાપણ કે ચતુરાઇ કશુ કામ નથી આવતું.

(૪૬૨)

ખુશામતિયા ખુશી રહે, ભલા ફરે બે હાલ;
પતિવૃતા ભુખે મરે, એવો કળયુગ આલ.

અર્થઃ—મસકો લગાડી હાજી હા કરનાર તાગડધીનાં કરે છે અને સત્યાગ્રહી બિચારા તિરસ્કાર પામે છે, શિયળવતી સબડાઇ છે અને કુલટાઓ વૈભવ માણે છે એ ખરેખર કળીનોજ પ્રભાવ છે.

(૪૬૩)

રાણોકે, રહ્યું નહી, મનડું ટેક ધરી;
હાથે કીને હળવાં થયાં, કફરા નેહ કરી.

અર્થઃ—આપ અનુભવથી નહિ પણ અન્ય મનુષ્યોના મુખથીજ એક ઇન્સાનની સુકિર્તી સાંભળી તેવાથી નિકટ સંબંધ બાંધવા તથા તેના સ્નેહી ગણાવવાની અમને અનહદ ઉત્કંઠાવથી અને તેથીજ અમે અમારા આનંદની, અમારા વૈભવની અને સ્વતંત્રતાની દરકાર નહિ કરતાં ફક્ત તેના સ્નેહી બની તેના આનંદની વૈભવની, અને સ્વતંત્રતાનીજ ફીકર રાખી. તે બજનસ રહેવા ખાતર જીવતોડ પ્રયાસ કરવામાં તથા પ્રાણથી પણ તેને વધારે

પ્રીય ચાહવા માં અમેં લેશપણ અમારૂં હૃદય ફેરવ્યું નહિ પરન્તુ લાચાર કે, તેની સાંભળેલી સુકિર્તી કેવળ બનાવટી અને મીથ્યા બણુગાં ફુકનારી યાતો ગીલ્ટ મય હતી. મતલબ કે તે ઇન્સાન કેવળ નિર્બળ, પ્રપંચને ત્રીય ગણનાર સત્ય અસત્ય પારખવામાં મુર્ખ અને સ્નેહીનીભક્તિનું ખુન કરવાને લેશપણ પ્રભુની કે જગતની ધાક નહિ ધરનાર એવો એ વફાપી છાણી તેની સાથે સ્નેહ બાંધવાની અમેં ઉતાવળા બની જે હિમાયતી કરી તે અમે કેવળ જખમારી છે. એટલુંજ નહિ પણ તેવા નાદાનના સ્નેહી તરીકે અમોને જગતમાં અમે પોતેજ ઓળખાવી અમારા સત્યાગ્રહી પણાની અને જીવનની વ્હાઇટ સાઇડને ખરેખર હિણું લગાડયું છે. એટલે એ ભુલમાં પસ્તાઇ અન્યને પોકાર પાડી સુચવીયે છીએ કે હે સજનો! યા સ્નેહના શોખીનો! જેની સાથે તમારે સ્નેહના સંબંધમાં ઉતરવું હોય તેનાં પરાપુપથીજ બણગાં ફુંકાતાં સાંભળીને લોભાવું નહિ પણ ખાસ જાતિ અનુભવ કરીનેજ પછી તેના પરિચયમાં ઉતરવું એજ શ્રેય છે સબબ કે દુરથી રળિયામણા દેખાતા ડુંગરાઓની પાસે જતાં તે ખરેખર કાળ મીંઢ અને જગલી પવનના ઝપાટાઓ સહીને ભય ઉપજાવનારા પથ્થર હોય છે.

(૪૬૪)

કુવા ઢાંકણ ઢાંકણું, ખેતર ઢાંકણ વાડ;
બાપનું ઢાંકણ બેટડો, ઘરનું ઢાંકણ નાર.

અર્થઃ—કુવા અંદરનાં નિર્મળ પાણીની નિર્મળતા જાળવવાના સાધાનમાં ઢાંકણ છે. ખેતર અંદર પાકેલા અનાજના છોડ જાળવવાના સાધનમાં વાડ (આડશ છે) પીતાનું નામ તેની હયાતી

ખતમ થયાબાદ આલમમાં હસ્તી ધરાવાના સાધનમાં તેમનો પુત્ર છે અને ગ્રહસ્થાશ્રમને શોભાવવાના સાધનમાં સારા કુળની અને સત્ય વર્તનની સુઘડ સ્ત્રી છે.

(૪૬૫)

નિર્ધનીયાંને બહુરણાં, જેને ખટકે વેર ઘણાં;
નિદ્રા નવતે ત્રણ જણાં, સાંભળ સજન સાનથી.

અર્થ:—આ સંસારમાં, જે કેવળ પૈસાદારથી રહીત હોય, જેને ઘણા દુશ્મનો હોય, અને માથાના વાળ જેટલું રાક્ષસી સ્વભાવના વ્યાજ ખાઉનું કરજ હોય, એ ઇન્સાનને લેશ પણ શાન્તિ મળતી નથી.

(૪૬૬)

પાણીમાં પાષાણ, ભિંજે પણ સિજે નહીં;
મુરખ કર્યે વખાણ, રીઝે પણ બુઝેનહીં,

અર્થ:—ગમે તેટલા ઉંડા પાણીમાં કાળમિંઢ પથ્થરને વરસો સુધી ડુબાવી રાખો તો તે ઉપરથી પાણીવાળો થશે પણ અંદરમાં એક તસુના પ્રમાણમાં પણ પોચો થશે નહિ અર્થાત્ પોતાની કઠોરતા તજશે નહીં એવીજ રીતે મુર્ખ એટલે કોઈ પણ જાતની સત્ય અસત્ય તપાસવાની શક્તિ ના હોય તેવા ઇન્સાન પ્રત્યે તમે ગમે તેટલું વ્હાલ અને વફાદારી બતાવશો તો તે ફાતડાની પેઠે દાંત કાઢી (હસીને) ખુશી થશે પણ તમોને દ્રવ્ય કે અન્ય કંઇ કિંમતી વસ્તુની (તેનું ગજું હોય છતાં પણ) નવાજેશ બીલકુલ નહિ કરશે.

(૪૬૭)

પ્રીત કરેતો પુછજો, કેટલા અવગણ હોય;
હાડે હેડો ના રહે, રગમાં રગત ન હોય.

અર્થઃ—પ્રેમ કરવાનાં અધીરાં થયેલ મનુષ્યોએ અનુભવિને પુછીને પછી પ્રેમ રસ્તે ઉતરવું કેમકે પ્રેમનો હેતુ સંચવાઇને મુખ્ય બિંદુનું સતત ભાન રહે તો તે ઉતમ છે નહિ તો તે આધિ વ્યાધિને ઉપાધીની ખાણ છે.

(૪૬૮)

ભલાં સજન ભલે મળે, કરે હ્રદયની વાત;
મનની આપે મુડીયું, ભુલ્યાં ચડાવે વાટ.

અર્થઃ—સજન માણસનો સહવાસ આ સંસારનાં મનુષ્ય માત્રને સ્વર્ગ સુખથી પણ અધિક આનંદ મદ છે સબબ કે જે સજન છે તે હમેશ્યાં કપટ રહિત પણે સત્યવાત કરે છે એટલુંજ નહિ પણ નીતિનો રસ્તો વિસરી જઇએ તો શમ દમથી સમજાવી પાછો તરત નીતિને રસ્તે હોંશ અને ચિવટ થી ચલાવે છે. (ધન્ય છે તે મનુષ્યને કે જે ને સજનથી સહવાસ મળે છે.)

(૪૬૯)

દાઢે ખટકે કાંકરો, કણું ખટકે નેણ;
વચન ખટકે ઉરમાં, ગયાં કટકે શેણ.

અર્થઃ—ખોરાક ચાવતાં ખોરાકની સાથે ચવાતો કાંકરો દાઢમાં ખટકે છે અને તેની વેદના થાય; આંખમાં પડેલાં કણાંની વેદના

અપમાનની વેદના થાય, તે સર્વ વેદના કરતાં સજનના સ્નેહ વિયોગની અધિક વેદના છે કે જે કોઇ રીતે સહન થતી નથી.

(૪૭૦)

સસલાં અને શિયાળ, એક દિ શિંગાળાં હતાં;
મરતાં રાહખેંગાર, ભવનાં ભિલાં થઇ રહયાં.

અર્થ:—રાણકદેવિના સ્વરૂપમાં મોહાન્ધ બનેલો પાટણનો રાજા સિદ્ધરાજ રાણકદેવિના સ્વામિ અને જુનાગઢના રાજા રાખેંગાર પર ચડી આવ્યો પરંતુ તે રાજાના સૈન્યની રચના, કિલ્લાનું બંધારણ અને વિરત્વતાની વ્યવસાઇના પરિણામે સિદ્ધરાજ મહાત થયો (કંટાળી ગયો) પણ છેવટે રાહખેંગારના ભાણેજ દેશળ વિશળ કિંચીત માત્ર કડવાશના લીધે નિમકહરામ બની સિદ્ધરાજને મળ્યા અને પ્રપંચથી લશ્કરને કિલ્લામાં ઘાલ્યું. તેથી એ લડાઇના અંતે ખેંગાર મરાયો એટલે રાણકદેવિને લઇ સિદ્ધરાજ પાટણ તરફ વળ્યો ત્યારે જુનાગઢની સમસ્ત રિયાસ ને સસલાં શિયાળને સંબોધી તેણી કહે છે કે. હે સસલાં=શિયાળ તમારા માથાપર કુદરતે શિંગ બનાવ્યાં નથી તો પણ ખેંગાર જેવો ધણી તમારા ઉપર હતો ત્યારે તમે શિંગાળાં (પારકાને સાલરૂપ) હતાં પણ તે ધણી મરતાં તમે જીવન પર્યન્ત ભિલાં=શીંગ વગરના (નિર્માલ્ય) થઇ ગયાં.

(૪૭૧)

સ્વામિ ઉઠો સૈન્ય લઇ, ખડ ધારો ખેંગાર;
રા,હ સિધરાજે ઘેરીયો, ગઢ જુનો ગિરનાર.

અર્થઃ—દેશળ વિશળના નિમકહરામી પ્રપંચથી સિદ્ધરાજનું લશ્કર કિલામાં ધસી આવ્યું આ વખતે વૈભવિ રાજા ખેંગાર નિઃશંકથી રાણકદેવિની સોડે સુતો હતો. તેને રાણકદેવિએ જગાડી ક્ષત્રિવટ સાચવવા માટે ભાન આપ્યું કે. જાગો અને હાથમાં અજીત શમશેર ધરી દુશ્મનો ઇન્સાફ આપી વિરતા બતાવો. (ધન્ય છે આવી વિરબાળાને.)

(૪૭૨)

તાટાં માણસનો તોલ, પરિચયથી તો પારખીયો;
જાણી માયાને બોલ, ટાટાં રાંટાં થઇગયા.

અર્થઃ—કાળમિંઢ પત્થરના કિલ્લા જેવા મજબુત નહીં પણ સાંઠીની ગંઠીને કરેલી દિવાલ (દિવાલને બદલે ટેમપરરી કામ ચલાઉ સાંઠીયોની દિવાલ કરવામાં આવે છે તેને ગામડીયા લોકો તાટાં કહે છે) જેવાં તકલાદી (બનાવટ) સ્નેહવાળાઓએ અમારી સાથે સ્નેહ બાંધી અમોને માયાળુપણે સાચવી રાખવાના ઉત્સાહ ભરેલા અનેક વચન=કોલ કરારો આપી પોતાનો પનો વધાર્યો હતો. કાળે કરીને તેની માયાળુ વૃતિ અને કોલ કરારો પીછાણવાની અમને જાતે તક મળી અમે તેને આશ્રે જઈ રહ્યા અને ત્યારેજ અમોને તેનું અપાચણપણું અને ગીલ્ટ ભરેલો સ્નેહ તર્તજ પરખાઈ આવ્યો.

(૪૭૩)

અભાડશો અંગ, નવેલી કીરતી જાય;
છાંટ નાખોને તમે, માનીશ ધન મન જેઠવા.

અર્થ:—અંગનું દાન તો નહીં પણ માત્ર આશકના હાથમાં સ્નેહ નિભાવવાનો કોલ આપતી વખતે માશુકે પોતાના હાથથી તાળી આપી (હાથ મુકયો) અને તેથી તે નવલ અંગનો સ્પર્શ આશકને થયો અને તેમ થતાં તે શરિરનો માલિક થયો. તેથી તે આશકના શિવાય અન્ય પુરૂષ ભાઈ બાપ સમાન છે એવું માશુકે નિશ્ચય કર્યું પરન્તુ આશકે તો જીંદગી સુધી પણ પાછું તેની સામું ન જોયું. એટલેજ માશુક બિચારી પોતાનાં હૃદય ઉદગારથી દુહામાં આશકને માર્મિક ઠબકો આપે છે.

(૪૭૪)

સાકરીયે સાદે, બોલાવતો બડો ઘણી;
કુવા કાઠે કાઉં, જાતાં કિયાં જેઠવે.

અર્થ''—નવલ અંગમાં રસ ભર્યું જોબન ઝરતું હતું ત્યારે જેઠવો પરાણે બોલાવી પ્રીતની ભીખ માગતો હતો પણ અંગ શુશ્ક થયું અને રસ ઉલી ગયો ત્યારે સામું પણ જોતો નથી (ઉજળી)

+ + +ગરજાઉ માણસ પછી તે ભલેને શ્રીમંત કે સરદાર હોય છતાં પણ ગરજના લીધે તે રાંક પ્રાણીને વ્હાલથી બોલાવી પરાણે તેની ખીજ મત કરવામાં મોટાઇની શરમ બાજુએ મુકશે. પણ જેવી ગરજ સરી રહેશે કે તુર્તજ પાછો તે પેલા રાંકની પાયમાલી કરવાનાં કોદાં ગોઠવશે. આવી આ ઝાલીમ અને ગેરી જમાનાની ખુબી છે (હત તારીનો જમાનો ?)

(૪૭૫)

ત્હારા મનમાં હતું મે, આં કારો કાં ન મોકલ્યો;
લાજું અમારી લે, શોભે ન બડા઼ઁ ઘણી.

અર્થ:—ઉજળી કહે છે કે, હે જેઠવા ! ઉંડે કુવે ઉતારીનેજ વરત વાઢવાની ત્હમારી નમેરી ટેવ હતી તો અમારા જેવાં વિશ્વાસુ અને માયાળુને તેં ત્હારો ગીલ્ટમય હેતાળુ હૃદય ભાવ શા માટે બતાવ્યો ? અને બતાવ્યો તો પાછો તે ભાવ ઇર્ષામાં ફેરવી દુનિયાની નજરમાં હવે અમને નઠારાં શા માટે બનાવે છે ? આ વાકયો દરેક મોટાઇની પદવી લેનારે યાદ રાખવા જેવું છે.

(૪૭૬)

વળ વળતી કાઢી આજ, હોંશ ભરી આવી હતી;
જાજે ત્હારૂં રાજ, આશિષ્ય છેલી એટલી.

અર્થ:—પોત્તાના શુદ્ધ અને અપુર્વ સ્નેહનું જેઠવા "મે" ની નમેરાઇથી ખુન થતું પીછાની ઉજળી આખરે આશા ભરે હૃદયે તેને શ્રાપ આપે છે કે હે જેઠવા ! ત્હારૂં હેત જેવું ને તેવુંજ છે એવું સમજી હું વિશ્વાસુ; ઉમેદ રાખી ત્હારી પાસે આવી તો તેં ત્હારી નિષ્ઠુર વૃતિથી મ્હારૂં અપમાન કર્યું તો ત્હારા જેવા બેવફા સ્નેહીને હું શ્રાપ આપું છું કે, ત્હારૂં રાજ ત્હારા હાથમાંથી છીનવાઇ જશે મતલબ કે સ્નેહનો ઘાતી એવો જે તું "મે" તે અંતે પુરો દુઃખી થશે.

+ + + ગરિબની હાય બહુ બુરી છે કદાચ કોઇ મોટા માણુસને ગરિબની ગરજ હોય ત્યારે અને તેને પોતાનો ગણવા વખત આવે તો ગરજ સર્યા પછી પણ તેને નહીં તરછોડતાં સદાય "બાહ્યગ્રહેકી લાજ" પ્રમાણે પોતાનો કરી રાખવો પણ તેને દગો દઇ હડસેલી ન કાઢવો. વખતે તેની કમસમજથી તે કડવી હવા આપે તો

પણ તેનું પાન કરવું એજ મોટાનું ભુષણ છે પરન્તુ તે સુત્ર વિસારી તે પ્રત્યે નમેરા થશો અને તેથી ગરિબનું હૃદય દુભાશે તો તુલશીદાસ કે કે "તુલસી હાય ગરિબકી, કબહુ ન ખાલી જાય; મુવા ઢોરકે ચામસે, લુહા ભસ્મ હો જાય." એ શબ્દ નિરંતર ખ્યાલમાં રાખજો.

(૪૭૭)

બેશીશ નહીં કોદી. ફીક ઠરીને આજથી;
રેશે અંગ ઉપાધી આઠે પહોરે.

અર્થ:—ઉજળી કહે છે કે, હે સ્નેહના ઘાતી જેઠવાતું કોઈ દીવશ શાન્તી નહીં પામેશ પણ સદાય તારા હૃદયમાં ઉપાધીની અગ્ની સળગતીજ રહેશે.

(૪૭૮)

કઉ કઉ કરશે કાગ ધુમલનો ધુંમટ જશે;
લાગો વધતી આગ રાત દીવસ તુજમાં મહેલ.

અર્થ:—વિશેષમાં ઉજળી જેઠવાને કહે છે કે, તું જે મ્હેલમાં રહે છે તે મ્હેલ બળીને ઉજડ થશે અને તે ઠેકાણે કાગડાઓ પડશે. ધુમલીની રાજ્યગાદી બદલાશે.

(૪૭૯)

ભભુતા કહે દતામતા, ન ખરચે ન ખાય;
માખી મધ ભેગું કરે. હાથ ઘસંતા જાય.

અર્થ:—ભભુત નામનો માણસ કહે છે કે, જે ધનવાન પોતાના ધનને દાનમાં કે પારકા દુખની મદદમાં આપતો નથી અને કેવળ મધમાખીના મધની પેઠ ભેગું કરી સાંચવી રાખવાનીજ ઉલટ ધરાવે

તે ધનવાન અંતે ખાલી હાથે જાય છે. ધન અહીં પડયું રહે છે. અને નફામાં મખીચુસપણાની નામોશી મેળવે છે. પેલી દુનીયામાં પ્રભુ સમિપ શર્મિંદો બને છે.

(૪૮૦)

બાળ પરદેશાની ચાકરી કોણ પરદેશાં જાય;
ઘર બેઠાં લ્યો પાવકો, મનમાં લાખ સવાય.

અર્થઃ—પરદેશ જતાં બત્રીશ લક્ષણા ચતુર પુરૂષની સર્વાંગે સુંદર અને નવયોવનાં સ્ત્રી કહે છે કે હે ! સ્વામી ! તમે લાખ કમાવાની આશાએ પરદેશમાં નહીં જતાં ઘર આંગણે મળતા પાંચ પૈસા ઘણા કરો અને તેમ થતાં તમારા સહવાસમાં રહી હું તેને લાખ સમાન ગણી સંતોષ માનીશ.

(૪૮૧)

પાવકે કેમન નિપજ, ઘણુ વિચારી જોય.
પરદેશારી ચાકરી, વણુ સેજે રંગ ન હોય.

અર્થઃ— પુરૂષ કહે છે કે સ્ત્રી ! તું ઠીક કહે છે પણ પરદે ગયા વીનાં પૈસો મળતો નથી અને પાંચ પૈસાથી જે જોબનની અવનવી લહાણ માટે વૈભવની જરૂર છે તે વૈભવ મળતો નથી.

(૪૮૨)

હાલું હાલું નર થયો, રાખ્યો ન રહે રંગે.
હાથ હને, પગ પાઘડે, તાણી ભીડયા તંગે.

અર્થઃ—સ્ત્રીની આજીજી છતાં પણ પરદેશ જવાને તૈયાર થએલો સ્વામિ કોઈ રીતે ઘેર રહ્યો નહી.

(૪૮૩)

ઉંટે આશ્વર ભિડીયા, સળેખાના કાઢયા બ્હાર,
મૃગનેની ખોળા પાથરે, ઘેર શિયાળો ગાળ.

અર્થ:—સ્વામિ દરેક રીતે વિનવ્યા છતાં પણ રોકયો નહીં રહેતાં પરદેશ જવા તૈયાર થયો ત્યારે ખોળા પાથરીને તે સુઘડ સુંદરી બોલી કે હે સ્વામી વધારે તો નહીં પણ શિયાળાના ચાર મહીના મ્હારી સજોડે વિતાવીને પછી તમે પરદેશ પધારો.

(૪૮૪)

સાથીડા સાબદા થયા, હાલોના હોકારા થાય,
પારકા પરા લખાવીયા, ઘેર રહું ના જાય.

અર્થ:--હે સ્ત્રી ત્હારી માગણીને તરછોડતાં મ્હારૂં હૃદય રોવે છે પણ લાચાર કે તે હું સ્વીકારી શકતો નથી કારણ કે મ્હારી સાથે આવનાર માણસો મ્હારી રાહ જોવે છે, વળી મેં એગ્રીમેન્ટ લખી નોકરી બંધાવી છે એટલે લાચાર છું.

+ + + સુજ્ઞ વાંચક આ શબ્દો જો કે વિદ્વતા ભર્યા નથી. તોપણ તે કેવા ભેદક છે તેનો તું વિચાર કરીશ તો સમજાશે (અનુભવી વીનાં કેમ જાણશે ?)

(૪૮૫)

જાઓ કેતાં જીવ નીકળે, કાળજ કટકા થાય;
વેલા વળજો વાલમા, પીંડેથી જીવ જાય.

અર્થ:—આખરે પતી પોતાના પ્રયાણમાં ન ચુકયો એટલે લાચાર થઇ સ્ત્રીએ રજા આપી. પણ રજા આપતાં તો કેમ જાણે શરીર અચેતન થયું હોય અને કાળજું તુટી પડયું હોય તેવું લાગ્યું

તો પણ છેવટમાં ભળામણ આપે છે કે હે વ્હાલા! પરદેશમાંથી જેમ બને તેમ વ્હેલા ઘેર પધારી દાસીને આવી મળજો પણ વિલંબ કરશો તો દાસીનું મોઢું જોવાનો વખત નહી આવે વિયોગ વ્યાધીથી કદાચ પીંડથી પ્રાણ જુદાં થઇ જશે ને સદાય અમેળા રહેશે, (મનની મનમાં સમાશે.)

(૪૮૬)

જટીયા જુવાની ગઇ, ગઇ ચટકતી ચાલ;
જોહે અંબોડો વાળતાં તોહે પડી ગઈ ટાલ.

અર્થ:—જુવાની જતાં વૃદ્ધાવય પ્રાપ્ત થાય છે અને તે પ્રાપ્ત થતાં શરીરના સુંદરતા, અકડતા અને કોમળતા સર્વે ઉડી જાય છે એટલુંજ નહીં પણ કાયાપરના લાંબા લાંબા કાળા વાળ સફેત થઈ આપ મળે ખરી પડે છે ને માથું ખરાબ દેખાય છે.

(૪૮૭)

ધન જોબનને ચાકરી, તે ઉપર અવિવેક;
એ ચારે ભેગાં હુવાં, અનરથ કરે અનેક.

અર્થ:—અવસ્થા યુવાન હોય, પાસે દ્રવ્ય હોય અને અધિકાર મળે તે સાથે વળી અક્કલ અવિવેકથી ભરેલી હોય એ સર્વ સાધનવાળો, આ જગતમાં સહવાસમાં આવનાર ઉપર કેવો ઝુલ્મ વાપરશે એ કોઇનાથી નકીકરી શકાતું નથી. પ્રભુ એ ચારે સાધન વાળાથી ચોવીસ માઇલ દુર રાખે.

(૪૮૮)

દુ:ખે તેને દાઝે, દુ:ખ્યા વણ દાઝે નહીં;
કવણ કિયાને કાજ, મરવા આવે મિયાઉવત.

અર્થ:—ઘણાં વ્હાલાં સગાં અને સ્નેહી મંડળને ધરાવનારો. મીયાઉત નામનો માણુસ દુ:ખથી દબાયો ત્યારે તેમાંથી વિમુખ થવા પોતે પોતાના સ્નેહી મંડળ તથા વ્હાલાં સગાંને મદદ આપવા વિનવ્યાં પરન્તુ લાચારકે, તે બ્હોળી સખ્યામાંથી કોઇએ પણ આવીને તેની બેલપન કરી, કારણકે તે સંજ્ઞાથી દુ:ખની દાઝ કેવી તિવ્ર હશે તે તેમનાથી સમજાય તેમ નહીં હતું (પ્રસુતીની પીડા વાંઝણી શું સમજે ?)

(૪૮૯)

ગાડાં મોઢે ગણુ કરો, ભવ બહુ ભેગાં વસો;
ઓઝો, નાતો ને ઓરતો, કમાણુસને કશો.

અર્થ:—કમાણુસ એટલે કમજાત હોય તેને તમેં ગમે તેટલા ઉપકાર કરી બતાવો યા તેના હિત, માટે તમે હમારાં પ્રાણુની પણ દરકાર નહીં રાખતાં તેનું હિત કરી બતાવો, અને લાંબી મુદત તેવાની સાથે બેગાઈ તમારાં સદ્વર્તનની તેને ખાત્રી આપો તો પણ કમજાત અને આપ સ્વાર્થમાં સાવચ રહેનાર ઇન્સાન પ્રસંગ આવે હમારા કરેલા ઉપકાર ધોઇ નાખશે ને બદલામાં હમારા એક કટા દુશ્મનની ગરજ સારશે.

(૪૯૦)

સોનું જોઇ સંગત કરી, નિવડયું સાવ કથીર;
કાયા વટાળી પત ખોઇ, શોચ પડયો શરિર.

અર્થ:—ગીલ્ટમય હૃદયભાવના ઇન્સાન સાથે શુદ્ધ હૃદયથી સ્નેહ સાંધી પબ્લીકમાં નિંદાયા તોપણ આખરે તેણે અમારા સ્નેહની કિમત નહીં કરતાં અમને તરછોડી વેગળાં કર્યાં.

(૪૯૧)

હંસા સાયર સેવિયે, જેની શિતળ છાંય;
ઓછા વાસન કિજીયે, અધવચ ઉચાળાય.

અર્થ:—કોઇ અનુભવી, લોકોને સુચવે છે કે હે હંસ! (સજન!) તમે ખાબોચીયાનો (હલકાં પેટવાળાં અને સ્વાર્થીલાં કમજાતથી સ્નેહ ન સાંધજો-) કિનારે નિવાસ નહીં કરતાં સદા શ્રોવર કિનારેજ (સજનને આશ્રય રહજો) રહેશો. સબબ કે શ્રોવરનો આશ્રો કિર્તીમાં વધારો કરાવી શાન્તિને આપનારો છે.

÷ + + આશ્રો લેનારે ખાસ ઉપરનું સુત્ર લક્ષમાં રાખવાનું છે.

(૪૯૨)

હાથે ચુડી હેમની. હેમ સરીખા હાથ:
મા ફઇને તે દિ ઘડી, નવરો દિને નાથ.

અર્થ:—સર્વાંગે સુંદર બાળા કે જેની કાયાનો કલર કંચન વર્ણો હોવાથી કરમાં પહેરેલ કંચન ચુડી અને કાયા કલર એકએકથી મળી ગયેલાં જોઇ તેનો આશક કહે છે કે જ્યારે વિધી છેક નવરો હશે ત્યારેજ આવી સ્વરૂપાને વિચાર પુર્વક બનાવી છે.

(૪૯૩)

પંથી એક સંદેશડો, ઢોલાને કહી જાવ;
જોબન હસ્તી જાગીયો, અંકુશ લઇ ઘર આવ.

અર્થ:—વાલમ વિયોગે વિરહાકુળ વનિતા વાટ માર્ગુને કહે છે કે હે મુસાફર! કદાચ તને મ્હારો વલભ મળે તો ખબર આપજે કે ત્હારી પત્નીને મદન હાથીયો બહુ પજવે છે તો તેને પરવશ રાખવામાં ત્હારા સહવાસરૂપી અંકુશની પુરી જરૂર છે માટે વેર જા.

(૪૯૪)

ખુશામતિ ખુશી રહે, ભલા ફરે, બેહાલ;
પતિવ્રતા તનહા ફરે, વેશ્યા ઓઢે સાલ.

અર્થઃ—મસકા ચોપડી હાજી હા કરનારા મનગમતા મોજ માને છે. સત્યાગ્રહીં હેરાન થાય છે. વેસ્યાઓ કિમતી વસ્ત્રો પહેરે છે. પતિવ્રતા સાડીયે થીગડાં આપે છે વાહરે જમાના ! ત્હારી બલીહારી છે.

(૪૯૫)

બેવડ મીંઢોળ બાંધીયાં, હલામણને હાથ;
સોનલ દેનો સાથ, બળશે કેમ બરડાનો ધણી.

અર્થઃ—મીંઢોળ બંધ હલામણ જેઠવાને તેના કાકા શિયા તરફથી દેશવટો મળ્યો અને તેથી તે પોતાની સુઘડ સ્ત્રીના પરિચય વગરનો રહ્યો. થોડી મુદતે હલામણ બિમાર પડયો અને તે વખતે તેને સોનની ખુબ સુરતી અને પ્રેમ ઉર્મિ યાદ આવી અને તેથીજ તેણે ઉપરના ઉદ્ગાર કાઢયા છે.

(૪૯૬)

આવડીયું અમે, જેઠવા જાણેલ નહીં;
પીયરીયે પગ ઢાંકી, બેહત અમે બરડાના ધણી;

અર્થઃ—સોન પોતાના પસંદ કરેલા સ્વામિ હલામણના વિયોગમાં રિબાતી અંતર ઉર્મિ જણાવે છે કે, હે જેઠવા ! મ્હારી ખાતરજ જો તને ત્હારા કાકા તરફથી દેશવટો મળશે અને તેથી દેશવટાને અંગે તું સદાય મ્હારાથી વિખુટો રહીશ. એવું પ્રથમથીજ જો અનુમાન જાણ્યું હોતતો હું સદાય કુંવારીજ રહેત.

(૪૯૭)

સુખની સૈયા નોય, સૈયાએ સુવાઇ;
હલામણ ને હોય, સોન વિયોગે સાથરો.

અર્થ:—હલામણ દેશવટામાં ફરતાં ફરતાં અચાનક પોતાની ફુઇને ત્યાં જઈ ચડયો, તેણીએ હલામણની દુઃખી દશા જોઇ જાણી, તેની વ્હાલથી આગતા સ્વાગતા કરી અને આરામ લેવા અર્થે મખમલનું બીછાનું પાથરી આપ્યું, પણ તે બિછાનામાં નહીં સુતાં અડવાણી જમીનપર સુતો ત્યારે તેની ફુઇએ પુછયું કે બિછાનું છતાં જમીનપર કેમ સુતો ? ત્યારે હલામણે કહ્યું કે પતિવ્રતા અને શુદ્ધ પ્રેમને સમજનાર સોન સતીના વિયોગે હું જમીનપર સુવાનુંજ યોગ્ય ગણું છું.

(૪૯૮)

બેઠો બાગાધાર, જાણ્યું મનામણાં આવશે;
દેશવટો ધરાર, સાચા દીયો શિયે જેઠવે.

અર્થ:—ભર સભામાં જ્યારે દેશવટે જવા શિયાજેઠવે હુકમ આપ્યો. તે હુકમ ઘડીકનોજ છે એમ જાણી હલામણ તે હુકમ શિર ચડાવી ગુપચુપ શહેર નજીકની બગાધાર પાસે આવી બેઠો ને અમુક વખત પછી કોઇ મનાવી તેડી જાય તેવી આશા રાખી પણ તે આશા નષ્ટ થઈ અને તેને સદાય દેશવટોજ ભોગવવો પડયો,

(૪૯૯)

જળ પ્રમાણે પોયણાં, કર્મ પ્રમાણે મત;
જેવા નરને શેવીયે, તેવી દે ફળપત.

અર્થ:—જેવાં અને જેટલાં વિશાળ સરોવર હોય છે તેવાં તેમાં નાનાં મોટાં કમળ પુષ્પ હોય છે. જેવાં કૃત્ય તેવી મતિ થાય છે, અને

જેવો આશ્રો લઇએ તેવાં ફળ મળે છે. અર્થાત કે સજ્જનને શેવીયે તો સુખ શાન્તિ મળે છે દુર્જનને શેવીયે તો દુઃખના ડુંગર વધે છે.

(૫૦૦)

મત દીધી આવે નહીં, કુમતે મત કોળાય;
અવળે અક્ષર આવીયાં, સવળા કેમ સહેવાય,

અર્થઃ—જે ઇન્સાનનાં ભાગ્ય ખરાબ હોય તેને ગમે તેટલી શીખામણ સલાહ આપો તે તેને રૂચિકર થતી નથી પણ તેને જેમ અવળી સલાહ મળે તેમ તે ખુશી થાય છે કારણ કે તે સારી સલાહને માટે નિર્માયેલોજ નથી.

× × × મ્હારાં વ્હાલાં વાંચકવૃંદ ! આ " કાઠીયાવાડી જવાહીર " ના લેખમાં અર્થ કરી મેં મ્હારી આપ મતિ અનુસાર નીતિ ધર્મના ઉદ્ગાર પિરસ્યા છે અલબત કોઇ વેળા કલમ અવળા પ્રવાહમાં પણ ઉતરી હશે પરન્તુ તમોએ તો હંસવૃત્તિ વાપરી નરસાંને ત્યાગી સારાંનેજ ગ્રહણ કરવું, વિશેષમાં તેવા ઉદ્ગારને સજ્જન હશે તે પ્રીય ગણશે બાકીનાંને કેવું જણાશે તે તેઓ જાણે. કહેનાર કહી છુટે વર્તવું ન વર્તવું એ જન સમાજની મરજીપર આધાર છે. અસ્તુઃ ઇશ્વર ઇચ્છા તો પુનઃ અન્ય લેખ દ્વારા મળીશું.

સમાપ્ત.

અગાઉ ગ્રાહક થઇ આશ્રય આપનાર સદ્‌ગ્રસ્થનાં નામ.

૫૦) બગસરાના માનવંતા દરબાર શ્રી અને પોરબંદર સ્ટેટના એડ મિનીસ્ટ્રેટર નામ. વાજસુરવાળા સાહેબ,

૨૫) શ્રીયુત શેઠ ખીમજી આસર વીરજી મુંબાઈ.

૧૦) મે. નકુભાઇ કાળુભાઈ શાહ. શ્રી આર્યનીતિ દર્શક નાટક સમાજના માલીક મુંબઇ.

૫૦) મેસર્સ દુર્લભજી જુઠાભાઈ ભુલેશ્વર મુંબઇ.

૧૦૦) ભાઇ હરજીવન વસનજી મુંબઇ.

૫) નામ. લાઠી ઠાકોર સાહેબ લાઠી.

૫) નામ૦ રામભાઈ મુળુભાઇ બગસરાના દરબાર સાહેબ.

૫) નામ૦ રામભાઇ હરસુરભાઇ બગસરાના દરબાર સાહેબ.

૫) નામ૦ માત્રાભાઇ ગોદડભાઇ બગસરાના દરબાર સાહેબ.

૫) ડી. વાડીલાલ કંપની મુંબાઈ.

૫) શેઠ ચંદુલાલ ઇશ્વરભાઈ મહેતા અમદાવાદ.

૫) શેઠ પરશોત્તમ ઇશ્વરભાઇ અમીન નડીયાદ

૫) મે. જટાશંકર પ્રાણજીવન ભાઇ ઠાકર: સોનગઢ થાણાદાર સા.

૫) મે. શેઠ ઓસમાણ અબદુલ કરીમ બેગ દિલાવર બગસરા.

૫) ભાઇ ગુલાબચંદ મોતીચંદ શાહ મુંબઇ.

૫) શેઠ ગની જુસબ ધોરાજી વાળા. મુંબઇ

૫) મે. બેચરલાલ વી. બાપુભાઈ ઝાલા કારભારી સાહેબ જેતપુર.

૨) મે. મોતીરામભાઇ બેચરભાઇ નંદવાણા શ્રી. આ૦ ની૦ દ૦ ના૦ સમાજના માલીક મુંબઇ.

૨) શેઠ જીવરાજ ગોકળદાસ નેણશી. માટુંગા.

૨) મે. મોહનલાલભાઈ પોપટભાઈ સોરઠ ચીફ કો. સાહેબ બગસરા.
૨) મે. લીલાધરભાઇ માણેકલાલભાઈ મહેતા. મજમુ ન્યા. સા. બગસરા.
૨) રા. રા. શાન્તિલાલ ગીરધરલાલ માધવરાય દેશાઈ. જુનાગઢ.
૨) શેઠ ચત્રભુજ નરશીભાઇ દોશી, બગસરા.
૨) શેઠ દયાળ દેવચંદભાઇ શાહ, બગસરા.
૧) મેં શેઠ કયુમભાઇ આ. ની. દ. નાટક સમાજના માલીક, મુંબઇ.
૧) મે. હરજીવનભાઈ ભવાનભાઇ કોટક રાજકોટ દીવાન (રાજકોટ)
૧) રા. બા. સુંદરદાસભાઇ નારણદાસભાઈ સોલીસીટર (મુંબઇ)
૧) શ્રીયુત્ સાક્ષર કેશવલાલભાઈ હર્ષદરાયભાઈ ધ્રુવ (અમદાવાદ)
૧) કે. એફ. ચાનડર (શાન્તા ૢ ઝ)
૧) ઠા. દયારામ લાલજી (મુંબઈ)
૧) મી. વીરજી સ્યામજી ટ્રેજરીવાળા (મુંબઈ)
૧) ડોકટર ડી૦ એન૦ જસાણી (બગસરાવાળા) મુંબઈ.
૧) મી. મહેરવાનજી ખુરશેદજી બહેરામ કામદીજ દસ્તુરના (કલકત્તા)
૧) મી. રૂસ્તમજી બ. કોહલા (વાંદરા)
૧) ડી. ચીમનલાલની કુ૦ (મુંબઇ)
૧) મી૦ જેઠાલાલ લાલજી વ્યાસ ડી૦ કંપમાઉન્ડર મુળી.
૧) ધી થાણા ઈસમાઇલિ ખોજા ફ્રી લાઇબ્રેરી (થાણા)
૧) ઠા. ધરમશી લધાભાઈ (મુંબઇ)
૧) મીસીસ જાલભાઇ દોરાબજી (મુંબઇ)
૧) મી. મામદ ઉમર ઘડીયાળી (દાંઠા)
૧) પટેલ ત્રીકમજી દયાળ (ભાવનગર)

૧) રા. રા. દેવચંદ હેમચંદ બગસરા.
૧) રા. રા. ભાઇમીયાં ગુલાબમીયાં વહીવટદાર (તલસાણા)
૧) રાણાશ્રી ગગુભા કાળુભા (તલસાણા)
૧) રાણાશ્રી સરદારસંગ નારણસંગ ,, ,,
૧) પરમાર દાદુજી ભોજાજી વહીવટી કારકુન ,, ,,
૧) શાહ વ્રજલાલ બેચરદાસ (પરનાળા)
૧) શેઠ રામભાઇ શ્રીપાળ બગસરા
૧) શેઠ કપુરચંદ કરશનજીભાઇ ,,
૧) શેઠ ઝવેરીલાલ ન્યાલચંદ પટણી ,,
૧) શેઠ જેચંદ ગોપાળજી દેશાઇ ,,
૧) શેઠ જેચંદ ભાભા દોશી ,,
૧) શેઠ જેસંગલાલ ખુબચંદ પટણી ,,
૧) શા. ડાયા ઓધવજી ,,
૧) ઠા. ગોપાળજી જુઠાભાઇ ,,
૧) શેઠ હરજીવન નરશી દોશી ,,
૧) શા. બાવાભાઇ પુંજાભાઇ ,,
૧) કાગદી વશરામ માવજી ,,
૧) સંઘાડીયા મકનદાસ દ્વારકાંદાસ ,,
૧) રા. બુરાભાઇ સીરસ્તેદાર હુ ન્યાયાધીશ કોર્ટ (બગસરા)
૧) મી. ગુલાબચંદ મુળજી વખારીયા બગસરા.
૧) મી. ગીરધરલાલ કાળીદાસ દેશાઇ ,,
૧) મી. દેવચંદ રતનશી માસ્તર ,,
૧) રા. રા. ગીરધરલાલ સંતોકરામ શુકલ ,,
૧) શાહ મનસુખભાઇ અમુલખ મુળી..

૧) પરમાર દાનસંગજી હરિભાઇ ::
૧) મી. " આનંદી " ગસરાવાળા
૧) રા. રા. ગોરધનભાઇ (મુંબઇ)
૧) ભાઇ પરશોતમ ગાંડાભાઈ મણીયાર (મુંબઈ)
૧) મી. સુંદરજી મુળજી અગસરાવાળા (મુંબઇ)
૧) રા. રા. મણીભાઇ ગુંદરીયા (મુંબઇ)
૧) શેઠ સુખલાલભાઇ (મુંબઈ)
૧) નાયક મુળચંદ વલભરામ. અમદાવાદ
૧) નાયક પ્રાણસુખ હરિચંદ શ્રી. આ. ની. દ. ના સમાજ, મુંબઇ
૧) રા. સાલમબીન મુબારક વહીવટદાર
૧) ખત્રી બાધા ડાહ્યાભાઇ કામદાર ચરખા
૧) રા. રા. ગોવીંદજી મેઘજી ચારેચા
૧) છોટાલાલ આણંદજી
૧) માધવદાસ મથરાંદાસ સાબુવાલા.
૧) વેલજી લખમણુન નથુ.
૧) નારણદાસ પરશોતમ
૧) કરસનદાસ ભીમજી વેદ.
૧) ખેતસી લખમીદાસ
૧) કુંવરજી દામોદર
૧) વીરજી લાલજી
૧) ત્રીભોવન મંગલદાસ ડમણીયા
૧) રા. રા. લખમીદાસ ભવાનજી
૧) પદમસીં નરસિંહ
૧) જગમોહનદાસ કરસનદાસ.

બાકીનાં નામો મોડાં આવવાથી લીષ્ટમાં દાખલ થઇ શક્યાં નથી.

પલ્સ! પલ્સ! પલ્સ!

ખાસ ફરમાશથી ઇંગ્લિંડથી મંગાવેલો પલ્સ.

નાટકના ડ્રેસોની ખુબસુરતી વધારનાર પલ્સ.

માલ ઇંગ્લીશ, ખુલ્લા કલરો, ત્રીસથી પાંત્રીસ જોયેથી

વધારે ખાત્રી થશે.

ભાવ ઘણાજ કીફાયત, માલ ભારે ને હલકો મલશે.

ટેટના હીરાના હાર, ટેટના હીરાના છેડા, ટેટના હીરાના માથાના તાજ, ફેન્સી કટના ડ્રેસો તથા હીરા મોતીના દાગીના તથા ફેંટા, રજવાડી પાઘડીઓ તથા દરેક જાતની ખાલની વીગો ને નાટકને લગતી દરેક ચીજને મોટા જથામાં મળશે. દરેક કંપનીના માલેકોએ આવીને અમારી દુકાને જોયેથી વધારે ખાત્રી થશે.

થોડે ખરચે નવો ખેલ ટુંક મુદતમાં પુર ભભકાથી
કરવો હોય તો અમોને મળો.

લગનમાં વપરાતી રેશમી તથા જરીની છત્રીઓ ભાડે
તથા વેચાતી મલશે.

બહાર ગામના ઓરડરો વી. પી. થી મોકલવામાં આવશે.

ઠા. દુલભજી જુઠાભાઈની કુંપની.

લગનના ને નાટકના ફેન્સી ડ્રેસો, સેંટ, સાબુ, સુગંધી
તેલો તથા ફેન્સી ચીજોના વેપારી.

ભુલેશ્વર, મુંબઇ.